Kaila Vikas
7405160975

શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ જન્મ શતાબ્દી ગ્રંથમાળા સંપુટ-૧

સંસ્કાર ગ્રંથાવલિ — પુસ્તક ૨૧ મું

# બંસરી

રમણલાલ વ. દેસાઈ

**આર. આર. શેઠની કંપની**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મુંબઈ ૪૦૦ ૦૦૨ ☐ અમદાવાદ ૩૮૦ ૦૦૧

# શ્રી રમણલાલ વ. દેસાઈનાં પુસ્તકો

❖ **સંપુટ-૧**

**નવલકથાઓ**

જયંત * શિરીષ * કોકિલા * હૃદયનાથ * સ્નેહયજ્ઞ * દિવ્યચક્ષુ * પૂર્ણિમા * ભારેલો અગ્નિ * ગ્રામલક્ષ્મી ૧ થી ૪ * બંસરી * પત્રલાલસા * ઠગ * શોભના * ક્ષિતિજ * ભાગ્યચક્ર * હૃદયવિભૂતિ * છાયાનટ * પહાડનાં પુષ્પો * ઝંઝાવાત * પ્રલય * કાલભોજ * સૌંદર્યજ્યોત * શૌર્યતર્પણ * બાલાજોગણ * સ્નેહસૃષ્ટિ * શચી પૌલોમી * ત્રિશંકુ * આંખ અને અંજન

❖ **સંપુટ-૨**

**નવલિકાસંગ્રહો**

ઝાકળ * પંકજ * રસબિંદુ * કાંચન અને ગેરુ * દીવડી * સતી અને સ્વર્ગ * ધબકતાં હૈયાં * હીરાની ચમક

**કાવ્યસંગ્રહો**

નિહારિકા * શમણાં

**નાટ્યસંગ્રહો**

શંકિત હૃદય * પરી અને રાજકુમાર * અંજની * તપ અને રૂપ * પુષ્પોની સૃષ્ટિમાં * ઉશ્કેરાયેલો આત્મા * કવિદર્શન * પૂર્ણિમા * બૈજુ બ્હાવરો * વિદેહી * સંયુક્તા

❖ **સંપુટ-૩**

**પ્રકીર્ણ**

જીવન અને સાહિત્ય ૧-૨ * સુવર્ણરજ * ગ્રામોન્નતિ * ગઈકાલ * મધ્યાહ્નનાં મૃગજળ * તેજચિત્રો * અભિનંદન-ગ્રંથ * ઊર્મિ અને વિચાર * ગુલાબ અને કંટક * અપ્સરા ૧ થી ૫ * રશિયા અને માનવશાંતિ * ગુજરાતનું ઘડતર * સાહિત્ય અને ચિંતન * ભારતીય સંસ્કૃતિ * માનવ-સૌરભ * કલાભાવના * શિક્ષણ અને સંસ્કાર * ઊર્મિના દીવડા

**ચિંતનમાળા**

મહાત્મા ગાંધી * ન્હાનાલાલ-કલાપી * માનવી - પશુની દૃષ્ટિએ અને આત્મનિરીક્ષણ * ભારતીય કલા- સાહિત્ય - સંગીત * સમાજ અને ગણીકા * અંગત - હું લેખક કેમ થયો ?

મારા પરમપ્રિય
સાહસજીવી

**ભાઈ રમાકાન્ત ઘારેખાનને**

**- રમણલાલ**

DESAI Ramanlal V.
BANSARI, Novel
R. R. Sheth & Co., Bombay-Ahmedabad
1992
891-473

© ડૉ. અક્ષયકુમાર ર. દેસાઈ

*શ્રી ર. વ. દેસાઈ જન્મ શતાબ્દી આવૃત્તિ મે, ૧૯૯૨*

**મૂલ્ય રૂ. ૩૭-૦૦**

**પ્રકાશક**
ભગતભાઈ ભુરાલાલ શેઠ,
આર. આર. શેઠની કંપની
મુંબઈ ૪૦૦ ૦૦૨ ☐ અમદાવાદ ૩૮૦ ૦૦૧

**ટાઈપસેટિંગ :**
ચંદ્રિકા પ્રિન્ટરી,
મિરઝાપુર રોડ,
અમદાવાદ ૩૮૦ ૦૦૧

**ઑફસેટ મુદ્રણ :**
ચિરાગ પ્રિન્ટર્સ
સિટી મિલ કંપાઉન્ડ
રાયપુર દરવાજા બહાર
અમદાવાદ ૩૮૦ ૦૦૧

# પહેલી આવૃત્તિની પ્રસ્તાવના

અરેબિયન નાઈટ્સ, કથાસરિત્સાગર, વિક્રમવૈતાલનાં કથાનકો વગેરે સાહિત્યગ્રંથોમાં વિવિધ રસનું દર્શન થાય છે એ ખરું, તથાપિ એવા વાર્તાસાહિત્યનું મુખ્ય બળ તેના અદ્ભુત રસમાં રહેલું હોય છે. અદ્ભુત રસ માનવીને સર્વદા આકર્ષે છે, અને એ રસનો આશ્રય લઈ ઊંચી જાતનું સાહિત્ય-મુખ્યત્વે વાર્તાસાહિત્ય રચાયેલું છે.

પશ્ચિમમાં એ જ અદ્ભુત રસ વાર્તાના એક મુખ્ય અંગ તરીકે જાસૂસકથાઓ - Detective Tales - મોટા પ્રમાણમાં રચાઈ છે. અંગ્રેજી સાહિત્યમાં એડગર એલન પોએ આવી ભેદી વાર્તા રચવાની શરૂઆત કરી ગણાય છે. ગતાયુ સર કૉનન ડૉઈલે શેરલૉક હોમ્સ નામના પાત્રને અનુલક્ષી બહુ આકર્ષક અને ઉત્તેજક વાર્તાઓ રચી છે, જે અતિશય લોકપ્રિય થઈ પડી છે. એડગર વૉલેસની નવલકથાઓ પણ ભેદના ઉકેલ અર્થે યોજાયેલી છે. ટૂંકી વાર્તાઓ તો ઘણાખરા નવલિકાલેખકો લખ્યે જાય છે.

વળી સૅક્સ રોમર નામના ભેદી વાર્તા લખનાર કલાકારની કલા જગતનાં અગમ્ય તત્ત્વોનાં ખેલનનું બહુ જ રોચક વાતાવરણ ઊભું કરે છે. શેરલૉક હોમ્સની માફક બીજાં પણ ભેદી પાત્રો પ્રખ્યાત થઈ ચૂક્યાં છે. આમ જાસૂસકથા એ નવલકથાનો એક મોટો વિભાગ બની ગઈ છે.

એની વિચિત્રતાઓ, અસંભવિત ઘટનાઓ, હાસ્યજનક પરિણામો, અને આખીય રચનાની નિરર્થકતાની જબરદસ્ત મશ્કરીઓ પણ થઈ છે, અને માર્ક ટ્વેન, સ્ટીવન લીકૉક તથા વૂડહાઉસ સરખા હાસ્યરસના પ્રખર લેખકોએ એ જાસૂસકથાની સખત ખબર લઈ નાખી છે.

છતાં એવી કથાઓ લોકપ્રિય તો થાય છે જ. એવા ભેદ માટેનું સ્વાભાવિક માનવકુતૂહલ, અને એવા જ ભેદભર્યા છતાં શાસ્ત્રીય રીતે સરલ બની જતા અણધાર્યા ભેદઉકેલનું અદ્ભુત તત્ત્વ, એ બે કારણો અદ્ભુતરસની વાર્તાઓને સર્વદા જીવન્ત રાખે એમ છે.

વળી ગુનાઓની શોધ માટે વપરાતી સામાન્ય બંદોબસ્ત ઢબ અતિશય જર્જરિત બની ગઈ છે, અને માનસશાસ્ત્રની સહાયથી એ ઢબમાં થતા અગર થવા જોઈતા સુધારાઓની રૂપરેખાઓનાં કલ્પનામય સ્વરૂપો ઘડતા કલાકારો - Penology - ગુનાશસ્ત્ર-માં થવાના ફેરફારોની આગાહી આપતા હોય એવો પણ એ રચનામાં સંભવ રહ્યો છે. એકંદર જોતાં

અદ્‌ભુત રસ સંતોષવા માટે આ શાસ્ત્રીય જમાનામાં જાસૂસકથા બહુ ફળીભૂત થઈ છે.

ગુજરાતી ભાષામાં પણ જાસૂસકથાઓ લખાઈ છે અને લખાય છે. શેરલૉક હોમ્સને લગતી કથાઓનાં ભાષાન્તર પણ થયાં છે, અને આવી ઢબનાં લખાણમાં શ્રીયુત ધનસુખલાલ મહેતા જેવા ઉચ્ચ કોટિના લેખકે શરૂઆત કરી સારી નામના મેળવી છે. છતાં હજી આપણી જાસૂસકથાઓ પશ્ચિમના પડઘા સરખી લાગે છે એનું કારણ આપણા પરાધીન - સાહસરહિત - જીવનને આભારી હોય ખરું. એ જીવનમાં જાગૃતિ આવતી જાય છે, અને સંભવ છે કે આપણા જીવનને અનુરૂપ સ્વતંત્ર રચનાઓ રચવાનો સમય હવે બહુ દૂર નથી.

એનો અર્થ એવો નથી કે આ 'બંસરી' દ્વારા હું એવી શરૂઆત કરું છું. પાંચેક વર્ષ ઉપર 'સયાજીવિજય' પત્રના અધિપતિ રાજરત્ન માણેકલાલે એકાદ જાસૂસ-વાર્તા તેમના અઠવાડિક પત્રમાં લખવા માટે મને કહ્યું, અને મેં એ વાર્તા દર અઠવાડિયે લખી પૂરી કરી. એ વાર્તામાં કશું વિશિષ્ટ તત્ત્વ નથી. સામાન્યતઃ વાચકોની જિજ્ઞાસા જાગૃત રહે એવી ભેદી રચના રચવા ઝડપભર્યો પ્રયત્ન એમાં કર્યો છે. તે સફળ હશે કે કેમ તે વાચકો કહી શકે. 'બંસરી' એ કોઈપણ વાર્તાનો તરજુમો કે અનુવાદ નથી. અંધકારમાં જ્યોતીન્દ્ર ધબકતાં હૃદયોને પરખી તે સામે પિસ્તોલ મારવાનો ભય બતાવે છે એને મળતો એક પ્રસંગ એક ટૂંકી અંગ્રેજી જાસૂસકથામાં વાંચ્યાનું યાદ આવે છે. જોકે તે કથાનું નામ તેમ જ લેખકનું નામ હું વીસરી ગયો છું.

આ વાર્તાને શ્રી આર. આર. શેઠ પ્રગટ કરે છે તે માટે હું તેમનો આભારી છું. વાચકો અને સાહિત્ય એમનાં આભારી થશે કે કેમ તે હું કેમ કહી શકું ?

**રમણલાલ વ. દેસાઈ**

ગુલાબદાસ વકીલની વાડી,
નવસારી : ૧૫ ડિસેમ્બર ૧૯૩૨

## બીજી આવૃત્તિની પ્રસ્તાવના

ત્રણ વર્ષમાં 'બંસરી'ની બીજી આવૃત્તિ બહાર પડે એમાં મારા પ્રકાશક આર. આર. શેઠની કંપનીના સાહસનો તેમ જ ગૂર્જર જનતાનો મારે માત્ર આભાર માનવાનો જ રહે છે.

એક જાહેર વાર્તાલાપમાં મને પ્રશ્ન પૂછવામાં આવ્યો કે જાસૂસકથાનું સ્થાન વાર્તાસાહિત્યમાં ઊંચું ગણાય કે નીચું ? અલબત્ત, જાસૂસકથાઓને શિષ્ટસાહિત્ય- Classics -માં સ્થાન મેળવતાં બહુ મુશ્કેલી પડે છે, અને વિદ્યાપીઠોના અભ્યાસક્રમમાંથી તો એ પ્રકારનું સાહિત્ય લગભગ બહિષ્કૃત રહે છે. છતાં એટલા જ કારણે સાહિત્યનો કોઈપણ પ્રકાર ચઢતો ઊતરતો ગણી શકાય નહિ. જાસૂસકથામાં મનરંજન કરવાની શક્તિ હોવા ઉપરાંત પાત્રાલેખનને પણ અવકાશ રહે છે. અને જોકે પ્રસંગપરંપરાનું એમાં પ્રાધાન્ય હોય છે, છતાં એ પાત્રપ્રધાન નવલકથા કરતાં અવશ્ય ઊતરે એમ માનવામાં કારણ મને જડતું નથી. જાસૂસકથામાં પણ ઉચ્ચ કલાતત્ત્વ આવી શકે છે અને પાત્રાલેખન તેમ જ પ્રસંગની કલામય ગૂંથણી બીજા કોઈપણ વાર્તાપ્રકારના સરખી જ સરસ ગૂંથી શકાય છે. એટલે જાસૂસકથાને ઊતરતો ક્રમ આપવાની જરૂર નથી. આવી મતલબનો મેં જવાબ આપ્યો હતો; અને હજી પણ એ માન્યતા હું ધરાવું છું.

જાસૂસકથાઓને હલકી ગણી કાઢવાથી ઘણા સારા લેખકો એ કથાપ્રકાર તરફ ઉદાસીનતા સેવે છે. પણ તેમ કરવાની જરૂર મને લાગતી નથી. નવલકથાના લેખકો એ બાજુ નજર નાખે તો તેમાં હરકત નથી.

પરંતુ અહીં ચર્ચા શક્ય નથી. ઊતરતી ચઢતી જેમ કહેવાય તેમ ખરું; વાચકોની અમુક અભિરુચિને તે પોષી શકે છે એમાં તો બે મત છે જ નહિ. શિષ્ટ લેખકો એને પણ સ્પર્શે તો જાસૂસકથા પણ ઉન્નત થાય.

મારો દાવો શિષ્ટતાનો કે જાસૂસકથાની ઉન્નતિ કરવાનો છે એમ આ ઉપરથી કોઈ ન માને એમ વિનતિ છે. બીજી આવૃત્તિ વખતે હું તો માત્ર એટલું જ કહી શકું કે વાચકોને આ ઢબની વાર્તાઓ તરફ પણ અભિરુચિ હોય છે.

**રમણલાલ વ. દેસાઈ**

૩ ફેબ્રુઆરી, ૧૯૩૬

## સાતમી આવૃત્તિની પ્રસ્તાવના

મુ. ભાઈસાહેબની 'બંસરી' નવલકથા નવી આવૃત્તિ પામે છે એથી આનંદ થાય છે. રહસ્યમય ડિટેક્ટિવ નવલકથા લખવાનો એમનો આ અખતરો હતો. એમના વિવિધ પ્રયોગો રસમય રીતે વંચાય છે એ સંતોષ આપે છે. પ્રકાશકોનો આભાર.

**અક્ષયકુમાર ર. દેસાઈ**

જયકુટીર, ટાઈકલવાડી
મુંબઈ- ૧૬, તા. ૨૦-૮-૭૦

## અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| સુરેશ | ૧ | માનસિક ઘેલછા | ૯૭ |
| મિત્રનો બંદીવાન | ૬ | આપઘાત | ૧૦૨ |
| ખૂનીની વધુ વિગત | ૧૧ | એ અહીં ક્યાંથી ? | ૧૦૮ |
| ખૂનીની કબૂલત | ૧૭ | કેસના ખબર | ૧૧૩ |
| મારું ઘર | ૨૩ | મુકદ્દમાની વિગતો | ૧૧૯ |
| મારો વ્યાપાર | ૨૯ | મુકદ્દમાની વધુ વિગતો | ૧૨૩ |
| પત્ર | ૩૪ | વકીલોની તકરાર | ૧૨૮ |
| મિત્રોની વચમાં | ૪૦ | છેલ્લી ઘડીએ મહત્ત્વની સાક્ષી | ૧૩૨ |
| અણધાર્યો અકસ્માત | ૪૬ | મારો બચાવ | ૧૩૭ |
| પોલીસના કબજામાં | ૫૨ | જ્યોતીન્દ્રની નોંધ | ૧૪૩ |
| સ્વપ્નસુંદરી | ૫૮ | જ્યોતીન્દ્રની નોંધ | ૧૪૮ |
| ભેદી મકાન | ૬૩ | જ્યોતીન્દ્રની નોંધ | ૧૫૩ |
| મોતની ક્ષણ | ૬૯ | જ્યોતીન્દ્રની નોંધ | ૧૫૮ |
| મારો રક્ષક | ૭૫ | જ્યોતીન્દ્રની નોંધ | ૧૬૩ |
| અંધારામાં અજાયબી | ૮૦ | જ્યોતીન્દ્રની નોંધ | ૧૬૭ |
| જ્યોતીન્દ્રની છેલ્લી ક્ષણ | ૮૫ | પહેલી રાત | ૧૭૪ |
| કોનું ઘર ? | ૯૧ | | |



**મુદ્રણો :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| પ્રથમ | : એપ્રિલ | ૧૯૩૩ | : પાંચમી | : જુલાઈ | ૧૯૫૯ |
| દ્વિતીય | : એપ્રિલ | ૧૯૩૫ | : છઠ્ઠી | : ઑક્ટોબર | ૧૯૬૪ |
| તૃતીય | : ઑગષ્ટ | ૧૯૫૧ | : સાતમી | : ઑગષ્ટ | ૧૯૭૦ |
| ચતુર્થ | : નવેમ્બર | ૧૯૫૪ | : આઠમી | : ઑગષ્ટ | ૧૯૮૨ |

**૯મું પુનર્મુદ્રણ શતાબ્દી વર્ષ મે, ૧૯૯૨**

પ્રત : ૨૨૫૦

# ૧

# સુરેશ

*શું વાદળી કટકા થઈને*
*ઉપાડતા વિદ્યુત દોડી આવે !*
*પાષાણના આ ગિરિશૃંગના સૌ !*
*વર્ષાવતા હિમનું ઝાપટું શું ?*

**કલાપી**

મને જ્યારે જ્યારે અમગમો આવતો ત્યારે હું મારા મિત્ર જ્યોતીન્દ્રની પાસે જતો. જ્યોતીન્દ્ર ફિલસૂફ હતો, પરંતુ તેની ફિલસૂફીમાં હાસ્ય અને કટાક્ષ રહેલાં હતાં. તે મોટે ભાગે આરામખુરશી ઉપર બેસી, આંખો મીંચી પડી રહેનાર સુસ્ત માણસ હતો; તથાપી કેટલીક વખત તે અણધારી સ્ફૂર્તિ બતાવતો, અને મજબૂત માણસ પણ થાકી જાય એટલી મહેનત કરી શકતો. ઘણુંખરું તે વાતો સાંભળ્યા કરતો ઓછાબોલો યુવક હતો; પરંતુ કોઈ વખત વાચાળ બની આપણને આશ્ચર્યમાં નાખી દે એવી વાતો પણ કરતો. તેની પત્ની જ તેના વિચિત્ર સ્વભાવથી કોઈ કોઈ વખત કંટાળતી તો પછી મિત્રો કંટાળે એમાં આશ્ચર્ય નહોતું. તેની પત્નીનું નામ વ્રજમંગળા હતું. વ્રજમંગળા ઘણા જ સારા સ્વભાવની સ્ત્રી હતી.

આજે જ્યોતીન્દ્ર પાસે ગયા સિવાય ચાલે એમ નહોતું. હું અત્યંત ઉતાવળથી એને ત્યાં ગયો. વ્રજમંગળા આગળના ખંડમાં બેસી મોજાનાં દોરા ઠીક કરતાં હતાં. મેં જતાં બરાબર પૂછ્યું :

'કેમ, વ્રજમંગળાબહેન ! જ્યોતિ ઘરમાં જ છે ને ?'

જ્યોતીન્દ્ર અંદરથી બહાર આવ્યો અને હસ્યો :

'કેવડું મોટું નામ ? સવારથી બોલવા માંડીએ તો સાંજે પૂરું થાય. બે કે ત્રણ અક્ષર કરતાં વધી જાય એ નામ કદી બોલવાં જ ન જોઈએ; કેટલો વખત બરબાદ જાય !'

'તમારે વખતને શું કરવો છે ? ચોપડીઓ વાંચો કે બહાર રખડો. પોલીસ કમિશનર સાહેબે ક્યારના બોલાવ્યા છે, પણ જતા જ નથી. અમુક ફાટેલાં મોજાં સુધરે પહેરીને જ જવાની એમણે જીદ લીધી છે; અને પાછા વખતની કિંમત કરે છે ! કહો સુરેશભાઈ ! ઓછો જુલમ છે ?'

વ્રજમંગળાએ પાછળથી મને સંબોધન કરીને કહ્યું. વાતચીત દરમિયાન હું ખુરશી ઉપર બેસી ગયો હતો. જ્યોતીન્દ્રના ઘરમાં મને કદી પારકું લાગ્યું નથી. નામના લંબાણ સંબંધી તકરારમાં ભાગ લેવાની મારી જરા પણ ઈચ્છા નહોતી. મારે જ્યોતીન્દ્રને એકાંતમાં મળવું હતું. પરંતુ મારી ગમે તેટલી ઈચ્છા હોય તોય વાત અડધેથી તોડી પડાય નહિ એમ ધારી મેં બંનેને સારું લગાડવા પ્રયત્ન કર્યો.

'જ્યોતિને વખતની તો તલપૂરે પરવા નથી; એ તો ખોટું બહાનું છે. પણ નામ ટૂંકાં જોઈએ એ એની વાત ખરી છે.'

'તો પછી તું તારી ભૂલ સુધાર. એનું આખું નામ શાનો દે છે ? હું તો ઘણી વખત એનું નામ જ ભૂલી જાઉં છું. વ્રજ યાદ રાખવાને કૃષ્ણ સંભારી રાખું છું અને મંગળાને માટે મંગળવાર યાદ કરું છું. પણ તેમાં ભારે ગોટાળો થઈ જાય છે ! એક દિવસ એક જણે મને એનું નામ પૂછ્યું. કૃષ્ણમાંથી બંસરી યાદ આવી અને મંગળને બદલે ગુરુવાર યાદ આવ્યો. એટલે છબરડો વાળીને મેં એનું નામ કહ્યું, ગુરુબંસરી !'

જ્યોતિએ આટલું લાંબું વ્યાખ્યાન કર્યું, પણ હું તો ચમકી ઊઠ્યો. તેના મુખ ઉપર સ્મિત હતું. હું જે વાત કરવાને આવ્યો હતો તે જ વાત તરફ એ મને યુક્તિથી દોરતો હતો કે શું ? હું બંસરી વિષે જ વાત કરવા આવ્યો હતો. બંસરી મારી પ્રિયતમા ! એને હું જીવ સાટે ચાહતો હતો. રાતમાં તેનું ખૂન થયું હતું. સવારમાં ખબર પડતાં બરાબર મારા દેહમાંથી જાણે મારો જીવ ઓસરી જતો હોય એમ મને લાગ્યું. આ ખબર કહેવા આવનારનું હું ખૂન કરી નાખત; પરંતુ મારા શરીરની બધી જ શક્તિ હણાઈ ગઈ હતી. ખબર સાંભળતાં જ હું ખુરશી ઉપર બેસી ગયો. હં પૂરા ભાનમાં છું કે નહિ તેની ખાતરી કરવા મેં મારા હાથ ઉપર ચીમટીઓ દીધી. વધારે વખત આમ ને આમ હું બેસી રહીશ તો મારું ચિત્ત ફટકી જશે એવી મને બીક લાગી. બંસરીનું ખૂન ! ઘડી ઘડી હું ચમકી ઊઠતો. દસેક ક્ષણમાં તો મને દસ જિંદગીનાં ઝેર વ્યાપી ગયાં. મારે એક જ સ્થળનો આશ્રય લેવાનો હતો. આઘાતથી શૂન્ય બની જતા મનને જ્યોતીન્દ્ર યાદ આવ્યો. એ મારા ફિલસૂફ મિત્રને ગુનાઓ અને ગુનેગારો વિષેના વાચનનો ઘણો શોખ હતો. કોઈ ભયંકર ગુનાની વિગત વર્તમાનપત્રમાં વાંચતાં તે ઘણી વખત 'વાહ!' એવો ઉદ્ગાર પણ કાઢતો. ત્રણેક વર્ષ પરદેશ રહી, ફ્રાન્સ, ઈંગ્લંડ અને અમેરિકાની છૂપી પોલીસમાં શિક્ષણ લઈ, ઘણી માહિતી તે મેળવી આવ્યો હતો; એટલું જ નહિ પણ સારો સંબંધ હતો. નિષ્ણાત ડિટેક્ટિવો સાથે તેને પત્રવ્યહારનો પણ સારો સંબંધ હતો. હિંદમાં આવ્યા પછી તેણે કાંઈ ગુના

પકડવાનું કામ કર્યું હોય એમ મારા જાણવામાં નથી; પરંતુ પોલીસખાતાના મોટા અધિકારીઓ સાથે તે ક્વચિત્ સમાગમમાં આવતો, અને વર્તમાનપત્રે ચઢેલા દરેક ગુનાની હકીકતોને ચીવટાઈથી વાંચ્યા કરતો. તેની અનેક વિચિત્રતાઓ જોડે આને પણ એક વિચિત્રતા માની અમે તેને હસતા. આજે બંસરીના ખૂનનો વિચાર મને પહેલાં બનાવી મૂકે તે પહેલાં જ્યોતીન્દ્ર યાદ આવ્યો અને હું તેની પાસે દોડ્યો.

તેને ઘેર આવતાં, મોજાંની રકઝક અને તેની પત્નીના નામ વિષેની મશ્કરી ચાલતી હતી તેમાં મને જરા પણ રસ પડ્યો નહિ. પોલીસ કમિ-શનરે તેને બોલાવ્યો હતો અને છતાં એ વાર કરતો હતો એમ તેની પત્નીએ કહ્યું પણ મને કશી સમજ પડી નહિ. પોલીસ કમિશનર અગર બીજા પોલીસ અધિકારીઓ તેને કોઈ કોઈ વખત ચા પીવા અગર મળવા બોલા-વતા તે હું જાણતો હતો, એટલે મને એમાં નવાઈ લાગી નહિ. પરંતુ એણે પોતાની પત્નીના બહાના નીચે 'બંસરી શબ્દનો ઉચ્ચાર કરી મારી સામે સ્મિત કર્યું એટલે હું ખરેખર ચમકી ઊઠ્યો. જ્યોતિને બંસરીના ખૂનની ખબર પડી શી રીતે, એ વિચારમાં હું પડ્યો. એટલામાં મને એણે પૂછ્યું :

'પછી તું એનું નામ કેવી રીતે દઈશ ?'

'કોનું ?' હું ભાન ભૂલતો હતો. વ્રજમંગળાના નામની વાત ચાલતી હતી તે વીસરી જઈને મેં પૂછ્યું. જ્યોતીન્દ્ર ખડખડ હસી પડ્યો અને બોલ્યો :

'તારુંયે ભાન જતું રહ્યું લાગે છે. કોના નામ વિશે આપણે વાત થતી હતી ?'

'હાં હાં; હું હવેથી એમને મંગળાબહેન કહીશ.' મેં જવાબ આપ્યો. પરંતુ મારી ઈચ્છા એ વાત વધારે લંબાવવાની ન હતી. મારે કહેવાનું બીજું હતું અને તે કહેવાની મારી ઉત્કંઠા વધ્યે જતી હતી. જ્યોતીન્દ્રના ધ્યાન બહાર તે હોય હું એમ માનતો નથી. કારણ તેણે કહ્યું :

'બરાબર. જો તું એવી રીતે દીર્ઘસૂત્રી થતો અટકી જાય તો હું તને કોઈ નવાઈ ભરેલે સ્થળે લઈ જાઉં.'

'હવે આ મોજાં તૈયાર થયાં છે, અને કમિશનર સાહેબને ત્યાંથી આ ત્રીજી વખત ટેલિફોનની ઘંટડી વાગી છે. હવે જવું છે કે બેસી રહેવું છે ?' વ્રજમંગળાએ મોજાં દુરસ્ત કરી જ્યોતીન્દ્રની પાસે મૂકી જણાવ્યું.

'સુરેશ ! આની ઈચ્છા આપણને આજે ઘરમાંથી કાઢવાની લાગે છે. ચાલ ત્યારે, મોજાં પહેરવા પણ શું કામ ઊભા રહીએ ?'

'સુરેશભાઈ ભલે અહીં રહ્યા. તમને તો ઉતાવળથી બોલાવ્યા છે માટે હું તો જવાનું કહું છું.' વ્રજમંગળાએ કહ્યું.

'સુરેશ ! તારા તરફ પક્ષપાત લાગે છે. ભલે ત્યારે તું અહીં બેસ; હું જઈ આવું.'

'ના ના. મારે તારું ખાસ કામ છે; એક વાત કરવાની છે.' મેં કહ્યું.

'ત્યારે મારી સાથે ચાલ. રસ્તામાં વાત કરીશું. આજે એક વાતે પૂરું થાય એમ લાગતું નથી.' જ્યોતીન્દ્રે અર્થભર્યું વાક્ય ઉચ્ચાર્યું.

તેની પત્નીના કહેવા છતાં તેણે પોશાક બદલ્યો નહિ અને માત્ર ધોતિયું, પહેરણ અને ચંપલ એટલું જ પહેરી, મને સાથે લઈ, તે નીચે ઊતર્યો. જ્યોતીન્દ્રની મોટર નીચે ઊભી હતી. તેમાં બેસતાં બેસતાં મેં ધીમેથી કહ્યું :

'જ્યોતિ ! બંસરીનું ખૂન થયું !'

'હં.' મેં કહેલી હકીકત માત્ર સાંભળ્યાનો ઉદ્ગાર તેણે કાઢ્યો.

'તને ખબર છે ?' જરા આશ્ચર્ય પામીને મેં પૂછ્યું.

'હા.' જ્યોતિ ગંભીર થઈ ગયો હતો. તેના ટૂંકા એકાક્ષર ઉત્તરો તેની વિચારમય સ્થિતિનું દર્શન કરાવતા હતા.

'તને કોણે કહ્યું ?' મેં પૂછ્યું.

'અત્યારે તો કમિશનરે.'

'એટલે અત્યાર પહેલાંની પણ તને ખબર છે કે શું ?' અજાયબીમાં એને પૂછ્યું. 'તેણે મારા સામું જોયું અને જવાબ દેવાને બદલે મને સામું પૂછ્યું:

'તું બંગલે જઈ આવ્યો ?'

'મને ત્યાં પેસવા કોણ દે ? વળી તને એમ નથી લાગતું કે મારાથી બંસરીના શબને જોવાય કેમ ?' બંસરીના શબની કલ્પના મારા મગજમાં ખડી થઈ, હું ધ્રૂજી ઊઠ્યો અને મારી આંખે મેં મારા હાથ દાબી દીધા.

જ્યોતીન્દ્ર કાંઈ બોલ્યો નહિ. હું પણ મારા દુઃખમાં એવો ગરક થઈ ગયો હતો કે મારી વાચા બંધ થઈ. ઝડપથી દોડતી મોટરે જોતજોતામાં અમને પોલીસ કમિશનરને બંગલે પહોંચાડી દીધા.

અમારા સરખા સાદા માણસોને આ દમામદાર યુરોપિયન ઢબના બંગલામાં પ્રવેશ કેમ મળી શકે ? હું તે વિચારમાં હતો, પરંતુ જ્યોતિ તો સાથે મને લઈ ઝડપે બંગલામાં દાખલ થયો. કમિશનર સાહેબના શણગારેલા દીવાનખાનામાં પ્રવેશ કરતાં જ એક યુરોપિયન સાર્જન્ટે

જ્યોતીન્દ્રને સલામ કરી અને અંદર ખાનગી ઓરડામાં એની રાહ જોવાય છે એમ જણાવ્યું.

'ત્યારે અંદર ખબર આપો કે હું આવ્યો છું.' જ્યોતીન્દ્રે કહ્યું.

'જરૂર નથી, આપ જઈ શકો છો.' સાર્જન્ટે કહ્યું. જ્યોતીન્દ્રની સાથે હું પણ અંદર જવા લાગ્યો, એટલે વિવેકથી સાર્જન્ટે મને કહ્યું :

'આપ અહીં બેસો.'

મારાથી જ્યોતીન્દ્રનો સાથ છોડાય એમ નહોતું. એકલો પડવાથી પાછો હું વિચારે ચઢી જઈશ એ ડર હતો. મેં જ્યોતીન્દ્રની સામે જોયું. તેણે સાર્જન્ટને કહ્યું :

'એમને અંદર આવવા દેવામાં હરકત નથી; મારી સાથે જ છે.'

સાર્જન્ટે જ્યોતીન્દ્રનું કહ્યું માન્યું અને મને સાથે જવા દીધો.

'જ્યોતિ ! આ તો જાણે તારું ઘર હોય એમ લાગે છે. તારે પોલીસ કમિશનરનું આટલું બધું ઓળખાણ છે ?' મેં પૂછ્યું.

'તું જોયા કર.' એટલો જ એણે જવાબ આપ્યો.

કમિશનરના ઓરડાનું બારણું બંધ હતું. જ્યોતીન્દ્રે બારણા ઉપર ટકોરો માર્યો.

એક યુરોપિયનનો ભારે ઘૂંટાયેલો અવાજ સંભળાયો :

'અંદર આવો.'

બારણું ખોલી અમે અંદર ગયા. ત્રણેક હિંદી અમલદારો અને બે યુરોપિયનો એક મોટા મેજની આજુબાજુ વીંટળાઈને બેઠા હતા. કમિશનરે હાથ મેળવ્યો. મારા સામે બધા જોઈ રહ્યા હતા.

'આ ગૃહસ્થ કોણ છે ?' કમિશનરે મને ઉદ્દેશીને પૂછ્યું.

'તમારા શકદારમાંનો એક.' જરા સ્મિત કરી જ્યોતીન્દ્રે કહ્યું.

'શકદાર ! અહીં કેમ ?'

'મારી દેખરેખ નીચે છે.' જ્યોતીન્દ્રે કહ્યું.

હું શકદાર ! અને તે જ્યોતીન્દ્રની અટકમાં ! હું આભો બની ગયો. મને સમજ પડી નહિ, મને અહીંથી પકડશે કે શું ? મારા ઉપર શાનો શક ? શું ખૂનનો આરોપ મારા ઉપર ઊતરે છે ?

## ૨

# મિત્રનો બંદીવાન

*ગહન સત્યો સુખદુઃખ બની આવે :*
*વિતક-જાપો જપું કે ન જપું તોયે શું ?*
*મહાતત્ત્વો અશિથિલ ગૂંથાઈ બેઠા :*
*હવે આંખો ભરું, કે ન ભરું તોયે શું ?*

**ન્હાનાલાલ**

હું આમ મારા વિચારમાં મશગૂલ હતો. જ્યોતીન્દ્ર મને શકદાર કહીને ફસાવવા માગતો હતો કે કેમ તેનો પણ એક ક્ષણ મને વિચાર આવ્યો. એટલામાં કમિશનર સાહેબે કહ્યું :

'આ ગૃહસ્થ જો આપણા શકદાર હોય તો તેમને આપણી સાથે બેસાડી શકાશે નહિ. આપણી ચર્ચા ખોટે માર્ગે ચડી જશે. એમનું નામ શું?'

'સુરેશ !' જ્યોતીન્દ્રે જવાબ આપ્યો. તેના મુખ ઉપર ન સમજાય એવું સ્મિત રમી રહ્યું. મને તેમાં ભયંકરતા લાગી. હિંદી અને યુરોપિયન અમલદારો એકદમ મારી સામે જોઈ રહ્યા, અને એક ગુનેગારને બારીકીથી નિહાળે તેમ મને નિહાળવા લાગ્યા. કમિશનર સાહેબે મેજ ઉપરનું બટન દાબ્યું અને બહારના ખંડમાં ઘંટડી વાગી. તુરત પેલો સાર્જન્ટ બારણું ઉઘાડીને અંદર આવ્યો અને કમિશનરને સલામ કરી ઊભો રહ્યો.

'આ ગૃહસ્થને બહારના ખંડમાં તમારી પાસે બેસાડો. તેમને કશી હરકત ન પડે તેની કાળજી રાખજો.' મને ઉદ્દેશીને કમિશનરે સાર્જન્ટને હુકમ કર્યો. અજાણ્યા સ્થળે અજાણી મંડળીમાં મારે શું કરવું ? મને અહીં લાવનાર જ્યોતીન્દ્ર અને શકદાર તરીકે ઓળખાવનાર પણ જ્યોતીન્દ્ર ! છતાં તે મારો અંગત મિત્ર તો હતો જ. મેં તેની સામે જોયું. તેણે તો મને કહી દીધું :

'સુરેશ ! બધાની ઇચ્છા છે તો તું બહાર બેસ ને ?'

'તો પછી હું ઘેર જાઉં તો શું ?' જરા ચિડાયલે અવાજે મેં કહ્યું.

'પણ તને મારા વગર જવા નહિ દે ને !' જ્યોતીન્દ્રે કહ્યું.

હું સમજ્યો. હું અત્યારથી જ બંદીવાન હતો. અત્યારથી જ કેમ ? જ્યોતીન્દ્રે મને તેની મોટરમાં બેસાડ્યો ત્યારથી જ હું બંદીવાન બન્યો હતો!

જગતમાં મૈત્રી એ જ મોટામાં મોટો ભ્રમ હોય એમ મને લાગ્યું. સાર્જન્ટની સાથે બહાર નીકળ્યા સિવાય મારો છૂટકો નહોતો. બારણું ઉઘાડી તે મારી રાહ જોઈને જ ઊભો હતો. મને રીસ ચડેલી જ હતી; કોઈના પણ સામું જોયા વગર અને આવા મોટા પોલીસ અધિકારીઓને સલામ કર્યા વગર હું બહાર નીકળ્યો. સાર્જન્ટ પણ મારી પાછળ બહાર આવ્યો અને બારણું બંધ કર્યું. અંદરથી ખડખડાટ હસવાનો અવાજ મારે કાને પડ્યો. શું આ બધા મને હસે છે ? હું ત્યાં જ ઊભો રહ્યો. કમિશનરના ઓરડાની અને બહારના ઓરડાની વચમાં આવેલો આ ખંડ હતો. મારી ઈચ્છા થઈ કે બારણે કાન દઈ અંદર ચાલતી વાત હું સાંભળું. મારી આગળ વધવાની આનાકાની જોઈ સાર્જન્ટે કહ્યું :

'આપ બહાર આવો.'

'હું અહીં જ ઊભો રહું તો શી હરકત છે ?' મેં પૂછ્યું.

'આ કાંઈ બેસવા માટે સ્થળ નથી. બહાર તમે આરામથી બેસી શકશો.' સાર્જન્ટે નમ્રતાથી પરંતુ દૃઢતાથી જણાવ્યું.

'તમારા આરામને જહન્નમમાં નાખો !' મેં કહ્યું. છતાં અહીં ઊભા રહ્યે ચાલે એમ નહોતું. હું બહારના ખંડમાં આવીને બેઠો અને કપાળ ઉપર હાથ દઈ બધી ઘટનાનો વિચાર કરવા લાગ્યો. આરોપ છેવટે મારા જ ઉપર ? અને કોના ખૂનનો ? બંસરીના ? જેને માટે હું પ્રાણ આપું તેના જ હું પ્રાણ લઉં ?

પણ કેમ નહિ ? જ્યારે બંસરીએ મારો સ્વીકાર કરવા ના પાડી ત્યારે એક વખત મારા મનમાં શું આવ્યું હતું ? મારો સ્વીકાર ભલે ન થાય, પરંતુ બીજા કોઈનો પણ નહિ જ. જો બંસરી બીજાને સ્વીકારે તો બંનેનું ખૂન...! અરે, મને કેવો ભયંકર વિચાર એક સમયે આવ્યો હતો ! એ જ વિચાર મૂર્ત સ્વરૂપ કેમ ન લે ? પ્રેમી પણ ખૂની બની શકે નહિ ? વિચાર કર્યો એ જ દોષ શું પૂરતો નથી ? મનુષ્યની વૃત્તિ ઉપરથી જો ગુનેગારી નિશ્ચિત થતી હોય તો શું હું ખૂનનો ગુનેગાર નહોતો ?'

પરંતુ એ બિચારીએ મારો અસ્વીકાર ક્યાં કર્યો હતો ? હું એકાએક નિર્ધન બની ગયો, સટ્ટામાં એકેફેરે બધી મિલકત ગુમાવી બેઠો, અને હજારોનું પોષણ કરવાની શક્તિ ધરાવનાર હું મારું પોષણ કરવા પણ અશક્ત બની ગયો ! બંસરી સાથે લગ્ન કરીને હું શું કરું ? તેને જ દુઃખમાં નાખું ? પ્રેમી તરીકે મારી શી ફરજ હતી ? બંસરીએ મારા પ્રત્યે બતાવેલી માયાનો દુરુપયોગ કરી મારા સરખા કંગાલ માનવીની સાથે તેનો જન્મારો ગુમાવવો, કે પ્રેમી તરીકે ઉદારતા બતાવી પથ્થર સરખું હૈયું બનાવી

બંસરીને છૂટી કરવી ? ઉદારતાના આવેશમાં મેં તેને પત્ર લખ્યો. અને બંસરી સરખી સુખમાં ઊછરેલી યુવતીનો મારા પ્રેમની ખાતર ભોગ આપવા મેં અનિચ્છા દર્શાવી. તે બિચારીએ પુછાવ્યું કે મારે તેની દયા ખાવાની જરૂર નહોતી. મને સ્વીકારી તે જરા પણ પોતાનો ભોગ અપાયાની કલ્પના કરી શકતી નહોતી; માત્ર નવીન સંજોગોમાં તે મારા ઉપર ભારરૂપ થઈ પડવાની જ ના પાડતી હતી. 'જો આપ મને ભારરૂપ માનતા હો તો હું ખસી જાઉં છું.' મારી ઉદારતાએ માઝા મૂકી. પ્રેમી હાથે કરીને કેમ દુઃખી બને તેનું મેં દૃષ્ટાંત પૂરું પાડ્યું. મેં લખ્યું : 'મારી વર્તમાન સ્થિતિમાં હું જ મારી જાતને ભારરૂપ છું તો પછી હું તને શો જવાબ આપું ?' બિચારીએ લખ્યું : 'હું તો આપનો ભાર હળવો કરત. પરંતુ આપને એમ લાગતું હોય કે આપ મારાથી જ કચડાયેલા રહેશો તો ભલે, આપ આજથી છૂટા છો એમ માનજો. મારો વિચાર ન કરશો, અને હું શું કરીશ એ પૂછશો નહિ.' અને પછી મેં વાત સાંભળી કે એના કાકાએ એનું લગ્ન બીજે નક્કી કર્યું. કોનો દોષ ? એનો ? જરા પણ નહિ. ત્યારે મારો ? મેં શું ખોટું કર્યું હતું ? કોઈનો જ દોષ નહિ તો પછી આ વાત સાંભળી મને સહુનું ખૂન કરવાની કેમ ઇચ્છા થાય ? મારો પ્રેમ સ્વાર્થી તો ખરો જ ને ?'

આ હું વિચારોમાં રોકાયો હતો એટલામાં મારી નજર પેલા સાર્જન્ટ ઉપર પડી. જરા પણ હાલ્યાચાલ્યા વગર ઊભી રહેલી તેની આકૃતિમાં ઝડપ દેખાઈ. તે ઓરડામાંથી બહાર ઉતાવળથી જતો જણાયો. હું સાવધાન બન્યો. આ માણસ મારા ઉપરથી આંખ દૂર કરે તો હું અંદર જઈ, બારણા પાસે ઊભો રહી, કમિશનરની મસલત સાંભળી લઉં. જેવો તે બહાર નીકળ્યો કે તરત હું ખુરશી ઉપરથી ઊભો થયો અને કોઈને ખબર ન પડે એવી રીતે કમિશનરના ખંડના બારણા પાસે જઈ ઊભો. મેં વાતચીત સાંભળવાનો પ્રયત્ન કર્યો. જ્યોતીન્દ્ર બોલતો હતો :

'તમને બધાને આ સંજોગોમાં સુરેશ ઉપર વહેમ આવે એ સ્વાભાવિક છે. મને પણ વહેમ આવે.'

આગળ વાતચીત સંભળાય તે પહેલાં પાછળથી મારા ખભા ઉપર કોઈનો મજબૂત પંજો પડ્યો. પાછળ જોયું તો પેલો સાર્જન્ટ કડક મુખ કરી ઊભો રહ્યો દેખાયો. 'કેમ ? શું છે ?' જરા કડકાઈથી પૂછ્યું.

'આપને આગલા ખંડમાં બેસવા કહ્યું હતું; પછી અહીં કેમ આવ્યા?'

'શું મને તમારો બંદીવાન ધારો છો ?'

'પણ જેમાં આપનો સંબંધ નથી તે વાત આપ છૂપી રીતે કેમ સાંભળી શકો ?'

'મારો સંબંધ નથી ! ઓ ભલા માણસ ! તને શી ખબર છે કે આ કાર્ય સાથે મારે કેટલો સંબંધ છે ?'

'તે ગમે તેમ હોય. મને હુકમ છે કે આપને આગલા ખંડમાં બેસાડવા. પછી મારાથી તે વિરુદ્ધ આપને વર્તન કરવા ન દેવાય !'

'ધારો કે હું ન આવું. તમે શું કરશો ?'

'હું તમારો હાથ પકડી બહાર લઈ જઈશ.'

'તો હું અહીંથી ખસતો નથી. તમને ફાવે તે કરો !'

સાર્જન્ટે ઝડપથી મારો હાથ પકડ્યો. દુનિયામાં હું બધી બાબતોમાં નિષ્ફળ નીવડ્યો હતો, તથાપિ તંદુરસ્તી અને શારીરિક બળ મારાં સચવાઈ રહેલાં હતાં. મેં તેનો હાથ છોડાવી દીધો અને તેની સામે થવાનો નિશ્ચય કરીને હું ઊભો. આ કાર્ય બેવકૂફીભરેલું અને બિનજરૂરી જ હતું. પરંતુ કોણ જાણે તે વખતે મને એવી ઝાળ ચઢી કે મારું સઘળું ભાન ભૂલી પારકા ઘરમાં ઘરધણીના રખવાળ સાથે હું લડવા તૈયાર થયો ! સાર્જન્ટે ફરી ધીમે રહીને મારો હાથ ઝાલ્યો, અને મેં એવા જોરથી સાર્જન્ટને ધક્કો માર્યો કે તે કમિશનરના ખંડના બારણા સાથે અથડાયો. અંદરની વાતચીત એકાએક શાંત પડી. સાર્જન્ટ ઊભો થયો અને મારા તરફ મુક્કો ઉગામી ધસી આવ્યો. એવામાં ઓરડો ઊઘડ્યો અને કમિશનર તથા અંદર બેઠેલા સઘળા બહાર આવ્યા.

'સાર્જન્ટ ! જરૂર નથી, એમને છૂટા મૂકો.' કમિશનરે કહ્યું.

જ્યોતીન્દ્ર મારી પાસે આવ્યો. તે મને મારો મિત્ર નહિ પરંતુ દુશ્મન લાગ્યો. તેનું મુખ શાંત હતું. તેણે શાંતિથી મને કહ્યું :

'હવે ચાલ, બીજે ક્યાંક લઈ જાઉં.'

'તું એમ કહે ને કે તું મને તારા કબજામાં જ રાખવા માગે છે ?' મેં જણાવ્યું.

'તોયે શી હરકત છે ? તું કયે દિવસે મારા કબજામાં નહોતો ?'

'તું મને ગુનેગાર માને છે, નહિ ?' મેં વાત બદલી સ્પષ્ટ પૂછ્યું.

'એ પૂછવાની જરૂર નથી. તું ગુનેગાર છે ખરો ?' તેણે પૂછ્યું.

'જરૂર નહિ.'

'તો પછી ભલે હું કે આખી દુનિયા તને ગુનેગાર માનીએ તને શી હરકત છે ?'

'એટલે તમે બધા મારી તપાસ કરશો, અને હું ગુનેગાર નથી એવો મારે પુરાવો કરવો, ખરું ને ?'

'ચાલ ચાલ હવે; બેવકૂફ ન બન !'

'નહિ; હું તો ઘેર જઈશ.'

'ઘેર કોણ તારી રાહ જોઈ બેઠું છે ?' જ્યોતીન્દ્રે જણાવ્યું.

મને એની વાત ખરી લાગી. જો મને ગુનેગાર ગણવાનો જ હોય તો જ્યોતીન્દ્રને કબજે રહેવું કાંઈ ખોટું નહોતું. મેં પૂછ્યું :

'આ બધા ક્યાં જશે ?'

'પોતપોતાને કામે.'

'અને તું ?'

'હું તારે કામે !'

'જ્યોતીન્દ્ર ! મને એક સ્પષ્ટ વાત કહી દેવા દે. મને તારો ભરોંસો હવે પડતો નથી.'

'ભરોસો ન જ રાખીશ. સાથે એક પિસ્તોલ રાખીને ફર. લે.'

એમ કહી તેણે મારા હાથમાં એક પિસ્તોલ તેના પહેરણના એક ખિસ્સામાંથી કાઢીને આપી. આવા સાદા પહેરણમાં તેણે પિસ્તોલ ક્યાં સંતાડી રાખી હશે તેની મને સમજ પડી નહિ.

'મારો ભરોંસો નહિ પડતો હોય તો હું તને થોડી વાર પછી એકલો મૂકીશ, ચાલ.' કહી તેણે મને આગલા ખંડમાં દોર્યો. કમિશનરે જ્યોતીન્દ્રને પૂછ્યું :

'સુરેન્દ્રને તમે સાથે જ રાખો છો ને ?'

'અલબત્ત. હું આપને આવતી કાલે મળી જઈશ.'

એટલું જ્યોતીન્દ્રે કહ્યું અને અમે બંને જણ બહાર નીકળ્યા. મોટર તો ઊભી જ હતી. તેમાં તેણે મને બેસાડ્યો. મેં કહ્યું :

'હવે ક્યાં ?'

'મોટરને પૂછ.'

અને મોટર આગળ ચાલી.

# ૩

## ખૂનની વધુ વિગત

*'જગતના કાચના યંત્રે,*
*ખરી વસ્તુ નહિ ભાસે.'*

બાલાશંકર

મને લાગ્યું કે મારા કરતાં વધારે પરવશ કોઈ પણ મનુષ્ય હોઈ શકે નહિ. એક પણ અક્ષર બોલ્યા વગર હું જ્યોતીન્દ્રની સાથે મોટરમાં બેસી રહ્યો; તેના સામું પણ જોયું નહિ. તથાપિ મને લાગ્યું કે જ્યોતીન્દ્ર વારંવાર મારી સામે જોયા કરતો હતો. પોતાની સામે કોઈ પણ માણસ તાકીને જોયા કરતું હોય ત્યારે એ સ્થિતિ મૂંઝવણ ઉપજાવે એવી હોય છે. મારાથી છેવટે રહેવાયું નહિ. ચોરીથી મારી સામે જોતાં જ્યોતીન્દ્રને પકડ્યો, અને તેની સામે ફરી મેં પૂછ્યું :

'તું ક્યારનો સામે શું જોયા કરે છે ?'

'તારા મુખનું નિરીક્ષણ કરું છું.'

'તું મારું મોં નવું જુએ છે ?'

એકાએક મોટર અટકી. બંસરીના બંગલા પાસે અમે આવી પહોંચ્યા હતા. મારું હૃદય ધબકી ઊઠ્યું. આ સ્થળમાં મારાથી પગ કેમ મુકાશે ? જ્યોતીન્દ્ર નીચે ઊતર્યો. મેં કહ્યું :

'હું અહીં બેસી રહું છું.'

'ના, સાથે ચાલ.' તેણે જણાવ્યું.

'મારાથી જોવાશે નહિ.'

'શું ?'

'બંસરીનો મૃત દેહ... અને, તું મને અહીં ક્યાં લાવ્યો ?'

'અરે ત્યાં તો કશુંયે નથી. બંસરીના શબનો જ પત્તો નથી.' જ્યોતીન્દ્રે કહ્યું.

'તેં કેમ જાણ્યું ?'

'તેની તારે શી જરૂર છે ? હું કહું છું તે ખરું માન !'

મને બહુ અજાયબી લાગી. બંસરીનું ખૂન થયું અને વળી તેનો મૃતદેહ પણ અદૃશ્ય થયો ? જ્યોતીન્દ્રની પાછળ હું ઘસડાયો.

બંગલો જરા ઊંચાણ ઉપર હતો. બંગલાના બારણા પાસે એક પોલીસનો સિપાહી ઊભો હતો. કુટુંબનાં કોઈ સગાંવહાલાં જાણી તેણે અમને અંદર જવા દીધા. ઘરના નોકરચાકરો ટોળે વળી બેઠા હતા. તેમની નજર મારી સામે ફરી. એ નજરમાં જાણે મારા ઉપર આરોપ ન દેખાતો હોય એમ મને લાગ્યું. એક નોકરને જ્યોતીન્દ્રે બોલાવ્યો અને તેને પૂછ્યું :

'અંદર કોણ છે ?'

'કાકાજી, કાકી, બહેન : એ બધાં છે.'

'અંદર ખબર આપ ને કે જ્યોતીન્દ્ર મળવા આવ્યો છે.'

નોકર અંદર ગયો. તેની પાછળ અમે પણ ગયા. નોકરે ઓરડામાં પ્રવેશ કરીને ખબર આપી. અંદરથી બંસરીના કાકાનો અવાજ સંભળાયોઃ

'આ તે તમાશો છે કે શું ? કેટલા જણને મળવું છે ? જા, બોલાવ.'

'બે જણ છે.' નોકરે મળવા આવનારની ખરી સંખ્યા બતાવી. જ્યોતીન્દ્રને અને મને કેવી જાતનો આવકાર મળશે તે અત્યારથી સમજાઈ ગયું. નોકર અમને અંદર લઈ ગયો. મને જોતાં બરોબર બધાં આશ્ચર્યમાં પડ્યાં. બૈરાં જમીન ઉપર બેઠાં હતાં અને એક નેતરની આરામખુરશી ઉપર બંસરીના કાકા મુકુંદપ્રસાદ બેઠા હતા. તેમના મુખ ઉપરથી તેઓ ભારે વેદનામાં ગિરફતાર થયેલા જણાતા હતા.

'કોણ છો, ભાઈ ? અંદર આવો. પેલી ખુરશી ઉપર બેસો. બહુ ઘસડશો નહિ. મારાથી જરા પણ અવાજ વેઠાતો નથી.'

તેમની વેદના બંસરીના મૃત્યુ બદલની હતી, કે ખુરશીનો ખખડાટ પણ સહન થઈ શકે નહિ એવા નાજુક બની ગયેલા તેમના જ્ઞાનતંતુઓ બદલની હતી, તે મને પૂરું સમજાયું નહિ. તેઓ ભારે તબિયતી માણસ હતા તે હું જાણતો હતો, પરંતુ મને તેમનો પ્રત્યક્ષ અનુભવ ઘણો થોડો હતો. બંસરીના પિતા એક વર્ષ ઉપર ગુજરી ગયા ત્યાં સુધી તો તેઓ અહીં બહુ રહેતા નહિ પરંતુ પોતાને ગામ રહેતા, અને ન છૂટકે શહેરમાં ભાઈ પાસે આવતા. તેમનાં પત્ની ઘણુંખરું અહીં રહેતાં એટલે તેઓ મને ઓળખતાં. મુકુંદપ્રસાદને કોઈનો સહવાસ ગમતો નહિ; લાંબી વાતચીત કરવી પડે તોય તેમને કંટાળો આવતો. સવારે દસ અને પાંચ મિનિટે તેમ જ સાંજે સાત અને ત્રણ મિનિટે તેઓ કોઈની પણ પરવા રાખ્યા વગર જમી લેતા, અને વૈદકના ગ્રંથો વાંચી પોતાનો સમય વિતાવતા. એવી એવી કેટલીક હકીકત

તેમના સંબંધમાં મેં સાંભળી હતી.

બહુ જ ધીમે રહીને અમે તેમની સામે ખુરશી ઉપર બેઠા. તેમણે પૂછ્યું.

'કહો, કેમ આવવું થયું છે ?.... અરે, બહાર કોઈએ કાચ ફોડી નાખ્યો !'

'અરે કશું કોઈ ફોડતું નથી; આ શી ભ્રમણા ?' તેમનાં પત્નીએ કંટાળો દર્શાવી કહ્યું.

'તમને બધાંને કહ્યું કે તમે ધીમે ધીમે બોલો. શા માટે ભારે ઘાંટો કાઢવો પડે તે મને સમજાતું નથી.' મુકુંદપ્રસાદે પત્નીના કંટાળાનો જવાબ આપ્યો; અને બંને હાથ કાન ઉપર મૂકી, આંખો મીંચી દઈ તેઓ ખુરશી ઉપર પડ્યા. અમારી હાજરી ભુલાઈ જશે કે શું એવો મને ભય લાગ્યો. જ્યોતીન્દ્રે તેમનાં પત્ની તરફ ફરી જણાવ્યું :

'હકીકત સાંભળીને અમે બહુ દિલગીર થયા છીએ.'

'શું કરીએ ભાઈ ? નસીબનો વાંક; બીજું શું ?'

પાસે એક કિશોરી બેઠી હતી તેણે રડવા માંડ્યું. તેનાં ડૂસકાં સાંભળી અવાજના દુશ્મન બની ગયેલા મુકુંદપ્રસાદે આંખ ઉઘાડી.

'કુંજલતા ! બેટા, રડવાથી શું વળે એમ છે ? રડવાથી ગયેલું માણસ પાછું આવતું હોય તો જુદી વાત. શાંતિથી સહન કર્યા સિવાય છૂટકો નથી.'

કુંજલતાનું રુદન વધારે વધ્યું. મુકુંદપ્રસાદના દેહ ઉપર જાણે કરવત ફરતી હોય તેમ તેમના મુખ ઉપરથી જણાયું.

'આ મારી દીકરીને બંસરી સાથે એટલી માયા કે એનાથી રહેવાતું જ નથી. જા બેટા ! બહાર બેસ. જોજે, ફૂલદાની પડી ન જાય. બારણું કેટલા જોરથી ઉઘાડે છે ?' મુકુંદપ્રસાદે કુંજલતાને બહાર મોકલી દીધી.

'તમે કોણ ભાઈ ?' મુકુંદપ્રસાદે અમને બેને ઉદ્દેશીને પૂછ્યું.

'તમે ન ઓળખ્યા ? એક સુરેશ અને બીજા જ્યોતીન્દ્ર.' મુકુંદ પ્રસાદનાં પત્નીએ કહ્યું.

સુસ્ત જેવા જણાતા મુકુંદપ્રસાદે સ્થિરતાથી અમારી બંનેની સામે જોયું અને બોલ્યા :

'તમે ભલી આવવાની હિંમત કરી !'

'એમ કેમ ?' મેં પૂછ્યું.

'હું તમને કાંઈ પણ જવાબ આપવા માગતો નથી.' સખ્ત બનીને મુકુંદપ્રસાદે કહ્યું.

'એ તો જેને તેને ઈશ્વર જવાબ આપી રહેશે. આપણે શું ?' તેમનાં પત્નીએ આટલું કહી મારી સામે જોયું. જાણે મારા પાપકર્મનો ઈશ્વરે મને જ જવાબ આપવાનો ન હોય !

વધારે વાતચીતનો અવકાશ મને લાગ્યો નહિ; જ્યોતીન્દ્રે તોય પૂછ્યું:

'પણ આ બન્યું શી રીતે ?'

'કેટલાં માણસોને હું આ હકીકત જણાવું ? મને તે દુઃખી ગણી બાજુએ રાખવો જોઈએ, કે દરેક જણે પૂછી પૂછી મને હેરાન કરવો જોઈએ ?'

'અમારી આપને હેરાન કરવાની જરા પણ ઈચ્છા નથી. અમે તો દિલગીરી દર્શાવવા આવ્યા હતા.' જ્યોતીન્દ્રે જણાવ્યું.

'એ તો તમે દર્શાવી. બીજું કાંઈ ?'

'ના, જી.'

'અને બીજી વધારે વિગત મેળવવી હોય તો પોલીસને બધી લખાવી છે; વર્તમાનપત્રોમાં પણ આવશે.'

આવું કઠોરપણું દર્શાવનારની પાસે વધારે બેસાય એમ નહોતું. અમે ઊઠ્યા અને નમસ્કાર કરી પાછા વળ્યા.

'જોજો, બારણું ધીમેથી બંધ કરજો હોં !' તેમણે સૂચના કરી.

બહાર એક બાજુએ કુંજલતા રડતી ઊભી હતી. એકબે સ્ત્રીનોકરો અને ચારેક પુરુષો તેની આજુબાજુએ સહજ દૂર ઊભાં રહ્યાં હતાં. સ્મશાનની ગમગીની દરેકના મુખ ઉપર છવાઈ રહી હતી. એક સ્ત્રીએ કુંજલતાનું ધ્યાન અમારા તરફ ખેંચ્યું. તે મને ઓળખતી હતી. બંસરીની નાની બહેન તરીકે એ ઊછરી હતી; અને બંને સાથે રહેતાં હોવાથી બંસરીનો મારા તરફનો પક્ષપાત તેના ધ્યાન બહાર રહ્યો હોય જ નહિ. તે આંખો લોહતી લોહતી અમારી પાસે આવી. નોકરચાકર તો મારું નામ સાંભળતાં જ એક ખૂની પ્રાણીને નિહાળતાં હોય તેમ તાકીને જોઈ રહેતા, પરંતુ કુંજલતાના મુખ ઉપર એવો ભાવ મેં જોયો નહિ.

'સુરેશભાઈ ! છેવટે આપણે બધાંએ બંસરીને ખોઈ !' કઠણ હૃદય કરી આટલા શબ્દો બોલતાં કુંજલતાની આંખો આંસુથી ઊભરાઈ ગઈ અને તેના મુખમાંથી બીજા શબ્દો નીકળી શક્યા નહિ. હું શો જવાબ આપું ? હું કોનું સાંત્વન કરું ? મારું હૃદય ચિતાના અગ્નિ ઉપર તરફડતું હતું; મારું રુદન અદૃશ્ય થઈ ગયું હતું; અને મારા ઉપર શકની નજર હતી એ જાણતાં તો હૃદય જડ પથ્થર જેવું શૂન્ય બની ગયું હતું.

'એ બધું કેમ બન્યું ?' જ્યોતીન્દ્રે પૂછ્યું.

'કશી સમજ પડતી નથી.' રુદન મહા મુસીબતે અટકાવી કુંજલતા બોલી. 'રાત્રે એક વાગતા સુધી તો અમે બંને જણ જાગતાં હતાં. એક ગીત પણ એણે મને બેસાડી આપ્યું. મેં એને ગાવાનું કહ્યું ત્યારે એણે ના પાડી. સુરેશભાઈનો છેલ્લો કાગળ આવ્યો ત્યાર પછી તેણે ગીત ગાવું જ બંધ કરી દીધું હતું. પછી તો હું સૂઈ ગઈ. અમે બંને એક જ ખંડમાં સૂતાં. બે વાગ્યા. મેં સાંભળ્યા નહિ, પરંતુ ત્રણ વાગ્યે બંસરીને ઓરડામાં ફરતી મેં જોઈ. મેં પૂછ્યું :

'તું હજી સૂતી નથી ?'

'ના.' બંસરીએ જવાબ આપ્યો.

'હું તારી પાસે આવું ?' એમ મેં પૂછ્યું. પણ એણે ના પાડી. જરા રહીને એણે દીવો વધારે તેજવાળો કર્યો અને ધીમે રહી તે ખંડની બહાર જવા લાગી. મેં પૂછ્યું :

'અત્યારે ક્યાં જાય છે ?'

'આમ.' તેણે હાથ લાંબો કરી બારણાની બહાર આંગળી બતાવી. મારા મનમાં કે એને ઊંઘ આવતી નથી એટલે સામેના ખંડમાંથી ચોપડી લાવવા તે જતી હશે, એટલે હું કશું બોલી નહિ. જરા વાર થઈ અને મને ઊંઘ આવવા માંડી. એવામાં જ એકાએક ફાનસ જોરથી પડ્યાનો અવાજ આવતાં હું ચમકીને બેઠી થઈ ગઈ, અને પુસ્તકવાળા ખંડમાંથી બંસરીની ચીસ મેં સાંભળી : 'કુંજલતા ! જોને આ સુરેશ...' બસ ! એક ધબાકો થયો અને આખું વાતાવરણ શાંત બની ગયું. ભયથી થથરતી હું પથારીમાં જ કેટલીક વાર બેસી રહી.'

કુંજલતા આ વર્ણન આપતાં આપતાં અત્યારે પણ થથરતી લાગી. મને પણ એક જાતનો થથરાટ પેદા થયો. અહીં પણ મારું જ નામ ? આ બધું ચક્ર ફરી ફરીને મારા તરફ જ વળતું હતું, તો પછી ખરોખોટો ખૂનનો આરોપ હું જ મારે માથે કેમ ન વહોરી લઉં ?

'હવે મને આગળ ના પૂછશો; મારાથી એ વિચાર જ થઈ શકતો નથી.' કુંજલતા બોલી અને ઝડપથી એકબે સ્ત્રીઓની સાથે પાસેના એક ઓરડામાં એ અદૃશ્ય થઈ ગઈ.

જ્યોતીન્દ્ર એક આંગળી હોઠ ઉપર મૂકી અંગૂઠો ગાલે ફેરવવા માંડ્યો. જરા દૂર ઊભા રહેલા એક નોકરને ઈશારત કરી તેણે પોતાની પાસે બોલાવ્યો. આનાકાની કરતો નોકર આગળ આવ્યો. જ્યોતીન્દ્રે બહુ ધીમેથી તેને પૂછ્યું :

'અલ્યા ! આ ખૂન થયું તેની તને કાંઈ ખબર છે ?'

'બધાંને ખબર છે તેવી મને ખબર છે. આખું ઘર જાણે છે કે બહેનનું ખૂન થયું.' નોકરે છણકાઈને જવાબ આપ્યો.

'બહેનનો સ્વભાવ બહુ સારો હતો, નહિ ?' જ્યોતીન્દ્રે વાત લંબાવી.

'હતોસ્તો. પણ જેણે ધારીને આ બધું કર્યું તેને શું કરવું ?'

'કોણે ખૂન કર્યું લાગે છે ?'

'એ મને શી ખબર ?'

'ત્યારે કોને ખબર હશે ?'

'ખબર બે જણને ! એક ખૂન કરનારને અને બીજી ભગવાનને.'

નોકરે પણ આ વાક્યનો ઉચ્ચાર કરી મારી સામે અર્થભરી દૃષ્ટિ ફેંકી, પાછી ઝડપથી વાળી લીધી. જ્યોતીન્દ્રે તેને પૂછ્યું :

'આ સુરેશ ઉપર બધાંને વહેમ છે, ખરું ?'

'એ હું કાંઈ કહું નહિ.' બે કાને હાથ દઈ ઈન્કાર તો હોય એમ નોકરે ચાળો કર્યો.

'ત્યારે એ કહેનાર કોઈ માણસ છે કે નહિ ?' આટલું પૂછી જ્યોતીન્દ્રે ધીમે રહી પેલા નોકરના હાથમાં બે રૂપિયા મૂકી દીધા.

રૂપિયામાં હૃદયને પિગળાવવાનો ભારે ગુણ રહ્યો છે. તેણે રૂપિયાની અસર નીચે કહ્યું :

'કોઈક તો હશે જ ને ?' તેના મનથી તે કાંઈ જ હકીકત કહેતો નહોતો. પરંતુ વધારે રૂપિયા આપવાથી વધારે હકીકત મળશે એમ માની જ્યોતીન્દ્રે પાંચ રૂપિયાની નોટ કાઢી નોકરના હાથમાં મૂકી અને પૂછ્યું :

'તો પછી કહે ને, એ કોણ છે ?'

'જેણે જોયું હશે તેસ્તો.'

હું ખરેખર બીન્યો. મને ખૂન કરતાં પણ જોનાર કોઈ નીકળ્યો લાગે છે !

જ્યોતીન્દ્રે કહ્યું :

'એ જોનાર કોણ ? નામ ભસ ને ?'

'શંકર કરીને છે. એ જ આવે છે.' એટલું કહી જાણે કશું બન્યું જ ન હોય તેમ એ નોકર ચાલતો થયો.

જ્યોતીન્દ્રે જડ જેવા બની ગયેલા મારા દેહને જોરથી હલાવ્યો અને મને કહ્યું :

'જો સુરેશ ! ખૂન તેં કર્યું છે એવું નજરે જોનાર સાક્ષી પણ અહીં છે.'

## ૪

# ખૂનીની કબૂલત

*હું તો મૃત્યુ તણો મુસાફર બની*
*દો રાઈ જાનાર છું,*
*એ મીઠો દિન આજથી જ નજરે*
*પ્રેમે જ જોનાર છું.*

**કલાપી**

'કેમ, શંકર ! મને ઓળખે છે કે ?' પાસે આવતા એક નોકરને સંબોધી જ્યોતીન્દ્રે પૂછ્યું.

'ના.' ચઢેલે મુખે શંકરે જવાબ આપ્યો. તે કાળો મજબૂત અને ક્રૂર મુખમુદ્રાવાળો માણસ લાગતો હતો.

'એટલામાં મને ભૂલી ગયો ? ત્રણ દિવસ ઉપર આપણે રાત્રે ક્યાં મળ્યા હતા, યાદ આવે છે ?' જ્યોતીન્દ્રે પૂછ્યું.

શંકરે ઝડપથી આંખની પાંપણોં મટમટાવી અને જ્યોતીન્દ્ર તરફ ધારીને જોયું. પછી તે બોલ્યો :

'ચાર દિવસથી તો હું ઘરની બહાર નીકળ્યો નથી. પછી તમને કયાં જોયા હોય ?'

'દિવસની હું વાત નથી કરતો; હું તો રાતની વાત કરું છું. કાલે ઊઠીને તું તો એમ કહીશ કે ગઈ રાત્રે સુરેશભાઈને તેં જોયા જ નથી !'

'જોયા હોય તે હું શી રીતે ના કહું ?' શંકરે જણાવ્યું.

'કેટલા રૂપિયા આપું તો તું ના કહે ? માગી લે, જોઈએ એટલા !' પછી રહીશ એમ ને એમ.' જ્યોતીન્દ્રે પૂછ્યું.

શંકર આ પ્રશ્ન સાંભળી સ્તબ્ધ બની ગયો. જ્યોતીન્દ્રે ખિસ્સામાંથી એક, બે, ત્રણ, ચાર એમ નોટો કાઢવા માંડી. આ જોઈ શંકર માથા ઉપર હાથ ફેરવવા માંડ્યો. રૂપિયા લેવાનું તેને હૃદયમાં કોઈ ભારે ખેંચાણ થતું લાગ્યું. તે કદાચ હાથ લાંબો કરી નોટો લઈ લેત, પરંતુ એકાએક ઘરમાં પોલીસના કેટલાક માણસો દાખલ થયા. કમિશનરને ત્યાં જોયેલા બે હિંદી અમલદારો પણ સાથે આવતા દેખાયા. બંને અમલદારોએ જ્યોતીન્દ્રની

સાથે હાથ મેળવ્યો. તેમાંના એક જણે પૂછ્યું :

'તમે અહીં જ આવવા નીકળ્યા હતા કે શું ?'

'હા. પણ હું સહેલે રસ્તે આવ્યો, અને તમારે તો માણસો ભેગાં કરવાનાં હતાં.' જ્યોતિન્દ્રે કહ્યું.

'હવે સ્થળનો પંચકયાસ કરવાનો છે. મેજિસ્ટ્રેટ અને પંચો પાછળ આવે છે.' બીજા અમલદારે કહ્યું.

'મારે પણ સ્થળ જોવું છે.' જ્યોતીન્દ્રે કહ્યું.

એટલામાં યુરોપિયન પોશાક પહેરેલા એક હિંદુ મેજિસ્ટ્રેટ તથા ગૃહસ્થ સરખા દેખાતા ચાર માણસો આવ્યા. જે ખંડમાં ખૂન થયું હતું તે ખંડમાં બધા ગયા. ઓરડો બંધ હતો, અને બે પોલીસના માણસો ત્યાં પહેરો ભરતા હતા. મુકુંદપ્રસાદ પણ તે સ્થળે આવ્યા; પરંતુ તેમના મુખ ઉપર આખી દુનિયા માટેનો કંટાળો તરી આવતો હતો. આટલાં બધાં માણસો ભેગાં થયાં હતાં, પરંતુ ખંડ ઉઘાડવાનો મેજિસ્ટ્રેટે હુકમ કર્યો એટલે એકદમ વાતાવરણ શાંત બની ગયું. કોઈ ભારે ગમખ્વાર બનાવ જોવાને હૃદય તૈયાર થતું હોય એમ સઘળાનાં મુખ તંગ બની ગયાં.

ઓરડો ઊઘડ્યો. બારણાં ઉઘાડતાં મૃતદેહને ઓછામાં ઓછી અશાંતિ થાય એવો પ્રયત્ન પોલીસે કર્યો, તોપણ મુકુંદપ્રસાદે મુખ બગાડી દાંત કચડ્યા, અને જરા સરખા અવાજ માટે પણ નાપસંદગી બતાવી.

'આ સ્થળમાં કાંઈ ફેરફાર થયો છે ?' મેજિસ્ટ્રેટે પૂછ્યું.

'ના, રે ના.' મુકુંદપ્રસાદે જણાવ્યું. 'અમે કોઈ અંદર આવ્યા જ નથી.'

'એ બહુ નવાઈ જેવું ! બૂમ પડ્યા પછી તમે કશી તપાસ પણ ન કરી?'

'એમ નહિ. તમે જરા સમજો. બંસરીની બૂમ સાંભળી કુંજલતા બહાર આવી. તેણે શંકરને અહીં ઊભેલો જોયો. એણે પૂછ્યું : "અલ્યા શંકર! શું થયું ?" "મને ખબર નથી; અંદર જતાં બીક લાગે છે; પણ મેં સુરેશભાઈને જતા જોયા." આમ શંકરે કહ્યું. પછી કુંજલતાએ દીવો ધર્યો અને શંકરને અંદર જોવા માટે કહ્યું. શંકરે અને કુંજલતાએ ગભરાતાં ગભરાતાં અંદર જોયું. ઓરડામાં કોઈ હતું નહિ, પણ એક મોટી કટાર પડેલી દેખાઈ અને જાજમ ઉપર લોહીના ડાઘા દેખાયા, એટલે એ બંને જણે અમને જગાડ્યાં. અમે પણ આવીને બારણાં આગળ ઊભાં રહીને અંદર જોયું અને પાછા વળી પોલીસને ટેલિફોનથી બધી ખબર આપી. તત્કાળ પોલીસના બે માણસોએ આવી આ ઓરડાનું બારણું બંધ કરી પહેરો શરૂ કર્યો. તે હજી એમનો એમ છે.' મુકુંદપ્રસાદે હકીકત કહી.

પોલીસ અમલદારો, મેજિસ્ટ્રેટ, મુકુંદપ્રસાદ તથા જ્યોતીન્દ્ર અને પંચના ગૃહસ્થો ઓરડાની અંદર ગયા. મોટો ઓરડો પુસ્તકો તથા ફર્નિચરથી ભરેલો હતો. કાચનો દીવો ફૂટી ગયેલો. તેના કટકા વેરણછેરણ ચારે પાસ પડ્યા હતા. એક લોહીથી ખરડાયેલી છરી પડેલી હતી. જાજમ ઉપર પુષ્કળ લોહી રેડાયેલું દેખાયું એટલું જ નહિ, પણ લોહીના છાંટા આસપાસ ઊડેલા જણાયા તે ઓરડાની બીજી બારી સુધી પડેલા હતા. બારી ઉઘાડી હતી; બારીના કઠેરાનો એક લાકડાનો સળિયો ભાંગી ગયેલો હતો. નીચે પથ્થરનો ચોક અને તેની આગળ બગીચો આવેલો હતો. સ્થળનું તેમ જ સ્થળમાં પડેલી વસ્તુઓનું વર્ણન પંચોએ યથાસ્થિત લખાવ્યું. બારી આગળ જાજમ ખસી ગઈ હોય અને ત્યાં કાંઈ ઝપાઝપી થઈ હોય એવો પણ દેખાવ હોવાનો પંચોને ભાસ થયો. નજીકમાં એક હાથરૂમાલ લોહીના ડાઘાવાળો અને કાગળના ટુકડા પડ્યા હતા. પંચો એ કાગળના અક્ષરો ઓળખતા ન હતા એવું એમણે લખાવ્યું.

તે જ વખતે જ્યોતીન્દ્રે કહ્યું :

'એ કાગળ, એના અક્ષરો અને પેલો રૂમાલ સુરેશનાં જ છે.'

જ્યોતીન્દ્રે કાંઈ તે બધું હાથમાં લઈ જોયું ન હતું; દૂરથી જ સૂચવ્યું. તથાપિ મેજિસ્ટ્રેટે પૂછ્યું :

'શા ઉપરથી કહો છો ?'

'હું ખરું કહું છું. કુંજલતાએ બંસરીની ચીસનો છેલ્લો શબ્દ "સુરેશ" એવો સાંભળ્યો; શંકરે સુરેશને જતાં જોયો. એટલે મારી ખાતરી છે કે આ રૂમાલ અને કાગળ પણ તેના જ હોવા જોઈએ. એ અહીં હાજર છે એટલે પંચો રૂબરૂ તેની ખાતરી કરાવી લઈએ.' જ્યોતીન્દ્રે કહ્યું.

મારો મિત્ર મારો જ દુશ્મન છે એવી હવે મને સંપૂર્ણ ખાતરી થઈ. મને તેના વર્તન વિષે માત્ર શક હતો તે હવે પૂરી રીતે ખરો પડ્યો. હવે બીજો શો પુરાવો બાકી હતો ? પંચોએ અને મેજિસ્ટ્રેટે મને રૂમાલ તથા કાગળ બંને બતાવ્યા. એ બંને મારા જ હતા એમ કહ્યા વગર ચાલે એમ હતું જ નહિ. છરી મારી નહોતી એમ મેં કહ્યું તે પંચોએ લખ્યું, પરંતુ તે મારી નહિ હોય એમ માનવા કોઈ તત્પર થયું નહિ. કાગળના ટુકડા ગોઠવતાં તે પૂરો વંચાય એવો રહ્યો નહોતો. કોઈ અસંબદ્ધ શબ્દરચના તેમાંથી નીકળી આવી, પરંતુ તેમાં નીચેના શબ્દો ઉપર સહુનું ધ્યાન ખેંચાયું.

'કફન વીણ લાશ...જલ્લાદની તલવાર...ખૂની...હાથ...ખતમ થઈ જા...ખંજર...'

આ બધી ડાકુ કે બહારવટિયાની શબ્દાવલિમાં કલાપીની એક કવિતા છુપાઈ રહેલી છે એમ હું આ ક્ષણે કહેવા જાઉં તો કોણ માને ?

અધૂરામાં પૂરું એક દોરડું તથા નિસરણી પણ ચોકમાં પડ્યાં હતાં. તેનો પણ પંચક્યાસમાં ઉલ્લેખ થયો. મેજિસ્ટ્રેટે પંચોથી વધારે ખાતરી કરાવી લઈ પંચક્યાસમાં ઉમેરાવ્યું કે દોરડા તથા નિસરણીની મદદ વડે આ ખંડમાંથી ચોકમાં સરળતાથી ઊતરી શકાય એમ હતું. એટલું જ નહિ, પરંતુ કોઈ હલકો ભાર લઈ ઊતરવું હોય તો તે મુશ્કેલ નહોતું. બંસરી ઘણી નાજુક હતી; તેને જોતાં મને પારિજાતક કે જાઈજૂઈનાં ફૂલ યાદ આવતાં. હલકી યુવતીને લઈને કોઈ મજબૂત માણસ ઊતરી શકે કે નહિ, એમ પૂછતાં પંચોએ મારા શરીર તરફ દૃષ્ટિ કરી ચોખ્ખી હા પાડી.

હવે મારે માટે શું બાકી હતું ? પુરાવાની સઘળી સંકલના મને જ ગુનેગાર ઠરાવ્યે જતી હતી.

પંચક્યાસ પૂરો થયો એટલે પોલીસે પુરાવામાં જરૂરની થઈ પડે એ બધી ચીજો પોતાને હસ્તક લઈ લીધી. સહુએ જવા માંડ્યું. ઘરમાં રુદન શરૂ થઈ ગયું. જ્યોતીન્દ્રે બેમાંથી એક પોલીસ અમલદારને કહ્યું :

'હિંમતસિંહ ! સાંજે જરા મળજો ને !'

'હા, જી.'

'સાથે કંચનલાલને પણ લાવજો.'

'ઠીક.'

કહી પોલીસના માણસો ચાલ્યા ગયા. હિંમતસિંહ તથા કંચનલાલ બંને બાહોશ પોલીસ અમલદાર તરીકે ગણાતા હતા અને તેમની કુનેહને લીધે તેમને પોલીસખાતામાં ભારે પગારના જવાબદારીવાળા હોદ્દા ઉપર નીમ્યા હતા. હું નસીબને આધીન થતો ચાલ્યો. મનમાં બળ રહ્યું નહોતું; વિચાર પણ બળહીન થતા ચાલ્યા. જ્યોતીન્દ્રને માટે મારો તિરસ્કાર વધ્યે જતો હતો. પરંતુ તેની સાથે રહેવાથી હું પોલીસનો બંદીવાન થતો અટક્યો હતો એટલો મને ખ્યાલ હતો. જ્યોતીન્દ્ર અને હું નીચે મોટરમાં બેઠા. પરંતુ મોટર ત્યાં આગળથી ચાલતી નહોતી. શૉફર બહુ પ્રયત્ન કરતો તથાપિ ઘરૂઘરૂઘરૂ અવાજ કરી એક હાથ આગળ કે પાછળ જઈ મોટર બંધ પડી જતી. આજુબાજુએ થોડા લોકોનું ટોળું હતું તે ઓછું થયું નહિ. ચાર માણસો જાય અને ચાર માણસો આવે; મને બહુ કંટાળો આવ્યો. પગે ચાલીને જવાની ઇચ્છા મેં દર્શાવી. પરંતુ જ્યોતીન્દ્ર ત્યાંથી ખસ્યો નહિ. મોટર ન ચાલવાથી સામાન્ય રીતે કંટાળો આવવો જોઈએ તે પણ તેને આવતો લાગ્યો

નહિ, હસતે મોંએ તે લોકોના ટોળા ભણી જોયા કરતો, અને શૉફરને ધીરજ આપતો કે 'હરકત નહિ. ધીમે ધીમે ચલાવાશે.'

ટોળું જોઈને બંસરીના બંગલામાંનો કોઈ માણસ બહાર નીકળ્યો હશે તેને જ્યોતીન્દ્રે ઓળખ્યો, અને પાસે બોલાવી કહ્યું :

'પેલા શંકરને પાણીનો એક ઘડો લઈને મોકલજે. એન્જિન બહુ ગરમ થઈ ગયું છે.'

એટલું કહી તેના હાથમાં તેણે રૂપિયો મૂકી દીધો. નોકરે ખુશ થઈ જણાવ્યું :

'અરે, એમાં શંકરનું શું કામ છે ? હું જ ઘડો લઈ આવું.'

'નહિ નહિ, શંકરને જ મોકલ. એને મોટર ચલાવતાં પણ આવડે છે.' જ્યોતીન્દ્રે કહ્યું.

'તે એને મોકલું; પણ હજી શંકરને મોટર ચલાવતાં ભાળ્યો નથી. એટલું કહી નોકર અંદર ગયો. જરા વારમાં એક ઘડો પાણીનો લઈ શંકર બહાર આવ્યો, અને મોટરની પાસે આવી ઊભો. જ્યોતીન્દ્રે કાંઈ ઈશારત કરી એટલે શૉફર આજુબાજુ ભેગા થયેલા લોકોને દૂર કર્યા, અને ઘડામાંથી પાણી લઈ એન્જિનમાં ઉમેર્યું.

જ્યોતીન્દ્રે દરમિયાન શંકરને પાસે બોલાવ્યો અને પૂછ્યું :

'તને મોટર ચલાવતાં આવડે છે, ખરું ?'

'ના ભાઈ !'

'પછી પેલી વાત યાદ છે ને ?'

'શી ?'

'સુરેશનું નામ તારે દેવું જ નહિ. શું લઈશ ? બોલ.' કહી પછી જ્યોતીન્દ્રે ખિસ્સામાંથી નોટો કાઢી. શંકાની ઝીણી આંખો ચારે પાસ ફરી; જાણે કોઈની શોધ શંકર કરતો હોય એમ લાગ્યું. જ્યોતીન્દ્રે નોટોવાળો હાથ શંકર તરફ લંબાવ્યો. પાસે કોઈ હવે હતું નહિ. શંકરે પછી ખાતરી કરી જેવો પોતાનો હાથ લાંબો કર્યો તેવો જ તેણે તે પાછો ખેંચી લીધો. એક જણ મોટરની પાછળથી નીકળી આવ્યો અને શંકરને વાંસે હાથ લગાડી જરા ગુસ્સામાં બોલી ઊઠ્યો :

'શંકર ! ઘરમાં કામ નથી ? આ વખતે બધાંને નવડાવવાં મૂકી અહીં શું કરે છે ?'

શંકર નોટો લેવાનું ભૂલી જઈ એકદમ ઘડો લઈ બંગલામાં ચાલ્યો ગયો. પેલા માણસ ઉપર શૉફર એકદમ તૂટી પડ્યો, અને બંને વચ્ચે

ઝપાઝપી થઈ. જ્યોતીન્દ્રે બૂમ મારી :

'અરે કેમ લડે છે ? બેવકૂફ ! કોઈ રસ્તે જતા ગૃહસ્થની સાથે આમ થાય ? ચાલ, છોડી દે.'

પેલો શંકરને બોલાવી જનાર માણસ ગૃહસ્થ જેવો લાગતો હતો. જ્યોતીન્દ્રે નીચે ઊતરી એની માફી માગી પૂછ્યું :

'વાગ્યું તો નથી ને ? આ હાથે શું થયું ?' તેની આંગળી ઉપર પાટો હતો. તેણે કહ્યું :

'કાંઈ નહિ. એ તો જરા કાચ વાગ્યો.' કહી ઝડપથી તે ચાલ્યો ગયો.

'ક્યારનો મોટર પાછળ સંતાયો હતો !' શૉફરે લડવાનું કારણ બતાવ્યું.

જ્યોતીન્દ્ર હસ્યો અને અંદર બેસી ગયો. એટલામાં મારા દુર્બળ મને અનેક તર્કવિતર્ક કરી એક નિશ્ચય કર્યો હતો તે મેં જ્યોતીન્દ્રને કહ્યો :

'જ્યોતિ ! એક ખરી વાત કહું ?'

'કહે.'

મોટર હવે અટકી નહિ અને ચાલવા માંડી. મેં ધીમેથી કહ્યું :

'બંસરીનું ખૂન મેં જ કર્યું છે, હો !'

# ૫

## મારું ઘર

*નથી આ શોભિતા આરા*
*પુષ્પશય્યા ધરાવતા;*
*નથી આ નિર્મળાં નીર*
*સખી હૈયે ધરાવતાં.*

ન્હાનાલાલ

બંસરીનું ખૂન મેં કર્યું છે એવું મે કહ્યું એટલે જ્યોતીન્દ્ર હસ્યો. તેણે કહ્યું :

'બસ, એટલું જ તારે કહેવાનું બાકી હતું. મેજિસ્ટ્રેટ આગળ જઈને કબૂલાત આપી આવજે.'

'પણ પછી મારું શું થશે તેની ખબર છે ?' મેં ચિડાઈને પૂછ્યું.

'તને ફાંસીની સજા મળશે ! આપણો બુદ્ધિહીન કાયદો જંગલી જાતો જેટલો જ સુધરેલો છે, તે જીવને સાટે જીવ માગે છે.'

'તને પોલીસ કંઈ પગાર આપે છે ?'

'ના.'

'ત્યારે તું આ બધામાં કેમ પડ્યો છે ? તારા મિત્રનો જાન લેવાને જ ને ?'

'તું નથી જાણતો કે મને ગુનાઓની શોધખોળનો શોખ છે ? બસ, મને આ કામમાં મજા પડી એટલે હું રોકાયો.'

'મૈત્રી તો તેં સારી સાચવી. સહાય કરવાને બદલે તું મને જ હોમે છે. તું આવો મિત્રદ્રોહી હોઈશ એ મેં જાણેલું જ નહિ.'

'જો ભાઈ ! બધા ગુનેગારો મારા મિત્ર છે. દરેક ગુનેગારને ગુનો કરવા માટે સબળ કારણ હોય છે, એટલે કોઈને પણ સજા થાય એથી હું તદ્દન વિરુદ્ધ છું. ગુનેગાર કાં તો માબાપનો અનિષ્ટ વારસો મેળવે છે, કાં તો ગુનાના સંજોગોમાં ઊછરે છે, અગર એવી સ્થિતિમાં મુકાય છે, કે તેને ગુનો કર્યા વગર ચાલતું જ નથી. એટલે એકેય વખતે ગુનેગાર પોતાના ગુના માટે જવાબદાર ગણી શકાય નહિ. પરંતુ આપણો જડ કાયદો અને

કાયદાને ચેતન અર્પનાર પેલા જાદુગર વકીલો ક્યાં એમ માને છે ?'

'ઠીક; એ બધું તું તારાં પુસ્તકોમાં લખજે. અને છપાવે ત્યારે તારા મૃત મિત્રને અર્પણ કરજે. પણ હવે મારે શું કરવું તે કાંઈ કહીશ ?'

'ખાવુંપીવું અને મોજ કરવી.' તેણે જવાબ આપ્યો.

આ હૃદયહીન મિત્ર માટે મને એવો તિરસ્કાર આવી ગયો કે તેણે આપેલી પિસ્તોલ તરફ મારું ધ્યાન ગયું. શા માટે ચાલતી મોટરે તેના લમણામાં એક ગોળી ન મારું ? પરંતુ મને તત્કાળ વ્રજમંગળા યાદ આવ્યાં, તેમની ઘણી ઘણી મહેમાનગીરી અને ભાવ યાદ આવ્યાં. એટલામાં જ્યોતીન્દ્રે કહ્યું :

'કેમ, પિસ્તોલ નથી મારવી ?'

હું ખરેખર ચમક્યો. મારું હૃદય ધડકધડક થવા લાગ્યું; વિચાર વાંચવાની શક્તિ પણ જ્યોતીન્દ્રમાં આવી જ્વલંત હતી, એવો કદી પણ મને ખ્યાલ નહોતો. પરંતુ મેં મારા વિચારો જણાવ્યા નહિ અને વધારે ખોટું લગાડ્યાનો ડોળ કરી મેં તેને પિસ્તોલ પાછી આપવા માંડી.

'લે ભાઈ ! તારી પિસ્તોલને મારે શું કરવી છે ? તને વળી મારા ઉપર વહેમ આવ્યો ! એવું શા માટે ? એકને બદલે બે ખૂન તું મારે માથે ઓઢાડે એમ લાગે છે.' મેં પિસ્તોલ આપતાં કહ્યું.

'જે વખતે મેં તને કહ્યું તે વખત પિસ્તોલ મારવાના વિચારમાં તું ન હોય તો હું કહે તેટલી રકમ હારી જાઉં, માત્ર બંસરીના સોગન ખાવા પડશે.' જ્યોતીન્દ્રે કહ્યું. પણ તેણે પિસ્તોલ લીધી નહિ.

મારું મકાન પાસે આવતું હતું. મેં કહ્યું :

'મારે કશું કહેવું નથી, કોઈના સોગન ખાવા નથી અને શરત બકવી નથી. મને મારે ઘેર પહોંચાડ એટલે બસ.'

મારું ઘર આવતા મોટર ઊભી રહી. જ્યોતીન્દ્રે કહ્યું :

'જો સુરેશ ! તારે અહીં ન ઊતરવું હોય તો મારે ત્યાં ચાલ; ત્યાં જમજે, એકલાં તને ગમશે નહિ. પણ પાછો તું કહીશ કે મારા પહેરામાં તને રાખવો છે માટે આગ્રહ નથી કરતો.'

'મને એકલો જ રહેવા દે. તારી સોબત આજે હવે બહુ થઈ.' એટલું કહી હું નીચે ઊતર્યો. મોટર ઝડપથી ચાલી ગઈ.

હું એકલો પડ્યો. ધીમે ધીમે મારા ઘરમાં મેં પ્રવેશ કર્યો. જે ઘરમાં લાખો રૂપિયાની લેવડદેવડ થતી હતી, તે ઘરમાં અનેક નોકરો અને મિત્રોની ગિરદી રહેતી, જે ઘરમાં આજે હું એકલો જ હતો. એક નોકર, એક

રસોઈયો, થોડું ગીરો મૂકેલું ફર્નિચર અને ગીરો મૂકેલું મોટું મકાન, એટલું જ માત્ર મારી જાહોજલાલીના અવશેષ રૂપ હતું, બે-ચાર મિત્રો માટે શુભ લાગણી ધરાવતા હતા, તેઓ મારે ત્યાં વખત બેવખત આવતા. જ્યોતીન્દ્ર મારી સારી સ્થિતિ વખતે બહુ જણાતો નહિ; મારી દેવાદાર સ્થિતિમાં તે ઘણી વખત આવતો, એટલું જ નહિ પણ મને તેને ઘેર ઘણુંખરું બોલાવતો. ગરીબીમાં રહેલા એ થોડા મિત્રો પણ મારી ગુનેગારની સ્થિતિમાં ખસી જશે એમ મારી ખાતરી થઈ. તેમાંયે જ્યોતીન્દ્રના વલણની તો ખબર પડી જ ગઈ. આવા સમયમાં એક ખૂની તરીકે ગણાતા ગરીબ માણસની સહાયે કોણ ઊભું રહે ? આવા વિચારમાં મશગૂલ થઈ મેં મારી ઓરડીમાં પ્રવેશ કર્યો. સામે બંસરીની છબી હતી. એ છબી એટલી જીવંત હતી, અને બંસરીનું સૌંદર્ય એટલું આબેહૂબ રીતે વ્યક્ત કરતી હતી કે એક ક્ષણ તો તેનું ખૂન થયાની વાત હું ભૂલી જ ગયો. 'હું તો આ રહી !' એમ જાણે બંસરી જ કહેતી ન હોય, એવો ભાસ છબી આપતી હતી.

'ભાઈ ! આજ તો ચા પણ પીધી નથી !' પાછળથી અવાજ આવ્યો. મારો રસોઈયો મારી પાછળ ઊભો હતો. ગમે એટલા ધોતિયાં અને સાબુ પૂરો પાડવા છતાં અમુક ઢબની મેલાશ અને કાળાશ ધોતિયા ઉપર સતત રહી શકે છે એમ દુનિયાને પુરવાર કરનાર આ ઋષિમુનિના આ અર્વાચીન પ્રતિનિધિના કાળાશ પડતા દેહ ઉપર ધોતિયું અને જનોઈ એ જ બે સૂતરવણાટની કારીગરી દેખાતી હતી. ત્રિપુંડ તેમનું ધાર્મિકપણું સ્પષ્ટ કરતું હતું. પંચાવન વર્ષની ઉમરમાં ત્રણ વખત તેઓ લગ્ન કરી ચૂક્યા હતા; પાંચેક વર્ષ ઉપર થયેલું તેમનું છેલ્લું લગ્ન તો મને પણ યાદ છે. તેમના કાર્યમાં વેદાંતની છાપ પડી રહેલી હતી. તેમનો આનંદ પણ મર્યાદિત અને તેમનો શોખ પણ મર્યાદિત રહેતો. તે લાંબા વખતથી મારી પાસે રહેતા હતા, અને જ્યારે એક કરતાં વધારે રસોઈયા હું રાખતો ત્યારે તેઓ બીજા રસોઈયા તેમ જ નોકરો ઉપર મુકાદમી કરતા. બીજા બધા માણસો ચાલ્યા ગયા, પરંતુ તેઓ મને વળગી રહ્યા હતા, ને મારે માટે ખાસ કાળજી રાખી અડધો માતાનો અને અડધો પત્નીનો સંતોષ આપવા તેઓ તત્પર રહેતા.

'જ્યોતિને ત્યાં ચા પી લીધી છે.' મેં જવાબ આપ્યો.

'બીજી તૈયાર કરતાં વાર નહિ લાગે. પાણી તૈયાર છે.'

'નહિ ભાઈ ! મારે તો જમવું પણ નથી.'

'અરે, એ તે કંઈ ચાલે ? આજે તો તમને ભાવતું સરગવાની શિંગોનું શાક કર્યું છે.'

'શાકને જહન્નમમાં નાખો. મને હમણાં બોલાવશો નહિ.'

માનવજાતને ભૂલ કરતી જોઈ જેમ કોઈ સર્વજ્ઞ દેવ હસે તેમ હસીને ગંગારામ બોલ્યા :

'ભાઈ ! દુનિયામાં બધા વગર ચાલે પણ ખાધા વગર ચાલે જ નહિ! ખોરાકની રુચિ રહે ત્યાં સુધી જીવ ટકે; જો એ રુચિ ઘટી તો આવરદા ઘટવા માંડી સમજો.'

ગંગારામની આ ખોરાકમીમાંસા સાંભળવાની મારામાં ધીરજ નહોતી. મેં કહ્યું :

'બહુ થયું હવે, ગંગારામ ! જા. મને એકલો પડી રહેવા દે. મને ભૂખ લાગશે એટલે તને બોલાવીશ.'

'પણ ભાઈ...' ગંભીરતાથી વ્યાખ્યાન શરૂ રાખતાં ગંગારામ બોલ્યો.

'પણ ને બણ કશું નહિ; હમણાં જા અહીંથી !' મેં તેને તુચ્છકારથી કહ્યું. લાંબા સમયથી રહેતા નોકરો - અને ખાસ કરી વધતી જતી ઉમર-વાળા નોકરો બહુ ઝડપથી આપણું મુરબ્બીપણું ધારણ કરી લે છે; અને તે આપણને ગમે કે ન ગમે, તેની સામે આપણે વાંધો લઈએ કે ન લઈએ, તોપણ પોતાના મુરબ્બીપણાના હક્ક ભોગવ્યે જ જાય છે. જૂના નોકરોને અને ઊછરતાં છોકરાંને ભાગ્યે જ બને છે.

'જુઓ માણસજાત છે એટલે દુઃખ તો થાય. હું તો આપના લગ્ન માટેની તૈયારીઓ કરી રહ્યો હતો. પણ ભાવિ આગળ આપણું શું ચાલે ? આ મારે બૈરાં ગયાં તે દુઃખ નહિ થયું હોય ? પણ કરવું શું ? એમની પાછળ કંઈ મરી જવાય ? જીવને ક્લેશ થાય, જનાર માણસ સાંભરે, પણ જરા ધીરજ રાખી તો આ ત્રીજી વાર પણ ઠેકાણું પડ્યું. એટલે આમ હારી જવાથી કાંઈ વળે નહિ. તમે તો હજી બાળક છો.' ગંગારામે મને જીવનનું રહસ્ય સમજાવ્યું.

ગંગારામને હસી કાઢવાનો મારો ઇરાદો નથી. એની ફિલસૂફીમાં શું ખોટું હતું ? માનવીનું સામાન્ય જીવન શું એ ક્રમથી ગોઠવાતું નથી ? ગંગારામ કરતાં વધારે સંસ્કારી માનવો પણ જીવનને બીજી કઈ નીતિ ઉપર ઘડે છે ? છતાં મને જરા હસવું આવ્યું. મને ગંગારામ સાથે વાત કરવાની ઇચ્છા થઈ આવી. હું એકલો પડતો ત્યારે ઘણી વખત ગંગારામની વાતો સાંભળતો. કેટકેટલા મોટા માણસોને ત્યાં તેણે નોકરી કરી હતી; કેટકેટલી 'બા'ઓને એણે પોતાની કળા વડે ખુશ કરી નાખી હતી; રસોઈસંબંધી ઝીણામાં ઝીણા કોયડા ઉકેલવામાં તેને કેવી બુદ્ધિ અને યુક્તિ વાપરવી પડી હતી; કેટલા સર્ટિફિકેટ તેણે મેળવ્યાં હતાં, અને હજી પણ કૃષ્ણ વગર જેમ

ગોપકુટુંબો તલસતાં હતાં તેમ રસોઇયા ગંગારામ વગર કેટલાં કુટુંબો ઝૂરી મરે છે, તે સંબંધે ઘણી માહિતી ગંગારામ મને આપતો. જ્યોતીન્દ્રથી છૂટો પડ્યો ત્યારે મારા હૃદયમાં અસહ્ય વેદના થતી; આ ગંગારામની વાતે મારા હૃદયને ક્ષણભર હલકું કર્યું. મેં પૂછ્યું :

'અલ્યા ગંગારામ ! તું ત્રણ વાર પરણ્યો એ તો જાણે ઠીક; પણ પચાસ વર્ષે તું શી રીતે પરણી શક્યો ?'

'કેમ ? એમાં શું ?' પચાસ વર્ષે શા માટે ન પરણી શકા ι તે ગંગારામની સમજમાં આવ્યું નહિ.

'પચાસ વર્ષ એ કાંઈ નાની ઉંમર કહેવાય ?' મેં પૂછ્યું.

'કેમ નહિ ! માંહ્યમાંહ્યથી લોકો સાઠ સાઠ અને સિત્તેર સિત્તેર વર્ષે પણ પરણે છે. આ લ્યો ! તમારા સુધારાવાળા કહેશે કે નાની ઉંમરે ન પરણશો અને મોટી ઉંમરે ના પરણશો. ત્યારે પરણવું ક્યારે ?' ગંગારામને પચાસ વર્ષની ઉંમર મોટી કહેવાથી ખોટું લાગ્યું જણાયું. પચાસ વર્ષના થયા સિવાય એ અપમાનનું રહસ્ય સમજી શકાય એમ નથી.

મેં કહ્યું :

'એ તારો પ્રશ્ન ભારે છે. પરણવું ક્યારે ? પ્રશ્નનો છેલ્લો જવાબ હજી મળ્યો નથી. મને ગૂંચવણ એટલી જ થાય છે કે તારી વહુ જેવી નાની ઉંમરની પત્ની તને કેમ કરી મળી શકે.

'ના ના ભાઈ ! એમાં જરાકે ગૂંચવણ જેવું નથી. મારી બ્રાહ્મણની ઊંચી જાત; તેમાંયે અમે કુળવાન, એટલે કન્યાનો તોટો નહિ. અને વળી બૈરાં વગરની એકલી દુઃખી જાત જોઈને દયાયે આવે ને ?' ગંગારામે કારણ જણાવ્યું.

લગ્નને માટે ઘણાં ઘણાં કારણો હોઈ શકે છે. જરૂરિયાત, જુલમ, પૈસો : એ બધાં કારણો માની પણ શકાય. તથાપિ દયાને ખાતર લગ્ન થઈ શકે એ મારા માનવામાં કદી આવ્યું નહોતું !

'ત્યારે હવે જમવાનું તૈયાર કરું ?' ગંગારામે પૂછ્યું.

'હા ભાઈ, હા ! જા, માથું ન ફોડ.' મેં કહ્યું.

'આપ ગયા તે વખતે ચંદ્રકાન્ત આપને મળવા આવ્યા હતા.' જતાં જતાં ગંગારામે કહ્યું.

'સારું.'

'અને કહ્યું કે બપોરે આવીને તમને બોલાવી જશે.'

'ઠીક.'

'અને તમે બહુ ચિંતામાં ન પડશો એમ કહેતા ગયા છે.'

'વારુ.'

'અને...'

'હવે બસ કર. જા, તારું "અને અને" મારે સાંભળવું નથી; હું સમજી ગયો.'

ગંગારામ જરા પણ નાખુશ થયા વગર ચાલ્યો ગયો. મેજ ઉપર કેટલાક કાગળો પડ્યા હતા તે તરફ મારું ધ્યાન ગયું. આજની ટપાલ જોઈ જ નહોતી; ટપાલ જોવાની બહુ વૃત્તિ પણ નહોતી. ઘણુંખરું લેણદારોની ઉઘરાણીઓ અને સંબંધીઓના ઠપકા સિવાય કાગળોમાં હાલ કાંઈ વિશેષ આવતું નહિ. એટલે ઈંતેજારીથી કાગળો વાંચવાના હતા જ નહિ. તથાપિ બીજા કાર્યને અભાવે અને પડેલી ટેવને લીધે ટપાલના કાગળો જોવા માંડ્યા. પ્રથમ તો સિરનામાં વાંચવા માંડ્યાં. ત્રણ, ચાર કાગળો જોયા અને પાંચમો કાગળ જોતાં જ હું એકાએક ચમકી ગયો.

## ૬

# મારો વ્યાપાર

*આવરો ને ખાતાવહીમાં, લક્ષ્મીવરનું નામ,*
*ચિઠ્ઠીમાં ચતુર્ભૂજ લખિયા, નરસૈયાનું કામ રે;*
*સન્તો રે અમે વહેવારીઆ શ્રી રામનામના.*

સિરનામા ઉપર મારું નામ લખેલું હતું. મારા જૂના દુશ્મન સુધાકરના અક્ષરો મેં ઓળખ્યા. એને જ લીધે હું ભારે નુકસાનમાં ઊતર્યો હતો; એને જ લીધે મારો વ્યાપાર પડી ભાંગ્યો હતો. એ મારો ભાગીદાર હતો. ભણતર છોડ્યા પછી જર્મનયુદ્ધને અંગે વ્યાપારની જે આબાદી થઈ હતી તેનો અમે પૂરો લાભ લીધો હતો. જુદી જુદી કંપની, જુદા જુદા વ્યાપારો અને અનેકવિધ યોજનાઓનો તે યુગ હતો. એલએલ. બી. ક્લાસમાં અમે બંને સાથે જ ભણતા, અને એક પાડોશીએ શેરના કામમાં થોડો નફો અપાવ્યો ત્યારથી વ્યાપારની લતમાં પડ્યા હતા. અમે બંને પાસ થયા, પરંતુ વકીલાતના ધંધામાં પડવાની અમને જરા પણ ઇચ્છા થઈ નહિ. વ્યાપારનાં સુવર્ણમય સ્વપ્નો અમે રચતા હતા. એક દિવસ વિજ્ઞાન શીખેલો મિત્ર એક પથ્થર લઈ અમારી પાસે આવ્યો. તેણે કહ્યું :

'વ્યાપાર વ્યાપાર શું કરો છો ? આ પથ્થરમાં કેટલા પૈસા છે તે જાણો છો ?'

'પૈસા રાખવાને પાકીટ પણ નહિ મળ્યું તે પથ્થરમાં પૈસા રાખવા માંડ્યા ?' મેં પૂછ્યું.

'એમ હસી કાઢે કાંઈ વળે નહિ. આ પથ્થરમાં પચાસ ટકા લોખંડનો અંશ છે. મેં મારી જાતે પૃથક્કરણ કર્યું છે. લોખંડનું કારખાનું કાઢો તો હું તમને સ્થળ બતાવું.'

વૈજ્ઞાનિક મિત્રની વાત સાંભળી અમને પણ વ્યાપારનો એક માર્ગ જડ્યો. ટાટાની સાથે હરીફાઈ કરવાનાં સ્વપ્ન અમે રચ્યાં અને જર્મનીના ક્રપના કારખાના સરખું કારખાનું સ્થાપવાના મનોરથો અમે સેવ્યા. શરૂઆતનો ખર્ચ ઉપાડનાર એક અભણ ધનાઢ્ય તરત હાથ લાગી ગયો. સારાં સારાં પ્રોસ્પેક્ટસ કાઢ્યાં, પેપરોમાં જાહેરાત આપી, ગમે તે કંપનીના શૅર લેવાની જે મિત્રો અને ઓળખીતાઓને અધીરાઈ થઈ ગઈ હતી તેમના

ઉપર મહેરબાની કરી શૅર ભરાવ્યા, કંપની નોંધાવી અને મેનેજિંગ ડાયરેક્ટર્સ તરીકે મેં અને સુધાકરે અમારો નફો નક્કી કરી લીધો. વૈજ્ઞાનિક મિત્રને નિષ્ણાત - expert તરીકે ભારે પગાર આપી રોક્યો; ફર્સ્ટ ક્લાસ રીઝર્વ કરાવી તેમાં મુસાફરીઓ શરૂ કરી; અને અનેક ધનવાનોના સંસર્ગમાં જોતજોતામાં અમે આવી ગયા. અમારી કિંમત ઘણી વધી ગઈ.

આટલું થતાં સુધી તો લોખંડથી ભરેલા પથ્થરો ક્યાં હતા તે સ્થળ અમે જોયું ન હતું. સુધાકર અને મારો વૈજ્ઞાનિક મિત્ર એ સ્થળ જોઈ આવ્યા. ગુજરાતના પૂર્વ ભાગમાં આવેલાં ડુંગરાળ પ્રદેશમાંની એક ટેકરી લોખંડનો અખૂટ જથ્થો ભરી રાખી બેઠી હતી; તેમાંથી પથ્થરો કાઢવાનો ઈજારો ત્યાંના એક દેશી રાજ્ય પાસેથી લીધો. દેશી રાજ્યના અફીણી રાજા અને લુચ્ચા કારભારીને ભારે લાલચો આપી ત્યાં મફત સ્થળો મેળવ્યાં, અને એક પ્રયોગશાળા સ્થાપવાનું નક્કી કર્યું.

એક ધંધામાંથી બીજો, બીજામાંથી ત્રીજો, એમ પૈસા મળતાં અનેક ધંધાઓ સાથે સાથે ચાલ્યા. પૈસાની રેલમછેલ થઈ. અમે અમારી અંગત મિલકત પણ તેમાંથી કરી લેવાની સગવડ સારી રીતે સાચવી. બીજા લોભી ધનવાનો અંદર પડ્યા; તેમને માથે પેલી પથ્થરની ટેકરી અને તેમાંનું ગુપ્ત લોખંડ મારી, નફો બારોબાર લઈ અમે છૂટા થઈ ગયા.

અત્યાર સુધી અમારા કાર્યમાં અપ્રામાણિકપણું નહોતું. વ્યાપારના વંટોળિયાને અમે આધીન થયા હતા. પરંતુ અમે અમારી કલ્પનાઓ અને યોજનાઓને સાચી જ માનતા. એક દિવસ સુધાકરે આવી મને એક યોજના બતાવી. આવી યોજનાઓની નિત્ય ચર્ચા ચાલતી. મને આ વખતે સુધાકરની દાનત લોકોને છેતરવાની લાગી. મેં કહ્યું :

'આવી ખુલ્લી છેતરપિંડીમાં હું ન પડું.'

'છેતરપિંડી ખુલ્લી નથી. આપણે છૂટા થઈ જઈશું ત્યાં સુધી કોઈને કશી ખબર પડવાની નથી.' સુધાકરે કહ્યું.

'ના ના; એ તો મારાથી ન બને.'

'ત્યારે પેલા લોખંડના ધંધામાં તમે શું કર્યું હતું ? કયો પથરો અને કયું લોખંડ એની કશી ખબર પડી ? એ કંપનીનું શું થયું તે જાણે છે ને ?'

'એ તો વ્યવસ્થાપકોની ખામી. આપણે શું કરીએ ?'

'મારા મનમાં કે તારામાં જરા પણ અક્કલ તો હશે જ. અત્યારે જ મારી ખાતરી થઈ કે તે તારામાં નથી. એ તો આખી યોજના જ તૂત હતી. પથ્થરમાં તે લોખંડ આટલું બધું નીકળે ?' સુધાકરે કહ્યું.

'કેમ, આપણો સાયન્ટીસ્ટ તો કહેતો હતો.'

'એ સાયન્ટીસ્ટ તારી અને મારી માફક બધી જંજાળમાંથી છૂટો થઈ જઈ બંગલા અને મોટરના પ્રયોગો કરે છે.'

'પણ મારાથી આ બધું જાણ્યા પછી એમાં નહિ પડાય.'

'તેની હરકત નહિ. તારી ઈચ્છા ન હોય તો તું એમાં ભાગ નહિ લેતો. પણ મને એકાદ લાખની મદદ કર.'

'એકાદ લાખનો એ જમાનામાં બહુ હિસાબ અમને રહેતો નહિ. મેં ઝટ એક ચૅક લખી આપ્યો. પરંતુ બીજે દિવસે મને ખબર પડી કે જુગારમાં એ પૈસાનો વ્યય થઈ ગયો છે ! સુધાકર બહુ ચાલાક હતો; મારી સાથેની તેની મૈત્રી બહુ જ સારી હતી; તેની બુદ્ધિને માટે મને માન હતું; તે ખર્ચાળ અને મોજીલો હતો તે પણ હું જાણતો હતો. તથાપિ જ્યારે જુગારની વાત સાંભળી ત્યારે મારું મન બહુ જ દુ:ખી થયું. એક દિવસ સંધ્યાકાળે હું તેને ઘેર ગયો. ઉજાગરાનાં અને નશાનાં ચિહ્નો પણ મને તેના મુખ ઉપર સ્પષ્ટ દેખાયાં. મેં તેના મુખ તરફ ધારીને જોયું.

'કેમ, શું જુએ છે ?' તેણે પૂછ્યું.

'તારું મુખ બગડતું જાય છે. તારી આંખની આસપાસ કાળાશ અને આછી  કરચલીઓ...'

'બસ, બસ ! મારું મુખ ખરાબ થશે તોપણ તારા કરતાં વધારે સારું દેખાશે.'

'તને શરમ નથી આવતી ? મારા પૈસા તો તેં એક દિવસમાં ઉડાડી નાખ્યા.'

'એમ કહે ને ત્યારે, કે તને તારા પૈસા યાદ આવ્યા કરે છે ? મને તો તેનો હિસાબ નથી. જે ખર્ચી જાણે તે જ કમાઈ જાણે.'

'પણ શામાં તેં ખર્ચ્યા તેનો તને ખ્યાલ આવે છે ?'

'એક બોલની પાછળ બરબાદ કર્યા !'

'એમ કહે ને કે જુગારમાં વાપર્યા ?'

'એ તો  જેને જેવું લાગે તેવું ખરું. આખી જિંદગી પણ જુગાર જ છે ને ?'

'બીજાના પૈસા ઉપર જુગાર ન રમાય.'

'તારા પૈસા તે મારા નહિ ? સુરેશ ! મારી બુદ્ધિ વગર તને એક કોડી પણ ન મળી હોત તે ખબર છે ? આપણી કંપનીની બધી હકીકત હું બહાર લાવું તો તું અને હું બંને જેલમાં જઈએ.'

'એટલી બધી બુદ્ધિની તને ગરમી છે ? શી વાત કરે છે ? તારી બુદ્ધિ વગર મારાથી કશું થાત જ નહિ, એમ ?'

'ચાલ, કચકચ મૂક. મને એવી વાત કરવાની ફુરસદ નથી.'

આમ બોલચાલમાં અમે ઘણા જ ચડભડી ઊઠ્યા. સુધાકરના મુખ ઉપર મારે માટે જે તિરસ્કાર અને તુચ્છકાર દેખાયાં તેથી મને ઘણું જ અપમાન લાગ્યું. તેના વર્તન વિષે ટીકા કરી એટલે તેણે જુગાર અને શરાબીની મોટાઈનું વર્ણન કર્યું; પારકાના પૈસા વાપરવા માટે મેં મેણું દીધું એટલે પરાયાપારકાનો ભેદ ન ગણવાના વેદાંતનું જ્ઞાન તેણે દર્શાવ્યું.

તેનાથી કંટાળીને હું ઊઠ્યો. મને ઘણું ખોટું લાગ્યું. તેના ઘરમાંથી બહાર નીકળતાં જ જ્યોતીન્દ્ર મને મળ્યો. પોતાની વિચિત્ર આંતરદૃષ્ટિ વડે જાણે તેણે મારું હૃદય વાંચ્યું હોય તેમ પૂછ્યું :

'કેમ ? તારા દોસ્તને શિખામણ આપવા ગયો હતો ?'

'હાસ્તો.'

'પછી શું થયું ?'

'એ કાંઈ શિખામણ માને ?'

'એ તો સારું થયું કે ગઈ કાલે મારે લીધે બચી ગયો. નહિ તો પોલીસને હાથે કાલે જ પડ્યો હોત.'

'પછી એનું શું થશે ?'

'સુધરશે નહિ તો જેલમાં જશે.'

હું કાંઈ બોલ્યો નહિ. પછી તો દરરોજ સુધાકર માટે કાંઈ ને કાંઈ વાત સાંભળવામાં આવ્યા જ કરતી. બહુ ઝડપથી તેનું પતન થતું હતું. પરંતુ જ્યારે મેં એમ સાંભળ્યું કે તેણે સટ્ટામાં બહુ ભારે રકમ મેળવી છે, અને હું જે વ્યાપાર કરતો હતો તે જ વ્યાપારની પરદેશની એજન્સી તેણે હાથ કરી છે, ત્યારે તો મારા આશ્ચર્યનો પાર રહ્યો નહિ. અમે બંને વ્યાપારમાં હરીફ બન્યા. તેણે વ્યાપારમાં ભાવ વધારવા ઘટાડવાની એવી રમત કરવા માંડી કે હું ચોંક્યો. મને લાગ્યું કે તે મને જ હેરાન કરવા માટે તૈયાર થયો છે. મને જ્યોતીન્દ્રે એક-બે વખત સૂચના આપી કે મારે વ્યાપારની એ હરીફાઈ મૂકી દેવી; પરંતુ હું ચડસે ભરાયો. મારી બુદ્ધિને તુચ્છકારનાર એ કોણ ? વ્યાપારની સ્થિતિ ધીમે ધીમે બગડતી જતી હતી, અને આખી વ્યાપારી આલમ ઉપર જાણે હિમ પડ્યું હોય તેમ તેની જાહોજલાલી નષ્ટ થતી ચાલતી હતી.

એક દિવસે મને લાગ્યું કે હું ભયંકર ખોટમાં આવી ગયો છું.

લક્ષાધિપતિની બધી મિલકત તેના દેવા કરતાં ઓછી થઈ ગઈ લાગી. મને બહુ જ નવાઈ લાગી. પરંતુ કુદરતી આફત સામે માણસનું કાંઈ જ ચાલતું નથી તે પ્રમાણે આમાં પણ જાણે મારો કંઈ ઈલાજ ન જ હોય એમ મને લાગ્યું. મેં મારો વ્યાપાર બંધ કરી દીધો, અને લેણદારોની રકમ બધી જ ચૂકવી આપી. પરંતુ તેમ કરવામાં મારે મારું ઘરબાર અને સર્વ કાંઈ મિલકત ગીરો મૂકવી પડી.

એવા દિવસોમાં સુધાકર મારે ત્યાં આવ્યો. મને જાણે હસવા માટે તે આવ્યો હોય એમ મને લાગ્યું. હું કાંઈ બોલ્યો નહિ. એણે મને પૂછ્યું :

'કેમ, તારું મોં પણ બગડતું જાય છે ?'

'મને ખબર નથી.' મેં કહ્યું.

'ત્યારે એકલા જુગારથી કે દારૂથી જ મોં બગડે એ તો ખોટું ને ?'

'એટલે ?'

'મારા જેવો જુગારી તારા જેવા નીતિમાનને ભિખારી બનાવી શકે છે, હોં !' તેણે કહ્યું અને મારી સામે જોઈ હસવા માંડ્યું.

તેનું હાસ્ય જોઈ મને એવી રીસ ચઢી કે મેં ઊભા થઈ તેનું ગળું પકડ્યું.

# ૭

## પત્ર

*ગગન ગુફા આડા પડદા પડેલા,*
*નયન મહેલે એહ પૂગ્યો-ના પૂગ્યો;*
*આઘે ક્ષિતિજની પાળે ઊગ્યો-તોયે ના ઊગ્યો.*

ન્હાનાલાલ

સુધાકરે ઝટ મારો હાથ છોડાવી નાખ્યો અને હસતો હસતો બોલ્યો: 'એકલા નીતિમાનોમાં જ બળ હોય છે એમ ન ધારીશ.'

ખરે, સુધાકર પહેલેથી જ ચપળ અને બળવાન હતો. અમે સાથે કસરત કરતા. અખાડાનો શોખ અમને નાનપણથી લાગ્યો હતો. જોકે વજનમાં હું સુધાકર કરતાં વધારે હતો. તથાપિ તેની ચપળતા અને સહનશક્તિ ગમે તેને આશ્ચર્ય પમાડે એવાં હતાં. તેણે કરેલી ટીકા ઘણે અંશે ખરી હતી. ઘણા અનીતિમાન અને લફંગા કહેવાતા પુરુષો ગૃહસ્થાઈનું પ્રમાણપત્ર પામેલા પુરુષો કરતાં વધારે બળવાન હોય છે. મને જરા પસ્તાવો થયો. મારા એક વખતના અંગત મિત્ર સાથે મારે જ ઘેર આવી જાતનું જંગલી વર્તન મેં કર્યું એ જરા પણ વાસ્તવિક નહોતું. અલબત્ત ભારે ખોટમાં આવી પડવાથી હું ગૂંચાઈ ગયો હતો; આખા જગત ઉપર હું ગુસ્સે થયો હતો. તેમાં મારો મિત્ર આવી ચીડવે, એટલું જ નહિ પણ મારી પડતીનાં કારણ તરીકે પોતાને આગળ કરી બાઈ હાંકે એ અસહ્ય તો હતું જ. છતાં ગળું પકડવા જેવો જંગલી દેખાવ કર્યાથી હું સહજ લજ્જિત થયો.

'તું એકદમ ઘેલો ન બન. જો હવે તારી ઇચ્છા હોય તો હું તને તારા લાખ રૂપિયા વ્યાજ સાથે પાછા આપી દઉં.' સુધાકરે કહ્યું.

'એ પૈસાનું તો તને દાન આપી દીધું છે.' મારી વાણીની કડવાશ મટી નહોતી.

'એમ ? હવે લાગે છે કે દુનિયામાં કાંઈ સત્ય છે ખરું ! જે વૃત્તિથી તેં મને પૈસા આપ્યા તે જ વૃત્તિથી હું પણ તેનો ઉપયોગ કરું છું. એક મહા વિદ્વાન સાધુનું હું તેમાંથી ખર્ચ ચલાવું છું.' સુધાકરે જણાવ્યું.

'તારે વળી સાધુ શો અને ધર્મ શો ?'

'પેલા કર્મયોગીનું નામ સાંભળ્યું છે કે નહિ ? એમની બધી પ્રવૃત્તિ મારે જ લીધે થાય છે.' સુધાકરે કહ્યું.

ખરે, મેં કર્મયોગીનું નામ સાંભળ્યું હતું. તેમણે જનસમાજ ઉપર ધર્મસંઘમાં બહુ ઊંડી અસરો ઉપજાવવા માંડી હતી. તેમને નજરે જોનાર તેમને ખરા યોગી તરીકે પિછાની લેતા હતા; તેમનાં વ્યાખ્યાન સાંભળનાર એકદમ ધર્માભિમુખ થઈ જતા હતા અને તેમના સમાગમમાં આવનાર એકદમ તેમના શિષ્ય બની જતા હતા. ભણેલા અને અભણ, પુરુષો તેમજ સ્ત્રીઓ, હિંદુઓ તેમજ અન્ય ધર્મીઓ તેમનો સ્થિર ગંભીર દેખાવ અને તેમની વાણી ઉપર મુગ્ધ બની જતા હતા. નવાઈ જેવું એ હતું કે ઘણા મુસલમાનો અને પારસીઓ પણ પોતાને તેમના શિષ્ય તરીકે ગણતા. કર્મયોગીની ખરી ખૂબી એ હતી કે સહુ સહુને પોતપોતાનો ધર્મ પાળવાને જ તેઓ આગ્રહ કરતા. તેઓ વ્યાખ્યાનો આપતા, ભજનમંડળીઓ સ્થાપતા, અને અધિકારીઓને પ્રાણાયામ તથા ધ્યાનધારણા પણ શીખવતાં. તેમનું સુંદર મુખ, સ્થિર આંખો, તેજસ્વી લલાટ, ખભા સુધી લટકતા વાળ, ધાર્મિક દેખાવમાં વૃદ્ધિ કરનાર શોભાયમાન દાઢી, એ બધું સર્વનાં વખાણનો વિષય હતો.

પરંતુ મને ધર્મ કે ધાર્મિક વિષયો પરત્વે બહુ લાગણી નહોતી; તેમાંયે ધાર્મિક ગણાતા પુરુષો તરફ મને એક જાતનો તિરસ્કાર હતો. મને ઘણાં માણસોએ કર્મયોગીના સમાગમમાં આવવા જણાવ્યું હતું. પરંતુ મારી માન્યતા એવી હતી કે ધર્મ સંબંધી વિવેચન કરવું એ નિરર્થક છે; બંધાઈ ગયેલા વિચારો છોડવા કોઈ તત્પર હોતું નથી. ચોક્કસ દલીલોનો તેમાં અવકાશ હોતો નથી એટલે ધાર્મિક વ્યાખ્યાનો એ સમયનો ખાલી વ્યય મને લાગ્યા કરતો. એટલે હું કર્મયોગીનાં વ્યાખ્યાનોમાં કદી જતો નહિ.

એક દિવસ હું બંસરીને મળવા ગયો. અમને એવી રીતે સાધારણ મળવાની છૂટ હતી. તે ગ્રેજ્યુએટ થાય એટલે તેની સાથે મારું લગ્ન કરવાનું હતું. તે ગ્રેજ્યુએટ થઈ પરંતુ તેના પિતા તે પછી તરત મૃત્યુ પામ્યા એટલે લગ્ન થયું નહિ. ત્યાર પછી મને વ્યાપારમાં ખોટ આવી ગઈ એટલે હું પણ ગૂંચવણમાં પડ્યો. એવામાં એક દિવસ હું બંસરીને મળવા ગયો ત્યાં ખબર પડી કે તેની કાકી તથા કુંજલતા સાથે બંસરી કર્મયોગીનું વ્યાખ્યાન સાંભળવા ગઈ હતી. મને એ કાંઈ ઠીક લાગ્યું નહિ. સામાન્ય સમજવાળાં સ્ત્રીપુરુષોએ ધર્મની ઘેલછામાં પડવું ન જોઈએ, અને બંસરીની સમજ માટે તો મને માન હતું. મેં થોડી વાર રાહ જોઈ અને બંસરી આવી. મેં તેની મશ્કરી કરી, અને પૂછ્યું :

'કર્મયોગીના વ્યાખ્યાનમાંથી તું શું જાણી લાવી ?'

'કર્મયોગી દેખાવડા બહુ છે, અને બોલે છે બહુ સારું.' બંસરીએ જવાબ આપ્યો.

આ સિવાય કર્મયોગી સંબંધી મને કશી જ માહિતી નહોતી. મારો મિત્ર સુધાકર સુધરી જઈને ધાર્મિક પુરુષોના ચારિતાર્થ ચલાવે એવો ધાર્મિક બન્યો હોય એમ માનવા હું જરા પણ તૈયાર નહોતો.

'તારે કાંઈ ધતિંગ ચલાવવું હશે એટલે આ સાધુને ખોળ્યો હશે.' મેં. સુધાકરને જણાવ્યું.

'ગમે તે હશે. તું એક વખત તેની પાસે તો ચાલ ?' સુધાકરે કહ્યું.

'મારો વખત વધારે કિંમતી છે.'

'સાધુનું વ્યાખ્યાન ફરીફરી નહિ સંભળાય હો !'

'તારું પોષણ પામેલાં સાધુનું વ્યાખ્યાન હું નહિ સાંભળું તો ચાલશે.'

'જો તું અત્યારે નહિ આવે, તો મારે અને તારે સદાની દુશ્મનાવટ રહેશે.' સુધાકરે ધમકી આપી.

'તારી અને તારા સાધુની દુશ્મનાવટની મને જરા પણ પરવા નથી.'

'ઠીક, તું જાણે ! પણ હું તારા સ્વાર્થની વાત કહું છું.'

'મારો સ્વાર્થ તારે હાથે સુધારવો નથી.'

'બહુ સારું. તો હવે જોજે.' કહી સુધાકર ચાલ્યો ગયો. તે મને પછી મળ્યો જ નહોતો. તથાપિ મારા લેણદારોને ઉશ્કેરી મને પૂરી પજવણી કરવાનો આરોપ મારા બીજા મિત્રો તેને માથે મૂકતા હતા.

આજે તેના હાથનો લખેલો પત્ર આવ્યો. આવે વખતે તેનો પત્ર આવે તે મને ચમકાવે એમાં નવાઈ નથી. એમાં શું લખ્યું હશે તેનો વિચાર આવ્યો. કંઈ કંઈ કલ્પનાઓ કરી. છેવટે મેં તે પત્ર ઉઘાડ્યો.

કાગળ ખાલી હતો ! પરબીડિયામાં કોરો કાગળ બરાબર ઘડી વાળીને મૂકેલો હતો. ઘણી વાર સુધી મેં તે કાગળને આમ તેમ ફેરવ્યા, પરંતુ કોરા કાગળને ગમે તેટલો ફેરવો, તેમાંથી શું જડે ? ખરે, સુધાકરે મારી દુઃખભરેલી સ્થિતિમાં મારી મશ્કરી કરી ! પરંતુ તે આવી મશ્કરી કેમ કરે? બંસરીના ખૂન બદલ સહાનુભૂતિ દર્શાવવી હોય કે તે બદલે ખુશાલી પ્રદર્શિત કરવી હોય તોપણ તે ગઈ કાલે બીડેલા કાગળમાં જ બની શકે. બંસરીનું ખૂન રાતમાં થયું હતું, અને કાગળ તો તે પહેલાં ટપાલમાં પડ્યો હોવો જોઈએ. હશે શું ?'

મને વિચાર આવ્યો કે ગમે તેમ કરીને મારે સુધાકરને ત્યાં જવું. જમી,

કપડાં પહેરી હું તુરત બહાર આવ્યો. ગંગારામે ના પાડી. તેણે કહ્યું : 'ચંદ્રકાન્તભાઈ આવવાનું કહી ગયા છે.' પણ તેના જવાબમાં મેં કહ્યું : 'હું જ તેને ઘેર જઈશ; માટે આવે તો તેને પોતાને ઘેર બેસવા જણાવજે.'

'જમીને ન જવાય.' 'આરામ લેવો જોઈએ.' 'તડકાનો વખત છે.' વગેરે તેની સઘળી દલીલો મેં સ્વીકારી નહિ.

પરંતુ જવાની ઉતાવળમાં હું કાગળ મેજ ઉપર જ ભૂલી ગયો. ઝડપથી સુધાકરને ત્યાં હું પહોંચ્યો. સુધાકર ઘરમાં જ હતો; મને આવ્યો જાણી તે બહાર આવ્યો, અને અત્યંત ભાવપૂર્વક મારો હાથ પકડી તે મને તેના ઓરડામાં લઈ ગયો. આ સ્વાર્થી અને જુઠ્ઠા પુરુષ ઉપર મને તિરસ્કાર તો હતો જ; એમાં ડૉળથી વધારો થયો.

'સારું થયું કે તું મારા લખ્યા પ્રમાણે આવ્યો. મને તારી પાસેથી ગયા પછી બહુ પસ્તાવો થયો.' સુધાકરે જણાવ્યું.

'તેં ધાર્યું હતું કે હું આ પ્રમાણે આવીશ ?' મેં પૂછ્યું.

'મને ડર તો હતો જ કે વખતે તું નહિ આવે. તેમાં સવારે બંસરીના સમાચાર સાંભળ્યા. ખરે, મને જગતમાં દુઃખ થયું હોય તો તે માત્ર આજ સવારથી જ. મને તારી પાસે પણ આવવાની ઈચ્છા થઈ હતી, પણ પછી હું અટકી ગયો અને ફક્ત આ પત્ર તને લખ્યો. જો, એને હજી હવે ટપાલમાં નાખવો હતો.' સુધાકરે કહ્યું.

'મને આ જુઠ્ઠાના સરદાર માટે તિરસ્કાર વધ્યો કે તેની સફાઈ માટે માન વધ્યું તે હું કહી શકતો નથી. તથાપિ કોઈ અતિશય ગૂંચવણભરી લાગણી હું અનુભવવા લાગ્યો. વળી તેણે વધારે દિલગીરી બતાવી.

'અને તારે જ માથે ખૂનનો આરોપ ! બહુ નવાઈ જેવી વાત છે ! હું તો માનતો નથી.'

'ત્યારે તું શું માને છે ?' મેં પૂછ્યું.

'તેં લગ્નની ના પાડી એટલે બંસરીએ જ જરૂર આપઘાત કર્યો.' સુધાકરે કહ્યું.

મને શરીરમાં ધ્રુજારી પ્રગટી. સુધાકર કહે છે એ વાત પણ ખરી કેમ ન હોય ? મેં શા માટે અતિ ડહાપણ કરી લગ્નને માટે ના પાડી ? હું ગરીબ અને દેવાદાર બની ગયો હતો, તથાપિ તે મારા દુઃખમાં ભાગ ન લઈ શકત એમ શા ઉપરથી મેં ધાર્યું ? તે બોજારૂપ થઈ પડશે એમ કહેવું એ તેના સરખા મૃદુ હૃદયથી શી રીતે સહન થયું હશે ? મારો કોઈ પત્ર અને મારો રૂમાલ પ્રેમથી પોતાના હાથમાં ઝાલી સ્નેહઘેલછાની કોઈ ક્ષણે તેણે પોતાના

જિગરમાં છરી ભોંકી દીધી નહિ હોય એમ કેમ કહેવાય ? છરી વાગતાં બરાબર તેણે મારા નામનો પોકાર કર્યો હોય એમ શું સંભવિત નથી ? મારી ખાતરી થવા લાગી કે બંસરીએ આપઘાત કર્યો. આવી ખબર હોત તો હું તેની સાથે લગ્ન કરવા કદી ના ન પાડત. ખરે, મારે માથે ખૂનનો આરોપ આવ્યો તે શું છેક ખોટો કહી શકાય ? ન્યાયની દૃષ્ટિએ એટલું તો કહેવું જ પડે કે મારા ના કહેવાથી જ બંસરીએ પોતાનો જીવ આપ્યો હતો. મેં ખરેખર છરી ભોંકી તેનું ખૂન કર્યું હોય અગર આવી રીતે તેને નિરાશ કરી તેને જ હાથે તેના હૃદયમાં છરી ભોંકાવી હોય - એ બંને કાર્યો વચ્ચે મહત્ત્વનો શો ભેદ હતો ? હું જ ગુનેગાર છું એમ જ્યારે મેં જ્યોતીન્દ્રને મોંએ કહ્યું ત્યારે હું એક સત્યનો ઉચ્ચાર કરતો હતો એની હવે મને પ્રતીતિ થઈ.

'પરંતુ આપઘાત કર્યો હોય તો એનું શબ તો નજરે ચઢે ને ?' મેં જરા રહી સુધાકરને પૂછ્યું.

'તું છેક સુધી અક્કલ વગરનો રહ્યો. શબને કૂવામાં કે નદીમાં નાખી દેતાં કાંઈ વાર લાગે છે ? જમીનમાં દાટી દેતાં કાંઈ હરકત આવે છે ? સગાંવહાલાંમાં જો કોઈ અક્કલવાળું હોય તો તેમ કરી પણ નાખે.' સુધાકરે જણાવ્યું.

'પરંતુ તેઓ મારે માથે ખૂનનો આરોપ કેમ મૂકે ?' મેં પૂછ્યું.

'ગમે તે કોઈને માથે આરોપ મૂકવામાં શી હરકત ? ખાસ કરીને તારું નામ દઈ તે ગુજરી ગઈ. તરત બધાને કલ્પના થઈ આવે કે ખૂન કરનાર તું જ હોઈશ.'

'ત્યારે તું માને છે કે હું ખૂની નથી ?'

'હરગિજ નહિ. એટલું જ નહિ પણ હું તે પુરવાર કરવા માટે તૈયાર રહીશ.'

'તું શી રીતે પુરવાર કરીશ ?'

'જો, તેં કે મેં વકીલાત કરી નથી એટલે આપણાથી કોર્ટમાં તો ઊભા રહી બચાવ થશે નહિ. પરંતુ એ બચાવ કરવા માટે મેં સારામાં સારા વકીલ નવીનચંદ્રને રોકી પણ દીધો છે.'

'એમ ?' આશ્ચર્યથી હું પોકારી ઊઠ્યો. આવા ભારે ફી લેનારા પ્રથમ પંક્તિના વકીલને મારાથી તો રોકાત નહિ. આ જૂના મિત્રની ઉદારતાનો ઝરો આજે ફૂટી નીકળવાથી મેં તેની સાથે ચલાવેલા અયોગ્ય વર્તન માટે મને ફરી પસ્તાવો થયો.

'સુધાકર ! તારી અનીતિ, તારો જુગાર અને તારો શરાબ - એ બધું

જોતાં આજે તું મારા કરતાં પણ વધારે પવિત્ર લાગે છે. આવો મિત્ર કોઈ થનાર નથી.' મેં ઉપકાર દર્શાવ્યો.

'અરે, એ વાત બંધ કર ! એમાં શું ?' ઉદારતાથી એણે જણાવ્યું.

એકાએક બારણું ઉઘાડી જ્યોતીન્દ્ર અંદર આવ્યો. તેના હાથમાં સુધાકરે મને મોકલેલો કાગળ હતો. જ્યોતીન્દ્રના હાથમાં એ ક્યાંથી આવ્યો !

૮

# મિત્રોની વચમાં

*મુજ સુખદુઃખ હિંડોળે અથવા*
*ઊતરતો એ કેવલ રોના*
*રોઈ રોઈ હળવું કરવા દિલ,*
*ઓ મારા કોકીલ !*

**બળવંતરાય**

મને સુધાકરે મોકલેલો પત્ર કોરો હતો. કોરો હોય કે લખેલો, પરંતુ જ્યોતીન્દ્રે શા માટે મારા કાગળને અડકવું જોઈએ ? કોઈના પણ પત્રને તેની રજા વગર લેવો એ તેને ભારે અપમાન આપવા બરોબર છે. સુધાકરે જ્યોતીન્દ્રને બોલાવ્યો. બંને વચ્ચે એક પ્રકારનો તિરસ્કાર નહિ તો ઉદાસીનતા તો હતી જ. સુધાકરને જ્યોતીન્દ્ર ગમતો નહિ અને જ્યોતીન્દ્રને સુધાકર ગમતો નહિ, છતાં મારે લીધે બંને વચ્ચે આછો મૈત્રીનો ભાસ ટકી રહ્યો હતો. જ્યોતીન્દ્ર પોલીસનો માણસ છે, સરકાર તેને પૈસા આપી પોતાના જ દેશી ભાઈઓને ગરદન મારવામાં તેનો ઉપયોગ કરે છે. તેનો ક્ષણ પણ ભરોંસો રાખી શકાય નહિ, એવી માન્યતા સુધાકર વારંવાર મારી આગળ રજૂ કરતો. જ્યોતીન્દ્ર સુધાકરની વિરુદ્ધ કાંઈ કહેતો નહિ, પરંતુ વખતોવખત તેના ઉદ્ગારો ઉપરથી સુધાકર માટે તેનો અભિપ્રાય સારો નહોતો એટલું તો સ્પષ્ટ જણાતું. અત્યારે તો જેને મેં દુશ્મન માન્યો હતો એ જ સુધાકર મારી કુમકે ઊભો હતો, જ્યારે મારો પરમ મિત્ર જ્યોતીન્દ્ર મારા દુશ્મનોના ટોળામાં ભળી ગયેલો લાગતો હતો. જ્યોતીન્દ્રને માટે સુધાકરે દર્શાવેલા અભિપ્રાયો ખરા પડતા હતા.

'તું ક્યાંથી ? બેસ.' સુધાકરે જ્યોતીન્દ્રને બેસાડ્યો.

'મારે કામધંધો શો ? આમથી આમ ફર્યા કરવું !' જ્યોતીન્દ્રે પેલો કાગળ હાથમાં ફેરવતાં કહ્યું.

'તારો ધંધો તો જાણીતો છે.' સહજ તિરસ્કારથી સુધાકરે કહ્યું.

'સવારનો મને તેના પહેરામાં રાખીને ફરે છે.' મેં કહ્યું. 'અત્યારે તો જરા એકલો મૂકવો હતો !'

'તને એકલો મુકાય એવી સ્થિતિ જ નથી ને !' જ્યોતીન્દ્ર બોલ્યો.

'આ તારો કાગળ તેં વાંચ્યો ?'

'મારો કાગળ મેં વાંચ્યો કે નહિ તેની તારે દરકાર શા માટે કરવી પડે?' મેં સામો પ્રશ્ન પૂછ્યો.

'દરકાર કરવા જેવો કાગળ છે માટે.'

કાગળ કોરો જ હતો એમ મારી ખાતરી હતી. પછી એમાં જ્યોતીન્દ્રે શા માટે દરકાર રાખવી જોઈએ, એમ વિચાર કરી મેં કાગળ પાછો માગ્યોઃ

'મારો કાગળ મને આપી દે.'

મારી તેમ જ સુધાકરની સામે જોઈ, જરા હસી, તેણે પરબીડિયાની અંદરથી કાગળ છૂટો કરી વાળેલી ગડી ઉકેલી પરબીડિયું તેમ જ કાગળ મારા હાથમાં મૂક્યાં.

'લે, તારો કાગળ. વાંચ્યો ન હોય તો ફરી વાંચી જો.'

કાગળ કોરો હોવાને બદલે તેમાં અક્ષરો લખેલા મેં દીઠા. હું આશ્ચર્યમાં ગરકાવ બની ગયો. પરબીડિયું એનું એ જ હતું. કાગળ પણ એ જ હતો. માત્ર મેં ખોલ્યો તે વખતે તે કોરો હતો. અને જ્યોતીન્દ્રે મને આપ્યો ત્યારે તેમાં અક્ષરો જોયા !

'આ જ કાગળ તું મારે ત્યાંથી લાવ્યો ?' મેં જ્યોતીન્દ્રને પૂછ્યું.

'એ જ, એ જ કાગળ ! મને લાગ્યું કે ઉતાવળમાં તારાથી તે પૂરો વંચાયો નહોતો એટલે હું તેને લેતો આવ્યો. મારે સુધાકરને મળવું હતું.' જ્યોતીન્દ્રે જવાબ આપ્યો.

'મને શા માટે મળવું હતું ?' સુધાકરે જ્યોતીન્દ્રને પૂછ્યું.

'તારી સલાહ લેવી હતી. સુરેશનો કેસ નવીનચન્દ્રને સોંપીશું કે બીજા કોઈને ?' જ્યોતીન્દ્રે સલાહ લીધી. કદાચ તે જાણતો તો નહિ હોય એમ મને શક પડ્યો.

'તારા કહેતાં પહેલાં મેં એ તજવીજ કરી દીધી છે, અને નવીનચન્દ્રને જ મેં રોકી લીધા છે. એવા સારા વકીલ વગર કશું બને નહિ.' સુધાકરે કહ્યું.

'શાબાશ ! ખરે વખતે જો કામ ન લાગે તો દોસ્તીનો અર્થ શો ?' જ્યોતીન્દ્રે જણાવ્યું. તેમાં ગુપ્ત ઢબની ટીકા સમાઈ હોય એમ મને લાગ્યું. પરંતુ એની બોલવાની ઢબ ઘણુંખરું કટાક્ષમય જ રહેતી, એટલે તે તરફ મેં વિશેષ ધ્યાન આપ્યું નહિ.

'તેં મારી વિરુદ્ધ સુરેશને ભંભેરવામાં બાકી નથી રાખી હોં ?' સુધાકરે કહ્યું.

'તને એવું લાગ્યું હશે; બાકી એમ મેં કદી કર્યું નથી. પૂછી જો સુરેશને!

નવીનચંદ્રની ફી વિષે કાંઈ ઠરાવ્યું કે નહિ ?' વાત બદલતાં જ્યોતીન્દ્રે પૂછ્યું.

'તેનો તને શો ઊંચો જીવ ? તારે ફી આપવાની છે ?' સુધાકરે પૂછ્યું.

'થોડો ભાગ આપું પણ ખરો.'

જ્યોતીન્દ્રની સાથે થતી વાતચીત અટકાવી સુધાકરે મારી સાથે બીજી વાત શરૂ કરી. જ્યોતીન્દ્રની જરૂર આ સ્થળે બિલકુલ નથી એમ દેખાડવા મેં તેમ જ સુધાકરે બનતો પ્રયત્ન કર્યો. અમે ન છૂટકે જ તેના તરફ સહજ લક્ષ આપતા. પરંતુ જ્યોતીન્દ્રે ઊઠવાનો જરા પણ વિચાર કર્યો નહિ; તેણે તો એક મોટું પુસ્તક હાથમાં લઈ હીંચકા ઉપર બેસી વાંચવા માંડ્યું. જાણે અમારી વાતચીતની પરવા જ ન હોય તેમ પુસ્તકમાંથી તે આંખ ખસેડતો જ નહિ. એને ચાલ્યા જવા કહેવું એ તો અમારા બંનેમાં કોઈથી બને એમ નહોતું.

વાતમાં ને વાતમાં મારાથી કાગળ તરફ જોવાયું નહોતું. બપોર થઈ ગયા હતા; ચારેક વાગ્યાનો શુમાર થયો હશે. સુધાકર ચાની તજવીજ કરવા માટે ઊઠ્યો, એટલે મેં કાગળ વાંચ્યો :

"સુધાકર !

"આજે ગમે તેમ કરી રાતના નવ વાગે એને સાથે લઈને આવજે. તેમ નહિ બને તો બધી વાત મારી જશે. મેં તને પહેલાં કહ્યું હતું તે જ પ્રમાણે કરવાનું છે, એ હું આ ચિઠ્ઠીથી તને જણાવું છું."

હીંચકા ઉપર બેઠેબેઠે જ્યોતીન્દ્ર પુસ્તકમાંથી મારા તરફ જોતો હતો. આ પત્રનો લખનાર કોણ હતો તે જણાતું નહોતું. શાહી પણ કાંઈ લાલ રંગની વિચિત્ર પ્રકારની હતી.

જ્યોતીન્દ્ર હીંચકેથી ઊઠી ધીમે રહી મારા તરફ આવ્યો, અને બોલ્યો:

'કેમ ? કાગળ તો કોરો હતો ને ?'

'હા, મારા ઉપર આવેલો આ કાગળ ન હોય !' મેં કહ્યું.

'એ જ છે, એ જ. શાહી પરખાતી નથી ? કોરો કાગળ હતો ત્યારે જરા એટલું તો સમજવું હતું કે એને તાપમાં ધરીએ ? દેવતા સામે ધરતાં આ લખાણ ઊઘડી આવ્યું છે. લાવ હું મૂકી દઉં.'

વિસ્મય પામી બીજો કશો જ વિચાર કર્યા વગર મેં કાગળ જ્યોતીન્દ્રના હાથમાં મૂકી દીધો. તેણે સુધાકરના મેજ ઉપર એક સ્થળે એ કાગળ ગોઠવી દીધો. મેજ આગળથી ખસતા બરોબર સુધાકરે ઓરડામાં પ્રવેશ કર્યો. તેને લાગ્યું કે જ્યોતીન્દ્રે મેજ ઉપર કાંઈ ગરબડ કરી હશે;

જ્યોતીન્દ્રના તરફ શકભરી નજરે તેણે જોયું. તત્કાળ જ્યોતીન્દ્રે કહ્યું.

'ચાલો, હવે હું જઈશ. તમારી વચમાં હું આવતો હોઉં એમ લાગે છે.'

'ચા પીને જા.'

ચા પીતે પીતે થોડી વાર તો કોઈ કાંઈ બોલ્યું નહિ. જ્યોતીન્દ્ર સુધાકરના મુખ તરફ જોયા કરતો હતો. તે એકાએક બોલી ઊઠ્યો :

'સુધાકર ! સુરેશને માટે એકદમ આવો ભાવ તને ક્યાંથી આવી ગયો ?'

'એના તરફનો મારો ભાવ આજનો નથી; તારે પૂછવું પડે એ જ નવાઈની વાત છે.' સુધાકરે કહ્યું.

'તારે લીધે એને ખોટ આવી; એની મિલકતનું તારે લીધે લિલામ થયું; ને આજે જ એને માટે વકીલ રોકવા જેવી ઉદારતા તારામાં ક્યાંથી ઊભરાઈ આવી ?'

'મારે લીધે એને ખોટ ગઈ, મારે લીધે એણે મિલકત ગુમાવી, એ બધું ખરું; પરંતુ એ તો બોલની લડાઈ હતી, મર્દોની લડાઈ હતી. મિત્રોની આજુબાજુએ ફરી તેમનાં કાર્યોની ચાડી પોલીસને ખાવા જેવું એ કામ નહોતું. લડ્યા છતાં અમારી લાગણી ઓછી થતી નથી.' ઉશ્કેરાઈને સુધાકર બોલ્યો. જ્યોતીન્દ્રને ઉદ્દેશીને તેણે જે બોલ કહ્યા હતા તેની અસર જ્યોતીન્દ્રના ઉપર કેવી થાય છે તે મેં જોવા માંડ્યું. જ્યોતીન્દ્રના મુખ ઉપરની એક રેખા પણ બગડી નહિ. તેણે ચા પીતે પીતે સુધાકરના કથનને સંમતિ આપી.

'એ તેં ઠીક કહ્યું. પોલીસ આગળ ચુગલી ખાનાર બદમાશોને સજા થવી જોઈએ.'

થોડી વારે તે ઊઠીને ચાલતો થયો. મેં પણ સુધાકરને જણાવ્યું કે ચંદ્રકાંતને મળવા માટે મારે જવાનું છે. સુધાકરે સાથે આવવા ઈચ્છા દર્શાવી.

'મેં પણ એને બહુ દિવસથી જોયા નથી, અને આપણે આજથી જ નવીનચન્દ્રને મળી લઈએ.'

'નહિ; ચંદ્રકાંતને ત્યાં હું એકલો જઈશ. આપણે વકીલને ત્યાં ભેગા થઈશું.' મેં કહ્યું.

મને પેલા કાગળની સમજ પડી નહોતી એટલે આજે બધા જ તરફ મને અણગમો આવ્યો હતો. સુધાકરે કાંઈ વાંધો બતાવ્યો નહિ અને હું એકલો ચાલી નીકળ્યો.

ચંદ્રકાંતને ઘેર જતાં ચંદ્રકાંત ઘરમાં નહોતો એવી ખબર મળી. તે ક્યાં ગયો હતો તેની પૂછપરછ કરતાં તે મારે ઘેર ગયો હતો એવા સમાચાર મળ્યા. ટેલિફોનથી મેં પુછાવ્યું તો તે મારે ઘેરથી હમણાં જ ચાલી નીકળ્યો હતો એવી બાતમી મળી. વકીલને ત્યાં રાત્રે જવાનું હતું. નવીનચંદ્ર ફોજદારી કામમાં એક્કા ગણાતા હતા; તેમની ફી અતિશય ભારે હોવા છતાં તેમને ત્યાં એટલા બધા કેસો આવતા કે તેમને દિવસરાત જરા પણ ફુરસદ મળતી નહિ. તેઓ કામથી ઘણા કંટાળેલા હોવાને લીધે સાંજે એક કલાક ફરવા જતા મારે હવે કાંઈ કામ નહોતું. સગાંવહાલાંમાં મારે માત્ર એક બહેન હતી, તે પરગામ રહેતી હતી. તેને બોલાવવા માટે મેં તાર કરી દીધો. કારણ, આ સ્થિતિમાં એકલા રહેવું મને અતિશય ભારે લાગવા માંડ્યું. કઈ ક્ષણે પોલીસ મને પકડશે તેનો ભરોસો નહોતો. સંધ્યાકાળ પડવા આવી હતી. શહેર બહારના એક એકાંત રસ્તા ઉપર મેં ચાલવા માંડ્યું. લોકોની અવરજવર આ સ્થળે ઘણી જ ઓછી હતી, તથાપિ મને ઓળખી ઓળખાવનાર માણસો નીકળી આવતા હતા એમ મને લાગ્યા કરતું. મારા તરફ ફરતી દૃષ્ટિ અને આંગળીની સંખ્યા ગણતાં હું હવે ગામમાં જાણીતો થઈ ચૂક્યો હતો જ એમ મારી ખાતરી થઈ.

વર્તમાનપત્રોની ભૂખ ખૂનના સમાચાર વગર હોલવાતી નથી, એવા ઉત્તેજક સમાચારને વધારનાર રોજિંદા છાપાએ ખબર બહાર પાડી દીધી હતી. અને રોજિંદા નહિ હોય એવાં પત્રોએ ખાસ વધારો છાપી બંસરીના ખૂનની હકીકત જગજાહેર કરવામાં પૂરતી સહાય આપી હતી. ફેરિયાઓ બૂમ મારતા હતા :

'ખૂન ! ભેદી ખૂન ! એક જાણીતી બાઈનું ગુમ થવું ! ભેદનો પત્તો ! પકડાવાની અણિ ઉપર આવેલો ખૂની ! પોલીસની ધરપકડ ! એક આગેવાન શહેરી ઉપર શક !'

આમ જાતજાતની ઉત્તેજક વાણી વડે આ સમાચાર સર્વશ્રુત બનતા હતા. મેં એક ફેરિયાને બોલાવ્યો. તે આવ્યો અને તેની ઊંચા સ્વરની ભાષામાં જ બોલ્યો :

'લ્યો સાહેબ ! બંસરીનું ખૂન ! બબ્બે દોઢિયાં !'

મેં બે દોઢિયાં આપીને 'બંસરીનું ખૂન' લીધું. 'ખૂનમાં સંડોવાયેલ એક આગેવાન શહેરી !' એમ બૂમ પાડી ફેરિયો આગળ વધ્યો. હું અહીંનો શહેરી તો હતો જ; પરંતુ હું આગેવાન છું એમ મેં આજે જ જાણ્યું. બહુ રસભરી ભાષાના સૂચન ઉપરથી મારો દોષ જણાઈ આવે. પરંતુ ખુલ્લી ભાષામાં કશું બંધન ન નડે એવી શૈલીમાં ખૂન સંબંધી વિગતવાર માહિતી

આપી હતી. રસ્તાની જ બાજુએ એક મેદાન લોકોને ફરવા માટે ખુલ્લું હતું. ત્યાંની એક બેઠક ઉપર બેસી મેં વર્તમાનપત્ર વાંચવા માંડ્યું.

'...લોકવાયકા અને સગાંવહાલાંની માન્યતા એવી છે કે પ્રથમ ધુરંધર વ્યાપારી પરંતુ હાલ લગભગ નાદાર સ્થિતિમાં આવી ગયેલા સુરેશનો આ ખૂનમાં કાંઈ ન સમજાય એવો હાથ છે. તેમનું લગ્ન બંસરી સાથે થવાનું હતું પરંતુ સટ્ટા વગેરેમાં પૈસા ગુમાવનાર અવિચારી યુવાનની સાથે થતો સંબંધ અટકાવવા બંસરીનાં હિતસ્વીઓએ લીધેલાં પગલાં વાસ્તવિક નહોતાં એમ કહેવું મુશ્કેલ છે. તેમણે બંસરીનું લગ્ન બીજે કરવાનો નિશ્ચય કર્યો. એટલામાં અકસ્માત ગઈ રાતે તેનું ખૂન થયાના સમાચાર પોલીસને મળ્યા. બંસરીનું લગ્ન બીજે થવાનું સાંભળી સુરેશે ખૂન કરવાની ધમકી આપી હતી એવો પુરાવો પોલીસને મળ્યાનું કહેવાય છે. એમાં કેટલું સત્ય છે એ તો મુકદ્દમો ચાલ્યે જણાઈ આવશે. તથાપિ સંજોગો જોતાં આ સાહસિક યુવાન ઉપર સહુનો શક જાય છે, એમાં સંશય નથી. એક બાહોશ ડિટેક્ટિવની પણ પોલીસે સહાય લીધી છે. પરંતુ તેને ફોડી નાખ્યાની વાત પણ લોકોમાં ઊડી છે. પ્રસંગ ઘણો ભેદભર્યો છે. પ્રેમ અને ખૂનનું આ નાટક કેવી રીતે ભજવાયું તેનો પડદો હજી ખૂલ્યો કહેવાય નહિ...'

વાંચતાંવાંચતાં મારો ગુસ્સો હાથમાં રહ્યો નહિ, દાંત કચકચાવી મેં આ પત્રને ચૂંથી નાખી જમીન પર પટક્યું. બેઠક પર બેઠેલા એક ગૃહસ્થે પૂછ્યું :

'સુરેશ તમે જ; ખરું ને ?'

૯

# અણધાર્યો અકસ્માત

*છતાં શીળા અગ્નિ ઉપર ચાલવું રે લોલ,*
*ફૂલ ફૂલે તો ઘડીનું એ ફાલવું રે લોલ.*

ન્હાનાલાલ

એ ગૃહસ્થ મારી સાથે આવીને ક્યારે બેસી ગયા તે મને યાદ નથી. હું વર્તમાનપત્ર વાંચવામાં ઘણો જ મશગૂલ હતો. મને જરા આશ્ચર્ય લાગ્યું. હું તેમને ઓળખતો નહોતો. તેમણે મારું નામ કેમ જાણ્યું ? મેં તેમને જવાબ આપ્યો :

'હા જી, મારું નામ સુરેશ.'

એ ગૃહસ્થ બહુ ભલા દેખાતા હતા. તેમને જોઈને આપણને તત્કાળ વિશ્વાસ રાખવાનું મન થાય. તેમની ઉમર લગભગ પિસ્તાળીશ વર્ષની લાગતી હતી. તેમણે જણાવ્યું :

'હું તમને જ શોધતો હતો; તમારા પિતાની સાથે મારે ઘણી મિત્રાચારી હતી.

મારા પિતા મારી બહુ નાની વયમાં ગુજરી ગયા હતા, અને ભણવામાં તેમ જ વ્યાપારમાં જીવન ગુજારેલું હોવાથી પિતાના મિત્રોનું મને કદી ઓળખાણ થયું નથી, અને તેવું ઓળખાણ કરવાની મેં પરવા પણ રાખી નહોતી. એટલે આ અજાણ્યા ગૃહસ્થ મારા પિતાના મિત્ર હોય તો તેમાં નવાઈ નહોતી. પિતાના મૃત્યુ પછી કેટલેક વર્ષે મારી માતા પણ ગુજરી ગઈ. પિતાએ અમારું સર્વનું સારી રીતે ગુજરાન થાય એટલી સંપત્તિ મૂકી હતી એટલે મિત્રો કે સગાંસંબંધીઓની સહાય બહુ લેવી પડે એમ નહોતું. મારી મોટી બહેન મારી તેમ જ મારી મિલકતની મારો અભ્યાસ પૂરો થતાં સુધી કાળજી રાખતી; અને પછી તો હું જ ભારે વેપાર ખેડી બેઠો એટલે માતા-પિતાનાં ભૂતકાળનાં સ્મરણ અને મોટી બહેનના ઉપકાર સિવાય બીજું કાંઈ સાંભરતું નહિ.

'નવીનચન્દ્ર વકીલ પણ મારા જૂના મિત્ર છે. તેમને ઘેર ઊતર્યો છું. ત્યાં તમારા વિષે વાત ચાલતી હતી. નવીનને તમારા તરફથી તમારા એક મિત્રે રોકી લીધા તે ઉપરથી તમારી હાલની સ્થિતિ વિષે ખબર પડી.'

'પરંતુ આપે મને શી રીતે ઓળખ્યો ?' મેં પૂછ્યું.

'તમે છાપું વાંચતા હતા, અને જે ઢબે તમે તે ફેંકી દીધું તે ઢબ ઉપરથી ગમે તે કોઈ કહી શકે કે તમે આ કાર્ય સાથે સંબંધ ધરાવનાર સુરેશ જ છો.'

પછી અમે કેટલીક વાતચીત કરી. મારા પિતા તથા માતા સંબંધી કેટલીક વાતો તેમણે કહી જે અંગત પરિચયવાળો માણસ જ જાણી શકે. નવીનચંદ્રને વકીલ તરીકે રોક્યો એ ઘણું જ ડહાપણભર્યું કામ કર્યું હતું એ તેમણે જણાવ્યું. મારું વર્તન આ સંજોગોમાં મારે કેવું રાખવું તે વિષે તેમણે સલાહ આપી. જરૂર પડ્યે પોતાના તરફથી જે કંઈ સહાય માગવામાં આવશે તે આપવા તેઓ તત્પર રહેશે એમ કહી મારા પિતાએ તેમના ઉપર જે કાંઈ ઉપકારો કર્યા હતા તેનું આભારદર્શક વર્ણન પણ તેમણે કર્યું.

મેં તેમનું નામ પૂછ્યું. તેમનું નામ શિવનાથ હતું. મને ઝાંખી ઝાંખી સ્મૃતિ આવા જ એક નામની થઈ આવી અને મારા આ નવીન શુભેચ્છક માટે મારી લાગણી વધી ગઈ.

'આપ અહીં શા માટે આવ્યા છો ? મને તો અલબત્ત તેથી લાભ જ થયો છે.' મેં પૂછ્યું.

'મારી તબિયત સારી રહેતી નથી; હું હવાફેર માટે આવ્યો છું. વકીલાતના ધંધામાં મગજ ઉપર ઘણું જ ભારણ રહે છે. નવીનચંદ્રે મને અહીં બોલાવ્યો એટલે એકાદ માસ રહીશ.' તેમણે કહ્યું.

જાણીતા વકીલ અને દેશસેવક શિવનાથ તે આ તો નહિ હોય ? તેમને પૂછતાં મારી ખાતરી થઈ કે તેઓ જ શિવનાથ નામે ઓળખાતા વકીલ દેશ-સેવક હતા. મને એક પ્રકારનો આનંદ થયો. આવા ભારે વકીલ મારી સહાયે ઊભા રહેશે તો મારે માથે આવેલા જૂઠા આરોપોનું નિવારણ થઈ જશે એમ લાગ્યું. મેં કહ્યું :

'મારું સદ્ભાગ્ય કે આપનો આવા સંજોગોમાં મને પરિચય થયો. આપને તકલીફ આપવી પડશે.'

'શાની તકલીફ ?' તેમણે પૂછ્યું.

'મારા કેસ સંબંધમાં.'

'અંહ ! એનો ઊંચો જીવ કરશો જ નહિ. નવીનચંદ્ર મને પૂછ્યા વગર કશું પગલું ભરશે જ નહિ.'

'આપને નવીનચંદ્રે કંઈ વાત તો કરી હશે.' મને લાભ લાગતાં આ પ્રખ્યાત વકીલના કેસ વિષે વધારે અભિપ્રાય મેળવવાનું મેં મન કર્યું.

'સાધારણ પેપરોમાં જે હકીકત આવી તે કરતાં વધારે હકીકત અમે

બંનેમાંથી કોઈ જાણતા નથી. પરંતુ તમે તથા તમારા એક મિત્ર અત્યારે નવીનચંદ્રને ત્યાં જ આવો છો ને ? તે વખતે હું પાસે જ હોઈશ.'

મને આ સહૃદય વકીલ અને મારા પિતાના જૂના મિત્ર સાથે વાત લંબાવવાની ઘણી ઈચ્છા થઈ. વળી વળીને હું કેસની વિગત તરફ તેમને દોરતો, પરંતુ તેમનો એ વિષે એક જ જવાબ હતો :

'નવીનચંદ્રની સાથે મળી એ વિષે ચોક્કસ કરીશું.' વકીલો તથા ડૉક્ટરોમાં આવો ભારે શિષ્ટાચાર હોય છે. એકને સોંપેલા કેસમાં બીજો કોઈ તેની ગેરહાજરીમાં માથું મારતો નથી, તેમ અભિપ્રાય આપવાની પણ ઉતાવળ કરતો નથી.

રાત પડવા આવી હતી. એક મોટર આવી અમારી બેઠક નજીકના રસ્તા ઉપર ઊભી રહી. તેમાંથી શૉફરે નીકળી શિવનાથની પાસે આવી સલામ કરી.

'ચાલો, હું તૈયાર છું. તમને જગા જડતાં વાર ન થઈ ?' શિવનાથે શૉફરને કહ્યું.

'વકીલ સાહેબ રોજ અહીં જ ફરવા આવે છે.' શૉફરે જણાવ્યું.

'ત્યારે સુરેશભાઈ ! તમે તો નવીનચંદ્રને ત્યાં જ મળશો ને ? હું આ મોટર આવી છે એટલે જાઉં છું.' ઊઠતે ઊઠતે શિવનાથે મને ઉદ્દેશીને કહ્યું.

'હા. જી.'

'કલાકેક થશે, ખરું ?'

'ના ના, હું પાછળ જ આવું છું. કોઈ વાહન મળશે તો તે લઈશ અને તરત વકીલ સાહેબને ત્યાં જ આવીશ.' મેં કહ્યું.

'કેમ ? તમારા મિત્રની સાથે તમે આવવાના છો ને ?' શિવનાથે પૂછ્યું.

'આપ ક્યાંથી જાણો ?'

'કેમ, સુધાકર કરીને તમારા કોઈ મિત્રે ટેલિફોનથી વકીલને ખબર આપી હતી !'

'પણ પછી નવીનચન્દ્રને ત્યાં જ ભેગા થવાનો વિચાર રાખ્યો છે. નવ વાગ્યા છે; અડધા કલાકમાં હું ત્યાં આવી પહોંચું છું.' મેં કહ્યું.

'તો પછી મારી સાથે જ ચાલો ને ? આટલા શરમાળ ક્યાંથી ?'

'આપને શા માટે તકલીફ આપું ?'

'ભલા માણસ ! એમાં તકલીફ શાની ? મોટર ભારે મરી નહિ જાય ! ચાલો.'

શિવનાથના વહાલભર્યા આગ્રહને વશ થઈ હું મોટરમાં બેઠો. પગે ચાલવાથી હું ખરેખર કંટાળી ગયો હતો. અને મારા મનમાં ઈચ્છા હતી કે જ્યારે વકીલને ત્યાં જ જવું છે અને તેમના મહેમાનને માટે મોટર આવી છે, તો તેનો ઉપયોગ કરવામાં હરકત નથી.

મોટરમાં પણ અમે વાતો કરતા બેઠા. ખરું જોતાં નવીનચંદ્રને ત્યાં પહોંચવા માટે દસ મિનિટ કરતાં વધારે વખત જાય એમ હતું જ નહિ, છતાં વીસપચીસ મિનિટ વાતોમાં નીકળી ગઈ તે જણાયું પણ નહિ. મોટર અટકી, એમને લાગ્યું કે વકીલના ઘર કરતાં જુદી જગ્યાએ અમે આવ્યા છીએ. શિવનાથે ઘડિયાળ તરફ જોયું અને મોટર અટકતાં જ પૂછ્યું :

'શૉફર અહીં કેમ ગાડી લાવ્યો ?'

'વકીલ સાહેબે આપને આ બંગલો અત્યારે બતાવી દેવાનું કહ્યું છે.'

'અત્યારે હું કાંઈ જોતો નથી; ચલાવો.'

'દીવાની ગોઠવણી વિષે આપ સાહેબનો વાંધો હતો તે ઘરના માલિકે દૂર કર્યો છે. ટેલિફોનથી વકીલ સાહેબને ખબર મળી એટલે આપને આ બાજુએ થઈને લાવવા જણાવ્યું છે. માલિકને પણ આપ આવશો એની સાહેબે ખબર આપી દીધી છે. તેઓ રાહ જોતા જ ઊભા છે. પછી આપની મરજી.'

'કેવા અવ્યવસ્થિત લોકો છે ? સુરેશ ! દસેક મિનિટ અહીં રોકાઈએ તો તમને હરકત છે ?' શિવનાથે પૂછ્યું.

મેં કહ્યું : 'મને કશી હરકત નથી. માત્ર વકીલ સાહેબને આપેલો વખત વીતી ન જાય એટલું જ મારે જોવાનું છે.'

'સાડા નવે પહોંચવું છે ને ? પાંચેક મિનિટની વાર થશે. અહીં ટેલિફોન છે. હું ખબર કહેવડાવું છું કે અમે પાંચ મિનિટ મોડા પડીશું. તમારા મિત્ર આવશે તો તેમને બેસાડશે.'

એટલું કહી શિવનાથ નીચે ઊતર્યો. હું પણ તેમની પાછળ ઊતર્યો. શિવનાથે આ બંગલા વિશે મને વાત કહી. તેઓ અઠવાડિયાથી નવીનચંદ્રને ત્યાં આવેલા હતા, પરંતુ વકીલના બહોળા કુટુંબમાં તેમજ ધંધાદારી ઘરમાં જોઈએ તેવી શાંતિ તેમને મળતી નહોતી. તેમણે નવીનચંદ્રને પ્રથમથી જ એક જુદું એકાંતમાં આવેલું મકાન પોતાને માટે ભાડે રાખવા જણાવ્યું હતું, પરંતુ નવીનચંદ્રના આગ્રહથી તેઓ તેમને ઘેર ઊતર્યા હતા. હવે તેઓ નવા મકાનમાં જવા માટે ઈંતેજાર હતા. તેમને દરેક રીતે શાંતિ જોઈતી હતી. વળી તેમને એક પુસ્તક શાંતિના સમયમાં તૈયાર

કરવાનું હતું. 'હિંદુ વારસાઈ પદ્ધતિ, અને દુનિયાની બીજી વારસાઈ પદ્ધતિઓ સાથે તેની સરખામણી' એ નામનું ટીકા સાથેનું એક પુસ્તક તેઓ તૈયાર કરતા હતા. વર્ષે બે વર્ષે જ્યારે તેઓ એકબે માસની શાંતિ લેતા ત્યારે તેઓ આવાં આવાં અભ્યાસનાં પુસ્તકો લખી પ્રગટ કરતા. શિવનાથની ટીકાવાળાં કાયદાનાં પુસ્તકો એલએલ. બી. અમે પણ વાંચ્યાં હતાં એવું મને યાદ આવ્યું. એટલે જુદા મકાન પસંદ કરી ગયા હતા, પરંતુ દીવાબત્તી માટેની અમુક જ યોજના તેમને જોઈતી હતી. ઘરધણીએ તેવા ફેરફાર કરવાનું કહ્યું હતું, એટલે નવા ઘરમાં જતાં એકબે દિવસની વાર હતી. તેણે શિવનાથની મરજી પ્રમાણે કરેલી યોજના પસંદ કરવા માટે શિવનાથને બોલાવ્યા હતા. શિવનાથ તે વખતે બહાર નીકળી ગયા હતા તેથી તેમને ખબર નહોતી એટલે નવીનચંદ્રે શૉફરને ઘર દેખાડાવી લાવવા જણાવ્યું હતું.

બંગલો વિશાળ અને મોટો બગીચો તથા ચોગાનવાળો હતો. બગીચામાં વીજળીના આછાઆછા દીવા દૂર દૂર મૂકેલા જણાતા હતા. મકાનની અંદર પણ સારું અજવાળું હોય એમ લાગ્યું. શૉફર બહાર ઊભો રહ્યો; હું તથા શિવનાથ બંગલાના દરવાજામાં બેઠા. એક કૂતરું ભસ્યું. 'હાં બસ !' દરવાને બૂમ મારી અને કૂતરું શાંત રહ્યું.

'વણજારી કૂતરો લાગે છે.' શિવનાથે દરવાનને પૂછ્યું.

'અહીંનો કૂતરો નથી, સાહેબ !' દરવાને જવાબ આપ્યો.

'આપને કૂતરાનો શોખ લાગે છે.' મેં જણાવ્યું.

'ઘણો જ.'

બંગલાના આગલા ખંડમાં એક મજબૂત અને સભ્ય દેખાવનો પુરુષ ઊભો હતો. તેણે શિવનાથને સલામ કરી અને અમને બંનેને એક સૉફા ઉપર બેસાડ્યા, તથા આગળ એક નાનું ટેબલ મૂકી શરબતના બે પ્યાલા મૂક્યા. ધીમે ધીમે અમે શરબત પીધો. પેલા માણસે જુદા જુદા દીવા સળગાવી તેમ જ હોલવી નાખી કરેલા ફેરફારો બતાવ્યા. શિવનાથે ફેર-ફારો પસંદ કર્યા, માત્ર એકબે દીવા ઉપર જુદા રંગના ગ્લોબ મૂકવા સૂચના કરી; પેલા માણસે હા પાડી. પછી બીજા ખંડમાં અમને પેલો માણસ લઈ ગયો. એ ખંડમાં એક દીવો હતો. ત્યાં પણ એક સૉફા ઉપર અમને બેસાડ્યા, અને બહારથી દીવાની ચાવી ઉઘાડવા તે ગયો.

ચાવી ઊઘડી; બધા દીવા પ્રગટવાને બદલે એક દીવો હતો તે પણ ગુલ થઈ ગયો. ઓરડામાં અંધકાર ફેલાઈ ગયો. શિવનાથ હસ્યા અને બોલ્યા :

'આવી જ વ્યવસ્થા રાખે છે કે ?'

પેલો માણસ બહારથી ચાવી ફેરવ્યા કરતો હતો. તેણે કહ્યું :

'સાહેબ ! તાર બળી ગયા લાગે છે. હું ફાનસ લાવી ઠીક કરું છું.'

એટલું બોલી તે માણસ ચાલ્યો ગયો. તેનાં પગલાં પણ મેં સાંભળ્યાં. શિવનાથે કહ્યું :

'આમ અંધારામાં કેમ બેસી રહેવાય ! ચાલો, બહારના ખંડમાં થઈને ચાલ્યા જઈએ.'

'તાર બળી ગયા હશે એટલે બહાર પણ અંધારું હશે.' મેં કહ્યું.

'પેલો માણસ કોણ જાણે ક્યારે આવશે !' કહી શિવનાથ ઊઠ્યા અને આમતેમ ફરવા લાગ્યા. મારાથી તેમની આકૃતિ દેખાતી નહોતી. પરંતુ તેમના પગનું હલનચલન સમજાતું. હું પણ ઊઠ્યો અને અંધારામાં આમતેમ ફરવા લાગ્યો. પાંચેક મિનિટ થઈ હશે એટલે ઓરડાને બીજે છેડેથી શિવનાથનો અવાજ આવ્યો :

'કંઈ ફસાયા તો નથી ? અંધારું અજબ લાગે છે.'

મને પણ એવો જ ભય લાગવો શરૂ થયો હતો, તે શિવનાથના આ ઉદ્દ્ગારથી તીવ્ર થયો. આ કાવતરું મારી વિરુદ્ધ કે શિવનાથની વિરુદ્ધ છે તેની મને સમજ પડી નહિ. શિવનાથે દૂરથી મને પૂછ્યું :

'તમારી પાસે કાંઈ હથિયાર છે કે ?'

'હા, એક પિસ્તોલ છે.' જ્યોતીન્દ્રે આજ સવારે આપેલી પિસ્તોલ યાદ આવી.

'મારી પાસે હજારેકની નોટો છે. તમે પાસે રાખી શકશો ?' શિવનાથના પ્રશ્નનો મેં હામાં જવાબ આપતાં તેમણે મને પાસે બોલાવ્યો. હું પિસ્તોલ તૈયાર રાખી જેવો આગળ વધ્યો કે તરત જ મારા પગ કોઈએ ઝાલ્યા અને ખેંચ્યા; હું ભારે અવાજ સાથે જમીન ઉપર પટકાયો. મારા માથા ઉપરથી એક સનસનાટ કરતી ગોળી ચાલી થઈ.

# ૧૦

## પોલીસના કબજામાં

*અટપટિયા સંજોગો, વહાલા ! કર્મના-*
*અકળિત પામર ભાગ્ય તણી છે રેખ જો !*
*મિથ્યા અનુભવશો ઉર હર્ષ વિષાદને,*
*સ્વલ્પ થશે નહિ સંચિતમાં મીનમેખ જો.*

**વાસુદેવ શેલત**

એકાએક બધે પ્રકાશ થઈ ગયો. આખો બંગલો અને અમારો ઓરડો વીજળીના દીવાથી ઝળાંઝળાં થઈ રહ્યો. તે વખતે તો વિચાર કરવાની પણ મને ગમ નહોતી. ભયંકર અંધકારમાં મારા પગ કોણે ખેંચ્યા. મને કેમ પાડી નાખ્યો, અને મારા માથા ઉપર ગોળી કોણે મારી એ પ્રશ્નો વીજળીની ઝડપે મારા મગજમાં ચાલતા હતા, તે પ્રકાશ થતાં અટકી ગયા. પાસે જ જ્યોતીન્દ્રને મેં ઊભેલો જોયો. એણે મને હાથ આપી ઊભો કર્યો અને કહ્યું :

'ચાલ, તું તો બચી ગયો. પણ શિવનાથ ક્યાં ?'

મેં ઓરડીમાં નજર ફેરવી. દૂર કોઈ માણસ ગાલીચા ઉપર બેભાન પડ્યું હોય એવો ભાસ થયો. જ્યોતીન્દ્ર તત્કાળ ત્યાં દોડી ગયો. હું પણ એની પાછળ ગયો. શિવનાથ વકીલની આકૃતિ જમીન ઉપર બેભાન અવસ્થામાં પડેલી મેં જોઈ. તેના હાથમાંથી લોહી નીકળતું હતું. મને લાગ્યું કે મારા ઉપર થઈને પસાર થયેલી ગોળી મને ન લાગતાં શિવનાથના હાથમાં વાગી હતી. જ્યોતીન્દ્રે શિવનાથના હાથ ઉપર પાટો બાંધવા માંડ્યો. પાછળથી ચાર પોલીસના માણસો અને તેમના અમલદાર હિંમતસિંગ અંદર દાખલ થયા. તેઓ મારી તથા જ્યોતીન્દ્રની પાસે આવ્યા. જ્યોતીન્દ્ર તરફ અર્થભરી દૃષ્ટિ કરી હિંમતસિંગે કહ્યું :

'કેમ ? મેં શું કહ્યું હતું ?'

'તમારું કહેવું ખોટું હતું. પરંતુ જે થયું તે ઠીક થયું; બે જિંદગી બચાવી શક્યા.' જ્યોતીન્દ્રે કહ્યું.

જ્યોતીન્દ્ર શિવનાથને પાટો બાંધી રહ્યો. શિવનાથે જરા આંખ ઉઘાડી.

'પાણી પીશો ?' જ્યોતીન્દ્રે પૂછ્યું.

'હું ક્યાં છું ?' ધીમેથી શિવનાથે પૂછ્યું.

મને વિચાર આવવા લાગ્યો કે આ ખરેખર શિવનાથ હશે કે બીજો કોઈ કારસ્તાની ? મને અહીં અજાણી જગાએ લઈ આવી ફસાવનાર આ નવીન સાથી કોણ હતો ?

ઓરડીમાં પાણી હતું તે જ્યોતીન્દ્રે લાવીને ધીમે રહી શિવનાથને પાયું. શિવનાથે આંખો પૂરી ઉઘાડી અને બેસવા પ્રયત્ન કર્યો. પરંતુ તેઓ જ્યોતીન્દ્રના હાથમાં ઢળી પડ્યા. જ્યોતીન્દ્રે તેમ જ પોલીસના બે માણસોએ મળી તેમને એક સૉફામાં સુવાડ્યા.

હિંમતસિંગે ધીમે રહી જ્યોતીન્દ્રને પૂછ્યું :

'દવાખાને મોકલીશું ?'

'જરૂર નથી. પા કલાકે ઠેકાણે આવશે પછી મોટરમાં લઈ જવાશે. ઈજા હાથ ઉપર થઈ છે તે બહુ ઓછી થઈ છે. માત્ર છરતી ગોળી વાગી છે.'

'ગોળી વાગી છે એમ આપ તો કહો છો પછી મારું ધારવું ખોટું કેમ માનો છો ?' હિંમતસિંગે પૂછ્યું.

'ગોળી વાગી; પરંતુ તે વગાડનાર કોણ એ તો સાબિત થવું જોઈએ ને ?' જ્યોતીન્દ્રે સામું પૂછ્યું.

ઓરડીમાં બે જ જણ હતા. સુરેશની બાજુએથી ગોળી આવી આમને વાગી, એટલે ગોળી મારનાર કોણ તે પ્રથમ દર્શને જ સમજાઈ જાય છે.'

'ઓરડીમાં બે નહિ; ત્રણ જણ હતા.' સહેજ હસી પડી જ્યોતીન્દ્રે કહ્યું.

'ત્રીજું કોણ ?' ચમકીને હિંમતસિંગ બોલી ઊઠ્યા.

'ત્રીજો હું જ ને.' જ્યોતીન્દ્રે જણાવ્યું.

'વાહ વાહ ! પણ તમે તો રિવૉલ્વરનો ઉપયોગ કરો છો જ ક્યાં ?'

'મારે જરૂર પડતી નથી.' જ્યોતીન્દ્રે જણાવ્યું.

આ સ્થળે એક વાતની નોંધ લેવી બહુ જરૂરની છે. જ્યોતીન્દ્ર અહિંસાનો જબરજસ્ત ઉપાસક હતો. અહિંસાના સિદ્ધાંતની વાત આવે ત્યારે સામાન્ય રીતે તે ઓછાબોલો હોવા છતાં વાચાળ બની જતો. તે ઘણી વખત કહેતો કે તેણે કદી હથિયાર વાપર્યું જ નથી. ગુનાઓની તપાસમાં તે ક્વચિત્ પડતો ત્યારે અમે તેને હથિયાર વિષે પૂછતા. પરંતુ એ તો કહેતો જ કે જગતમાં હથિયારની બિલકુલ જરૂર જ નથી, અને તેમાંયે ગુના પકડવા માટે તો જરા પણ નહિ. અમે તેના આ કથનને માનતા નહિ; માત્ર

તેની ન માનવા જેવી અને હસવા જેવી વિચિત્રતાઓમાં જ એ કથનને અમે મૂકતા.

'તો પછી આ ગોળી મારી કોણે ?' હિંમતસિંગે પૂછ્યું.

'ગોળી મારનાર અદૃશ્ય થઈ ગયો. તમે, તમારા માણસો અને હું એ સઘળા જોતા રહ્યા અને તે ચાલ્યો ગયો.' જ્યોતીન્દ્રે જવાબ આપ્યો.

હિંમતસિંગ જરા વિચારમાં પડ્યો. તેનું મુખ સખત બન્યું. જરા રહી તે બોલ્યો :

'સાહેબ ! અમારે આપને મદદ આપવાની છે; ગુનેગારોને નહિ.'

'મેં તમારી મદદ માગી નથી. અણઘડ પોલીસોની મદદ વગર મને ચાલશે.' જ્યોતીન્દ્રે જરા કડકાઈથી કહ્યું.

'તો પછી આપણે પોતપોતાને માર્ગે કામ કરવું જોઈએ. હું આપનાથી છૂટો પડી જાઉં છું.'

'ભલે.'

'અને એમ છૂટો પડતાં બરોબર હું મારો અધિકાર વાપરી મારા ગુનેગારને અટકમાં લઉં છું.' હિંમતસિંગે કરડાકીમાં જણાવ્યું.

'તમે અટકમાં લઈ જુઓ.' જ્યોતીન્દ્રે કહ્યું.

'જુઓ સાહેબ ! એક ખૂનીની મદદે ચડવાથી વધુ ખૂનો થશે એમ મેં પ્રથમથી જ કહ્યું હતું. આપે ખૂનીને છૂટો રાખવા જણાવ્યું; આપનું કહેવું કમિશનર સાહેબે માન્યું, તો જુઓ અત્યારે એક ખૂન થતું રહી ગયું છે. આપણે ન આવ્યા હોત તો જરૂર ખૂન થાત ! અને હું હજી પણ કહું છું કે લોહી ચાખેલા વાઘને છૂટો મૂકવો અને ખૂને ભરાયેલા ખૂનીને છૂટો મૂકવો બંને સરખું જ છે.'

'સુરેશ ! અત્યારે પણ ખૂનની તેં જ કોશિશ કરી છે એમ આ હિંમતસિંગ માને છે.' જ્યોતીન્દ્રે મારા તરફ ફરી કહ્યું.

'મારે શું છે, ભાઈ ! હું કોને, શા માટે મારું ? મારી પાસે સાધન શું ? તમે બધા મને ગાંડો બનાવી મૂકશો.' મેં ઉશ્કેરાઈને જવાબ આપ્યો.

'કેમ સાધન નથી એમ કહે છે ? તારા હાથમાં તો રિવૉલ્વર છે. તેં કોને માર્યો તે તો જણાઈ આવે છે. શા માટે માર્યો તે તું જાણે.'

મારો ગુસ્સો હાથમાં રહ્યો નહિ. જેને સ્વપ્ને પણ ખૂનનો ખ્યાલ આવતો નહોતો, જે માત્ર એક અકસ્માતનો ભોગ થઈ પડ્યો હતો અને તે સહજમાં ગોળી વાગતાં બચી ગયો હતો, તેને જ પાછો ખૂની તરીકે ગણવાનો થતો પ્રયત્ન ભલભલા શાંત માણસને પણ ખૂની બનાવવા માટે

બસ હતો. હું મોટેથી બોલી ઊઠ્યો :

'હરામખોર ! શું કહે છે તું ? હું તને જ પહેલો વીંધી નાખું છું.' એમ કહી મેં મારી રિવૉલ્વર જ્યોતીન્દ્ર સામે ધરી. મેં એ રિવૉલ્વર મારા મિત્રને મારી હોત કે નહિ તે હું અત્યારે કહી શકતો નથી, તથાપિ મારો તે વખતનો ગુસ્સો જોતાં સહુ કોઈને એમ લાગ્યું કે જ્યોતીન્દ્રનું માથું હમણાં જ મારી ગોળી વડે ભેદાઈ જશે. હિંમતસિંગે પાછળથી એકાએક ધસારો કરી મારા હાથને નીચે દબાવી દીધો એટલે મેં રિવૉલ્વરની ચાંપ દબાવી જ નહિ. પોલીસના માણસોએ મને પકડ્યો. મેં છૂટવા માટે ખૂબ ફાંફાં માર્યાં, મારામાં હતું એટલું બળ અજમાવ્યું, અને દસેક મિનિટ સુધી પોલીસના બધા માણસોને હેરાન કર્યા, છેવટે ચાર-પાંચ મજબૂત માણસો આગળ મારું કાંઈ વધારે ચાલે એવી સ્થિતિ ન હોવાથી હું શાંત ઊભો રહ્યો.

'કેમ સાહેબ ! મેં શું કહ્યું હતું ? હવે આપની ખાતરી થાય છે ?' હિંમતસિંગે જ્યોતીન્દ્રને પૂછ્યું.

'એટલે તમારે સુરેશને કબજામાં લેવો છે, એટલું જ કેની ? ભલે, પણ હવે હું અને તમે જુદે માર્ગે કામ કરીએ છીએ એટલું ધારી લેજો.'

'મેં તો પહેલેથી જ કમિશનર સાહેબને કહ્યું હતું કે અમને અમારી ધારણા પ્રમાણે કામ કરવા દો. આપે ઘણું વાંચ્યું હશે એની ના નહિ; પણ અમારો અનુભવ આપને ન જ હોય.' હિંમતસિંગે કહ્યું.

'ઠીક, તો હું જાઉં છું. તમે બધી વ્યવસ્થા કરો. મને હવે પૂછશો નહિ.' એટલું કહી જ્યોતીન્દ્ર એક શબ્દ પણ બોલ્યા વગર ઓરડામાંથી બહાર નીકળી ગયો. હવે હું પોલીસનો બરાબર બંદીવાન થઈ ચૂક્યો.

હિંમતસિંગે મારી રિવૉલ્વર લઈ લીધી હતી. હવે તેણે ખિસ્સામાંથી એક ચમકતી બેડી કાઢી અને મારા ભારે અણગમા વચ્ચે મારા બંને હાથ ભેગા કરી તેના ઉપર ચડાવી દીધી. ઉત્તમ પોલાદની બેડી દીવાના પ્રકાશમાં ચમકતી ચાંદી સરખી લાગતી હતી. પરંતુ બેડીના દેખાવથી મોહિત થવું હોય તો તે બીજાને હાથે પહેરાવેલી હોવી જોઈએ, પોતાને હાથે નહિ ! મારા જન્મારામાં પહેલી વાર ખરેખરા બંધનનો મેં અનુભવ કર્યો. એક ક્ષણ પહેલાં હું છૂટો હતો; આ બેડીએ એકદમ મને પરતંત્ર અને પાંજરામાં પૂરવા લાયક મનુષ્યોની હારમાં મૂકી દીધો ! શિવનાથની સહાય મળશે એ ધારણાથી હું તેમની સાથે આવ્યો ત્યારે નસીબે જોર કર્યું અને તેમના જ ખૂનનો પ્રયત્ન મેં કર્યો હતો એવો સંજોગ લાવીને ખડો કરી દીધો. પોલીસનો પણ શો વાંક ? આવી સ્થિતિમાં બીજા કોઈ હોય તે પણ મને ગુનેગાર ઠરાવે.

હિંમતસિંગે પ્રથમ તો શિવનાથને એક આરામખુરશી ઉપર સુવાડી, બે માણસો પાસે ઊંચકાવી બહાર મોકલ્યા, અને તેમને લઈ જતા માણસોને સૂચના આપી કે તેમને તેમની મોટરમાં જ દવાખાને લઈ જવા.

હું ઊભો હતો તે હવે એક ખુરશી ઉપર બેઠો. બેડીથી મનુષ્યને કેવી કેવી મુશ્કેલી નડતી હશે તેનો મને બરાબર ખ્યાલ આવ્યો. કુદરતી રીતે ફરતા હાથ જડ બની ગયા; હાથ હલાવવા હોય ત્યારે બંને સાથે જ હલાવવા પડે. એક ને એક સ્થિતિમાં રહેવાને ન ટેવાયેલા હાથ ભારે ગૂંચવણ ભોગવવા લાગ્યા. હિંમતસિંગ ધારી ધારીને મને જોતો હતો. મેં તેને પૂછ્યું:

'હિંમતસિંગ ! તમે મને ખૂની ધારો છો ?'

'ખૂનનો પ્રયત્ન તો તમે કર્યો જ હતો. એ તો સહજમાં પેલા બિચારા બચી ગયા.'

'પણ એમણે જ મારું ખૂન કરવા પ્રયત્ન કર્યો હશે તો ?' મેં પૂછ્યું.

'ખોટું, તદ્દન ખોટું. ગોળી તો તમે જ ફોડી.'

'ના ભાઈ ! ના. મારી બાજુમાંથી આવી ખરી, પણ જો મેં ફોડી હોત તો હું ભોંયે કેમ પડી ગયો હોત ?'

'અંધારામાં જ્યોતીન્દ્રે તમારા પગ ખેંચ્યા એટલે નીચે વાગી. બાકી તમે તો બરાબર માથામાં જ તાકી હતી.'

'અંધારામાં શી રીતે મેં તાકી હશે ?'

'તમે વાતચીત કરીને બરાબર માપ લેતા હતા તે અમારાથી અજાણ્યું નહોતું.'

મેં બોલવું બંધ કર્યું. બહાર મોટર ચાલતી થઈ હોય એવો અવાજ આવ્યો. શિવનાથને મૂકવા ગયેલા માણસોમાંથી એક જણ અમારા ઓરડામાં આવ્યો અને હિંમતસિંગને સલામ કરી બોલ્યો :

'આપની મોટર પણ તૈયાર છે.'

'ઠીક, કેદીને તમારી સાથે લાવજો.'

હિંમતસિંગ મોટરમાં બેસવાના હતા અને હું કેદી પોલીસના સિપાઈઓ સાથે પગ ઘસડતો ચોકીમાં જવાનો હતો એટલું તો નક્કી થયું. હિંમતસિંગ ઊઠ્યા અને દમામ ભરેલી રીતે ઓરડામાંથી બહાર નીકળ્યા. અમે બધા તેમની પાછળ ચાલ્યા. આગલા ખંડમાં આવતાં એક ટેલિફોન ઉપર ઘંટડી જોરથી વાગ્યા કરતી સાંભળવામાં આવી. હિંમતસિંગ જરા અટક્યા અને તેમણે એક માણસને કહ્યું :

'જો ને, કોણ છે ?'

પેલા માણસે સામી ઘંટડી રિસીવર લઈ પૂછ્યું :

'કોણ છે ?... હા... અહીં જ છે. પાસે જ ઊભા છે... જી !' એટલું કહી હિંમતસિંગને જણાવ્યું :

'કમિશનર સાહેબ આપને બોલાવે છે.' હિંમતસિંગે પોતે રિસીવર હાથમાં લીધું.

# ૧૧

# સ્વપ્નસુંદરી

*જાગ્યું ઉષાનું અનિલે ચુમ્યું નેત્ર પેલું*
*ને લોચનો ચુમી જગાડું તને સખી ! હું;*
*જો જાગી, કો રસ અપૂર્વ ઊંડો રૂપેરી*
*તારી પ્રભા સમ, ઊભો પ્રિય ! વ્યોમ ઘેરી.*

**ન્હાનાલાલ**

હિંમતસિંગ અને કમિશનર વચ્ચે ટેલિફોન ઉપર થતી વાતચીત મારા વિષે જ હતી, એટલે તે મેં ખૂબ ધ્યાનપૂર્વક સાંભળી. ટેલિફોનની અંદર શો અવાજ આવતો હતો તે સાંભળી શકાય એમ નહોતું, પરંતુ હિંમતસિંગ જે જે હકીકત જણાવતા હતા તે તે હકીકતે મારું ધ્યાન ખેંચ્યું. ટેલિફોનમાં હિંમતસિંગ આ પ્રમાણે જણાવતા હતા :

'હા જી, હિંમતસિંગ... અહીંથી બોલું છું નં. ૫૩૭... ભાડે આપવાનું હતું... મેં તથા જ્યોતીન્દ્રે યોજના કરી હતી. બાતમી ઉપરથી... મતભેદ છે... સુરેશ મારે કબજે છે... પુરાવો હોય પછી શી હરકત છે ?... જ્યોતીન્દ્ર એમના મિત્ર છે એ ભૂલવું ન જોઈએ... આપ છોડી દેવા કહો છો? હું તદ્દન વિરુદ્ધ છું... આરોપી પછીથી હાથ નહિ આવે... આપની પછી મરજી. હું તો ના જ પાડું છું... જ્યોતીન્દ્રની જરૂર શી છે ? એમણે આ કેસને ગૂંચવવા સિવાય બીજી શી મદદ કરી છે ?... હુકમ હોય તો છોડી દઉં. પણ પછી હું આ કેસ હાથ ઉપર લઈશ નહિ... હા જી. હું સરકારી નોકર છું એ હું બરાબર જાણું છું... તો હું હુકમનો જ અમલ કરીશ. સ્વતંત્રપણે આ કેસમાં નહિ જ કરું... મને પણ સ્વમાન હોય ને ? છતાં જ્યોતીન્દ્રની સલાહ આપ અનુસરવા માગતા હોય તો ભલે !... હું છોડી દઉં છું, પરંતુ ભૂલ થાય છે... ઠીક.'

આટલી વાતચીત પછી હિંમતસિંગે રિસીવર પાછું મૂકી દીધું. તેના મુખ ઉપર ભારે ગુસ્સો ફેલાયેલો હતો. આ પ્રામાણિક અને બાહોશ પોલીસ અમલદારની કીર્તિ ઘણી જ્વલંત હતી; તેની બહાદુરી પણ સહુને જાણીતી હતી. જે કામ હિંમતસિંગને સોંપવામાં આવતું તે કામમાં પોલીસને સંપૂર્ણ

વિજય મળતો. તે દેશી હતો અને ઘણું ભણેલો પણ ન હતો, છતાં તેની બહાદુરી અને ગુના પકડવાની કુનેહને લીધે તેને ઊંચી અમલદારી પ્રાપ્ત થઈ હતી. જ્યોતીન્દ્રને બધા પોલીસ અમલદારો સાથે પરિચય હતો, અને તેના અને કમિશનરના સંબંધને લીધે જ્યોતીન્દ્ર પ્રત્યે બધા માનભર્યું વર્તન રાખતા, તથાપિ ઘણાને આવો બહારનો માણસ ગુનાના કામમાં દખલ કરે એ રુચતું નહિ. હિંમતસિંગ તેમાંનો એક હતો. જ્યોતીન્દ્રની સૂચના મુજબ કામ કરવાનું તેને કમિશનરે કહ્યું હતું એમ લાગ્યું, અને મારા વિષે મતભેદ પડવાથી તેણે જ્યોતીન્દ્રની ઈચ્છા વિરુદ્ધ મને કેદ પકડ્યો હતો. હવે કમિશનરે જ ટેલિફોન કરી જ્યોતીન્દ્રની ઈચ્છા પ્રમાણે મને છૂટો મૂકવા આજ્ઞા કરી હતી એથી હિંમતસિંગ માનભંગ થયા, અને એક કડક તથા પ્રામાણિક અમલદાર તરીકે તેમને ગુસ્સો પણ ઘણો જ ચડ્યો. છતાં અણગમતા હુકમનેય માથે ચઢાવવો એ પોલીસનું કર્તવ્ય ગણાય છે, તે અન્વયે તેમણે મારા હાથમાંની બેડી કાઢી નાખવા પોલીસના સિપાઈને આજ્ઞા કરી. બેડી નીકળતાં હિંમતસિંગે મને કહ્યું :

'કમિશનર સાહેબે તમને છૂટા મૂકવા હુકમ કર્યો છે. તમે છૂટા છો અને તમારી મરજી ફાવે ત્યાં જઈ શકો છો.'

'આપનો અને કમિશનર સાહેબનો આભાર માનું છું. નિર્દોષ માણસને બેડીનો અનુભવ રુચિકર તો નથી જ.' મેં કહ્યું.

'નિર્દોષ ? તમારા સરખો ભયંકર ગુનેગાર હજી મારા અનુભવમાં આવ્યો નથી.' હિંમતસિંગે કહ્યું.

'હિંમતસિંગ ! તમારા અનુભવ માટે મને ભારે માન હતું. મને ભયંકર ગુનેગાર તરીકે માની આપ બધી કલ્પનાઓ રચતા હો તો મારે જરૂર મારો ખ્યાલ બદલવો પડશે.' મેં કહ્યું.

મારું કથન તલમાત્ર પણ હિંમતસિંગ માનતા ન હોય, અને હું એક ભયંકર ગુનેગાર હોઉં એમ આંખ દ્વારા હિંમતસિંગે સૂચન કર્યું. મને લાયકાત કરતાં વધારે માન મળતું હોય એમ લાગ્યું. ગુનો કરવાની સંપૂર્ણ અશક્તિ હોવા છતાં પોલીસખાતાના અનુભવી અમલદારો ગુનેગાર સરખો જ મારો ડર રાખે એથી હું જરા ફુલાયો, અને એક ક્ષણ ગુનેગારની મોટાઈ મેં રસપૂર્વક અનુભવી. મારું વચન સાંભળી હિંમતસિંગ બોલ્યા :

'જ્યોતીન્દ્રની તમને સહાય ન હોય તો અત્યારે બધું નક્કી થઈ ગયું હોત. ઠીક છે. હવે હું છું, તમે છો અને જ્યોતીન્દ્ર છે ! મેદાને પડી ચૂક્યા છીએ, જુઓ હવે કોણ જીતે છે !'

આટલું બોલીને હિંમતસિંગ અને તેમના માણસો બહાર નીકળ્યા.

હું પણ તેમની સાથે જ બહાર નીકળી ગયો. હિંમતસિંગે આ બંગલા ઉપર નજર રાખવા માટે એક માણસને યોજી દીધો; અને પોતે મોટરમાં બેસી ઝડપથી ચાલતા થયા. પોલીસના માણસોથી છૂટો પડી હું પણ મારા ઘરને માર્ગે ચાલવા માંડ્યો.

સુધાકર તથા વકીલને મળવાનું તો ક્યાં રહ્યું, પણ બેડીનોયે અનુભવ મેં કરી લીધો ! પગે ચાલીને ઘર સુધી પહોંચાય એટલી પગમાં શક્તિ રહી નહોતી. નજીકમાં રસ્તાની એક બાજુ ઉપર સુધરાઈની પાટલી પડી રહી હતી ત્યાં જઈને હું બેઠો. મધ્યરાત્રિ, શીળો પવન અને ઘણો જ થાક : એ ત્રણેએ મળી મને જકડી લીધો. મારી આંખો ભારે થઈ ઘેરાઈ ગઈ, અને સઘળી સભ્યતા બાજુએ મૂકી ફૂટપાથ તેમ જ પાટલીઓ ઉપર સૂનાર રખડેલની માફક પગ લંબાવી હું સૂઈ જ ગયો.

ઊંઘમાં સઘળું દુઃખ વિસારે પડ્યું. ન ગોદડાની જરૂર રહી, ન તકિયાની જરૂર રહી. ખરી નિદ્રાને સગવડ ભાગ્યે જ જોઈતી હશે. મારા તકિયા વગર મારાથી સુવાય જ નહિ એવી મને ટેવ હતી. હું ઘણી વખત વિચાર કરતો કે તકિયા વગર માણસોથી સુવાતું કેમ હશે ? જગતની વસતીનો પોણો ભાગ તકિયા વગર જ પોતાની ઊંઘ મેળવી લે છે એથી મને ઘણી જ નવાઈ લાગતી. ગરીબીની સામાન્યતામાં હું આજે ભળી ગયો.

આ નિદ્રામાંથી હું જાગ્યો ત્યારે મારા કપાળ ઉપર મૃદુ સ્પર્શ થતો લાગ્યો. કદાચ એ સ્પર્શ વડે જ હું જાગી ગયો હોઈશ. પ્રથમ તો મને લાગ્યું કે હું સ્વપ્ન જતું ન રહે એ અર્થે મેં થોડી વાર આંખો મીંચેલી જ રાખી. સ્પર્શ સ્ત્રીનો જ હતો; પુરુષ અને સ્ત્રીના સ્પર્શના ભેદ અનુભવ ન હોય તેને પણ ન સમજાય એવો જ હોય છે. મારી કલ્પનાએ મને ગમતું સ્ત્રીસ્વરૂપ ઊભું કર્યું. બંસરીને કલ્પનામાં જોવા લાગ્યો. અને તેનો સ્પર્શ અનુભવવા લાગ્યો. બંસરીનું ખૂન થયું હતું એ વાત જ હું ભૂલી ગયો. ગમતાં સ્વપ્નો કાયમ બની જતાં હોય તો કેવું ? સ્વપ્નને ચિરંજીવી બનાવવાનું કાંઈ સાધન નહિ હોય ? સ્વપ્ન પ્રમાણે સંસાર કેમ ઘડાતો નથી ?

આંખો મીંચી રાખી સ્વપ્નને ચાલુ રાખવા મારાથી બનતો પ્રયત્ન મેં કર્યો, પરંતુ મૃદુ ઓષ્ઠના મારે કપાળે થયેલા સ્પર્શ સાથે એક સ્પષ્ટ, ન વિસરાય એવો ચુંબનધ્વનિ સાંભળ્યો. તે સાથે જ મારી આંખ ખૂલી ગઈ. એ ચુંબન પછી આંખ મીંચી રખાય એમ હતું જ નહિ.

આંખ ઉઘાડતાં જ મેં શું જોયું ? બંસરીને જોવાની પૂર્ણ ખાતરી સાથે ઊઘડી ગયેલી આંખોએ શું બંસરીને જોઈ ? ના; મારી આંખે એક સુંદર સ્ત્રી

નિહાળી એક ક્ષણ બે ક્ષણ મેં તેને જોઈ. ખરેખર કોઈ પરિચિત મુખવાળી તે સ્ત્રી હતી એમ મને ભાસ થયો. એ કોની આંખો ? કોનું મુખ ? એમ શંકામાં પડતાં હું ધારીને જોવાની ઇચ્છા કરવા લાગ્યો. તે સાથે તો એ યુવતી એકાએક પાસેના વૃક્ષઝુંડમાં એક કે બે વખત દેખાઈ અદૃશ્ય થઈ ગઈ; એના પગ પણ એવા પડતા હતા કે જાણે તે રબ્બરના હોય ! તેની હીલચાલ પણ એટલી મૃદુ અને ઝડપભરી હતી કે જરા પણ અવાજ વગર તે જોતજોતામાં અદૃશ્ય થઈ ગઈ. મારું હૃદય ધડકવા લાગ્યું. શું ખરેખર આ મારી પરિચિત યુવતી હશે ? કે એને મળતા દેખાવની કોઈ બીજી યુવતી હશે ? બંસરી તો તે નહોતી જ એમ મારી ચોક્કસ ખાતરી થઈ. ત્યારે એ કોણ ? આખું દૃશ્ય જ સ્વપ્નમય હોય તો ? મને થયેલો સ્પર્શ આ પ્રસંગને સ્વપ્ન તરીકે ઓળખાવવા દેતો નહિ. કે પછી કોઈ અમાનુષી સત્ત્વનું આ બધું અટકચાળું હશે ? ભૂતપ્રેતમાં મને કદી શ્રદ્ધા ઉત્પન્ન થઈ નથી; દિવ્ય સત્ત્વ સંબંધી કલ્પના મને હાસ્યજનક લાગતી; અને ઈન્દ્રિયગમ્ય ન હોય એવાં સત્ત્વો ઈન્દ્રિયગમ્ય ચાળા કરે એ કુદરતના નિયમ વિરુદ્ધ છે એમ હું માનતો.

ત્યારે ખરું શું ? જે પાટલી ઉપર હું સૂતો હતો તે પાટલી એક ઝાડ નીચે આવેલી હતી. હવે હું બરાબર જાગ્રત થઈને પાટલી ઉપર બેઠો. ફૂટપાથની પાછળ મોટાં મોટાં ઝાડની ઘટા જામેલી હતી, અને એ મેદાન મૂકીને પાછળ ક્યાં જવાતું હશે તેનો મને કદી ખ્યાલ આવેલો નહિ. આ બાજુ શહેરની બહાર એકાંત આવેલું હતું, અને થોડાં વર્ષો થયાં લોકોની પાસે યુદ્ધ પછીના વ્યાપારને અંગે વધી ગયેલી લક્ષ્મીના પરિણામે જ છૂટાં છૂટાં મકાનો બંધાઈ કેટલીક વસતી વધવા લાગી હતી. તે છતાં આ ભાગ વસતી વગરનો ગણાતો, અને સામાન્યતઃ મોટર કે ગાડીના સાધનવાળાને જ ફરવા આવવાના સ્થળ તરીકે ઓળખાતો. એક વખત અમે પણ આ સ્થળે મોટો બંગલો બાંધવાની શરૂઆત કરી હતી, પરંતુ પછીથી અમારી કંપની તૂટી પડવાથી મેં તેમાં ભાગ લીધો નહિ. સુધાકર અને મારો વૈજ્ઞાનિક મિત્ર એ સંબંધી કાંઈ તજવીજ કરતા હતા, પરંતુ પછી તો મારો સંબંધ તેમની સાથે તૂટ્યો એટલે બંગલાનું શું કર્યું અને શું થયું તેની મેં કદી તપાસ કરી નહોતી. આજે અચાનક શિવનાથની સાથે અજાણ્યા બંગલામાં આવી ચડી. એક બીજા ખૂનનો આરોપ માથે લઈ હું આ ઉજ્જડ જગાએ સૂતો હતો ! નિદ્રામાં એક સ્ત્રીએ વિક્ષેપ પાડ્યો. બંસરી તે નહોતી એમાં તો શક જ નહિ. તો પછી આમ મને ખોળતી ચાહતી આવતી સ્ત્રી કોણ હશે ? તેની આંખ ક્યાંઈક જોયેલી હતી; મુખ જોયાની ખાતરી હોવા છતાં

તે કોનું તે યાદ આવ્યું જ નહિ.

હું બહુ મથ્યો. એક છેવટનો મિથ્યા પ્રયત્ન કરી મેં યાદશક્તિને કચરવી મૂકી દીધી. મને એકાએક હસવું આવ્યું. મારા જેવા મનુષ્યને દુનિયામાં ચાહનાર એક મૂર્ખ બંસરી તો હતી; પરંતુ આ વળી બીજું કોણ મૂર્ખ નીકળ્યું ? મને મારા સૌંદર્યને માટે અભિમાન નહોતું, જોકે સહુ કોઈ મારા સૌંદર્યનાં વખાણ કરતાં હતાં. હું એમાં તદ્દન બેપરવા હતો. મેં કદી ટાપટીપ કરી નથી, અને સ્ત્રીઓનું આકર્ષણ કરવા માટે યુક્તિઓ રચી નથી. તેને લઈને હું મિત્રોમાં હાસ્યપાત્ર બનતો, એટલું જ નહિ પણ મારી ખાતરી થઈ ગઈ હતી કે જગતમાં કોઈ સ્ત્રી જોરજુલમ કર્યા વગર મને મળશે નહિ. પ્રસંગ આવતાં બંસરીએ મારું હૃદય આકર્ષ્યું તે પહેલાં મને એમ પણ ખ્યાલ હતો કે સ્ત્રીઓ તરફ હું કદી ખેંચાઉં એવો દુર્બળ હૃદયનો નથી. પરંતુ બંસરી પ્રત્યેના મારા આકર્ષણમાં મને એ પણ જણાઈ આવ્યું કે બંસરી મારા પ્રત્યે આકર્ષાઈ છે. આ નવાઈ જેવા બનાવને સ્વીકારી લઈ હું ચાલતો હતો; પરંતુ એક કરતાં વધારે સ્ત્રી મને ચાહે એ કદી સ્વપ્નમાં પણ મેં ધારેલું નહિ. મારી હાસ્યવૃત્તિમાં કલ્પના ભળી :

'આમ તો બેને બદલે બાર સ્ત્રીઓ મારા પ્રત્યે આકર્ષાય તો વળી મારી શી દશા થાય ?'

મને વિચાર આવ્યો. બાર સ્ત્રીઓના આકર્ષણનું મધ્યબિંદુ બની ગયેલા મારા જીવનની કલ્પના ખડી થતાં એક હાસ્યજનક ચિત્ર ખડું થઈ ગયું અને હું ખૂબ મોટેથી હસી પડ્યો.

ઝાડને ઓથે સંતાઈ રહેલી કોઈ વ્યક્તિ અદ્ભુત ચપળતાથી અદૃશ્ય થઈ ગઈ. પેલી સ્ત્રી તો ફરી નહિ આવી હોય ? એ વિચારે મારું હાસ્ય અટકી ગયું.

## ૧૨

# ભેદી મકાન

*નિદ્રાને જાગૃતિ-ભવને*
*નગરીનાં લોકો ઉજવણે;*
*રજની નિજ વીંઝણો ઝણકાવે;*
*કંઈ અણદીઠ પગલે*
*નગરીનાં સમીકરણો આવે.*

ન્હાનાલાલ

હું ઊભો થયો. ઝાડને ઓથે રહી કોઈ વ્યક્તિ અદૃશ્ય થઈ ગઈ એ તરફ મારું ધ્યાન દોરાયું. પેલી સ્વપ્નસુંદરી અગર તેના અંગનું કોઈ હોવું જોઈએ એમ મારી ખાતરી થઈ. મારી જિજ્ઞાસા પણ ઉશ્કેરાઈ. થોડી ઊંઘ આવવાથી મારો થાક ઊતરી ગયો હતો. એટલે નવીન સાહસને માટે મારામાં જોમ આવ્યું. અજાણ્યા સ્થળે અજાણી સુંદરી આવી મારા સરખા ગુનેગાર મનાયલા રૂપહીન પુરુષને ચૂમી જાય અને અદૃશ્ય થઈ જાય. અને તેની પાછળ કોઈ વ્યક્તિ ગુપ્ત રીતે ઝાડને ઓથે રહી કાંઈ હીલચાલ કરે, એ સઘળું કુતૂહલ ઉત્પન્ન કરે એવું હતું. મારાથી રહેવાયું નહિ. જે ઝાડને ઓથેથી પણ વ્યક્તિ અદૃશ્ય થયેલી દેખાઈ હતી તે ઝાડ તરફ હું ફર્યો. ઝાડની આસપાસ મેં તપાસ કરી; કોઈ હતું નહિ. ત્યાંથી કોઈ માર્ગ હોય એમ મને દેખાયું નહિ. ઝાડના ઝુંડમાં હું ધીમે ધીમે માર્ગ કરતો આગળ વધ્યો. હું ક્યાં જાઉં છું તેનો મને ખ્યાલ નહોતો; માત્ર કોઈ અજાણી વ્યક્તિ પાછળ હું ખેંચાતો હતો.

થોડી ક્ષણો આથડી હું કંટાળ્યો. શા માટે તકલીફમાં પડવું જોઈએ એમ મને વિચાર આવ્યો. એટલામાં દૂરથી વીજળીની એક ટૉર્ચલાઈટ મારા ઉપર પડી અને પડતાં બરોબર બંધ થઈ ગઈ. કોઈ મનુષ્ય આ ઝાડીની ઘટામાં છુપાયેલું છે ને મારી હીલચાલ ઉપર નજર રાખે છે એટલું તો મને સમજાયું. હું ઝડપથી એ બાજુ તરફ વધ્યો. હિંમતસિંગે મને છૂટો કરતી વખતે મારી રિવૉલ્વર પાછી આપી હતી. તેને ભાગ્યે જ ખબર હશે કે એ રિવૉલ્વર જ્યોતીન્દ્રની હતી અને હું વગર પરવાને તે ફેરવતો હતો. રિવૉલ્વરે મને હિંમત આપી. હું એ બાજુ તરફ વધ્યો છતાં મને એમ તો

લાગ્યું જ કે એ વીજળીની બત્તીવાળો માણસ ત્યાંથી ખસી જશે. હું તે સ્થળે અંધારામાં પહોંચી જોવા લાગ્યો; ત્યાં કોઈ હતું જ નહિ. પરંતુ વળી થોડે દૂરથી એ બત્તીનો પ્રકાશ મારા ઉપર પડ્યો; હું તે તરફ ધપ્યો. ત્યાં પહોંચતાં પાછો પ્રકાશ આઘે ગયેલો જણાયો. આ માણસ મારાથી નાસે છે કે મને કોઈ જાળમાં ફસાવે છે, એ મને સમજાયું નહિ. કોઈ પણ બાબતમાં જિજ્ઞાસા ઉશ્કેરાય તો પછી તે તૃપ્ત કર્યા વગર મને જરા પણ ચેન પડતું નહિ. આ વ્યક્તિનો ભેદ પારખવા મેં નિશ્ચય કર્યો; પરંતુ આ વખતે આગળ ન વધતાં હું જ્યાં હતો ત્યાં જ કેટલીક વાર ઊભો રહ્યો. બત્તીવાળા માણસે ધાર્યું હશે કે દીવાથી આકર્ષાઈ હું પાછો આગળ વધીશ. તેણે બત્તી છેવટની જગાએ ફેરવી પરંતુ ત્યાં હું નહોતો, એટલે પ્રથમની જગાએ ઓળંગી હું જ્યાંથી ખસ્યો નહોતો તે જ સ્થળ ઉપર તેણે બત્તીનો પ્રકાશ લંબાવ્યો. આ વખતે પ્રકાશ બંધ ન કરતાં તેણે તે ચાલુ રાખ્યો. મારું આખું શરીર તેને સ્પષ્ટ દેખાયું હશે, અને હું કોણ છું તે પરખી ગયો હશે એવી મારી ખાતરી થઈ ગઈ. વળી પ્રકાશ કોઈ ઊંચા સ્થાનમાંથી આવતો હતો એમ મને લાગ્યું. હવે મને ડર રહ્યો નહોતો. પ્રકાશને જ માર્ગે હું આગળ ચાલ્યો. થોડેક સુધી વધ્યો અને પ્રકાશ બંધ થયો. પરંતુ મેં તો આગળ વધવું ચાલુ રાખ્યું.

એક મોટી દીવાલ આવતાં હું અટક્યો. એ દીવાલ ઉપરથી જ છેલ્લી વખતનો પ્રકાશ આવ્યો હશે એમ મને લાગ્યું. દીવાલ ઉપર હાથ ફેરવ્યો; અંધારામાં તેની ઊંચાઈનો અંદાજ કાઢ્યો. કોઈ બંગલાની આગળની મોટી દીવાલ હતી એમ મને ખ્યાલ આવ્યો. આ કોટની અંદર કોઈ મકાન હશે અને તેમાં બત્તીવાળો માણસ ચાલ્યો ગયો હશે એમ મને લાગ્યું. પરંતુ એક વાત મને સમજાઈ નહિ. જો એ મનુષ્ય બંગલામાં રહેતાં મનુષ્યોથી પરિચિત હોય તો આ દીવાલ ઉપર ચડીને અંદર કેમ ગયો હશે ? જો તે મનુષ્ય પરિચિત ન હોય તો મારા જેવા અજાણ્યા મનુષ્યને દીવાથી ધારી ધારીને કેમ આકર્ષતો હશે ? અહીં પણ હું ગુનેગાર તરીકે જ સર્વના નિરીક્ષણને પાત્ર બનતો હતો કે શું ?

દૂરથી એક ઘંટડીનો અવાજ મારે કાને પડ્યો. નાના દેવમંદિરમાં આરતી પ્રસંગે જેવી નાનકડી ઘંટડી વાગે એવો અવાજ મને લાગ્યો. અહીં દેવમંદિર શાનું ? અને તે આટલી ભાંગી રાતે ખુલ્લું કેમ હોય ? હજી પરોઢિયાને વાર હતી. શું પૂજારી સમય ભૂલ્યો હશે ?

મેં આજુબાજુ હાથ ફેરવ્યા. થોડી ઈંટો નીકળી ગઈ હતી તેની મદદ વડે હું ભીંત ઉપર ચડ્યો અને એવી જ ઢબે અંદરના ભાગમાં હું ઊતરી

ગયો. ભીંત આ સ્થળે જીર્ણ હતી એટલે સમજ પડી, નહિ તો આટલી સરળતાથી આવા ઊંચા કોટ ઉપરથી ચઢી ઊતરાય નહિ. જ્યાં ઊતર્યો ત્યાં નાના નાના છોડ હતા અને આગળ ઝાડીમાંથી પાછું એક મકાન દેખાતું હતું. દૂરથી એક કૂતરું સહેજ ભસ્યું. આ કૂતરાના ભસવાનો અવાજ જાણે પહેલી રાત્રે મેં સાંભળ્યો હોય એમ યાદ આવ્યું. પેલા બંગલા પાસેનો વણઝારી કૂતરો તો આ ન હોય ? જેમના છળથી હું પેલા બંગલામાં ફસાઈ પડ્યો હતો તે જ અગમ્ય મનુષ્યો આ સ્થળમાં હશે કે કેમ ?

ભલે ગમે તે હોય ! હવે હું અજાણ્યો બનીને જતો નથી. કોઈના દોર્યાથી જતો નથી. કયા અજાણ્યા દુશ્મનો સાથે હવે મારે આથડવાનું છે તે નક્કી કરવાનો નિશ્ચય કર્યો, અને એકલે હાથે તે પાર પાડવા હું પ્રવૃત્ત થયો. હું ભારે જોખમ વહોરતો હતો એ મારી જાણ બહાર નહોતું. પરંતુ આજ ચોવીસ કલાકની અંદરના અનુભવે મને બહુ જ સાહસિક બનાવ્યો. તેમાં બંસરીના ખૂનના આરોપે તો મને મારી જિંદગી માટે તદ્દન બેપરવા બનાવી દીધો !

આખું સ્થળ અને વાતાવરણ શાંત હતું. ઝાડની ઘટાને લીધે વગર દેખાયે આગળ વધવા માટે સારી સગવડ હતી. હું મકાન તરફ આગળ વધ્યો. મકાનના રક્ષણ અર્થે બહાર પહેરેગીરોની હાજરી હોય એમ મને લાગ્યું નહિ. મેં મકાનનો પાછલો ભાગ તપાસ્યો; ત્યાં આગળ તદ્દન શાંતિ હતી. મકાનમાં કોઈ માણસનો વસવાટ જ જાણે ન હોય એમ મને લાગ્યું. માણસો આટલી રાત્રે સૂઈ ગયાં હોય તોપણ શાંતિ તો હોય જ ને, એવો મને પ્રથમ વિચાર આવ્યો; પરંતુ આ સ્થળની શાંતિ એવી અજબ હતી કે મકાન હવડ હોવાનો જ મને ભાસ થયો.

ફરી ઘંટડીનો અવાજ મેં સાંભળ્યો. હવે તે બહુ પાસેથી આવતો લાગ્યો. મકાનના અંદરના ભાગમાંથી તે આવતો હતો એમ મને ખાતરી થઈ. મકાનની અંદર જવા માટે મારી વૃત્તિ બહુ જ આતુર બની ગઈ. ક્યાં થઈને અંદર જવાય તે માટે મેં રસ્તા જોવા માંડ્યા. આગલી બાજુના દરવાજા સિવાય પ્રવેશનો એક્કે માર્ગ હતો જ નહિ એમ મને લાગ્યું. દરવાજો દરવાન વગરનો અંધકાર ભરેલો હતો. મેં અંદર જવા હિંમત ભીડી. દરવાજો ઓળંગી હું પગથિયાં ચડ્યો, અને પાંચછ પગથિયાં ચડી રહેતાં એક બાજુ બારણું આવ્યું. જેવો મેં બારણામાં પગ મૂક્યો તેવો જ અંદરથી કોઈએ પ્રશ્ન પૂછ્યો :

'કોણ છે ?'

આ સ્થળે કોઈ જ નહિ હોય એવી ધારણાથી હું આવ્યો હતો, તેને

બદલે મને રોકવા માટે કોઈ તૈયાર છે એમ જાણી હું ખમચાયો. મારાથી જવાબ અપાયો નહિ. પરંતુ મારી જ જોડમાંથી કોઈએ અજાણી ભાષાનો અજાણ્યો ઉદ્‌ગાર કાઢ્યો. અંધકારમાં મારી પાડોશમાંથી મારી સાથે કોણ નીકળી આવ્યું હશે તેનો હું વિચાર કરું, એટલામાં તો બારણું બંધ થઈ ગયું. માત્ર એ બારણામાંથી એક ડોકાબારી ખૂલી ગઈ અને મારી જોડમાંથી અચાનક નીકળી આવનાર પુરુષ એ ડોકાબારીમાં થઈને અંદર ગયો. ડોકાબારી બંધ થઈ, બારણું ખૂલી ગયું અને હું બારણા પાસે જ અંધકારમાં ઊભો રહ્યો.

મને 'કોણ છે'ના જવાબમાં અપાયેલો સંકેત શબ્દ આવડતો નહોતો એટલે ફરી વાર બારણામાં પગ મૂકવાની મેં હિંમત કરી નહિ. એટલી તો મારી ખાતરી થઈ કે સંકેત શબ્દનો ઉચ્ચાર કરનાર પુરુષ મને ભાળી ગયો છે. એનું પરિણામ ભયંકર આવશે જ એમ મેં ધાર્યું. આ ભેદભર્યા મકાનમાં ભેદી માણસોનો વસવાટ હતો એમાં કાંઈ શક રહ્યો નહિ. હું ધારતો હતો તે પ્રમાણે આ સ્થળ ઉજ્જડ અને રક્ષકો વગરનું નહોતું. મને ખબર પણ ન પડે એવી રીતે મારી જોડે માણસો ફરી શકે છે અને મારા ઉપર પહેરો રાખે છે એ મને સમજાયું. હું પગથિયાં નીચે ઊતરી પાછો ફર્યો અને મકાન ચારે પાસથી નિહાળવા લાગ્યો. અંધારામાં તેમ જ ઝાડની ઘટાને લીધે સ્પષ્ટ કશું સમજાતું નહોતું, તથાપિ એક નાની જાળીમાંથી દીવાનો પ્રકાશ અંદર હોય એમ ભાસ થયો. આ જાળી એક માળ જેટલી ઊંચી હતી.

એ જાળી ઉપર ચઢીને કાંઈ જોવાય તો કેવું ! એવો મને વિચાર આવ્યો. વિચારની પાછળ કાર્ય ચાલ્યું આવે છે. મેં જાળી ઉપર ચડવા માટે આમતેમ બાથોડિયાં માર્યાં, પરંતુ ઉપર ચઢવા માટે કાંઈ પણ સાધન જણાયું નહિ. એ જાળીથી થોડે દૂર વૃક્ષની એક ડાળી ઝૂકતી હતી તે મારી નજરે પડી. એ ડાળી ઉપર ચઢવા મેં મથન કર્યું. ઝાડ ઉપર ચઢવાની ટેવ બહુ વર્ષોથી વિસરાઈ ગઈ હતી; પરંતુ કામની તીવ્રતામાં જૂની આવડત સચેત થઈ ગઈ. થડ ખોળી કાઢી હું ઝાડ ઉપર ચડ્યો. કોણ જાણે કેમ મારી હીલચાલથી જરા પણ અવાજ થયો નહિ. જાળી પાસે ઝૂકતી ડાળી તરફ હું ઊતર્યો; ડાળ મજબૂત હતી અને ધીમે ધીમે હું તેના છેડા સુધી જઈ શક્યો. છેડા ઉપર બેસી મેં ધીમે રહી જાળીમાં નજર નાખી.

આછા ભૂરા પ્રકાશથી એ ઓરડો ભરેલો હતો. સાદી પણ સુશોભિત રીતે ઓરડો શણગારેલો હતો. ત્રણચાર માણસો એ ઓરડામાં સ્થિર બેઠેલાં હતાં. વધારે ધ્યાનપૂર્વક જોતાં તેમાં એક સ્ત્રી પણ મને બેઠેલી દેખાઈ. સ્ત્રીની પીઠ મારા તરફ હતી એટલે તેનું મુખ હું જોઈ શક્યો નહિ,

પરંતુ તેના લાંબા વાળ છેક જમીન સુધી ફેલાયલા મને લાગ્યા. ખુલ્લું માથું, છૂટા વાળ, ટટાર દેહ, સુશોભિત વસ્ત્ર અને ભૂરો પ્રકાશ - એ સઘળાને લઈને કોઈ અદ્દભુત સૌંદર્યનો મને ભાસ થયો. પરંતુ એ સ્ત્રીની આસપાસના સુંદર વાતાવરણમાં મને કંઈ વિચિત્ર ભયંકરતા પણ દેખાઈ. તે સ્ત્રી જરા પણ હાલતીચાલતી નહોતી; પૂતળામાં અને તેનામાં મને જરા પણ ફેર લાગ્યો નહિ.

તેની બરાબર સામે તેનાથી દૂર એક સુંદર મુખાકૃતિવાળો યુવાન એટલી જ સ્થિરતાથી બેસી રહ્યો હતો. તેનું મુખ મારા તરફ ફરેલું હતું એટલે તેને હું બરાબર નિહાળી શક્યો. તેની આંખો તદ્દન ઉઘાડી પરંતુ સ્થિર હતી. તેની આંખોના મિચકારા પ્રથમ તો મને દેખાયા જ નહિ; પરંતુ બહુ ધારીધારીને જોયા પછી મને લાગ્યું કે ક્વચિત્ તેનાં પોપચાં બિડાતાં હતાં, પણ તે બહુ જ વારે; સામાન્ય મનુષ્યો જેવી ઝડપથી એ આંખમાં મિચકાર થતા નહિ. એ પુરુષ પેલી સ્ત્રીના સામું જોયા કરતો હતો એટલી મારી ખાતરી થઈ.

આવી એકાગ્રતાથી કોઈ સ્ત્રીના સામે જોવાનું કારણ શું ? શું કોઈ પ્રેમી પોતાની પ્રિયતમાના પૂતળાને આમ એકીટસે નિહાળી સાંનિધ્યનો આનંદ મેળવતો હતો ?

પુરુષ અલબત્ત સુંદર હતો, તથાપિ તેના ચહેરા ઉપર સખ્તીથી જબરજસ્ત છાપ પડેલી મને દેખાઈ. પ્રિયતમાની સામે નજર પડતાં મુખ આટલું કરડું કદી બની જાય નહિ. તેના મોટા વાળ ખભા સુધી પથરાયલા હતા અને વચમાં સેંથી પડેલી હોવાથી એ વાળ ટાપટીપથી સમારવામાં આવ્યા હતા એટલું તો લાગ્યું. ત્યાંના ભૂરા પ્રકાશને લીધે તેણે કેવા રંગનાં વસ્ત્ર પહેર્યાં હતાં તે સમજાયું નહિ; પરંતુ મને લાગ્યું કે તેણે સફેદ ધોતિયું અને લાંબો અંચળા જેવો રેશમી ઝભ્ભો પહેરેલાં હતાં.

સ્ત્રી અને પુરુષ બંને મૃગચર્મ ઉપર બેઠેલાં હતાં. બંનેની વચમાં કશું જ નહોતું. ઓરડામાં દૂર બીજા પુરુષો કાંઈ પણ બોલ્યા વગર બેસી રહ્યા હતા.

'આજે તારું મન કેમ વ્યગ્ર છે ?' થોડી વાર રહીને પેલો પુરુષ બોલ્યો. શાંત વાતાવરણમાં આ પુરુષના બોલાયલા બોલ કડક અને અસ્થાને લાગ્યા - જોકે પુરુષના કંઠમાં કઠોરતા હતી કે કેમ તે હું તે વખતે પારખી શક્યો નહિ.

'કાંઈ નહિ; અમસ્તું જ.' પેલી સ્ત્રીએ જવાબ આપ્યો.

મારી હવે ખાતરી થઈ કે આ પૂતળું નહિ પણ જીવતી જાગતી સ્ત્રી જ

છે. તેનો અવાજ મીઠો રણકારભર્યો લાગ્યો.

ફરી પા કલાક આવી ને આવી શાંતિ જળવાઈ રહી; પુરુષ અને સ્ત્રી બંને સ્થિર બેસી રહ્યાં. પુરુષનું મુખ વધારે કડક બનતું જતું હતું. એકાએક પેલી સ્ત્રીએ ચીસ પાડી અને હાથ ઊંચા કરી આંખ આગળ લઈ જઈ તેણે પોતાની આંખો દાબી દીધી.

## ૧૩

# મોતની ક્ષણ

*પ્રત્યાઘાતો વિષમ તમના સર્વથા ગાજતા'તા,*
*તારાઓની દ્યુતિ વિસ્મતી આભના આંગણામાં.*

**ન્હાનાલાલ**

સ્ત્રીએ આંખો બંધ કર્યા પછી સામે બેઠેલા પુરુષે ઘંટડી વગાડી. સામે બેઠેલા પુરુષનો પહેરવેશ અને દેખાવ જોતાં તે કોઈ સાધુ સરખો લાગ્યો. આંખો ઉપરથી પેલી સ્ત્રીએ હાથ ખસેડી લીધા. પાંચ મિનિટ બધાં જ સ્થિર અને શાંત રહ્યાં. પછી પેલા પુરુષે પૂછ્યું :

'તું કોણ છે ?'

'હું ? કોણ હોઈશ ? મને ખબર પડતી નથી.'

'ફરી અંદર જો... હવે કહે, તું કોણ છે ?'

'હા, હા... કહું... કહું કોણ છું ?'

'ઓળખી કાઢ.'

'ઓળખી.'

'કોણ છું ?'

'બંસરી.'

હું ચમક્યો. એવો ચમક્યો કે મારા હાથ ખસી ગયા અને સ્વરક્ષણના કુદરતી નિયમે પૂરું જોર ન કર્યું હોત તો હું ઊંચી ડાળ ઉપરથી ધબાકા સાથે નીચે પડત. હું સ્વરક્ષણના બળે પડતો અટક્યો. માત્ર મારા ચમકવાથી થોડાં પાન હલ્યાં. તત્કાળ પેલા માણસે જાળી ભણી આંખ ફેરવી. હું પાંદડાંનાં ઝુંડમાં કારના આશ્રયે લપાયો હોવાથી તે મને જોઈ શક્યો નહિ. મારે શું કરવું તેનો હું ઝડપથી વિચાર કરવા લાગ્યો. બંસરી અહીં જ છે તો પછી હું જાતે જાહેર થઈ મારી પ્રિયતમાને કેમ ન મળું ? જે સંજોગોમાં બંસરી અહીં બેઠી હતી તે સંજોગોનો વિચાર કરતાં એકદમ જાહેર થવું એ પણ સલામતીભર્યું લાગ્યું નહિ. શા કારણે તેને આવા ભેદી મકાનમાં રાખી હશે? કોણે તેને આવા ભયભર્યા સાધુની સંગતમાં મૂકી હશે ? આ સઘળા પ્રશ્નોનું નિરાકરણ થયા સિવાય મારાથી હવે ખસાય એમ હતું જ નહિ.

એટલામાં પેલા સાધુનો અવાજ આવ્યો :

'બંસરી !'

સામો જવાબ ન મળ્યો. સાધુએ ફરી પૂછ્યું :

'બંસરી ! હું તને આજ્ઞા કરું છું કે બોલ.'

બંસરીને આજ્ઞા કરનાર આ દુષ્ટનું મોઢું ભાંગી નાખું એવું મને મન થયું. તેની આજ્ઞા થયા છતાં તેણે કાંઈ જવાબ આપ્યો નહિ. સાધુએ દૃષ્ટિ વધારે સ્થિર કરી; હાથમાં ઘંટડી લઈ મધુરા અવાજે વગાડી પાછી મૂકી દીધી. અને પેલી નિશ્ચય બેઠેલી યુવતીની સામે ત્રાટક કરી જોઈ રહ્યો. થોડી ક્ષણ રહી તેણે પાછું પૂછ્યું :

'બંસરી !'

'હાં.'

'તું બંસરી જ છે ને ?'

'તો બીજું કોણ હોય ?'

'તું મને ઓળખે છે ?'

'હા, જરૂર.'

'હું કોણ છું ?'

'ગુરુદેવ ! કર્મયોગી !'

અરે ! આ જ પેલો સુધાકરવાળો કર્મયોગી ! મેં તેને કદી જોયો નહોતો, છતાં જાણે તેનું મુખ કોઈ વખત મેં જોયું હોય એમ ભાસ થયો. કદાચ સુધાકર, બંસરી વગેરેએ તેની વાત કરી હોય, અગર તેના વિષે સાંભળેલી હકીકત ઉપરથી તેનું ચિત્ર મારા મનમાં ખડું થયું હોય, અને તેને મળતો જ તેનો દેખાવ હોય એ કારણથી મને તેનું મુખ પરિચિત લાગ્યું હશે. હું તે વિષે વધારે વિચાર કરું તે પહેલાં કર્મયોગીએ પૂછ્યું :

'બરાબર. તું ક્યાં આવી છે તે તને ખબર છે ?'

'હા જી.'

'તો કહે તું અત્યારે ક્યાં છે ?'

પેલી યુવતીએ હાથ આમતેમ ફેરવ્યા. પરંતુ તેની દૃષ્ટિ અને દેહ તો સ્થિર જ હતાં. થોડી વાર જાણે હાથ વડે કાંઈ તે ખોળતી હોય તેવો ચાળો કરી તે બોલ્યા વગર બેસી રહી.

'ખબર નથી પડતી ?' સાધુએ જરા કડકાઈમાં પૂછ્યું.

'ના. હું ક્યાં છું ?'

મને ભય લાગ્યો કે બંસરીની આવી દુર્બળ મનોદશા કેવી રીતે કરી નાખી હશે ? શું તેને કાંઈ ઔષધ કે કેફ તો નહિ પાયું હોય ?

'જો; મારી સામે બરોબર જો. તું ક્યાં છે ?'

'હું ક્યાં...? હા... ના... મને કહો હું ક્યાં છું ?'

'કેમ લવે છે ? સ્થિરતાથી જોતાં શું થાય છે ? કહે, તું ક્યાં છે ?' પેલા સાધુની આંખમાંથી અગ્નિ ચમકતો હોય એમ મને લાગ્યું. 'માફ કરો ! હું ભૂલી ગઈ; હું સંભારી કાઢું.'

'ચાલ, જલદી કર ! સવાર પડવા આવ્યું છે.'

સ્ત્રીએ પાછા હાથ આમતેમ હલાવ્યા.

'હું આપની પાસે છું; આપના ધ્યાનમંદિરમાં છું.'

'તને ધ્યાનમંદિર ગમે છે, ખરું ?'

'હા, જી.'

'તને હું પણ ગમું છું, ખરું ?'

'હા જી.'

આપોઆપ મારા દાંત કચકચી ગયા. બંસરી આ શું બોલે છે ? આ પાપી સાધુ એને ગમે છે ? પ્રેમના પડછાયા જેવી અસૂયાએ 'ગમવું' એ ક્રિયાપદનો મારે માટે મેં એક જ અર્થ કરી રાખ્યો હતો, અને એ શબ્દનો મારા સિવાય બીજા માટે પ્રયોગ થાય જ નહિ એવો વ્યાકરણનિયમ પણ મેં ઘડી રાખ્યો જણાતો હતો. નહિ તો મારી પ્રિયતમા મને ચાહે છે એટલા જ ઉપરથી મારા સિવાય આખી દુનિયાના પુરુષો તેને દીઠે ગમતા નથી એમ તેની પાસે કહેવડાવવાનો મને શા માટે આગ્રહ રહેવો જોઈએ ?

સ્ત્રીનું કપડું અને તેના છુટ્ટા વાળ આછી પવનની લહરીમાં હલતાં હતાં.

'બંસરી !' સાધુએ તેને બોલાવી.

'તું ક્યાં હતી ?'

'સ્વર્ગમાં કહું ?'

'તે તું જાણે. તું જ્યાં હતી ત્યાંનું નામ આપ.'

'આપને શું અજાણ્યું છે ?'

'તું જ્યાં સુધી કહેશે ત્યાં સુધી કશી ખબર પડશે નહિ.'

'હું ઊંચે ઊંચે પ્રકાશમાં ઊડતી હતી. મેં આખો દિવસ ઊડ્યા કર્યું, પણ મને થાક ન લાગ્યો. હું ક્યાં હતી, ગુરુદેવ ? એ જ સ્વર્ગ ને ?'

અરે, આ જીવતી-જાગતી-બોલતી યુવતી સ્વર્ગની શાની વાતો કરે છે ? શું તેને આ સાધુએ ગાંડી બનાવી મૂકી છે કે શું ? દિવ્ય લોક અને દિવ્ય પ્રદેશોની કલ્પનાઓ વડે મુગ્ધ બનાવતા ધાર્મિક પુરુષોએ અનેક સ્ત્રીઓને જીવતેજાગતે સ્વપ્ન જોતી કરી છે એ હકીકત મારા સ્મરણમાં આવી.

ઓરડાનો એક દરવાજો ઊઘડ્યો અને તેમાંથી એક પુરુષ અંદર આવ્યો. દરવાજો ઊઘડતાં કશો જ ખડખડાટ થયો નહિ. અને કોઈનું પણ ધ્યાન તેના તરફ દોરાયું નહિ. તેણે મોઢે ને માથે એક વસ્ત્ર ઓઢેલું હતું, પરંતુ તે એવી રીતે કે તેની આંખો અને મુખનો થોડો ભાગ નજરે પડે.

તે મનુષ્ય અંદર આવ્યો અને તેણે એક ખૂણા ઉપર સ્થાન લીધું એટલે તત્કાળ એક બીજો મનુષ્ય - જે આ ક્ષણે ઊભો થઈ ગયો હતો તેણે ત્યાંથી ચાલવા માંડ્યું. જરા પણ અવાજ કર્યા વગર તેણે દરવાજો ઉઘાડ્યો અને તે બહારના ખંડમાં અદૃશ્ય થઈ ગયો.

મેં ધારીને જોયું તો ખંડને ચારે ખૂણે એક એક માણસ પૂતળાની માફક બેસી રહ્યું હતું. ઓરડાના રક્ષણ અર્થે તેમ હશે કે સાધુનું સાંનિધ્ય સાચવવા માટે તેઓ બેઠા હશે, તે નક્કી થઈ શક્યું નહિ. તથાપિ એક માણસે આવી બીજાનું સ્થાન લીધું એટલે મને લાગ્યું કે આમાં રક્ષણનો હેતુ સમાયેલો હોવો જોઈએ. કોઈની પાસે કાંઈ હથિયાર નહોતું. મને તો દેખાતું નહોતું. મને તે વખતે વિચાર આવ્યો તથાપિ સાધુની, અને બંસરીને નામે જવાબ દેતી પેલી યુવતીની વાતચીતમાં હું એવો એકાગ્ર બની ગયો હતો કે હું મારું બીજું બધું ભાન ભૂલી ગયો.

ઓરડામાંના ભૂરા પ્રકાશે મારા મન ઉપર પણ જાણે કાંઈ અસર કરી હોય એમ મને લાગ્યું. કોઈ માનસિક શક્તિ દ્વારા કોઈ સત્ત્વનું આહ્વાન થતું હોય અને તે દૃશ્ય જોનારા જેમ ઠરી જાય તેમ કેટલીક વખતે હું ઠરી જતો.

થોડીવારે સાધુએ પાછું પૂછ્યું :

'ત્યારે બંસરી ! તું સ્વર્ગમાં હતી, ખરું ?'

'ના... હા... હા... એ જ સ્વર્ગ ?'

'જરૂર; એ જ સ્વર્ગ, તું કેમ ભૂલી પડે છે ?'

'હું હવે ભૂલીશ નહિ. એ જ સ્વર્ગ.'

'ત્યાં તને કોણે મોકલી ?'

'મને ત્યાં કોણે મોકલી ?'

'હું પૂછું છું; તારે તે કહેવાનું છે.'

'હું કહું ! મને... મને.. ના નહિ કહું.'

'તું કેમ નહિ કહે ?'

'મારી મરજી.'

'જો બંસરી ! હું તારો ગુરુ છું. મારી આજ્ઞા તું નહિ માને તો શું થશે તે જાણે છે ?'

'ના.'

'અગ્નિ, વિષ, કટુતા. એમાં અનંત કાળ...'

'કહું છું, કહું છું !'

'ઠીક, બોલ.'

'મને કોણે સ્વર્ગમાં મોકલી ? જેને હું ચાહતી હતી તેણે જ.'

'પણ તું કોને ચાહતી હતી ?'

'સુરેશને !'

'ત્યારે સુરેશે તારું ખૂન કર્યું એ વાત ખરી ને ?'

'ઓ....ઓ...મને એ વાત પૂછશો નહિ; મારું હૃદય ચિરાઈ જાય છે.'

'મારી આજ્ઞા છે; કહે.'

'હા હા, કહું છું. અરે મને પાછી જવા દો, ઓ... ઓ...સુરેશે જ મારું ખૂન કર્યું !'

આ જીવતી સ્ત્રી ! જીવતી બંસરી ! શા માટે મને ખૂની કહે છે ? મેં સઘળાં પાપ કર્યાં હશે પરંતુ બંસરીના ખૂનનું પાપ તો મેં કદી કર્યું જ નથી એવી મારી ખાતરી છે. પછી બંસરીને જ મોઢેથી આ કથન ?

'હવે તું તેને ચાહે છે ખરી ?'

'અલબત્ત.' યુવતીએ દૃઢતાથી જવાબ વાળ્યો.

સાધુનું મુખ ભયંકર બની ગયું. આ રૂપાળા લાગતા મનુષ્યનું મુખ આટલું બધું કર્કશ બની જાય એ મને તો બહુ જ વિચિત્ર લાગ્યું. જરા રહી સાધુ બોલ્યો :

'બંસરી ! તારો હાથ મારા હાથમાં આપ.'

આ સાંભળતાં હું એકદમ ઉશ્કેરાયો. આ પાપી પુરુષ શું કહે છે ? મને એમ થયું કે આ જાળી તોડી હું અંદર પ્રવેશ કરું. બંસરીનો હાથ મહામહેનતથી જાણે ઊપડતો હોય એમ લાગ્યું. ન છૂટકે, કોઈ અગમ્ય બળ તે યુવતીના હાથને ખેંચી સાધુના હાથમાં મૂકતું હોય તેમ તેનો હાથ વળ્યો,

અને સાધુએ લંબાવેલા હાથમાં તે પડ્યો. ક્રોધના આવેશમાં મને ભાન રહ્યું નહિ. મેં ડાળી ઉપરથી હાથ ખસેડ્યો અને જાળી ઉપર નાખ્યો. નહિ જેવો ખડખડાટ થયો તથાપિ સાધુની સ્થિર આંખો ઊંચે ફરી અને પાછી તેને પૂર્વવત્ રાખીને તેણે કહ્યું :

'બંસરી ! તું સુરેશને ચાહે છે, ખરું ?'

'હા.'

'એને સ્વર્ગમાં તારી સાથે મોકલીએ તો કેવું ?'

'મને બહુ જ ગમે.'

'પાસે જ સંતાડી રાખેલી એક રિવૉલ્વર કોણ જાણે ક્યાંથી સાધુએ કાઢી અને બહુ જ ધીમેથી તેણે તે સ્ત્રીના હાથમાં મૂકી દીધી.

'લે ત્યારે; આ રિવૉલ્વર પેલી જાળીમાં તાકીને માર.'

હું એકદમ લેવાઈ ગયો. પેલી સ્ત્રીના હાથમાં રિવૉલ્વર આવી, પરંતુ તેણે જરા પણ હીલચાલ કરી નહિ. સાધુએ કહ્યું :

'શું કહું છું; મારી આજ્ઞા છે ! જાળી ભણી ફરીને તાક.'

અને પેલી યુવતી જાળી ભણી ફરી. તે બંસરી નહોતી એવી તત્કાળ મારી ખાતરી થઈ. તેણે રિવૉલ્વર જાળીમાં તાકી અને તે જ ક્ષણે હું મૃત્યુનો પડઘો સાંભળી રહ્યો.

## ૧૪

# મારો રક્ષક

*આકાશથી વર્ષાવતા છો*
*ખંજરો દુશ્મન બધા,*
*યાદી બનીને ઢાલ*
*ખેંચાઈ રહી છે આપની.*

**કલાપી**

મૃત્યુનો ડર નથી એ વાત જેટલી કહેવી સહેલી છે તેટલી અનુભવમાં સહેલી નથી એમ મને લાગ્યું. ચોવીસ કલાકમાં હું જિંદગી માટે તદ્દન બેકાર બની ગયો હતો અને મૃત્યુ સાથે આથડી પડવાનો છું એમ ધારી અત્યંત નિર્ભય બની ગયો હતો. તથાપિ રિવૉલ્વરની નાની નળી મારી સામે ફરી અને તેમાંથી લાગલાગટ પાંચ-છ ગોળીઓ મારા તરફ એક ક્ષણ કરતાં પણ ઓછા સમયમાં નીકળી મને વીંધી નાખશે, એ ખ્યાલ આવતાં મારું લોહી ઊડી ગયું, મોં સુકાઈ ગયું અને મારો શ્વાસ વધારે વેગથી ચાલવા માંડ્યો. હું જરા પણ ડરકણ નથી; ભાગ્યે જ કોઈ ચીજ મને ભય ઉપજાવે છે. છતાં મૃત્યુને સામે આવેલું જોતાં મને જે લાગણી થઈ તે મારી બહાદુરીને શોભા આપે એવી તો નહોતી જ. ઉશ્કેરણીને આધારે અગર કોઈ ધ્યેયની ખાતર મરી જવું મુશ્કેલ નથી; પરંતુ સામાને મારી શકવાની અશક્તિ અને બચવાની પણ અશક્તિ એવી સ્થિતિમાં મૃત્યુ સહુને જ ભીરુ બનાવતું હશે કે મને જ, એ કોણ કહી શકશે ?

એક ક્ષણ કરતાં પણ ઓછા સમયનો સવાલ હતો. મારા હાથ જાળીને લાગેલા હતા તે તેમના તેમ જ રહ્યા. ભૂરા પ્રકાશમાં મારા હાથ સહુને બરાબર દેખાતા હોવા જોઈએ, માત્ર મારું મુખ દેખાતું હતું કે નહિ તે હું કહી શકું નહિ. હું જે સ્થિતિમાં હતો તે જ સ્થિતિમાં સ્થિર થઈ ગયો. તે ક્ષણે હું ન હાલી શક્યો, ન ચાલી શક્યો. અને એ ક્ષણ ! કેટલી લાંબી ? જાણે એક યુગથી હું મૃત્યુને નિહાળી રહ્યો હોઉં એમ મને લાગ્યું. મારું હૃદય કોઈ અકથ્ય મૂંઝવણ અનુભવતું હતું.

'કેટલી વાર ?' કર્મયોગીનો સત્તાદર્શક પ્રશ્ન મેં સાંભળ્યો.

'હાથ ઊપડતો નથી.' પેલી સ્ત્રીએ જવાબ આપ્યો.

'હવે આજ્ઞાનું ઉલ્લંઘન થશે તો તું જ વીંધાઈ જઈશ. જો, પાછળ જો.'

પેલી સ્ત્રીએ પાછળ સહજ જોયું; તેના કાન ઉપર રિવૉલ્વરની નળી તાકી એક માણસ ઊભો હતો. રિવૉલ્વર માર્યા સિવાય તેનું ચાલે એમ નથી એમ તેની ખાતરી થઈ. તેણે બીજી પાસ જોયું; ત્યાં પણ એવી જ રીતે રિવૉલ્વર તાકી. બીજો માણસ ઊભો હતો. મને લાગ્યું કે એ બીજો માણસ તે છેલ્લો અંદર આવીને ઊભેલો માણસ જ હતો. સ્ત્રીએ ફરી રિવૉલ્વર તાકી. હવે મારી છેલ્લી ઘડી ખરેખર આવી હતી એમ મેં માન્યું અને રિવૉલ્વર ફૂટી; મેં આંખો મીંચી દીધી. મને ગોળી વાગી અને હું શબ બની ઝાડ ઉપરથી જાણે પડ્યો જ એમ ધાર્યું ! એક, બે, ત્રણ, ચાર અવાજ થયા તે મેં ગણ્યા. પણ જરા રહીને મેં આંખ ઉઘાડી. મને હજી સુધી ગોળી વાગી નહોતી, અને હું જીવતો છું એવી મારી ખાતરી થઈ ! ઓરડાની અંદર ખૂબ ધમાધમી ચાલતી મેં સાંભળી. મેં દૃષ્ટિ અંદર ફેંકી. પણ પેલી સ્ત્રી એક ખૂણામાં કંપતી આંખે હાથ દબાવતી ઊભી હતી. કર્મયોગી અદૃશ્ય થઈ ગયા હતા. ત્રણ માણસો એક માણસની સાથે મારામારી કરતા મારા જોવામાં આવ્યા. પેલો છેલ્લો આવેલો મનુષ્ય બીજા ત્રણેની સામે બાથ ભીડી ઊભો હતો. બે માણસોએ તેને મજબૂતીથી ઝાલ્યો હતો છતાં તેણે ત્રીજો માણસનો હાથ પકડી, તેને આમળી નાખી, એ હાથમાં રહેલી રિવૉલ્વર નીચી નમાવી દીધી હતી. તેને બાઝેલા બંને માણસો તેને નીચે પાડવા ઘણું મથન કરી રહ્યા હતા, છતાં તેણે રિવૉલ્વર પકડનાર માણસના હાથને એવો ઝટકો આપ્યો કે રિવૉલ્વર તેના હાથમાંથી પડી ગઈ. પડતાં પડતાં રિવૉલ્વર ફૂટી, પરંતુ તેથી કોઈને ઈજા થઈ નહિ.

હાથને લાગેલા ઝટકાનું જોર એટલું બધું હતું કે રિવોલ્વર ઉપર જ પેલો માણસ ગબડી પડ્યો. બીજા માણસોએ પણ એટલું જોર કર્યું કે પેલા માણસને જમીન ઉપર ઢસડી પાડ્યો. નીચે પડ્યે પડ્યે કોણ જાણે તેણે શી કરામત કરી કે એ બંને મનુષ્યો તેના ઉપરથી ઊછળી ધબાકા સાથે જમીન ઉપર અથડાઈને પડ્યા. છૂટો થયેલો માણસ જેવો ઊભો થયો તેવા જ બીજા ચાર માણસ ઓરડામાં દાખલ થયા અને પેલા માણસને પકડી લેવા તેની સામે થવાનો દેખાવ કરવા લાગ્યા. એ માણસ તો જાણે ગમે તેટલા દુશ્મનો માટે તૈયાર થયો હોય એમ લાગ્યું. મને થયું કે આ કોઈ બહારનો માણસ છે; અંદરની કર્મયોગીની ટોળી સામે થવા માટે તે સજ્જ થયેલો છે; અને એણે જ સ્ત્રીએ તાકેલી અને મારેલી રિવૉલ્વર કોઈ પણ રીતે મારા તરફથી ફેરવાવી નાખી હોવી જોઈએ. પેલી સ્ત્રી પાસે મને વીંધાવી નાખવા ધમકી આપવા અર્થે સ્ત્રીની બંને બાજુએ રિવૉલ્વર લઈ ઊભેલા બે માણસોમાંનો

આ એક હતો. અને જેવી મારા તરફ ગોળી તાકી તેવો જ તેણે સ્ત્રીના હાથને ઝટકો મારી અગર બીજી રીતે રિવૉલ્વરનું નિશાન ફેરવી નાખ્યું હશે. મારો ખરો બચાવ કરનાર એ જ પુરુષ હતો. પ્રત્યેક ક્ષણે મોતની આશા રાખી બેઠેલા મને ઉગારનાર પુરુષને સાત માણસો સામે ઝૂઝવાનો પ્રસંગ આવ્યો. હું કેવી રીતે એને સહાય આપી શકું ?

ભોંય ઉપર પડેલા પુરુષો પાછા ઊભા થઈ ગયા હતા. તેમાંના બે માણસો તો પેલી સ્ત્રી પાસે જઈને ઊભા. બાકીના પાંચ માણસોએ પેલાને ઘેર્યો. તેણે મુખ ઉપરથી લૂગડું હવે ખસેડી નાખ્યું હતું, પરંતુ તેનું મુખ મારાથી પૂરું દેખી શકાય એમ નહોતું. તેણે જરા પણ અસ્વસ્થતા દેખાડી નહિ. સાતે માણસોને તે પૂરો પડશે એવી તેના મનમાં જાણે ખાતરી હોય એમ તે નિર્ભય ઊભો હતો.

મને મારા ખિસ્સામાં રહેલી રિવૉલ્વર યાદ આવી, જાળી ઉપરથી એક હાથે ખસેડી મેં ખિસ્સામાંથી રિવૉલ્વર કાઢી અને જાળી અંદરથી તેની નાળ બહાર કાઢી. ઘેરી વળેલા પાંચ માણસોમાંથી બે જણ ઝડપથી ધસ્યા. મેં બૂમ પાડી :

'ખબરદાર !'

સૌ કોઈ જાળી ભણી જોવા લાગ્યા. મારું મુખ તો દેખાતું જ નહોતું, છતાં તાકીતાકીને સૌએ મારા તરફ જોવા માંડ્યું. એકાએક કોઈ માણસ ધસીને મારા બચાવનાર ઉપર તૂટી પડ્યો, પરંતુ તે સાવધ હતો. તેણે એવો જબરજસ્ત હડસેલો તેને માર્યો કે તે પાંચછ ડગલાં દૂર જઈને પડ્યો. ફરી બધા તેની તરફ ધસવા લાગ્યા. હું મોટેથી બોલી ઊઠ્યો :

'હવે એક ડગલું પણ જો કોઈ આગળ વધશે તો તે માર્યો જ સમજવો.'

સૌ સ્થિર ઊભા, અને પાછા મારા ભણી જોવા લાગ્યા. મને લાગ્યું કે ભૂરા પ્રકાશમાં જાળીમાંથી બેત્રણ આંગળ બહાર પડતું રિવોલ્વરનું નાળચું ભાગ્યે જ કોઈને દેખાતું હશે. એટલે ફરી એક માણસ આગળ આવવા લાગ્યો. મેં કહ્યું :

'હરામખોર ! હજી સમજ પડતી નથી, ખરું ? મારા નિશાનમાં તમે બધા છો એ ભૂલશો નહિ.'

બે જણ હસ્યા. એક જણે કહ્યું :

'ખોટું ડરાવે છે.'

'તું હાથ કે પગ લંબાવ એટલે ખબર પડશે.'

પેલા માણસે કમનસીબે હિંમત કરી અને એક પગ આગળ મૂક્યો.

તત્કાળ મેં એક ગોળી છોડી. અવાજ થતાં જ પેલો માણસ જમીન ઉપર બેસી ગયો. મને લાગ્યું કે ગોળી આબાદ તેના પગમાંથી પસાર થઈ ગઈ. કોઈને પણ મારવાનો એક વખત પ્રસંગ પડતાં એ કાર્યમાં મજા પડે છે; શિકારીઓને સંખ્યાબંધ પ્રાણીઓનો વધ કરવામાં કેમ રસ પડતો હશે તેની મને ઝાંખી થઈ. મનુષ્ય સ્વભાવે હિંસક પ્રાણી છે એમ મને લાગ્યું. પેલા માણસને પડતો જોઈ મને કાર્ય સફળતાનો આનંદ થયો. ગર્વથી હું બોલી ઊઠ્યો :

'કેમ ? બીજા કોઈને હિંમત કરવી છે ? 'કોઈએ જવાબ આપ્યો નહિ. સઘળી બાજી જાણે મારા જ હાથમાં ન હોય એમ વિજેતાની ભૂમિકાનો અનુભવ કરવા લાગ્યો અને વધારે બોલ્યો :

'આ તો માત્ર પગમાં જ ઘા કર્યો છે, પણ હવે ખસનારને હું જાનથી મારીશ.'

થોડી ક્ષણ મેં રાહ જોઈ. કોઈ ખસ્યું નહિ. મારી ધમકીની બરાબર અસર થઈ હોય એમ મને લાગ્યું. મેં કહ્યું :

'હવે બધા જ આ ઓરડામાંથી બહાર નીકળી જાઓ.... એકએક ! હાં, એમ.'

બારણાની બાજુનો માણસ પહેલો ચાલ્યો અને બારણું ઉઘાડી બહાર નીકળી ગયો. પછી બીજો, ત્રીજો એમ ધીમે ધીમે સઘળા માણસો બહાર નીકળી ગયા. માત્ર ઘાયલ થયેલા મનુષ્યથી ઝડપથી ખસાય એમ નહોતું. પરંતુ તેની મુશ્કેલીમાં મને મજા પડવા લાગી હતી. દુશ્મનનું દુઃખ જોઈ રાજી થવાની અધમ વૃત્તિ કેમ જાગૃત થાય છે અને કેમ વિકાસ પામે છે તેનો હું પદાર્થપાઠ રજૂ કરતો હતો. તેણે લાચારીથી બારી પાસે જોયું. હું સમજ્યો કે તેનાથી ખસાતું નહોતું તેથી મારી દયા માગી તે ત્યાં જ પડી રહેવા માગે છે. પરંતુ દુશ્મન ઉપર દયા કરવી એ લગભગ અશક્ય છે.

'કેમ તું હજી ખસતો નથી કે ?' મેં એ ઘાયલ થયેલા પુરુષને કહ્યું.

'મને પગે વાગ્યું છે.' તેણે જરા નરમાશથી કહ્યું.

'પગે વાગ્યું હોય તો હાથે ચાલ.' મેં તેને હુકમ કર્યો. પોતાની દયા ઉપર જીવનારને આપણે ગમે તેવા અશક્ય હુકમો આપીએ છીએ.

પેલો બચાવનાર પુરુષ હવે નીચો વળ્યો, અને ઘાયલ થયેલા પુરુષને પગે હાથ ફેરવવા લાગ્યો. તેના પગમાંથી લોહી નીકળતું હતું. તેણે ખિસ્સામાંથી એક રૂમાલ કાઢી ઘાયલ થયેલા પુરુષને પગે પાટો બાંધ્યો. ઘાયલ થયેલો પુરુષ આભારની દૃષ્ટિએ પોતાના સામાવળિયા તરફ જોઈ

રહ્યો હતો. સમય જતો જોઈ મેં ફરી બૂમ મારી :

'કેટલી વાર કરે છે ? ચાલ, અહીંથી બહાર જા; નહિ તો...'

એટલામાં પેલા પુરુષે ઘાયલ પુરુષને ઊંચક્યો અને બારણા બહાર તેને મૂકી દીધો. અત્યાર સુધી તેનું મુખ મને દેખાતું નહોતું. હવે બારણા ભણીથી પાછો ફરતા મને તેનું મુખ દેખાયું. મને થયું કે હું આને ઓળખું છું. પણ એટલામાં તો તેણે મુખને એવી રીતે ફેરવી નાખ્યું કે એક થાંભલાના પડછાયાની અંદર તે આવી ગયો.

મને આશ્ચર્ય લાગ્યું. તેને મારવા આવેલા પુરુષને ઘાયલ કરી મેં તેનું રક્ષણ કર્યું હતું, કારણ પ્રથમ તેણે જ મારું રક્ષણ કર્યું હતું એમ મારી માન્યતા હતી. હવે એ પોતાના દુશ્મનને જ પાટો બાંધી તેને દુઃખ ન થાય એ અર્થે ઊંચકી બારણાની બહાર મૂકી દે છે એ બહુ નવાઈ જેવું લાગ્યું. એ કોના પક્ષનો માણસ હોવો જોઈએ ? પેલી સ્ત્રીએ રિવૉલ્વર મને મારી અને આંખ મીંચી તે વખતે એણે નહિ તો કોણે તે સ્ત્રીનો હાથ ફેરવી નાખ્યો હશે ? જો તેણે ન ફેરવ્યો હોય તો ઓરડામાં બધા મનુષ્યો તેની સામે શા માટે થયા ? અને જો તેણે મને બચાવી આ બધાનો કોપ વહોરી લીધો હતો તો પછી તેના સામાવળિયામાંથી એક ઘાયલ થયેલા સાથે આટલું બધું કાળજીભર્યું વર્તન શા માટે રાખે ?

હું ખરેખર વિચારમાં પડ્યો, આ પુરુષને પણ અહીંથી રિવૉલ્વરનો ડર બતાવી હાંકી કાઢવો કે તેને ઓરડામાં જ રાખી તેની સાથે વાતો કરી માહિતી મેળવવી તેનો હું ક્ષણભર વિચાર કરવા લાગ્યો. એટલામાં મેં મારા નામનું સંબોધન સાંભળ્યું :

'સુરેશ !'

હું ખરેખર ચમક્યો. આ સ્થળે મને આ પ્રમાણે ઓળખીને બોલાવનાર કોણ હતો ? ઓરડામાંથી જ અવાજ આવ્યો હતો. મેં ચારે પાસ જોયું. પેલો પુરુષ અને સ્ત્રી એ બે જ ઓરડામાં ઊભેલાં હતાં. ફરી મેં અવાજ સાંભળ્યો :

'સુરેશ ! હું જાઉં કે રહું ?'

મારો પરિચિત અવાજ ! જ્યોતીન્દ્રનો અવાજ ! તો શું મને બચાવનાર જ્યોતીન્દ્ર હતો ?

'કોણ જ્યોતીન્દ્ર ? તું અહીં છે ?'

'હાસ્તો.' થાંભલાના પડછાયામાં મને બચાવનાર પુરુષે બહાર નીકળી કહ્યું. મારી સામે હવે તેનું મુખ પૂરેપૂરું દૃષ્ટિમાં આવ્યું. ખરે, એ જ્યોતીન્દ્રનું જ મુખ હતું !

# ૧૫

## અંધકારમાં અજાયબી

*પડીઆ અનંતના અંતરા*
*અહો જોગી રે !*
*વચ્ચે ઊતરિયાં આકાશ,*
*અમર ! ઉર ભોગી રે !*

**ન્હાનાલાલ**

જ્યોતીન્દ્રને આ સ્થળે જોઈ ખરેખર મને નવાઈ લાગી. પહેલી રાતે તો પેલા બંગલામાં અમે ભેગા હતા. અત્યારે અહીં પણ તેની હાજરી આવા સંજોગોમાં હતી જ. મારે ભૂલવું ન જોઈએ કે તેણે જ મને અત્યારે બચાવ્યો હતો. મને ઘણી વખત તેના વર્તન માટે સંશય થઈ આવ્યો હતો. અને તે ખરેખર મારી સહાય અર્થે તજવીજ કરતો હતો કે મને ફસાવવાં, તેની મને પૂરી સમજ પડતી નહોતી. તે મારો જૂના વખતનો એકનો એક અંગત મિત્ર હતો જ. પરંતુ ઘણી વખત એણે એવી ગૂંચવણ ભરેલી ભાષા વાપરી હતી અને એવી કઢંગી સ્થિતિ ઉત્પન્ન કરી હતી કે મને શક લેવાને કારણ મળે. છતાં તેના તરફનો મારો ભાવ ઓછો થઈ શક્યો નહિ, અને આ ભયંકર સ્થળે તેને ઊભેલો જોઈ મને લાગણી થઈ આવી. મેં પૂછ્યું :

'તું ક્યાંથી ?'

'તારી આગળ કે તારી પાછળ હું છું જ એમ માનજે.'

'એટલે ?'

'તેનો અર્થ તને ફાવે તેવો કર.'

'અહીં પણ મારી આગળ તું આવ્યો ?'

'હું ગમે તેમ આવ્યો. પણ જો, તારાથી બને તો તું હવે નાસી જા.'

'શા માટે ?'

'પોલીસ તને પકડવા ફરે છે; હવે તને જરૂર પકડશે.'

'પોલીસ કમિશનરે મને છૂટો કરવા ટેલિફોનમાં હુકમ આપ્યો હતો ને ?'

'પોલીસને ફરતાં કાંઈ વાર લાગે એમ છે ?'

'પણ હું ક્યાં નાસી જાઉં ?'

'આ સ્થળથી બહાર અને આ ગામથી બહાર.'

'તું અહીં શું કરીશ ?' મેં પૂછ્યું. આવા સ્થળમાં તને એકલો છોડી હું નાસું એ મને ઠીક લાગ્યું નહિ.

'તેની તારે શી પરવા ? હું કહું તેમ કર. નહિ તો તું મુશ્કેલી વધારી મૂકીશ.'

'હું તને એકલો છોડીને જાઉં એ બને એમ નથી.'

'તારાથી અહીં રહીને પણ કશું બને એમ નથી.'

'કારણ ? હમણાં જ મેં પેલા લોકોને બહાર કાઢ્યા.' ઘડી પહેલાં રિવૉલ્વરનો ભય બતાવી જ્યોતીન્દ્રની સામે થનાર બદમાશોને ઓરડાની બહાર મોકલી દીધાની બહાદુરીનો મેં ઉલ્લેખ કર્યો.

'એ તેં ઠીક કર્યું; જોકે તું ન હોત તોપણ એટલા માણસોને તો હું સહેજમાં હઠાવત. ખરી મુશ્કેલી હવે જ છે.'

'એ ખરી મુશ્કેલીમાં હું તને એકલો મૂકી ચાલ્યો જાઉં; ખરું ?'

'હવે તું લાંબી વાત જવા દે, અને ક્ષણ પણ ગુમાવ્યા વિના અહીંથી ચાલ્યો જા.'

'પેલી સ્ત્રી કોણ છે ?'

'હું શું કહું છું ? એ કુંજલતા છે. હવે બીજું કાંઈ પૂછીશ નહિ.'

'શું ?' એકદમ આશ્ચર્યથી ચમકી મેં પૂછ્યું. એ મારું આશ્ચર્ય શમે નહિ તે પહેલાં તો એકાએક બધી બત્તીઓ બુઝાઈ ગઈ અને ઓરડામાં અંધારું ઘોર થઈ રહ્યું.

'મેં શું કહ્યું હતું ? મને એ જ ભીતિ હતી. મારી વીજળીબત્તી પણ લગભગ વપરાઈ ગઈ છે.' જ્યોતીન્દ્રનો અવાજ અંધકારમાંથી આવ્યો.

'તેનો ઉપયોગ કરી હવે નાસી જા.' મેં સલાહ આપી.

'હું તો આ ઓરડામાં પુરાઈ ગયો છું. નાસવાનો રસ્તો હવે મળે એમ નથી.'

'હું કાંઈ મદદ કરું, તું કહે તેવી રીતે.'

'મહેરબાની કરી તું અહીંથી ચાલ્યો જાય તો મને ઘણી મદદ મળે.' તેણે કહ્યું.

હું થોડી વાર બોલ્યા વગર બેસી રહ્યો. ઓરડામાં પણ અંધકાર અને શાંતિનો ફેલાવો હતો.

'જ્યોતિભાઈ ! સુરેશ ! તમે નાસી જાઓ. ફાવે ત્યાં જાઓ. નહિ તો

રાક્ષસો...' કુંજલતાનો ઘાંટો સંભળાયો. તેનું વાક્ય પૂરું થયું નહિ અને તેના મુખ ઉપર કોઈનો હાથ દબાવાયો હોય એમ લાગ્યું. એક ક્ષણમાં કુંજલતા તરફની બાજુ શાંત પડી ગઈ. મને ભય લાગ્યો કે વખતે એ યુવતીને મારી નાખી હશે કે શું ? આ અંધકારમાં કશું પણ થઈ શકે એમ નહોતું. મને એક પણ રીતની સૂઝ પડી નહિ. અહીંથી જ્યોતીન્દ્રની સલાહ પ્રમાણે ચાલ્યો જાઉં તો મિત્રને છોડી ગયાનો દોષ લાગે; અહીં રહીને ઓરડાની બહાર એક ઝાડની ડાળી ઉપર બેસી નાની જાળી દ્વારા અંધકારમાં હું કશું કરી શકું એમ મને લાગ્યું નહિ. ગૂંચવણમાં થોડીક ક્ષણ હું બેસી રહ્યો. અંદર શાંતિ હતી; જ્યોતીન્દ્ર અગર બીજા કોઈનો કશો બોલ આવતો નહોતો, તેમ જ કોઈનો પગનો પણ અવાજ થતો નહોતો. કુંજલતાની માફક જ્યોતીન્દ્રને પણ બોલતો બંધ કરી દીધો હશે તો ? મારું હૃદય ધડક ધડક થવા લાગ્યું. એ મિત્ર જતાં મારે કોઈનો જ આશ્રય રહેશે નહિ એ હું જાણતો હતો. મિત્ર વગરના થવું એ શું તે હું અત્યારે સમજ્યો. મને થયું કે પોલીસ મને ભલે પકડે પણ હું તો તેમની પાસે જઈ આ ભેદી ઘરની અને જ્યોતીન્દ્રના અંદર પુરાયાની હકીકત બધી જાહેર કરી દઉં.

જાળી ઉપરથી મેં હાથ ખસેડ્યો અને ડાળીથી નીચે ઊતરતાં મેં જરા પગ લંબાવ્યો એવામાં ઓરડામાંથી જ્યોતીન્દ્રનો કડક, મેં કદી નહિ સાંભળેલો એવો સત્તાદર્શક અવાજ મારે કાને આવ્યો :

'બસ. એટલે જ દૂર રહો !'

તેના જવાબમાં ત્રણચાર માણસોના હાસ્ય સરખો અવાજ મને સંભળાયો.

'હસવાની હરકત નથી; એ આનંદ હું તમને લેવા દઉં છું. પરંતુ મારા તરફ આગળ ન આવશો.' જ્યોતીન્દ્ર ફરી બોલ્યા. ફરી બે માણસો તિરસ્કારભર્યું હસતા હોય એમ લાગ્યું. તેમના હાસ્યની વચમાં જ એક જણ બોલ્યો :

'તું અમને હસવાની પરવાનગી આપે છે, એમ ?'

'અલબત્ત ! હું જો તમને હસવા ન દઉં તો તમારે આ ઘડી રડવું પડશે.' જ્યોતીન્દ્રે કહ્યું.

'જા, જા હવે; પોલીસની જાસૂસી કરી ખા !'

'હવે તો તે પણ ક્યાં ? અહીંથી જીવતો છૂટશે ત્યારે ને ?' એટલું બોલતાં પાછા બધા હસવા લાગ્યા.

'જિવાડવાનું કે મારવાનું તમારા હાથમાં છે શું ? બિચારાં મગતરાં !

તમારાથી થાય શું ? ગણગણાટ કર્યે જાઓ !' જ્યોતીન્દ્ર બોલ્યો. અંધારામાં કોણ જાણે કેટલાયે માણસોની સામે તે આવી જબરજસ્ત હિંમત દર્શાવતો હતો ! મને સાનંદાશ્ચર્ય થયું.

'ચારે પાસેથી હવે તું ઘેરાયો છે. બોલ્યા કર. તું અમારી પાછળ પડ્યો છે એ અમારી જાણ બહાર નથી જ. પણ હવે જ તને ખબર પડશે.' કોઈકે જ્યોતીન્દ્રને ધમકી આપી. જ્યોતીન્દ્ર જરા હસ્યો અને બોલ્યો :

'તમને ખબર તો છે કે હું ગોળી બરાબર તાકી શકું છું.'

મને નવાઈ લાગી. કદી હથિયાર ન પકડનાર, અહિંસાના સિદ્ધાંતનો ઘડી ઘડી બોધ કરનાર જ્યોતીન્દ્ર ગોળીની ધમકી કેમ આપતો હશે ? નાનપણમાં તેની નિશાન તાકવાની શક્તિ અદ્‌ભુત ગણાતી હતી તે હું જાણતો હતો; પરંતુ પાછલા ભાગમાં મેં તેને હથિયારબંધ કદી જોયો નહોતો.

'અંધારામાં શું ધૂળ તાકવાનો છે ?' એક જણે તિરસ્કારથી કહ્યું.

'તમે બધા એવા ભસનારા ભેગા થયા છો કે તમને મારવા એ જરા પણ મુશ્કેલ નથી. તમે કેટલા જણ છો તે કહું ? તમે મારાથી કેટલાં ડગલાં દૂર છો તે જણાવું ?' જ્યોતીન્દ્રે પૂછ્યું.

બધા એકાએક શાંત પડી ગયા. જ્યોતીન્દ્રની ગોળી મારવાની શક્તિ સહુએ જાણે સ્વીકારી હોય એમ લાગ્યું. થોડી વાર સુધી સહુ શાંત રહ્યા. જરા રહી જ્યોતીન્દ્ર બોલી ઊઠ્યો :

'કેમ ? કેમ ? તમારામાંથી ત્રીજો માણસ કેમ આગળ ડગલું ભરે છે?...પહેલો માણસ હાથ હલાવે છે, ખરું ? મારી સાથે જરાપણ ચાલાકી નહિ ચાલે. હું અંધારામાં પણ તમને દેખી શકું !...એમ. બધા હાલ્યા-ચાલ્યા વગર ઊભા રહો. મારા બંને હાથમાં પિસ્તોલ છે, અને કોઈ સહજ પણ હાલશો તો તત્કાળ માર્યા જશો !'

મને જ્યોતીન્દ્ર એક અદ્‌ભુત પુરુષ લાગ્યો. આવા અંધકારમાં કયો માણસ હાલે છે અને ક્યો માણસ કેટલાં ડગલાં ભરે છે, એ કહેવું એ મને તો અશક્ય જ લાગતું હતું; છતાં જ્યોતીન્દ્ર જાણે અંધારામાં નિહાળતો હોય એમ વાતો કરતો. સામા માણસોની ઝીણામાં ઝીણી હીલચાલ તેની દૃષ્ટિ આગળ ખુલ્લી થઈ જતી હોય એમ મને લાગ્યું.

'જુઓ. કુંજલતાને અહીંથી લઈ ગયા એ ઠીક કર્યું.'

એક જણ હસ્યો; એક જણે દાંત પીસ્યા. હસનારું માણસે કહ્યું :

'ખોટી વાત; તું જુઠ્ઠો ડરાવે છે ! કુંચલતા તો આ રહી.'

'આના કરતાં વધારે અંધકારવાળી જગાઓમાં હું ફર્યો છું અને તમારા કરતાં વધારે ભયંકર માણસો સાથે મેં બાથ ભીડી છે. એટલે જરા પણ સમજાવશો નહિ. કુંજલતા અહીં છે જ નહિ. એને તો ક્યારના તમે લોકો બહાર ઘસડી ગયા છો. મેં એને જવા પણ દીધી. છતાં તમે મને ખોટો પાડવા માગો છો; હરકત નહિ. તમારું કહેવું ખરું માનું છું અને કુંજલતાની જોડમાં ઊભેલા માણસને હાલ જ હું વીંધી નાખું છું.' જ્યોતીન્દ્ર બોલ્યો.

ઓરડામાં પગ ખસવાનો અવાજ આવ્યો. બધા જાણે ગભરાઈને જરા જરા આઘા ખસતા હોય એમ લાગ્યું. દરેકને ગોળી પોતાને વાગશે એવો ડર લાગ્યો.

'કેમ ? બધા ગભરાઓ છો ? હા હા હા ! બેવકૂફો ! તમને ખબર નથી કે બૈરાંનો પગ એકદમ પરખાઈ આવે છે ? ક્યાં છે કુંજલતા ! પેલા હસનાર ગૃહસ્થનું મોં તો જુઓ ! બસ ? લોહી ઊડી ગયું ? નહિ. આંખો નહિ મીંચો. હું તમને ચેતવણી આપ્યા સિવાય મારવાનો નથી. બોલો, પહેલો કોણ તૈયાર થાય છે ?' જ્યોતીન્દ્રે પૂછ્યું.

ભર અંધારામાં ચાલતું આ નાટક જ્યોતીન્દ્રની વાણીને લઈને જાણે હું નજરે જોતો હોઉં એમ લાગ્યું.

'કેમ, તૈયારી કરી નહિ ? ચાલો, આગળ આવો... તમારા ખિસ્સામાં ઘડિયાળ છે, ખરું ? ના ના; તારું હૃદય ધબકે છે. કેમ, મેં કેવી રીતે જાણ્યું? એ ધબકારો હું અહીંથી સાંભળી શકું છું. બસ, હવે ત્રીજા ક્રમવાળાને તૈયાર રહેવા જણાવું છું. એક...બે...'

દીવાનો પ્રકાશ એકાએક થઈ ગયો; કર્મયોગીએ પ્રવેશ કર્યો. કર્મ-યોગી અને જ્યોતીન્દ્ર બંને સામેસામે આવીને ઊભા. કર્મયોગીની આંખ-માંથી ઝેર વરસતું દેખાયું. જ્યોતીન્દ્ર હસ્યો :

'ગુરુ મહારાજ ! નમસ્કાર.'

'સદાય નમસ્કાર કરતો જ હું તને રાખીશ.'

'સંતપુરુષોને નમસ્કાર કરવામાં ક્યાં નાનમ છે ?'

એવામાં મારી નીચેથી ટોર્ચનો પ્રકાશ મારા ઉપર પડ્યો. એક જણ નીચેથી બોલી ઊઠ્યો :

'અહીં જ છે.'

મેં જોયું કે પોલીસના માણસો આવી રહ્યા છે, કારણ કે તેણે આટલું બોલી પોલીસના જેવી સિસોટી વગાડી.

# ૧૬

# જ્યોતીન્દ્રની છેલ્લી ક્ષણ

*હતું મૃત્યુ મીઠું*
*રુદન વળી વહાલું કયમ થયું ?*
*હશે શું નિર્માયું ?*
*રુદન કરવું બાલક સમું ?*

**કલાપી**

બહારથી પોલીસના માણસો આવ્યા તેમાંથી કેટલાકે ફાનસો સળગાવ્યાં. મને બત્તીથી ઓળખનાર હિંમતસિંગ હતો. આ કડક અમલદાર ફરીથી શા માટે મારી પાછળ પડ્યો હતો તે મને સમજાયું નહિ. અંદરથી જ્યોતીન્દ્રે કહ્યું :

'મારું કહેવું તેં સાંભળ્યું નહિ, અને તું અહીંનો અહીં જ બેસી રહ્યો, ખરું ? હવે પોલીસને તાબે થયા વગર તારો છૂટકો નથી.'

મને પાછો જ્યોતીન્દ્રને માટે શક ઉત્પન્ન થયો. મારી પાછળ પોલીસને એણે જ બોલાવી હશે કે શું ? મેં તેને સ્પષ્ટતાથી પૂછ્યું :

'એટલે તેં જ પોલીસ મારી પાછળ મોકલી હતી કે શું ?'

તે મને જવાબ આપે તે પહેલાં તો ચારપાંચ માણસો તેની આસપાસ વીંટાઈ વળ્યા, અને તેને પકડી લીધો. કર્મયોગી દૂર રહ્યો રહ્યો આ બનાવ જોયા કરતો હતો.

'ક્યાં છે તારી પિસ્તોલ ?' એક જણે પૂછ્યું.

'આ રહી.' જ્યોતીન્દ્રે પોતાના બંને હાથ એ બધાની પકડમાંથી છોડાવી આગળ ધર્યા, અને ત્રણચાર માણસોને હાથના બળ વડે ગુલાંટ ખવરાવી દીધી.

મેં બૂમ મારી :

'એની પિસ્તોલ ગમે ત્યાં હશે, પણ મારી તો આ રહી ! જ્યોતીન્દ્રની સામે થશે તે જીવના જોખમમાં છે એમ જરૂર માનજો !' પણ હું ભૂલી ગયો કે પોલીસ મને પકડવાની તૈયારીમાં પડી છે. મેં ઉપર પ્રમાણે કહ્યું એટલે હિંમતસિંગ નીચેથી બોલી ઊઠ્યા :

'અરે, આ ગાંડો માણસ કોને અંદર મારે છે ? એ... મિ. સુરેશ ! તમારી પિસ્તોલ હોય તે પાછી ફેરવો, નહિ તો હું અહીંથી તમને વીંધી નાખીશ. તમને માણસ મારવાનો રોગ થયો હોય એમ લાગે છે.' ઘેલા ગણાવાનું બાકી રહી ગયું હતું તે પૂરું થયું, અને માણસ મારવાના રોગનો આરોપ સ્વપ્ને પણ ધાર્યો નહોતો તેની પોલીસને ખાતરી થઈ. મને રીસ તો ઘણી ચડી; મારી રિવૉલ્વર જાળીમાંથી કાઢી લઈ, હિંમતસિંગને મારી, મારા રોગની તેને ખાતરી કરાવવાની મને તીવ્ર ઇચ્છા થઈ આવી. કોણ જાણે શી રીતે જ્યોતીન્દ્ર મારી ઇચ્છા વાંચી ગયો. તેણે તત્કાળ કહ્યું :

'એ બેવકૂફ ! પાછો કોઈ પોલીસને મારીશ નહિ, હો ! તું વધારે મુશ્કેલી ઊભી કરતો ન જા. મારું કહ્યું માની પોલીસને તાબે થઈ જા.'

'પણ પછી તારું શું ?'

'મારે માટે ઊંચો જીવ ન કરવા મેં તને કહ્યું જ છે. હું આ કર્મયોગી મહારાજને તાબે થઈ જઈશ.'

એવામાં પાછળથી કોઈએ મારો પિસ્તોલવાળો હાથ ઝાલ્યો. હાથ એવો મજબૂતીથી ઝાલ્યો કે હું આશ્ચર્ય પામી પાછું જોવા લાગ્યો. પ્રાતઃકાળ થવા આવ્યો હતો. અંધારું આછું થતું જતું હતું અને કોઈ ન સમજાય એવો ઝાંખો અસ્પષ્ટ પ્રકાશ ફેલાવા માંડ્યો હતો. પાછળ જોતાં એક પોલીસનો માણસ મને તથા મારા હાથને મજબૂતીથી પકડી ડાળી ઉપર બેઠો હતો. મારાથી જોર થાય એવું નહોતું; કાં તો હું કે કાં તો પોલીસ નીચે જમીન ઉપર પડીએ એવી સ્થિતિ હતી. પોલીસે મને જે બળથી ઝાલ્યો હતો તે બળનો વિચાર કરતાં તેનાથી સહજ છૂટા થવાય એમ નહોતું.

મેં તેને કહ્યું :

'તમે મને પકડ્યો તેની હરકત નહિ. હું તો તમારે તાબે છું જ; પણ તમે જરા અંદર જુઓ, જ્યોતીન્દ્રની સામે કેટલા માણસો થયા છે તે જાણો છો ?'

હિંમતસિંગે નીચેથી પોલીસના માણસને બૂમ મારી કહ્યું :

'એની કશી વાત ગણકારશો નહિ. જરા પણ છોડશો તો તમને મારી નાખશે. મેં બીજો માણસ તમારી મદદે મોકલ્યો છે.

દરમિયાન બીજી ડાળી ઉપરથી બીજો માણસ ઊતરી આવી મારી નજીકની ડાળી ઉપર બેઠો.

મેં જાળીમાં જોયું તો બીજા બધા માણસો પસાર થઈ ગયેલા જણાયા; માત્ર જ્યોતીન્દ્ર અને કર્મયોગી એ બે જ સામસામે ઊભા હતા. કર્મયોગીએ

પોતાનું સ્થળ છોડ્યું જ નહોતું. પ્રથમ પ્રવેશ વખતે તે જ્યાં ઊભો હતો ત્યાં ને ત્યાં જ તે હજી ઊભો હતો.

મેં હિંમતસિંગને કહ્યું :

'હિંમતસિંગ ! તમને મારી રિવૉલ્વરનો ડર રહેતો હોય તો જુઓ આ મેં નીચે ફેંકી.' એમ કહી મારા પકડાયલા હાથમાંથી રિવૉલ્વર મેં જમીન ઉપર ફેંકી દીધી. 'હવે મને પકડવા કરતાં અંદર જ્યોતીન્દ્ર છે તેને બચાવવા તરફ લક્ષ રાખો. એ આ ભયંકર મકાનમાં એકલો જ છે.'

'હું જ્યોતીન્દ્રને ઓળખું છું. પોલીસ કમિશનરનું નામ ખોટું દઈ, ટેલિફોનમાં ખોટો હુકમ આપી, એમણે જ તમને મારે કબજેથી છોડાવ્યા હતા. હવે તમે પકડાયા છો એટલે તમને છોડવાના નથી, અને બીજી બાબતોમાં ધ્યાન પણ મારે આપવું નથી. જ્યોતીન્દ્ર એનું ફોડી લેશે.' હિંમતસિંગે કહ્યું.

એવામાં કર્મયોગી ઊભો હતો તે સ્થળ જાણે નીચે જતું હોય એમ લાગ્યું. જોતજોતામાં કર્મયોગી નીચે ઊતરતો અદૃશ્ય થઈ ગયો, અને આખી ઓરડીમાં જ્યોતીન્દ્ર એકલો જ રહ્યો. તેણે જરા થડકતા અવાજે કહ્યું :

'જો, સુરેશ ! મેં તને નાસી જવા કહ્યું હતું તે જ વખતે તું નાસી ગયો હોત તો આ પોલીસ તને પકડવામાં ન રોકાતાં આ મકાનમાં મારી સહાયે આવત. હજી પણ તું વાર ન કરીશ. જા, મને એકલો રહેવા દઈ મારા બચવાનો પ્રયત્ન કરવા દે.'

'અરે; પણ આ તો આખો માળ ઊંચો ચઢતો લાગે છે !' હું પોકારી ઊઠ્યો.

ખરે, જે જમીન ઉપર જ્યોતીન્દ્ર ઊભો હતો તે ઊંચે ને ઊંચે ચઢતી લાગી. આખા માળા સાથે જ્યોતીન્દ્ર પણ ઊંચકાયે જતો હતો. છતની સાથે કચરાઈ તે છેવટે મરી જશે કે શું ? મને ભય લાગ્યો. હું એકદમ થથરી ઊઠ્યો. આમ ઘાતકી રીતે જ્યોતીન્દ્રનું મૃત્યુ થાય અને હું બહારથી કાંઈ પણ કરી શકું નહિ એ મારી સ્થિતિની મૂંઝવણ મને અસહ્ય થઈ પડી. શું કરું ? કોને બોલાવું ? જ્યોતીન્દ્રને કેમ બચાવું ?

'જ્યોતીન્દ્ર, જ્યોતીન્દ્ર ! હું શું કરું ?' મારાથી બોલાઈ ગયું. જોતજોતામાં તો માળ અડધો ઊંચકાઈ ગયો હતો. જ્યોતીન્દ્રનું મસ્તક હવે થોડા વખતમાં છતની સાથે અથડાશે એમ લાગ્યું.

જ્યોતીન્દ્રે જરા સ્મિત કર્યું; એ સ્મિત જરા ફિક્કું હતું એમ મને લાગ્યું.

કદાચ એને પણ મૃત્યુનું સામીપ્ય દેખાયું હશે, તે શાંત ઊભો હતો. ચારે પાસ ક્વચિત્ નજર ફેંકતો હતો. એમાંથી છૂટવાનો મને તેમ જ એને એક્કે માર્ગ જડતો ન હોય એમ લાગ્યું. હું ફરી બૂમ પાડી ઊઠ્યો :

'હિંમતસિંગ ! આ સ્થળે જ્યોતીન્દ્રનું ભયંકર રીતે ખૂન થાય છે. હું એક રૈયત તરીકે તમને જાહેર કરું છું કે આ મકાનની અંદર જઈ એ ઘાતકી પ્રસંગ તમારે અટકાવવો જોઈએ.'

મારી પાસે ઊભેલા સિપાઈએ મારું ગાંડપણ વધારે પ્રગટ થાય છે એમ ધારી મને વધારે જોરથી દાબ્યો.

હિંમતસિંગે બૂમ મારી, પરંતુ જ્યોતીન્દ્રને આમ છોડીને હું કેવી રીતે ખસી શકું તે મને સમજાયું નહિ. ઉપર ચઢ્યા જતા માળ ઉપર ઊભે ઊભે જ્યોતીન્દ્રે છત ઉપર હાથ ફેરવવા માંડ્યો. તેનું મસ્તક ખરેખર હવે છતને અડક્યું. જ્યોતીન્દ્ર જરા નીચો નમ્યો. આખો માળ જ્યાં ઊંચકાતો હતો ત્યાં ભીંતની બાજુમાં અગર બીજે કાંઈ પણ પોલાણ રહે એ અસંભવિત હતું. જે જમીન ઉપર તે ઊભો હતો તે જમીન પર ધીમે ધીમે તેણે પગ પછાડ્યા. નક્કર પાટિયાં ઉપર જ પગ પડતો હોય એવો અવાજ આવ્યો. મને પરિસ્થિતિ તદ્દન નિરાશાજનક લાગી. ઉપરની છત સાથે મળતાં પાટિયાં ચોંટી જશે અને જ્યોતીન્દ્ર કાંઈ પણ બચાવ વગર આપોઆપ કચરાઈ મળી જશે એવી મારી હવે ખાતરી થઈ. હું માનસિક વ્યથાથી ઘેલો બની ગયો. દુશ્મનને પણ આવી ઢબે કચરાઈ, રિબાઈ, બેહાલ મરતો જોવો એ અશક્ય છે, તો મારા પરમ મિત્રને આ રીતે મરતો જોવો એ અસહ્ય અને મને ઘેલો બનાવી દે એવું હતું.

મેં કહ્યું :

'તમને ફાવે તે કરો, હું નીચે નથી ઊતરતો. અંદર એક માણસ મરે છે એનું તમને ભાન છે ?'

'માણસ મારવાનો શોખ તમને છે, એટલે કોઈને મરતાં જોઈ તમને મજા પડતી લાગે છે.' હિંમતસિંગે કહ્યું.

'તમારે આમ બોલતાં શરમાવું જોઈએ.' મેં કહ્યું.

'પોલીસની સામે થતાં તમારે શરમાવું જોઈએ.'

'માણસને મરતો જોવા છતાં તેને બચાવે નહિ એ પોલીસ પોલીસના નામને લાયક નથી.'

'અમે તો કોઈનું ખૂન થતું જોતા નથી; તમને ભલા ખૂનનાં સ્વપ્નાં આવ્યાં કરે છે !'

'હું ઈચ્છું કે આ સ્વપ્ન હોય. ઓ હિંમતસિંગ ! તમારામાં જરા પણ માણસાઈનો ગુણ હોય તો તમે બધા જ આ ઘરની અંદર જાઓ. એક ભયંકર યંત્ર વચ્ચે જ્યોતીન્દ્રને કર્મયોગી કચરી નાખે છે !

મેં આજીજી કરી કહ્યું, પરંતુ મને ગાંડો ગણી કાઢેલો હોવાથી મારી વિનતિ તરફ તેમનું લક્ષ ગયું નહિ. ખૂનનો આરોપી, પોલીસના દેખતાં ગોળીબાર કરતાં પકડાયેલો અને તેમનાથી નાસી ભયંકર અંધકારમાં એક ઝાડની ડાળી ઉપર ટીંગાઈ, કોઈ ખાનગી ઘરની જાળીમાં ડોકિયાં કરી રિવૉલ્વર તાકી સહુને ધમકી આપનાર એક ગુનેગારને કોઈનું ખૂન વગર બૂમે થાય છે એમ કહે એ કોણ માને ? કદાચ આ સઘળું દૃશ્ય હું મારી નજરે જોતો હોત અને મને કોઈ આ પ્રમાણે કહેત તો હું જ એ વાત માનત કે કેમ એ પ્રશ્ન છે. હિંમતસિંગને તો જ્યોતીન્દ્રનું કર્મયોગી ખૂન કરે છે, એ વિચાર આવવો જ મુશ્કેલ હતો. એ નહોતો કર્મયોગીને જોતો કે નહોતો જોતો જ્યોતીન્દ્રને. અંદરથી બૂમ કે ધાંધળનો કશો અવાજ આવતો નહોતો. કાંઈ પણ સૂચના આપ્યા વગર જેમ નસીબ માનવીને ઘેરી લે છે, તેમ ચારેપાસથી દીવાલો સાથે ઊંચે ચડતો માળ પ્રત્યેક ક્ષણે છતની સાથે જ્યોતીન્દ્રને કચરી નાખવા વગર અવાજે ઊંચે ચઢ્યે જતો હતો. બહારના મનુષ્યો માત્ર મને જ જોતા હતા. હું જાળીને છોડી શકતો નહોતો. મને પકડીને બેઠેલો માણસ મારી પાછળ હોઈ તેનાથી જાળીમાં નજર નખાય એવી હતી જ નહિ; જે માણસ તેની સામે ડાળી ઉપર ચડી બેઠો હતો તે ડાળ બીજી હતી; એટલે મારા કથનને કોઈ મને એવી કોઈ પણ સ્થિતિ હતી જ નહિ. મારા ઉપર વધારે જોર વપરાય અને કદાચ હું નીચે પડું તો આરોપીને જીવતો પકડવાનું માન હિંમતસિંગ ખોઈ બેસે એટલે મને નીચે ઉતારવા અતિશય જોર થતું નહોતું; જોકે મને પકડવામાં પોલીસના માણસે ઓછું જોર વાપર્યું ન હતું.

છતની નીચે માળ વચ્ચેનું અંતર ઘણું જ ઓછું થઈ ગયું. જ્યોતીન્દ્ર નીચે બેસી ગયો. નીચે બેસી તેણે હાથ ઊંચો કર્યો, તે છતને અડક્યો. તેના મુખ ઉપર ફિક્કાશ લાગવા છતાં ગભરાટ જરા પણ દેખાતો નહોતો. તેની આંખ પ્રથમ જેવી જ સચેત અને જીવંત હતી. હું નિરાધાર પ્રેક્ષક તરીકે આ ક્રૂર પ્રસંગ નજરે જોતો હતો. એવામાં જ્યોતીન્દ્રે મને પૂછ્યું :

'સુરેશ ! તારી પાસે ધારવાળું કાંઈ હથિયાર છે ?'

મારી પાસે કશું જ હથિયાર નહોતું. મેં એ વાત તેને જણાવી એટલું જ નહિ પણ મારી પાસે ઊભેલા પોલીસને પણ મેં કહ્યું :

'જુઓ, સાંભળો.'

પરંતુ હુકમને તાબે થવાને ટેવાયલા પોલીસના માણસોને કંઈ પણ જોવાની કે સાંભળવાની જરૂર લાગી નહિ. જ્યોતીન્દ્રે કહ્યું :

'ચપ્પુ હશે તોપણ ચાલશે.'

મને લાગ્યું કે જ્યોતીન્દ્ર આપઘાત કરવા ધારે છે કે શું ? આવી સ્થિતિમાં મન નિર્બળ બને એ અશક્ય નહોતું. પરંતુ મારી પાસે ચપ્પુ પણ નહોતું. મેં કહ્યું :

'મારી પાસે તો કાંઈ જ નથી.'

'હશે. બચાવનું છેલ્લું સાધન કરી જોવું હતું.' આટલું જ માત્ર બોલી જ્યોતીન્દ્ર શાંત પડ્યો. તેનું માથું હવે બેઠે બેઠે છતને બરાબર અડકતું હતું; દસેક મિનિટમાં તે કચરાઈ જશે એવી મને ખાતરી થઈ ગઈ. અને કોઈ વિચિત્ર ઘેલછાનું બળ મારામાં પ્રગટી નીકળ્યું. એક પ્રબળ ઝટકો મારી મેં પેલા મજબૂત સિપાઈના હાથમાંથી મારો હાથ છોડવ્યો અને તેની કમરે લટકતા સંગીનને ઝડપથી મેં ખેંચી કાઢ્યું. પાસેની ડાળ ઉપર બેઠેલા બીજા પોલીસની છાતી સામે સંગીન ધરી તેને એક ક્ષણભરમાં ડરાવી તેનું પણ સંગીન બહાર કાઢી લીધું અને જાળીમાંથી મહામુસીબતે બે સંગીન અંદર ફેંક્યાં. જ્યોતીન્દ્રનું મસ્તક છતને હવે વધારે અડતું હોવાથી તે જરા આડો પડી સૂતો હતો. સંગીનનો અવાજ સાંભળી તેણે પાસું ફેરવ્યું. પરંતુ પોલીસના માણસોએ મને પાછળથી એવો બળપૂર્વક ઝંઝેડ્યો કે મેં મારું સમતોલપણું ખોઈ નાખ્યું, અને જાળી ઉપરથી હાથ ખસતાં ડાળી ઉપરથી હું નીચે પડ્યો !

# ૧૭

## કોનું ઘર?

*નથી બાગ-બગીચા તણા ઉતારા*
*દેતા સૌ કોઈ હાથ ઠગારા*
*નથી દિલ જ્યાંનાં કોઈ સહારા,*
*હે જી ! વિકટ આ ભવાટવીની વાટ.*

**રમણિક મહેતા**

ડાળી ઉપરથી હું નીચે પડ્યો એટલું જ માત્ર મને ભાન હતું; ત્યાર પછી શું થયું તેની મને ખબર રહી નહિ. જમીનથી એ ડાળી ઘણી ઊંચી હતી અને મને જ્યોતીન્દ્રની સ્થિતિ માટે એટલો બધો ગભરાટ હતો કે હું ડાળી ઉપરથી પડ્યો ન હોત તોપણ બેભાન થઈ જાત, અને છેવટે તો નીચે પડત જ. આટલી ઊંચાઈએથી કોઈ માણસ પડે અને જીવતો રહે એ માનવા સરખું ન હતું. હું જાગ્યો ત્યારે કોઈ નવી દુનિયામાં ગયો હોઉં એમ લાગ્યું. મૃત્યુ પછી માનવીનો સૂક્ષ્મ દેહ જાણે ભૂતકાળને એક સ્વપ્નની માફક અવલોકતો હોય તેમ મને મારે વિષે લાગ્યું. હું ક્યાં આવ્યો, એની પ્રથમ તો મને સમજ પડી નહિ. પરંતુ ધીમે ધીમે ભૂતકાળ આખો દૃષ્ટિ સમીપ ખડો થઈ ગયો.

એ ભૂતકાળ તરી આવવાનું પ્રથમ કારણ તો વ્રજમંગળાની હાજરી હતી. તેમને જોઈ મને એકદમ જ્યોતીન્દ્ર યાદ આવ્યો. મેં એકદમ પૂછ્યું :

'મંગળાબહેન ! જ્યોતીન્દ્ર ક્યાં ?'

'તમે સૂઈ રહો; હમણાં કશો વિચાર કરશો નહિ.' વ્રજમંગળાએ જવાબ આપ્યો.

'એની ખબર પહેલી આપો; નહિ તો મારાથી સૂઈ રહેવાશે નહિ.'

'કહું છું કે હમણાં પહેલાં દવા પી લો.'

'શાની દવા ? હું તો એને જ્યાં મૂકી આવ્યો છું ત્યાં જાઉં છું.' એમ કહી મેં બેઠા થવાનો પ્રયત્ન કર્યો, પરંતુ મારાથી બેસી શકાયું નહિ. કોઈ અથાગ અશક્તિ મારા અણુઅણુમાં વ્યાપી ગયેલી લાગી. મેં પૂછ્યું :

'હું ક્યાં છું ?'

'જ્યાં હું છું ત્યાં તમે છો !' વ્રજમંગળાએ કહ્યું.

'તમારા ઘરમાં છું ? ઘર જેવું લાગતું તો નથી.'

'તમને બોલવાની ડૉક્ટરે ના પાડી છે, માટે હમણાં કશું જ પૂછશો નહિ.'

હું શાંત પડ્યો. ખરેખર, મારાથી વધારે બોલાય એમ હતું જ નહિ. હું એક જાતની તંદ્રામાં આંખો મીંચી કેટલીક વાર પડી રહ્યો. થોડી વાર થઈ હશે અને મેં એક પુરુષનો અવાજ સાંભળ્યો. ધીમેથી તે બોલતો હતો :

'હવે કેમ છે ?'

'એક કલાક પહેલાં આંખ ઉઘાડી થોડીએક વાત કરી.' વ્રજમંગળાએ કહ્યું.

'વાત કરવા દેશો જ નહિ; એમાં બહુ જોખમ છે.'

'મેં તો તરત વાત બંધ કરાવી હતી.'

'કારણ શરીરના આઘાત કરતાં મન ઉપરનો આઘાત ઘણો ભારે છે. પહેલે દિવસે તો મને જિંદગી જ જોખમમાં લાગી હતી.'

'હવે તો બચશે ને ?' વ્રજમંગળાએ પૂછ્યું.

'માંદગીમાંથી તો બચશે પણ...'

મેં ફરી આંખ ઉઘાડી. યુરોપિયન પોશાકમાં સજ્જ થયેલા એક હિંદુગૃહસ્થ ઊભા ઊભા વ્રજમંગળા સાથે વાતો કરતા હતા. બંનેની આંખ મારા તરફ જ હતી. મારી આંખો ખૂલતી જોતાં બરોબર બંને જણ મારી પાસે આવ્યાં. મેં પેલા ગૃહસ્થને ઓળખ્યા નહિ, પરંતુ તેમના ખિસ્સામાંની રબરની ભૂંગળી જોઈ મેં ધાર્યું કે એ ડૉક્ટર હશે. તેમણે ડૉક્ટરની ઢબે હસતું મુખ રાખી મારો હાથ પકડ્યો અને નાડ જોવા માંડી; થોડી વાર ધબકારા ગણી પ્રસન્ન મુખ કરી તેઓ બોલ્યા :

'આજે ઘણું સારું છે. હવે વધારે વિચારમાં પડી જશો નહિ.'

મને એકદમ સમજાયું કે હું કોઈ દવાખાનાના ભાગમાં હોઈશ. મેં પૂછ્યું :

'પણ હું ક્યાં છું ?'

'તમને જણાવવા જેવી તમારી તબિયત થશે એટલે હું જણાવીશ.'

'અરે મહેરબાન ? હું તો તદ્દન ભાનમાં આવી ગયો છું. મને, બધી હકીકત એકદમ જણાવો, નહિ તો હું ઘેલો થઈ જઈશ.' મેં કહ્યું.

'તમે મારા દર્દી છો અને હું કહું તેમ કરવાને તમે બંધાયલા છો.' ડૉક્ટર સાહેબે મને ધમકાવ્યો. દર્દીઓને ધમકાવવાની જરૂર હશે એ હું

કબૂલ કરું છું, પરંતુ મોટે ભાગે દર્દીઓને ધમકાવવાની ડૉક્ટરોને ટેવ પડી ગયેલી હોય છે. એક, બે અને ત્રણ પ્રશ્નનો ઉત્તર આપતાં તો ડૉક્ટર સાહેબો કંટાળી જાય છે. અને દર્દીના શરીર અને મનની સ્થિતિ દર્દી કરતાં પણ વધારે સારી રીતે સમજી ગયા હોવાના ઘમંડમાં તેઓ એવું ઈચ્છે છે કે દર્દીઓ વાચા બંધ કરી મૂંગાં પ્રાણીઓ બની જાય તો સારું. જ્યારે કોઈ ડૉક્ટરને આ બાબત ફરિયાદ કરવામાં આવે છે ત્યારે તેઓ જાણે પોતાના કોઈ જન્મસિદ્ધ હક્ક ઉપર તરાપ વાગતી હોય એમ ધારી મુંબઈ કે શિકાગોના એકાદ ભારે સર્જનનું નામ આગળ કરી તેનું દૃષ્ટાંત આપે છે કે, 'ડૉક્ટર જો ગુસ્સે થાય તો દર્દીને છાતી ઉપર મુક્કો લગાવે એટલું જ નહિ, પણ સામે ઊભેલા મદદનીશ ડૉક્ટર અગર નર્સોને ઓજારો પણ છૂટાં મારે છે !' દર્દીઓની પીડા હરવાનું ધ્યેય રાખી બેઠેલા કોઈ સમર્થન સર્જનને દર્દીઓની છાતી ઉપર મુક્કા લગાવતો અને પોતાના કાર્યમાં સહાય આપતા નાના ડૉક્ટરો તથા નર્સોની ટોળી ઉપર ચારે પાસથી ઓજારો ફેંકી તેમની ફરજોનું તેમને ભાન કરાવતો કલ્પનામાં ખડો કર્યા પછી બીજા સામાન્ય ડૉક્ટર-વૈદની તોછડી વર્તણૂક દરેક દર્દી સહન કરવા બંધાયેલો છે. હું પણ તેવી જ વૃત્તિ ધારણ કરી જરા શાંત રહ્યો.

થોડીઘણી સૂચનાઓ આપ્યા પછી ડૉક્ટર ચાલ્યા ગયા; હું અને વ્રજમંગળા એકલાં પડ્યાં. મારી તેઓ એવી રીતે સારવાર કરતાં હતાં કે મને તેમને માટે આભારની લાગણી હતી તેના કરતાં સો ગણી વધી ગઈ. ડૉક્ટરની સૂચના પ્રમાણે મારે કાંઈ બોલવું નહોતું જોઈતું, છતાં જ્યોતીન્દ્રને માટે મને એટલો બધો ઊંચો જીવ રહ્યા કરતો હતો કે મારાથી વાત કર્યા સિવાય રહેવાયું નહિ.

'મંગળાબહેન ! હું ફરી પૂછું કે જ્યોતીન્દ્ર ક્યાં છે ?'

'તમને જરા પણ વાત કરવા દેવાની ડૉક્ટરે મના કરી છે.'

'મને માત્ર એટલો જવાબ આપો; પછી હું શાંત રહીશ.'

'એ ક્યાં છે તેની મને ખબર નથી.' જરા ઉદાસ મુખ કરી વ્રજમંગળાએ જવાબ આપ્યો.

'કેટલા દિવસથી ખબર નથી ?'

'ત્રણેક દિવસ થયા.'

'હું અહીં ક્યારે આવ્યો ?'

'ત્રણ દિવસથી.'

'મને અહીં કોણ લાવ્યું ?'

'પોલીસના માણસો લાવ્યા. પણ હવે તમે વધારે વાત કરશો નહિ.'

'તમે વાત કરવાની ના કહો છો. પરંતુ જ્યોતીન્દ્રને મેં છેલ્લો કઈ સ્થિતિમાં જોયો તે ખબર છે ?' મેં જરા ઉશ્કેરાઈને કહ્યું.

'ના, મને ખબર નથી. તે રાત્રે તમને ખોળવા તેઓ ગયા હતા એટલું જ હું જાણું છું.'

'પછી એ ઘેર આવ્યો જ નથી ?'

'ના.' વ્રજમંગળાના મુખ ઉપર ચિંતાનાં ચિહ્નો સ્પષ્ટ દેખાયાં. મને મારી ગંભીર સ્થિતિનો ખ્યાલ રહ્યો નહિ. મેં જરા રહીને વાત પછી ચાલુ કરી :

'તમે તપાસ કરાવી ?'

'શું કામ ? મને કહી ગયા હતા કે મારે ઊંચો જીવ કરવાનો નથી. એ તો ગમે ત્યાંથી આવશે.'

'અરે શું ગમે ત્યાંથી આવશે ! તમે પહેલાં કમિશનર સાહેબને ખબર આપો કે જ્યોતીન્દ્રનો પત્તો કાઢે.'

'એવું શું છે ?'

મેં તેમને પૂરી હકીકત કહી નહિ, પરંતુ મને કમકમી આવી. જ્યોતીન્દ્ર જરૂર એ યંત્રમય માળની છત સાથે કચરાઈ ખતમ થઈ ગયો હશે, અને તેના શબને ઓળખવાની પણ કોઈનામાં શક્તિ રહેશે નહિ એવી મારી ખાતરી થઈ. ત્રણ દિવસ સુધી તેનો પત્તો લાગ્યો નથી એ જ મારા ભયને ખરો પાડનાર પ્રસંગ હતો એમ મને લાગ્યું.

અને પેલાં બે સંગીન ? મેં પોલીસની પાસેથી ઝૂંટવી લઈને અંદર ફેંક્યાં હતાં તે ? મેં શું જોઈને એ તેના હાથમાં આપ્યાં ? મોતનું એક સાધન તો માથે ઝઝૂમતું હતું તેમાં મેં બીજાં સાધનોનો ઉમેરો કર્યો ! પરંતુ મેં જે કર્યું હતું તે એક રીતે ઠીક જ કર્યું હતું. કર્મયોગીના ભયંકર યંત્રની વચ્ચે કચરાઈ મરતા પહેલાં પોતાને હાથે જ મરવું એ શું વધારે સારું નહોતું ? દુશ્મનની તલવાર માથે ઝઝૂમી જ રહી હોય, એ તલવારનું નિવારણ કરવાનો એક્કે રસ્તો ન હોય, તેવે વખતે એ તલવારથી મરવા કરતાં પોતાને જ હાથે છાતીમાં છરો ભોંકી મરવું વધારે યોગ્ય નથી ? જ્યોતીન્દ્ર જેવા માની પુરુષે કચરાઈ મરતા પહેલા સંગીનથી આપઘાત કર્યો જ હશે !

ત્યારે શું જ્યોતીન્દ્રનો આમ અંત આવ્યો ? અને તે કોને માટે ? મારા સંરક્ષણ અર્થે ફરતાં તેનો જીવ ગયો. અને હું સ્વાર્થી જીવતો રહી તેની અજાણી પત્નીની સારવાર લઉં છું !

આવો વિચાર આવતાં મારા શરીરમાં વેગ ચાલવા માંડ્યો. હું બેઠો થવા ગયો, પરંતુ મારાથી બેસી શકાયું નહિ અને મારું આખું શરીર થરથર ધ્રૂજવા માંડ્યું. મેં બોલવાનો પ્રયત્ન કર્યો પરંતુ મારી જીભ ચોંટી ગઈ હોય એમ મારાથી એક પણ શબ્દ ઉચ્ચારી શકાયો નહિ. આંખો પણ ખેંચાઈ ગઈ હશે, કારણ મારાથી પોપચાં બંધ થતાં નહોતાં એમ પણ મને ભાસ થયો.

વ્રજમંગળાએ એકદમ દોડીને મારી આંખ ઉપર હાથ દબાવી દીધા. મારામાં પૂરેપૂરું ભાન હતું, પરંતુ મારા દેહ ઉપર મારો જરા પણ કાબૂ નહોતો. જબરજસ્ત માનવી આટલો બધો અશક્ત અને પરવશ બની જતો હશે ? કઠણમાં કઠણ પરિસ્થિતિમાં ઝાડની ડાળ ઉપર મુશ્કેલી ભરેલી ઢબે કલાકો સુધી બેસી રહેનાર અને પાંચછ માણસોને રિવૉલ્વરના ભયથી દૂર કરનાર પણ હું, અને તે પ્રસંગને ત્રીજે જ દિવસે મારા થરથરતા દેહનો એક કંપ પણ અટકાવી ન શકનાર તે પણ હું ! માનવીનું દેહસામર્થ્ય શા હિસાબમાં ? પોલીસ અને ઠગની ટોળી સામે જરા પણ ડર્યા વગર સામનો કરનાર હું આ મૃદુ સ્ત્રીના ઉપચાર વગર ખેંચાઈ ખેંચાઈ બેભાન બની કદાચ મૃત્યુ પણ પામ્યો હોત ! સામર્થ્યનું અભિમાન કોણ કરી શકે ?

એક માતાના વહાલથી વ્રજમંગળાએ મારી આંખો દબાવી અને જરા પણ સંકોચ વગર મારા થરથરતા દેહને પકડી રાખ્યો. થોડી વારે મારો થરથરાટ શાંત પડ્યો, મારી આંખો ખેંચાતી બંધ પડી અને નિયમિત રીતે મારી પાંપણો ઊઘડવા લાગી.

'હવે આંખો મીંચી જરા સૂઈ જાઓ.' વ્રજમંગળાએ કહ્યું. મારાથી બીજું કાંઈ થઈ શકે એમ હતું નહિ. મેં તેમના કહેવા પ્રમાણે આંખો મીંચી દીધી, પરંતુ મારું મન નિદ્રા સહી શકતું નહોતું. ઓરડામાં કોઈના પગનો સંચાર થતાં મેં મારી આંખો ઉઘાડી. ખાદીનાં કાળા પટ્ટાવાળાં કપડાં અને ટોપી પહેરેલો એક પુરુષ ઓરડામાં દાખલ થયો હતો અને એક નાના મેજ ઉપર કાંઈ વાસણમાં ઢાંકીને કશી ચીજ મૂકતો હતો. મને નવાઈ લાગી. આવા પોશાકવાળા માણસો તો મેં જોયા છે ! ક્યાં ?

'જરા દૂધ પીશો ?' વ્રજમંગળાએ મને પૂછ્યું.

હું બોલવા ગયો પણ મને ઘણી જ અશક્તિ લાગી. આંખના જ ભાવથી મેં દૂધ પીવાની હા કહી. એક બાળકને જેવી કાળજી અને વાત્સલ્યથી માતા ચમચી ચમચી દૂધ પાય તેવી કાળજી અને તેવા જ વાત્સલ્યથી વ્રજમંગળાએ મને ચમચી ભરી દૂધ પાવા માંડ્યું. દૂધ પીધા પછી મને જરા શક્તિ આવતી હોય એમ લાગ્યું. મને વ્રજમંગળા માટે

અત્યંત આભારની વૃત્તિ થઈ આવી. ફક્ત એક મિત્રની પત્ની ! શા માટે તેણે મારી આટલી કાળજી રાખવી જોઈએ ?

મેં કહ્યું : 'તમે ન હોત તો મારી કોણ કાળજી રાખત ?' આટલું બોલતાં મારી આંખમાં આંસુ આવ્યાં.

વ્રજમંગળાએ પોતાના લૂગડાના છેડા વડે આંસુ લૂછ્યાં અને કહ્યું : 'મને એ કહેતા ગયા હતા કે સુરેશભાઈની પહેલી કાળજી રાખવાની છે. એ ન હોય તોયે મારે તમને ખોળીને સંભાળવાના હતા, સમજ્યા ?'

પેલા ખાદીનાં વિચિત્ર કપડાંવાળા માણસનાં કપડાં ઉપર તાંબાનો એક કકડો મેં જોયો. તેના ઉપર કાંઈ અંક નાખેલો હતો. હું વિચારમાં પડ્યો. કાં તો દવાખાનામાં આવા પોશાક હોય !... અગર કેદખાનામાં ! અંક નાખેલો તાંબાનો કકડો તો કેદખાનામાં જ હોઈ શકે ! શું હું કેદખાનામાં હતો ?

# ૧૮

## માનસિક ઘેલછા

*નથી નથી મુજ તત્ત્વો*
*વિશ્વથી મેળ લેતાં;*
*હૃદય મમ ઘડાયું*
*અન્ય કો વિશ્વ માટે.*

**કલાપી**

હું ખરેખર કેદખાનામાં જ હતો એની મને પ્રતીતિ થઈ. કેદીનો પોશાક પહેરીને મારે સારુ દૂધ મૂકી જનારનો દેખાવ અને તેના નંબર ઉપરથી મને ઉત્પન્ન થયેલી શંકા બીજાં અનેક કારણોથી દૃઢ થઈ; અને છેવટે વ્રજમંગળાએ જ જણાવ્યું કે આ કેદખાનાનું દવાખાનું છે. એકબે દિવસ તો તેમણે મને જણાવ્યું નહિ; પરંતુ મેં એ પ્રમાણે ખાતરીથી માનવા માંડ્યું, એટલે તેમણે મારી થયેલી ખાતરીને પુષ્ટિ આપી.

આનો અર્થ એટલો જ કે મારી તબિયત સારી થાય એટલે મારા ઉપર પોલીસ કેસ ચલાવે, મને સાજો કરી ફાંસીને લાકડે લટકાવે ! તો પછી મને મારી બેશુદ્ધિમાં જ મરવા કેમ ન દીધો ?

પરંતુ સુધરેલી રાજ્યવ્યવસ્થા ગુનેગારને સુખે મરવા દેતી નથી. હું ડાળી ઉપરથી પડ્યો; એક પોલીસના માણસે વચ્ચે હાથ ધરી મારા વેગને નરમ પાડી દીધો ન હોત તો હું કદાચ જીવતો પણ રહ્યો ન હોત. પરંતુ તેની આ સહાયને લીધે હું બેભાન થઈને પણ જીવ્યો. પડવાથી મારું શરીર અશક્ત બની ગયું હતું; અને ચોવીસ કલાકની તીવ્ર માનસિક વેદનાએ મનને પણ બેભાન બનાવી દીધું હતું. મને ઊંચકીને પોલીસચોકી ઉપર લઈ જતાં મારી ગંભીર સ્થિતિનું ભાન હિંમતસિંહને થયું. હું આરોપી તો હતો જ; ભયંકર ગુનાનો મારે માથે આરોપ હતો; એટલે કાચા કામના કેદી તરીકે કેદખાનું તો મારે માટે ઠરેલું જ હતું પરંતુ હું વચમાં દર્દી બની ગયો એટલે કેદખાનાની સાથે સાથે જ રાખવામાં આવતા દવાખાનામાં મને દાખલ કરી દીધો, ડૉક્ટરને પણ મારી સ્થિતિ ગંભીર લાગી; તેમણે એ બિના હિંમતસિંગને જણાવી; હિંમતસિંગે કમિશનરને ખબર આપ્યા. તેઓ દવા-ખાને આવી મારી બેભાન સ્થિતિ જોઈ ગયા. જ્યોતીન્દ્રને મારે માટે ઘણી

જ લાગણી હતી અને તેને લીધે જ મને અત્યાર સુધી કમિશનરે છૂટો રહેવા દીધો હતો, એટલે તેમણે જ્યોતીન્દ્રને ટેલિફોન ઉપર બોલાવ્યો. પરંતુ એ તો અદૃશ્ય થઈ ગયો હતો. રાત્રે ગયા પછી એ પાછો ફર્યો જ નથી એવા તેનાં પત્નીએ ખબર આપ્યા એટલે કમિશનરે ખાસ કહ્યું કે મારી સંભાળ માટે કોઈ અંગનું માણસ મૂકવાની જરૂર છે. વ્રજમંગળાએ પોતે જ કેદખાનાના ઔષધાલયમાં આવવાનું કહ્યું અને પોલીસ કમિશનરે તેમને માટે સગવડ કરી આપી, તેમ જ મને એક સારામાં સારો ઓરડો આપ્યો.

હું ત્રણ દિવસ બેભાન રહ્યો ત્યાં સુધી વ્રજમંગળા સતત મારી પાસે જ રહ્યાં અને તેમની સારવારને પરિણામે હું જીવતો રહ્યો. ડૉક્ટરે ત્રણ દિવસ સુધી તો મારી આશા મૂકી જ દીધી હતી. પરંતુ જ્યારે મારામાં ભાન આવ્યું ત્યારે ડૉક્ટરોને અને વ્રજમંગળાને ખાતરી થઈ કે હવે મૃત્યુ પાછું હડસેલાયું છે. મને તેનો આનંદ જરા પણ થયો નહિ. જ્યોતીન્દ્રને પણ સપડાવનાર ભયંકર કર્મયોગીએ જ મને આ જાળમાં સપડાવ્યો હતો. બંસરીનું ખૂન કરનાર તરીકે હું જ પુરવાર થઈશ, અને પાછો જીવ્યો તો ફાંસીએ ટીંગાઈ મરીશ, એવી મારી હવે ખાતરી થઈ ગઈ. એ ખાતરી થતાં મારા સાજા થવાનો આનંદ ક્યાં રહી શકે ?

મને ન સમજાયું એટલું જ કે મારે માથે બંસરીના ખૂનનો આરોપ લાવવાનો હેતુ શો હશે ? મેં કોઈકનું એટલું બધું બૂરું કર્યું નહોતું કે જેથી મારે માથે દુશ્મનો ઊભા થાય. બંસરીએ કોઈને એવું કશું જ કારણ આપ્યું નહોતું કે જેથી કોઈ તેનું ખૂન કરવા ઉશ્કેરાય. મારી સાથે તેનું લગ્ન કરવાનું છે એ વાત લાંબા વખતથી જાણીતી થઈ ગયેલી હતી; લગ્નનો પ્રસંગ લંબાવવાનો આગ્રહ પણ મારો જ હતો. પછી આવી રીતે બંસરીનું ખૂન થાય જ શી રીતે ? અને કદાચ તેમ થયું તો તેમાં મારું નામ શા માટે આવે?

પહેલે દિવસે તો જ્યોતીન્દ્ર સાથે હતો; જ્યારે એ સાથે નહોતો ત્યારે શરીરમાં બળ હતું. પરંતુ હવે ? માથે આવેલા આરોપને ઘણી રીસ સાથે દૂર કરવા હું મથ્યો અને ચોવીસ કલાકના અનેક વિચિત્ર અનુભવો કરી, છેવટે અશક્ત બની હું કેદી થયો અને કેદીઓના દવાખાનામાં પડ્યો. મારું મન તદ્દન નરમ બની ગયું. શરીરમાં તો જોર હતું જ નહિ; એટલે માત્ર મારી આ સ્થિતિ થવાનાં કારણોની કલ્પના કર્યા કરી હું સમય ગાળતો. એક્કે વિચાર, એક્કે કલ્પના મારી ગૂંચવણનો સંતોષકારક ઉકેલ કરી શકતા નહિ.

હું રોજ જ્યોતીન્દ્રની ખબર પૂછતો પરંતુ જરા દિલગીરી બતાવી વ્રજમંગળા પોતાને કશી માહિતી ન હોવાનું જણાવતાં. મારી તો ખાતરી જ

થઈ ગઈ કે જ્યોતીન્દ્ર છત સાથે કચડાઈ ગયો છે. અને ખબર પૂછવાનું કારણ મુખ્ય તો એ જ કે મારી ભીતિ ખરી પડે છે એવો ભય રહ્યા જ કરતો. મને ભાન આવ્યા પછી મારી તંદુરસ્તી સારી રીતે સુધરતી ચાલી. પેલા ચીડિયા ડૉક્ટર સાહેબ પણ મારી સાથે જરા વાતો કરવા લાગ્યા હતા. હવે વ્રજમંગળા રાતદિવસ મારી પાસે રહેતાં નહોતાં; આખો દિવસ મારી સારવારમાં રહી રાત્રે તેઓ પોતાને ઘેર ચાલ્યાં જતાં. એકબે વખત પોલીસ કમિશનર પણ મને જોવા આવી ગયા.

હું મારા ઓરડામાં જરાજરા ફરવા લાગ્યો. નાનું બાળક પગ માંડતાં શીખે અને જે મુશ્કેલીઓ અનુભવે તે જ મુશ્કેલીઓ હું અનુભવતો હતો. પગ સ્થિર રહે જ નહિ; કેદી પરિચારકોના હાથ અને ખભાનો ટેકો લેવો પડે; અને ક્વચિત્ ખાટલાને ઝાલીને ફરવું પડે. હું જાણતો હતો કે સાજા થઈને પણ પરિણામ તો કેસને અંતે મોતમાં જ આવવાનું હતું. પરંતુ જીવન એ એક એવી મોહિની છે કે છેલ્લી ક્ષણે પણ તેના ભણી લોલુપતાભરી નજર પડે જ.

આમ એક અઠવાડિયું વીતી ગયું હશે. એક દિવસ સવારમાં નિત્યક્રમ પ્રમાણે વ્રજમંગળા આવ્યાં. તેમની સાથે હિંમતસિંગ પણ હતા. તેમના મુખ ઉપર ચિંતાની ઊંડી છાપ પડેલી મારા જોવામાં આવી. મને પણ તેમનું મુખ જોઈ એકદમ જ્યોતીન્દ્ર માટે ચિંતા ઉદ્ભવી. મેં એકાએક પૂછ્યું:

'જ્યોતીન્દ્રના કાંઈ ખબર ?'

વ્રજમંગળાએ તેમની ચિંતાગ્રસ્ત આંખો બરાબર મારા તરફ ફેરવી. આંસુથી આંખો ભરાઈ ગયેલી મને દેખાઈ. મને ધ્રાસ્કો પડ્યો. જ્યોતીન્દ્ર કચરાઈ ગયાની બાતમી ચોક્કસ મળી હશે કે શું ?

જરા રહી ડૂસકું ખાઈ તેમણે પૂછ્યું :

'તમને કશા ખબર નથી ?'

મને કશી ખબર હતા કે નહિ ? હું શું કહું ? મને જે ખબર હતા તે મેં કહ્યા હોત તો જ્યોતીન્દ્રની આશા પણ કોણ રાખત ? પરંતુ મેં કહ્યું હોત તે કોઈએ માન્યું હોત ખરું ? મેં હિંમતસિંગને અને પોલીસના માણસોને વીનવી વીનવીને નહોતું કહ્યું કે જ્યોતીન્દ્ર થોડી ક્ષણોમાં કચરાઈ જશે ? તેમણે કોઈ મારું કથન માન્યું નહોતું એટલું જ નહિ, પણ મને એક ગાંડા ખૂની તરીકે ગણી કાઢ્યો હતો.' જરા ગૂંચવાઈને મેં જવાબ આપ્યો :

'ના, મને કશા જ ખબર નથી.'

તમે એમની સામે રિવૉલ્વર ધરી હતી ?'

શિવનાથ વકીલની સાથે બંગલો જોવા હું ગયો હતો તે પ્રસંગ મને યાદ આવ્યો. બંસરીનો ખૂની તો હું ગણાતો જ હતો; તેમાં શિવનાથનું ખૂન કરવાની મેં કોશિશ કરી એવા હિંમતસિંગના સૂચનને હસતે હસતે જ્યોતીન્દ્રે ટેકો આપ્યો હતો. તે પ્રસંગે મને એવો ગુસ્સે ચડ્યો હતો કે મેં ભાન ભૂલી જ્યોતીન્દ્રની સામે રિવૉલ્વર તાકી હતી. હું શી રીતે ના પાડી શકું ? છતાં મેં કહ્યું :

'તમને કોણે કહ્યું ?'

'હિંમતસિંગે.'

'હિંમતસિંગને કશી સમજ નથી. એક દિવસમાં જે જે પ્રસંગો બન્યા તેનો એમને ખ્યાલ હોય તો તેઓ આવી વાત કરે જ નહિ !'

'તો શું હું ખોટું બોલું છું ?' હિંમતસિંગે મને જરા ધમકાવી પૂછ્યું.

રિવૉલ્વર તાકી એટલે રિવૉલ્વર મારી એવો અર્થ થતો હશે ?' મેં પૂછ્યું.

'હું તો કહેતો નથી.' પછી વ્રજમંગળા તરફ ફરી તેણે કહ્યું : 'જુઓ, મેં શું કહ્યું હતું ?'

એટલામાં ડૉક્ટર આવ્યા. તેઓ પણ હિંમતસિંગની પાસે ઊભા રહી મારી સામે તાકીતાકીને જોવા લાગ્યા.

હિંમતસિંગે કહ્યું :

'હવે હું બીજી વાત પૂછું છું. તમે છેલ્લા પકડાયા તે વખતે ઝાડ ઉપર બેસી જાળીમાંથી તમે રિવૉલ્વર તાકતા હતા કે નહિ ?'

'હા.' મેં જવાબ આપ્યો.

'અંદર કોણ હતું ?'

'મેં તમને કહ્યું જ હતું કે અંદર કોણ છે. મને પકડવાની ઈંતેજારીમાં તમે એક ભયંકર ગુનો તમારી હાજરી તળે થવા દીધો છે એ તો હું કદી ભૂલીશ નહિ.' મેં જરા ગુસ્સે થઈ કહ્યું.

'પણ એ ગુનો તમે જ કરતા હતા કે બીજું કોઈ ?' હિંમતસિંગ બોલ્યા. મારી આંખમાંથી ઝનૂન વરસી રહ્યું. ડૉક્ટરે ધારીધારીને મારી સામે જોવા માંડ્યું. બેસમજ એકમાર્ગી પોલીસ અમલદારને શું કહેવું એની મને સમજ ન પડવાથી હું પોકારી ઊઠ્યો :

'હા હા, ગુનો હું જ કરતો હતો. તમારાથી થાય તે કરી લેજો !'

'ઠીક; અને અંદર જ્યોતીન્દ્ર હતો કે નહિ ?'

હું આ પ્રશ્નની અંદર સમાયેલો અર્થ સહન કરી શક્યો નહિ. મારું શરીર અને મન અસ્વસ્થ હતું જ. તે આવા ગર્ભિત આક્ષેપોથી હજારગણું અસ્વસ્થ બની ગયું. ક્રોધથી હું કંપવા લાગ્યો અને મોટેથી બૂમ મારી ઊઠ્યો:

'એટલે જ્યોતીન્દ્રનું ખૂન પણ મેં કર્યું છે એમ તમારે કહેવડાવવું છે, ખરું ને ? જાઓ, મેં બધાંનું કર્યું છે અને હજી તમારાં અને બીજા કંઈકનાં ખૂન કરવાનો છું ! બસ ?'

ડૉક્ટરે અને હિંમતસિંગે ફરી એકબીજાની સામે જોયું અને વ્રજમંગળાની તરફ તેઓ ફર્યા. તે તો આંખે રૂમાલ દાબી રહ્યાં હતાં. મારા જીવને આ પ્રસંગે જેવો ક્લેશ થયો તેવો ક્લેશ કદી પણ થયો નથી. મારી તરફ ખૂની તરીકે જ તેમની હવે દૃષ્ટિ પડતી હશે ? હું શું કરું ? ક્યાં જાઉં ? કોને મારા મનનું દુઃખ કહું ? કોઈનું પણ ખૂન મેં કર્યું નહોતું; ને છતાં મારે માથે વારાફરતી આરોપો આવ્યે જ જાય છે !

મેં મારા કપાળે હાથ પછાડ્યો અને હતાશ થઈ હું ખાટલામાં પડ્યો. ડૉક્ટર અને હિંમતસિંગ પાછા ફરવા લાગ્યા. પરંતુ વ્રજમંગળા ત્યાં ને ત્યાં જ ઊભાં રહ્યાં.

હિંમતસિંગે કહ્યું :

'આપ ચાલો, એની પાસે બહુ ઊભાં રહેશો નહિ.'

એટલે એમ કે હું ગાંડો ખૂની પાછો વ્રજમંગળાનું ખૂન કરીશ ! કેવો હૃદયભેદક આક્ષેપ ?

'મંગળાબહેન !' મેં કહ્યું, 'કોઈનું કશું જ સાચું માનશો નહિ. મારી આશાના સોગન જો મેં કોઈનું પણ ખૂન કર્યું હોય તો !'

હિંમતસિંગે અશ્રદ્ધાભર્યું હાસ્ય કર્યું. તેના હસતા મુખ ઉપર એક તમાચો મારવાનું મને મન થયું. એ મારું મન ડૉક્ટરે તેમ જ હિંમતસિંગે પારખ્યું હોય તે પ્રમાણે બંનેએ એકબીજાની સામે જોયું અને ડૉક્ટરે કહ્યું :

'તમે કહો છો તેમ જ છે. કોઈ જાતનો mania - ઘેલછા તો છે જ.'

દર્દીની સમક્ષ દર્દીનો રોગ અને તેની ભયંકરતા ખુલ્લા દિલથી પ્રગટ કરનાર વૈદ-ડૉક્ટરો એક ભયંકર ગુનો કરે છે એમ હું માનતો. પરંતુ આવી રીતે નિષ્ઠુરતા દર્શાવ્યાથી દર્દીના ઉપર શી અસર થતી હશે તેનો મને અત્યારે અનુભવ થયો. મને એક વખત તો લાગ્યું જ કે મારું મન ખસી ગયેલું જ હશે ! મને એમ પણ લાગ્યું કે મને ખબર ન પડે એવી કોઈ બેભાન અવસ્થામાં મેં આરોપ મુકાયલાં ખૂનો ખરેખર કર્યાં તો નહિ હોય ?

# ૧૯

## આપઘાત

*ભર નિદ્રમાં જડવત વિશ્વ*
*મ્હાલે ઝગમગ રાત,*
*શૂન્ય ગંભીર રાત્રિનું અંતર*
*સુણશે દુઃખની વાત ?*

**ન્હાનાલાલ**

મારી ઘેલછાનો વિચાર આવતાં મેં આંખો મીંચી. મારા પૂર્વજોમાંથી કોઈમાં પણ ઘેલછાનો અંશ હોય એવું મારા જાણવામાં નહોતું. મેં ઘણી ભૂલો કરી હતી, જિંદગીમાં અનેક દોષો કર્યા હતા, ઘણી ઘેલછા કાઢી હતી; તથાપિ એવી જાતના માનસિક દર્દની મને અસર હોય એમ મેં કદી માન્યું નહોતું. એમ માનવા માટે મને કશું કારણ મળ્યું નહોતું. ડૉક્ટર અને પોલીસનો આવો અભિપ્રાય સાંભળી મને એમ થયું કે કદાચ હું વખતોવખત મારા મગજ ઉપરનો કાબૂ ખોઈ નાખતો તો નહિ હોઉં ? મેં મારા ભૂતકાળમાં નજર નાખી. એકકે પ્રસંગે એવો જડ્યો નહિ કે જે મારા મનની અસ્વસ્થ દશામાં ઉદ્‌ભવ્યો હોય. છતાં આવી માન્યતા થવાનું કારણ શું ?

મેં થોડી વાર રહી આંખ ઉઘાડી. વ્રજમંગળા ત્યાં હતાં નહિ. માત્ર ડૉક્ટર અને હિંમતસિંગ ઊભા રહ્યા હતા. મેં નમ્ર બની ડૉક્ટરને પૂછ્યું :

ડૉક્ટર સાહેબ ! આપ મને ઘેલછા હોવાનું જણાવો છો, પણ મારા જીવનમાં કે મારા પૂર્વજોના જીવનમાં ઘેલછાનો જરા પણ અંશ દેખાયો નથી.'

'માનસિક દર્દોની દર્દીઓને ખબર હોય જ નહિ.'

'પણ એવાં કોઈ કાર્યોની તો ખબર પડે ને ? ઘેલછા હોય તોયે ક્ષણિક હોય કે મુદતી હોય; બાકીના ગાળામાં તો બધી ખબર પડે જ.'

'કશું કહેવાય નહિ; બંને પ્રકારો હોય છે. પોતાનાં કૃત્યોનો સ્વપ્ન સરખો ભાસ કેટલાકને રહે છે. અને કેટલાકને આવાં કૃત્યોની સ્મૃતિ બિલકુલ જતી રહે છે. પણ એ વિષે હમણાં તમને કંઈ કહેવાની જરૂર નથી. તમને જે કહેવાનું છે તે આ પોલીસ અમલદાર જણાવશે.'

'ત્યારે ડૉક્ટર સાહેબ ! આપ એમ માનો છો કે આરોપીને હવે તેના આરોપો વિષે પૂછવામાં કાંઈ હરકત નથી ?' હિંમતસિંગે પૂછ્યું.

'ના.' ડૉક્ટરે કહ્યું.

ગુનેગારોને સજા કરી પછી તેમના ગુનાઓની સજા કરવામાં ભારે અર્થ રહ્યો હોય એમ મને લાગ્યું. સાજે શરીરે ગુનાની શિક્ષા બરાબર ભોગવી શકાય !

'સુરેશ ! હું બહુ દિલગીર છું કે તમારા જેવા પરિચિત અને ભણેલા તેમ જ પ્રતિષ્ઠિત ગણાતા ગૃહસ્થ વિરુદ્ધ મારે તપાસ કરવાનો પ્રસંગ આવ્યો. પરંતુ એ પ્રસંગ આવ્યો એટલે મારે મારી ફરજ બજાવવી જ જોઈએ. એ ફરજ બજાવતાં મારી પાસે એવા પુરાવા થયા છે કે બંસરીનું ખૂન તમે જ કર્યું છે એમ પ્રથમ દર્શનીય સાબિત થઈ શકે એવી છે. હું એમ નથી કહેતો કે તમે તમારો ગુનો કબૂલ કરો; પરંતુ જો તમે ગુનો કર્યો હોત તો તે કબૂલ કરી દેવામાં જ ડહાપણ છે.' હિંમતસિંગે એક લાંબું ભાષણ કર્યું.

ગુના કબૂલ કરાવવા માટે પોલીસ તરફથી કેટલો જુલમ કરવામાં આવે છે તેની મને જાતમાહિતી નહોતી; પરંતુ એ જુલમની વાતો મેં સાંભળી હતી. એ જુલમને વશ મારે નહિ થવું પડે એમ શા ઉપરથી ?

'હું કબૂલ ન કરું તો મારા ઉપર જુલમ તો ગુજરશે જ. પછી...' મેં કહ્યું. પરંતુ મને બોલતો અટકાવી હિંમતસિંગે કહ્યું :

'તમારા ઉપર જુલમ ગુજારવાની જરા પણ જરૂર નથી. તમે કબૂલ કરો અગર ન કરો, એમાં અમને લાભહાનિ નથી. તમારા વિરુદ્ધ પુરાવો જ એટલો બધો છે કે તમારી કબૂલત માટે અમારે આગ્રહ રાખવો નથી. આ તો રીતસર તમને પૂછવું પડે એ માટે પૂછ્યું.'

મારા વિરુદ્ધ શો પુરાવો પડ્યો છે તેની મેં માહિતી માગી. હિંમતસિંગે તે માહિતી ન આપતાં મને એટલું જ કહ્યું કે બંસરીના ખૂન સંબંધમાં મારો શો હિસ્સો હતો એ જ મારે જણાવવું. મારો શો હિસ્સો હતો? મેં જરા વિચાર કર્યો. મારા વિરુદ્ધ પુરાવો જ હોય તો પછી હું ના કહું તેથી શું વળશે? મારી સ્થિતિ એવી નહોતી કે હું ભારે લવાજમ આપી સારામાં સારા વકીલને રોકી શકું. ખરી વાતને ખોટી પુરવાર કરવી અને ખોટી વાતને ખરી મનાવવી એ કળા વકીલોને સાધ્ય હોય છે. એ કળામાં જેવી વકીલની આવડત તેવી તેની કિંમત. હું તો વકીલને કાંઈ પણ આપી શકું એમ નહોતું. મારી સહાયમાં કોણ ? જ્યોતીન્દ્ર હતો તે તો... એ વિચાર આવતાં જ હું હતાશ બન્યો. વળી એના માથે આળ મૂકતાં પોલીસ ચૂકી નહોતી, એટલું જ નહિ પણ બિચારાં વ્રજમંગળાની સમક્ષ મને ગુનેગાર

ઠરાવી દીધો હતો ! હું ખરેખર નિરાશામાં ડૂબી ગયો; અતુલ નિરાધારપણું અનુભવવા લાગ્યો. નિરાશાને અંધકાર કેમ કહેતા હશે તે મને આ વખતે જ સમજાયું. મારો સ્વાર્થ શામાં છે તે સમજવાની પણ મારામાં શક્તિ રહી નહોતી. જેમ શારીરિક દુર્બળતા માણસને પરાધીન બનાવે છે, તેમ માનસિક શિથિલતા પણ તેને અતિશય પરવશ બનાવે છે. મારું શરીર અને મન બંને અશક્ત હતાં. એ સ્થિતિમાં જે કાંઈ થાય તે સહન કરવું પડે, જે કાંઈ સૂચન થાય તે ગ્રહણ કરી લેવું પડે ! કોઈની પણ સામે થવાની શક્તિ રહી નહોતી. મેં કહ્યું :

'તમારી પાસે પૂરતો પુરાવો છે ત્યારે હું ના કહીશ તેથી શો લાભ થવાનો છે ?'

'તો તમે જાણો.'

'તો પછી માની લેજો કે ગુનો મેં કર્યો છે.'

'અમારે માની લેવાનું નથી. આ તો તમારે જે કહેવું હોય તે કહેવાનું છે.'

હવે હું આ વાતથી ખરેખર કંટાળી ગયો હતો. હા કહ્યાથી આ પોલીસની સાથે લમણાઝીક કરવી મટી જાય તો મારે હા પણ કહેવી એમ મારા થાકેલા હૃદયને લાગ્યું. મેં જણાવ્યું :

'હા, ભાઈ ! હા; ગુનો મેં કર્યો છે, હવે મારો ખ્યાલ છોડશો !'

'તમારે રીતસરનો જવાબ લખાવવો પડશે.'

'તમને ફાવે તે લખી લો. હું સહી કરીશ.'

'ગુનાની કબૂલત હોય તો મૅજિસ્ટ્રેટ પાસે લઈ જવા પડશે.'

'તમે કહેશો ત્યાં આવીશ. પછી કાંઈ ?'

'ડૉક્ટર .! એમને ક્યારે લઈ જઈ શકાશે ?' હિંમતસિંગે ડૉક્ટરને પૂછ્યું.

'કાલ ઉપર રાખો.' ડૉક્ટરે કહ્યું.

'પણ એ ફરી જશે તો ?'

'તો હું સાક્ષીમાં છું ને ?' ડૉક્ટરે કહ્યું.

'ઉપરાંત જ્યોતીન્દ્રનો પત્તો નથી; એ સંબંધી મુદ્દામાલ કશો હાથ લાગ્યો નથી, છતાં તપાસમાં શક તમારા ઉપર જાય છે. એ વિષે તમારે કાંઈ કહેવું છે ?' હિંમતસિંગે મને પૂછ્યું.

'એ પણ ગુનો મેં કર્યો છે ભાઈ ! પછી કાંઈ ?'

થોડી વાર રહીને ડૉક્ટર તથા હિંમતસિંગ ચાલ્યા ગયા; હું એકલો

પડ્યો. અશક્તિ અને વિચારની પ્રબળતાને લીધે મારા મન ઉપર સખ્ત ભારણ થઈ ગયું. હું આંખો મીંચીને પડી રહ્યો. મારી મીંચેલી આંખ આગળ કંઈકંઈ વિચિત્ર દૃશ્ય પ્રગટ થવા માંડ્યાં. મેં બંસરીને જોઈ, જ્યોતીન્દ્રને જોયો, કર્મયોગીને પણ જોયો. એ બધાં સાથે મેં વાતો પણ કરી. બંસરીએ તેમ જ જ્યોતીન્દ્રે પોતાનું ખૂન કરવા માટે મને ઠપકો દીધો. લાચાર બની મેં રડવા માંડ્યું. મને રડતો જોઈ સુધાકરે હાસ્ય કર્યું. તેનું હાસ્ય જોઈ હું મારું ભાન ભૂલી ગયો. મને ઝનૂન ચડી આવ્યું. મેં સુધાકરને કહ્યું :

'મેં મારાં વહાલામાં વહાલાં માણસોનાં ખૂન કર્યાં છે એ તું જાણે છે ને?'

'કર્યાં કર્યાં તેં ખૂન હવે !' તિરસ્કારથી હસી સુધાકરે કહ્યું.

'પૂછ આ બંને જણને.' મેં બંસરી તથા જ્યોતીન્દ્ર તરફ આંગળી બતાવી કહ્યું. બંને જણે ગંભીરતાથી હા કહી. સુધાકરે અત્યંત ગર્વથી મને પૂછ્યું :

'એમને પુછાવીને તું શું કહેવા માગે છે ?'

'હું ગમે તે વખતે તારું ખૂન પણ કરી બેસીશ.'

'આ બંનેના જેવો મને ના ધારીશ. મને મારતા પહેલાં તું જ ઠેકાણે થઈ જઈશ.'

મેં એકદમ ધસીને સુધાકરનું ગળું પકડ્યું. એવામાં હિંમતસિંગ તથા ડૉક્ટર બંને દોડતા આવી પહોંચ્યા. હિંમતસિંગે કહ્યું :

'અરે, આ ગાંડો માણસ કેટલાં ખૂન કરશે ? એને મજબૂત બેડીએ બાંધી રાખો.'

ડૉક્ટરે સંમતિ દર્શાવી.

સુધાકરનું ગળું ખૂબ દબાવી, તેને જમીન ઉપર પટકી હું હિંમતસિંગ સામે દોડ્યો. ડૉક્ટર વચમાં પડ્યા અને ધમકાવવા લાગ્યા :

'તમારા જેવા દર્દીએ ડૉક્ટરના કહ્યામાં રહેવું જોઈએ.'

'હવે જોઉં છું તું મારી દવા કેવી રીતે કરે છે તે !' એમ કહી મેં રિવૉલ્વર ફોડી અને ડૉક્ટર નીચે પડ્યા. તેમની છાતીમાંથી રુધિર વહેવા લાગ્યું. જાણે કોઈ કર્તવ્ય કર્મ બજાવ્યું હોય એવો મને આનંદ થયો. ખૂન કરવાની લાલસા એકદમ વધી ગઈ અને પાછે પગે નાસતા હિંમતસિંગના વાંસામાં મેં રિવૉલ્વરના ત્રણચાર પ્રહાર કર્યા. હિંમતસિંગ જમીન ઉપર ઢળી પડ્યો. હું સંતુષ્ટ બનીને મારા કાર્યનું પરિણામ આનંદથી નિહાળતો હતો. જરા રહી હું બોલી ઊઠ્યો :

'પહેલાં બે ખૂન પછીથી આ ત્રણ; બધાં મળીને પાંચ. અઠવાડિયામાં પાંચની શરૂઆત ઓછી નથી. ધીમે ધીમે રોજનું એક થશે. પણ મને કોઈ પકડશે ત્યારે ?... મને કોણે જોયો છે ? હરકત નહિ. આ રિવૉલ્વર અહીં દાટી દેઉં.'

એમ કહી હું નીચે બેસવા ગયો. એટલામાં મેં એક બૂમ સાંભળી :

'સબૂર !'

પાછળ ફરી જોઉં છું તો કર્મયોગી સ્થિર દૃષ્ટિ કરી મારી પાસે જ ઊભો હતો. હું ગભરાઈને જરા થથરવા લાગ્યો.

તેણે પૂછ્યું :

'કેમ ? શું કરે છે ?'

'કાંઈ નહિ.'

'આ ખૂન કોણે કર્યાં ?'

'મને શી ખબર ?'

'તારા હાથમાં રિવૉલ્વર છે. તું સંતાડવા જતો હતો. પ્રથમ દર્શનીય પુરાવો છે કે ખૂન તેં જ કર્યાં !'

'એટલો પુરાવો બસ ન થાય. રિવૉલ્વર તો તમારી પાસે પડી છે.'

એમ કહી મેં રિવૉલ્વર તેના પગ આગળ નાખી દીધી. એકાએક બંસરી, જ્યોતીન્દ્ર, સુધાકર, ડૉક્ટર અને હિંમતસિંગ બેઠાં થઈ ગયાં. અને એક સાથે બોલી ઊઠ્યાં :

'અમે પુરાવા આપીશું. ખૂન સુરેશે જ કર્યાં છે !'

મારું કાળજું ફડક ફડક થવા માંડ્યું. મેં આંખો મીંચી દીધી.

'કેમ ? હવે કેવો ગભરાયો ?' સુધાકરે કહ્યું.

'હું શું કરું ?' નિરાધાર બની હું પોકારી ઊઠ્યો.

કર્મયોગીએ તિરસ્કારથી મારી સામે જોયું અને મને કહ્યું :

'કેવો કાયર ! કાંઈ ન બનતું હોય તો આપઘાત કર !'

મને એ વિચાર ઠીક લાગ્યો. પણ શા વડે આપઘાત કરું ! મને ગૂંચવાતો જોઈ કર્મયોગીએ પાસે પડેલી રિવૉલ્વર ઉપાડી. મેં કહ્યું :

'હા, એ લાવો.'

મેં હાથ લંબાવ્યો અને રિવૉલ્વર લીધી. મેં પૂછ્યું :

'રિવૉલ્વર ક્યાં ફોડું ?'

'આટલાં ખૂન કર્યાં તોય તને કેમ મરવું આવડતું નથી ? જો, તારું હૃદય

ધડકે છે ત્યાં ધર, અગર લમણા ઉપર મૂક.'

'પછી ?'

'ચાંપ દબાવ, બેવકૂફ !'

મેં લમણે પિસ્તોલ મૂકી અને ચાંપ દબાવી.

પિસ્તોલનો અવાજ મેં સાંભળ્યો અને મારા મસ્તકના ચૂરેચૂરા થ', ગયા.

# ૨૦

# એ અહીં ક્યાંથી ?

*હૈયાનાં વ્હેણ વ્હેશે ?*
*સ્નેહનાં નેણ જોશે;*
*ફૂલડાંમાં ભરશે અહો !*
*શોણિતના સંભાર*
*એ કટાર.*

**ન્હાનાલાલ**

આપઘાત કર્યાથી જાણે પૂર્વ સંતોષ થયો હોય, મસ્તકના ચૂરેચૂરા થઈ જવાથી જાણે મગજનો સઘળો ભાર ઊતરી ગયો હોય, એમ નિર્વાણની શાંતિ મને પ્રાપ્ત થઈ. હું આ લોકમાં જાગ્યો કે પરલોકમાં તેની મને ખબર રહી નહિ. પરંતુ મારી ભાનમય સ્થિતિ કોઈ મૃદુસ્પર્શ સાથે શરૂ થતી હોય એમ મને લાગ્યું. આપઘાત કર્યા પછી ભાન શાનું ? અને હોય તો કોઈ સ્ત્રીના હસ્તસ્પર્શનું કેમ ? પરલોકમાં બંસરી આવીને મને જાગ્રત કરતી હતી કે શું ? મેં આંખ ઉઘાડી. ઝાંખા પ્રકાશમાં એક સ્ત્રી મારા ઓશીકા પાસે બેસી માથે ધીમે ધીમે હાથ ફેરવતી હતી.

મેં ધારીને જોયું તો તેનું મુખ મને દેખાયું નહિ. મુખ ફેરવીને એક બાજુ માથા ઉપરનું વસ્ત્ર ખેંચી અડધા મુખને પણ ઢાંકીને તે બેઠી હતી. મેં આપઘાત કર્યો હતો એ વાત નક્કી હતી, અને હું મૃત્યુ પછીના કોઈ સ્થળ સમયનો અનુભવ કરતો હતો, એમ મારી ખાતરી થઈ. મેં પૂછ્યું :

'તમે કોણ છો ?'

આછા પ્રકાશ અને એકાંતમાં મને મારો અવાજ વિચિત્ર અને ન ઓળખાય એવો લાગ્યો. તેણે જવાબ આપવાને બદલે વસ્ત્ર વધારે ઢાંકી દીધું. મેં ફરી પૂછ્યું :

'તમે બંસરી છો ?'

'ના.' જરા કડક, પરંતુ રડતા કંઠે તે સ્ત્રીએ જવાબ આપ્યો.

'હું ક્યાં છું ?' મેં પૂછ્યું.

'દવાખાનામાં.' તેણે કહ્યું.

મને એકદમ ભાન આવ્યું. મેં આંખ ફેરવી તો મને જણાયું કે હું મારી

જૂની દવાખાનાની જગાએ જ છું. મેં આપઘાત કર્યો નહોતો પણ મને સ્વપ્ન આવ્યું હતું. પાંચ ખૂનની વાત બાજુએ રહી પણ મેં તો એક કીડીને પણ મારી નહોતી ! સ્વર્ગમાં બંસરીનો સંગ મળે એવો હું ભાગ્યશાળી નહોતો. સ્વપ્નવત્ સ્વર્ગમાંથી હું પાછો જાગૃત બની પૃથ્વી ઉપર પટકાયો.

ત્યારે આ સ્ત્રી કોણ ?

'વ્રજમંગળા !' મેં તે સ્ત્રીને બોલાવી. વ્રજમંગળા સિવાય કોઈપણ સ્ત્રી મારી પાસે દવાખાને આવતી ન હતી. જોકે વ્રજમંગળામાં અને મારી પાસે બેઠેલી સ્ત્રીમાં તફાવત હતો એ તો હું સમજી ગયો હતો, છતાં મેં આ પ્રમાણે નામ દઈ તેને બોલાવી.

તેણે મારા તરફ મુખ ફેરવ્યું, પરંતુ આઘું ઓઢેલું લૂગડું તેણે ખસેડ્યું નહિ.

'હું વ્રજમંગળા તરીકે ઓળખાઈને જ અહીં આવી છું. પણ હું વ્રજમંગળા નથી.'

'ત્યારે તમે કોણ છો ?'

'એ પૂછવાની પણ તમારે જરૂર નથી. તમને અત્યારે હું એક સૂચના આપવા આવી છું.'

હું હવે બેઠો થયો. મારામાં શક્તિ હવે આવી હતી એમ લાગ્યું.

'શી સૂચના ?'

'તમે અહીંથી ચાલ્યા જાઓ.' સ્ત્રીએ કહ્યું.

હું જરા ચકિત થયો. આ પરાઈ સ્ત્રીને અહીં આવી, આવી ભયંકર સૂચના કરવાનું કારણ શું ?

'શા માટે ?' મેં પૂછ્યું.

'તમારે બચવું હોય તો એકલો એ જ રસ્તો છે.'

'નાસી ગયાથી હું શી રીતે બચીસ ? પોલીસને થકવવી એ અઘરું કામ છે.'

'એ છેલ્લો પ્રયત્ન કરી જુઓ. હું ખરું કહું છું, તમે બચી જશો.'

'પણ હું કોને માટે બચું ? મારું કોણ છે ?'

એ સ્ત્રી જરા અટકી; શા માટે તે હું સમજી શક્યો નહિ. જરા રહી તે બોલી :

'ધારો કે તમે મારે માટે બચો, તો ?'

'અરે પણ આપ કોણ છો ? આવું જોખમ વેઠી આ કારાગૃહના દવાખાનામાં શા માટે આવ્યાં ?'

'હું કોણ છું એ પછી કહીશ. અને જોખમ વેઠવાનું કારણ હશે માટે જ અહીં આવી હોઈશ. માટે વાર ન કરશો.'

'વાર ન કરું ? કેટલા વાગ્યા છે ?' મેં પૂછ્યું.

'રાતના બાર વાગ્યા છે.'

'ઓહો ! હું આખો દિવસ બેભાન રહ્યો ?'

'હા; હું પાસે જ હતી.'

'મારી પાસે તો કોઈ નહોતું. હિંમતસિંગ અને ડૉક્ટર હતા.'

'તમે જેટલી વાર કરો છો એટલું તમને જ નડવાનું છે.'

'અરે પણ હું જાઉં શી રીતે ? આ તો કેદખાનું છે; એકલું દવાખાનું ન હોય.'

'તેનો મેં રસ્તો કર્યો છે.'

'શો ?'

'હું બબ્બે કપડાં પહેરી લાવી છું. તેમાંથી એક પહેરી લો અને રાતનો લાભ લઈ ચાલ્યા જાઓ.'

એટલે કે હું સ્ત્રીનો પોશાક પહેરું ? શા માટે નહિ ? મને જરા હસવું આવ્યું, અને જૂના વખતનાં રજવાડાંઓનાં કારસ્તાનો યાદ આવ્યાં. હું કોઈ રાજવંશી નહોતો, તેમ નહોતો હું કોઈ ધનાઢ્ય અગર દેશસેવાની ઝબકભર્યો રાજસત્તાનો ભોગ થઈ પડેલો દેશસેવક. ત્યારે શા માટે આ સ્ત્રી મને આવી સૂચના કરે છે ?

'પણ મને ઓળખ્યા વગર કોઈ રહેશે ?'

'તમને કોઈ ઓળખશે નહિ. તમારું મુખ કુમળું છે, અને અને... તમને મૂછો નથી એટલે કશી હરકત નહિ પડે.'

આ સ્ત્રીની નિર્દોષ અને સમજપૂર્વક નહિ થયેલી રમૂજનો વિચાર કરી મને ખરેખર હસવું આવ્યું. અતિશય વર્તમાનપણાની છટાથી અંજાઈ હું મૂછ રાખતો નહોતો, એ પરિસ્થિતિનો ઉપયોગ સ્ત્રીનાં કપડાં પહેરી, સ્ત્રી તરીકે ઓળખાવવામાં થશે એમ મને સ્વપ્ને પણ ખ્યાલ આવ્યો નહોતો. એ સંબંધમાં જ્યોતીન્દ્રે એક વખત મારી મશ્કરી કરેલી તે મને યાદ આવી. તેણે કહ્યું :

'તું મૂછો નથી રાખતો એ હમણાં તો ઠીક છે, પરંતુ ભવિષ્યમાં તારે નીચું જોવું પડશે.'

'શા માટે ?'

'મૂછ ન હોવાથી અનેક વિચિત્ર પ્રસંગો ઊભા થાય છે. મારા એક

ઓળખીતા ગૃહસ્થ છે. તેઓ પ્રથમથી મૂછો રાખતા નહોતા. તેમની ઉમર પાંસઠેક વર્ષની હતી, પરંતુ વૃદ્ધાવસ્થાએ તેમની કાર્યશક્તિ ઘટાડી નહોતી. અનેક મનુષ્યો તેમને ત્યાં આવ્યે જતાં. ઉમરની સાથે મહાપુરુષોમાં સાદાઈ આવે છે તેમ આ સાહેબને પણ સાદાઈનો શોખ લાગ્યો. ભોગજોગે શિયાળાની એક ઠંડી સવારમાં એ મહાશય રંગીન શાલ ઓઢી સગડી પાસે તાપતા બેઠા હતા. પાંસઠ વર્ષની ઉમરે શાલને માથે ઓઢવામાં કોઈને સંકોચ ન થવો જોઈએ; સાહેબને તો સંકોચ નહોતો જ. તેમણે માથા ઉપર પણ શાલ નાખી દીધી હતી. હાલમાં તેઓ ગ્રામોદ્ધારમાં રોકાયા હતા એટલે એક ગામડિયો ઓટલા ઉપર આવી ઊભો અને જરા નિહાળીને પૂછવા લાગ્યો : "ડોશીમા ! સાહેબ ઊઠ્યા છે કે ?" સાહેબે શો જવાબ દીધો તે તારે જાણવાની જરૂર નથી; પરંતુ એટલું તો તને જણાવું છું કે ત્યાર પછી સાહેબે મૂછો જ માત્ર નહિ, પણ થોભિયા સુધ્ધાં રાખ્યા !'

એ મારા મિત્રની કહેલી વાત યાદ આવી અને હું હસ્યો. મેં તે યુવતીને કહ્યું :

'પણ જ્યાં સુધી હું તમને ઓળખું નહિ ત્યાં સુધી મારાથી એ કશું થાય નહિ.'

'હું તમારા ખોટામાં રાજી નથી.'

'તે તો હું સમજી ગયો. પણ મારા નાસી જવાનો આરોપ તમારે માથે પડે ત્યારે ?'

'એનો બચાવ હું કરીશ. અને ધારો કે મારે માથે આરોપ આવ્યો તોય મને ફાંસીએ તો નહિ ચડાવે ને ? તમારે માટે તો એની તૈયારીઓ થાય છે.'

'તમને કોણે કહ્યું ?'

'હું તમને પગે લાગીને કહું છું કે તમે નાસી જાઓ. બધો પુરાવો ભેગો કર્યો છે એ હું જાણું છું. અને તમને દુઃખ થશે એ મારાથી નહિ જોવાય. તે સ્ત્રીએ પોતાના ઢાંકેલા મુખની અંદરથી જ આંખો લહોવાનો દેખાવ કર્યો.

મારી જિજ્ઞાસા ઉશ્કેરાઈ. આ સ્ત્રીએ શા માટે આટલો બધો આગ્રહ કરવો જોઈએ ? શા માટે મારી લાગણી ધરાવવી જોઈએ ? તેનો અને મારો સંબંધ શો ?

'તમે એક વખત તમારું ઓળખાણ આપો.' મેં કહ્યું.

'ઓળખાણ આપવાનું હોય તો હું વાર ન કરત.'

'તો પછી તમે મને ફસાવતાં નહિ હો એમ હું કેમ માનું ?'

'અરે, અરે ! આટલું જોખમ વેઠી હું તમને છોડાવવા આવી અને

તમારા મનમાં આવું લાગે છે ? હું શું કરું ?'

તે મારા ખાટલા પાસે જમીન ઉપર બેસી ગઈ અને ખાટલાની ઈસ ઉપર તેણે માથું નાખી દીધું. તેણે રડવા માંડ્યું. તેનાં ડૂસકાં મેં સાંભળ્યાં અને મને દયા આવી. સ્ત્રી અજાણી હતી, છતાં મારા પ્રત્યે આટલો બધો ભાવ બતાવતી હતી તેથી મેં હિંમત કરી અને તેને માથે હાથ મૂક્યો. જાણે મારો હાથ ત્યાં ને ત્યાં રાખવાની તેની ઈચ્છા હોય તેમ તેણે મારા હાથને કે તેના માથાને જરા પણ ખસેડ્યાં નહિ.

મને ખાતરી હતી કે બંસરી સિવાય કોઈ સ્ત્રીએ મારા પ્રત્યે કદી ભાવ બતાવ્યો નથી. મારી જિજ્ઞાસા મારા કાબૂમાં રહી નહિ. મેં માથા ઉપરથી ધીમે રહી લૂગડું ખસેડવા પ્રયત્ન કર્યો. તે સમજી નહિ પરંતુ માત્ર એ લૂગડું ખસેડું નહિ એટલો હળવો પ્રયત્ન એણે કર્યો. હું એમ ને એમ બેસી રહ્યો. જરા રહી એ બોલી :

'તમે મને ઓળખવા પ્રયત્ન કરશો નહિ.'

'કેમ મારે માટે આટલું જોખમ વહોરનારને હું શા માટે ન પિછાનું ?'

'હું ને તમે જીવતા હોઈશું તો કોઈ દિવસ જાણીશું; આજ નહિ.'

'શા માટે નહિ ?'

'અત્યારે મને કોઈ પણ ઓળખે તો મારોયે જીવ જોખમમાં આવી પડે.'

'તમને મારા પ્રત્યે આટલો ભાવ છે તો એ જોખમ સહી લો. હું તમારી સ્મૃતિ ગુપ્ત રાખીશ.'

'આટલું બોલતાં તો મેં લૂગડું તેના મસ્તક ઉપરથી ખસેડી નાખ્યું. તેણે બહુ જ મથન કરી લૂગડું ન ખસે એવો પ્રયત્ન ઝટ કર્યો, પરંતુ મારી ઉતાવળ આગળ તેનો પ્રયત્ન સફળ થયો નહિ. માથેથી છેડો ખભા ઉપર પડ્યો અને પેલી સ્ત્રીએ બંને હાથ વડે પોતાનું મુખ ઢાંકી દીધું, અને ઘૂંટણ વચ્ચે સંતાડી દીધું.

'તમે આમ ન કરો. હું તમારે માટે કહું છું.'

પરંતુ હવે આટલી બધી અસભ્યતા કર્યા પછી આ યુવતીનું મુખ જોયા વગર ચાલે એમ હતું જ નહિ. મેં બળ કરી તેનું મુખ ઊંચક્યું. હું ચમક્યો અને આશ્ચર્ય પામ્યો ! સ્વપ્ને પણ નહિ ધારેલું એ મુખ જોયું ! એ અહીં ક્યાંથી આવી ?

# ૨૧

## કેસના ખબર

*ગઈ ઋતુ વસંત, પ્રાવૃષ વળી જશે પરવરી;*
*કિશોર વય ગૈ વહી, ભરી જુવાની ચાલી વળી.*

**બળવંતરાય**

'કુંજલતા ! કુંજલતા ! તું આ શું કરે છે ?' મેં પૂછ્યું. મુખ ઢાંકી કુંજલતા જ મારી પાસે આવી હતી.

'તમે શા માટે મને ઓળખી ?' તેણે કહ્યું.

'તને જ્યાં સુધી ઓળખું નહિ ત્યાં સુધી તારું કહેવું શી રીતે માનું ?'

'ત્યારે હવે માનશો ? મારાં કપડાં પહેરી બહાર જતા રહેશો ?'

'તને કેદખાનામાં એકલી છોડું અને હું ચાલ્યો જાઉં એ મને શોભે ખરું?'

'તમારે જીવન અને મૃત્યુનો સવાલ છે; હું તો ગમે તે જવાબ આપી છૂટી જઈશ.'

'કુંજલતા ! બંસરીનું ખૂન મેં કર્યું નથી છતાં આખી દુનિયાને મારા ઉપર શક છે. એટલે તારાં માબાપને પણ શક હોય જ. હવે તને હું અહીં છોડી જાઉં તો મને બધાં શું કહેશે ?'

'બધાંને જે ફાવશે તે કહેશે. પણ તમે કૃપા કરી ચાલ્યા જાઓ. હું તમને પગે લાગું છું.' કુંજલતાના કંઠમાં અને આંખમાં અદ્ભુત આર્જવ હતું. આ રમતિયાળ અણસમજુ છોકરી શા માટે આમ કરતી હશે ? મેં નિશ્ચય કર્યો હતો કે હવે નાસવાનો કે બચવાનો કશો જ પ્રયત્ન કરવો નથી. પરંતુ માનવીની જિજ્ઞાસા કદી ઓછી થતી નથી. મેં કુંજલતાને કર્મયોગીના મકાનમાં તે રાત્રે જોઈ હતી એટલે તેને મેં પૂછ્યું :

'કુંજલતા ! તું કર્મયોગીને ઓળખે છે, ખરું ?'

'હા, હા. પણ મને એ વિષે કશું જ પૂછશો નહિ.' કુંજલતાને જાણે ભય લાગતો હોય તેમ કર્મયોગી વિષેની વાત ન પૂછવા તેણે જણાવ્યું.

'તને ભય લાગે છે, ખરું ?'

ચારે બાજુએ જાણે તે કોઈની હાજરી અનુભવતી હોય એમ આખા

ઓરડામાં તેણે નજર નાખી અને બોલી :

'એનો ભય બધાને છે. તમને પણ એનો જ ભય છે !'

'મારે અને એને શું છે ? મેં એનું શું બગાડ્યું છે ?'

'બંસરી તમને... ના, ના. મને કશું જ પૂછશો નહિ.'

'અહીં કોઈ કશું સાંભળતું નથી.'

'તમને ખબર નથી. કર્મયોગી ધારે ત્યાં જઈ શકે છે, અને ધારે તે સાંભળી શકે છે.'

'એ અહીં પણ હશે ?'

'હોય પણ ખરો.'

ઓરડાના બારણા આગળ એક પડછાયો ફરતો મેં જોયો. હું ચમક્યો. કુંજલતાએ પણ એ બાજુએ જોયું. તેના મુખ ઉપરથી લોહી ઊડી ગયું. તે એકદમ ઊભી થઈ અને બોલી :

'બસ ! થયું, તમે માન્યું નહિ. હવે શું થશે ?'

આટલું કહી તેણે મુખ ઢાંકી દીધું અને તત્કાળ ઓરડાની બહાર તે ચાલી ગઈ.

કર્મયોગીનો આટલો બધો ભય તેને કેમ લાગવો જોઈએ ? તેને અને મારે શો સંબંધ હતો ? બંસરીનું નામ દેતાં તે શા માટે અટકી ગઈ ? અને માત્ર પડછાયો નિહાળી તે શા માટે એકાએક ચાલી ગઈ ? મારે તેને ઘણું પૂછવાનું હતું.

વળી મને એક વિચાર આવ્યો. હું નાસી છૂટ્યો હોત તો કાંઈ પણ પ્રયત્ન કરી આ ભેદી પ્રસંગ ઉપર વધારે અજવાળું પાડી શક્યો હોત; જ્યોતીન્દ્ર સંબંધી ચોક્કસ માહિતી મેળવી હું મારું મિત્રઋણ ફેડી શક્યો હોત.

આ વિચારો હું કરતો હતો એવામાં સહેજ દૂરથી એક ઝીણી ચીસ સંભળાઈ. જાણે કોઈ અસહ્ય દુઃખ ન વેઠાયાથી ન છૂટકે કોઈ સ્ત્રીથી ચીસ પડાઈ જાય અને પોતાના હાથ મુખ ઉપર દાબી દઈ ચીસ કોઈ ન સાંભળે એવો પ્રયત્ન કરવો પડતો હોય એવો મને ભાસ થયો.

'શું કુંજલતાને કોઈએ મારી નાખી કે શું ?'

મને કમકમી આવી. મારી આસપાસ આ મૃત્યુની ભયાનક રમતો શા માટે ચાલી રહી હતી ? મારું તુચ્છ જીવન શા માટે આવું મહત્ત્વ ધારી રહ્યું છે ?

હું ઊઠ્યો અને બારણા તરફ ધસ્યો. મારાથી બને તો એ ચીસ

પાડનારનો હું બચાવ કરું એવી લાગણીને વશ થઈ મારી અશક્તિનો ખ્યાલ કર્યા વગર જ હું ધસ્યો. બારણા આગળ આવતાં જ મેં એક વિચિત્ર દૃશ્ય જોયું અને હું ઠરી ગયો. અંધકારભર્યા ખૂણામાંથી અંધકાર હાલતો હોય એમ મને લાગ્યું. અંધકાર હાલે ખરો ? પ્રકાશ આઘોપાછો થતાં, અગર ઓછો વધારે થતાં પડછાયામાં હલનચલનનો ભાસ થાય છે, પરંતુ આ અંધકાર તો મારા તરફ ચાલ્યો આવતો લાગ્યો. મને ભ્રમ તો નથી થતો એવો ખ્યાલ આવતાં મેં આંખ ઉપર હાથ ફેરવ્યો. આછા પ્રકાશમાં એક અંધકારનો ટુકડો મારી સામે આવીને ઊભેલો મેં જોયો. મારું હૃદય ધડકવા લાગ્યું. અગમ્ય સત્તામાં હું માનતો નહિ છતાં મને લાગ્યું કે કોઈ માનવ શક્તિ પર રહેલા સત્ત્વની સામે હું ઊભો છું, પેલી ચીસનો ખ્યાલ હું વીસરી ગયો, અને અંધકારની સામે સ્થિર બની ઊભો રહ્યો.

અંધકાર વચમાંથી ઊકલી જતો લાગ્યો. તેમાંથી એક સુંદર મુખ બહાર નીકળી આવ્યું. મુખની આસપાસ તો ન સમજાય એવી કાળાશ જ હતી. મેં ઝડપથી વિચાર કર્યો કે આવો અંધકારપિછેડો ઓઢીને કોઈ પહેરેગીર મારી ઓરડી તરફ આવતો હશે. પરંતુ પહેરેગીરના મુખમાં આવું આકર્ષક સૌંદર્ય હોવાનું અશક્ય લાગ્યું. મેં ધારીને જોયું તો એ મુખ સુંદર છતાં અતિશય સખ્ત અને કડકાઈ ભર્યું હતું. હું ઓળખતો હોઉં એવો કેમ ભાસ થયો ? તેની આંખો વીજળી જેવા પ્રકાશથી ચમકતી હતી. અરુચિ ઉત્પન્ન થાય એવું સૌંદર્ય હશે ખરું ? એમ કોઈ પ્રશ્ન કરે તો તેને મારી સામે સ્થિર રહેલું મુખ દેખાડી શકાય એમ મને લાગ્યું. તેની આંખોના પ્રકાશથી હું ઝંખવાઈ ગયો, અને મારી આંખો તેની સામેથી મેં ખસેડી લીધી.

'સુરેશ !' અંધકારથી વીંટાયેલું એ મુખ બોલ્યું.

મેં તેની સામે જોયું; તેને ઓળખવાનો પ્રયત્ન કર્યો. એ પ્રયત્ન સમજી જઈને તેણે મુખ હસતું હોય એમ તિરસ્કારથી બોલ્યું :

'મને ઓળખવાની તારે જરૂર નથી, બોલ તારે જીવવું છે ?'

'મને જીવવાની જરા પણ પરવા નથી.' મેં એકદમ કહ્યું.

'ત્યારે તારે મરવું છે ?'

મને પેલું સ્વપ્ન યાદ આવ્યું. મારે મરવું હોય તો મારે બીજાની સહાય કે સલાહ લેવાની જરૂર જ નહોતી. મરવાની ખરેખર ઈચ્છા હોય તો આપઘાત એ સરળમાં સરળ રસ્તો છે. કર્મયોગીએ મને સ્વપ્નમાં એ જ કહ્યું હતું. મને એકદમ લાગ્યું કે કર્મયોગી જ મારી સામે ઊભો છે. તિરસ્કારથી મારું અંગેઅંગ ધ્રૂજી ઊઠ્યું. મેં જવાબ આપ્યો :

'મરવાજીવવાની સલાહ હું બીજાઓ પાસેથી માગતો નથી.'

'ઠીક.' અત્યંત સ્થિરતાથી એ મુખમાંથી ઉચ્ચાર નીકળ્યો : 'એનો અર્થ એટલો જ કે તને મરવું ગમતું નથી. એ જ સ્વાભાવિક છે.'

'મારી જિંદગી વિષે પંચાત કરવાનું તારે શું કારણ ?' મેં તેની સ્થિરતાથી ઉશ્કેરાઈ પૂછ્યું.

'એનું કારણ એટલું જ કે તારી જિંદગી મારા હાથમાં છે.'

'તો પછી તને ફાવે તે કર. મને પૂછે છે શા માટે ?'

'હું જેને તેને પૂછીને જ મારું છું અગર જિવાડું છું. હું પીઠ પાછળ ઘા કરતો નથી.'

'આવો ઉદાર તું કોણ છો ?'

'હું કર્મયોગી છું; તેં મને ઓળખ્યો છે.'

'મારે જીવવું છે એમ હું કહું તેથી તું મને કેવી રીતે જિવાડશે ?'

'એ પૂછવાની તારે જરૂર નથી. તારે જીવવું હોય તો આ કાગળ ઉપર વગરવાંચ્યે સહી કરી આપ. મારો - યોગીનો કૉલ છે કે તું જીવીશ.'

'બંસરી ક્યાં છે ?' મેં એકાએક પૂછ્યું.

'એ પૂછવાનું તું અત્યારથી મૂકી જ દે. એનું તો ખૂન થયું છે.'

'મેં એ ખૂન કર્યું નથી.'

'આ કાગળ ઉપર સહી કર એટલે ખૂન તેં કર્યું નથી એવું સાબિત થશે.'

'અને સહી ન કરું તો ?'

'તારે માથે આરોપ છે તે પુરવાર થશે.'

'બંસરીનું ખૂન કોણે કર્યું ?'

'આ કાગળ ઉપર સહી કરે તો તેં નહિ.'

'લાવો કાગળ.' મેં કહ્યું.

કાળા ટુકડામાંથી એક ઊજળો હાથ બહાર નીકળ્યો. હાથમાં એક ગોળ ભૂંગળા જેવો વાળેલો કાગળ હતો. તેણે મારા હાથમાં કાગળ મૂક્યો, તેણે બીજી વખત હાથ આગળ ધરી મને એક પેન આપી પરંતુ મારે કાંઈ લખવાનો વિચાર હતો જ નહિ એટલું જ નહિ, પણ કાગળ એક વખત મારા હાથમાં આવે તે પછી તેને પાછો આપવાનો પણ વિચાર નહોતો.

મેં આછા પ્રકાશમાં કાગળ વાંચવાની શરૂઆત કરી. તરત કર્મયોગીએ કાગળ પકડ્યો અને મને જણાવ્યું :

'વાંચ્યા વગર જ સહી કરવાની છે, કાગળ વાંચવો હોય તો પાછો લાવ.'

બીજે હાથે બળ કરી મેં તેનો હાથ કાગળ ઉપરથી છોડાવી નાખ્યો અને હું બૂમ મારી ઊઠ્યો :

'હરામખોર ! ખોટી સહી લઈ જવી છે અને બીજાઓને ડરાવવા છે, કેમ ? કાગળ નહિ મળે.'

કર્મયોગી હસ્યો અને જરા પાછો ખસ્યો. જરા રહીને તે બોલ્યો :

'બેવકૂફ ! તારું આવી બન્યું છે; તું બચવાનો નથી.'

હું ઘણા જ ક્રોધમાં આવી ગયો. નિર્બળ શરીર છતાં હું આગળ ધસ્યો અને કર્મયોગીને પકડવા મેં હાથ લંબાવ્યો. ખાલી અંધકારમાં મારો હાથ નિરર્થક પડ્યો. અંધકારનો ટુકડો પાસેના એક અંધકારમાં સમાઈ ગયો. હું પાછળ પડ્યો, પરંતુ અંધકારમાં બાથોડિયા માર્યા સિવાય હું કાંઈ જ કરી શક્યો નહિ. હું પાછો ફરતો હતો, અને કાગળ મારા હાથમાં રહ્યો હતો કે નહિ તેની ખાતરી કરતો હતો. કાગળ મારા હાથમાં જ હતો. હું ખુશ થયો. કર્મયોગીએ લુચ્ચાઈ કરી મને ભય આપી ગમે તે કાગળ ઉપર સહી કરવા લલચાવવાનો પ્રયત્ન કર્યો એ નિષ્ફળ ગયો, અને તેને આ કાગળ દ્વારા હું ખુલ્લો પાડી શકીશ એ વિચારે મારા મુખને જરા હસતું બનાવ્યું. હું મારા ઓરડામાં દાખલ થવા ગયો એટલામાં કર્મયોગીને હસતો સાંભળ્યો. હું ઊભો રહ્યો અને ચારે પાસ જોવા લાગ્યો. કોઈ હતું નહિ, છતાં એક અવાજ આવ્યો :

'એ જ કાગળ તને મારશે.'

આશ્ચર્યથી મેં ફરીને ચારે બાજુએ જોયું. કર્મયોગી અગર બીજું કોઈ ત્યાં દેખાયું નહિ. પરંતુ ચાર-પાંચ સિપાઈઓ દોડતા આવતા અંધારામાં દેખાયા.

'પકડો ! પકડો !' એવી બૂમ તેમાંથી એક જણે પાડી.

કોને પકડવા માટે આ બૂમ પડી તેનો હું વિચાર કરતો હતો. કર્મયોગી પકડાય તો ઘણું સારું એવો વિચાર કરી તેના વિષે પૂરી બાતમી આપવા હું બારણા આગળ ઊભો રહ્યો. પરંતુ સિપાઈઓ મારા તરફ ધસી આવ્યા અને મને ઝાલી લીધો.

'કેમ ? ક્યાં નાસતા હતા ?'

'હું તો કાંઈ નાસતો ન હતો; મારા બારણા આગળ જ ઊભો છું.' મેં જવાબ આપ્યો.

'દૂરથી અમને જોઈ તમે અંદર ચાલ્યા આવ્યા. બાકી તમે તો આગળ વધી જ ગયા હતા. શા માટે ખોટું બોલો છો ?'

'હું ખોટું બોલતો જ નથી. હું કદી નાઠો જ નથી.'

'તમારા હાથમાં શું છે ?'

'કાગળ છે. તમને આપવાનો છે.'

'નહિ આપો તો જશો ક્યાં ?' સિપાઈએ જણાવ્યું. 'અમને બાતમી મળી કે તમારા મળતિયા સાથે તમે કાંઈ દસ્તાવેજ લઈ નાસી જાઓ છો, એટલે આ ખરી રાતે અમારે દોડતા આવવું પડ્યું.'

મારી પાસેથી તેણે કાગળ લઈ લીધો. કાગળમાં શું હતું તે પણ મને વાંચવા મળ્યું નહિ.

'હવે આવા કેદીઓનો જલદી નિકાલ થાય તો સારું.' મને અંદર દાખલ કરી એક સિપાઈ બોલ્યો.

'આવા ભણેલા કેદીઓ જ ભારે પડે છે. ભીલકોળી બહુ સારા !' બીજાએ કહ્યું.

'હવે કાલથી કેસ ચાલશે એટલે નિરાંત.' ત્રીજાએ જણાવ્યું.

એટલે હવે મારા વિરુદ્ધ કેસ ચાલશે એવા ખબર સાથે હું આડો પડ્યો.

# ૨૨

## મુકદ્દમાની વિગતો

*જગતના કાચના યંત્રે*
*ખરી વસ્તુ નહિ ભાસે.*

**બાળાશંકર**

હવે મારે બીજી હકીકત ઘણી કહેવાની રહેતી નથી. મારી અને ફાંસીની વચ્ચે મારો મુકદ્દમો જ રહ્યો. તેની સંપૂર્ણ વિગતમાં હું ઊતરતો નથી. મૅજિસ્ટ્રેટની રૂબરૂ મારી કબૂલાત લેવડાવવા મારી માંદગીના સમયમાં પોલીસે ઘણો પ્રયત્ન કર્યો અને બે-ચાર વખત કંટાળીને મેં હા પણ પાડેલી; પરંતુ મૅજિસ્ટ્રેટ આવતાં હું એટલું જ જણાવતો હતો કે મારે જે કહેવાનું હશે તે હું અદાલતમાં યોગ્ય વખતે જાહેર કરીશ.

પોલીસ અને મુકુંદપ્રસાદ - બંસરીના કાકા - એ ફરિયાદી અને હું આરોપી : એ પ્રમાણે મુકદ્દમો શરૂ થયો. સામા પક્ષમાં સરકારી વકીલ અને મુકુંદપ્રસાદ તરફથી નવીનચંદ્ર એમ બે બાહોશ વકીલો રોકાયા. સુધાકરે મારે માટે નવીનચંદ્રને રોકવાની કરેલી વાત ખોટી હતી એમ મને હવે લાગ્યું. મારા તરફથી કોઈ પણ વકીલને મેં રોકવાની ના પાડી. કોઈ પણ સારા વકીલને હું રોકી શકું એવી મારી સ્થિતિ જ નહોતી. પરંતુ વર્તમાન ન્યાયશાસને એક એવી પદ્ધતિ સ્વીકારેલી હોય છે કે આરોપીની શક્તિ ન હોય તો સરકાર તરફથી તેને વકીલની સહાય આપવામાં આવે છે. સરકાર ઓછામાં ઓછી ફી આપી ઘણે ભાગે નવા વકીલોને આવા કામમાં રોકે છે, આ વકીલો કામ મળ્યાની હોંશમાં બનતો પ્રયત્ન કરે છે, પણ તેમનો અનુભવ આરોપીને ભાગ્યે જ કામ લાગતો હશે. દિવ્યકાન્ત કરીને એક નવા વકીલને મારા બચાવ અર્થે મારી નામરજી છતાં સરકારે રોક્યા.

જે મુકદ્દમો ચાલ્યો તેનો વિચાર કરતાં મને એક વાત તો ચોક્કસ જણાઈ કે ન્યાય એ અદલ ઈન્સાફ નહિ પરંતુ બુદ્ધિમાન વકીલોની કાયદાબાજીની શેતરંજ માત્ર છે.

પોતે જે પક્ષ લીધો હોય તે પક્ષ ખરો છે એમ પુરવાર કરવા માટે કાયદાના આધાર ઉપર તેઓ એવી દલીલો અને પુરાવા રચે છે, અને કાયદાની એવી ભુલભુલામણીઓ ઊભી કરે છે કે ન્યાય એ ભારેમાં ભારે

અટપટી વસ્તુ બની જાય છે, એવી મારી પોતાની દૃઢ માન્યતા થઈ.

વકીલ રાખીને ન્યાય મેળવવાથી નૈતિક જીવનની કઈ બાજુએ ઉજાસ પડે છે, તેની વકીલાત અને ન્યાયની ફિલસૂફી વાંચ્યા છતાં - હજી મને સમજ પડતી નથી.

મારા વિરુદ્ધ સાક્ષીઓનું એક મોટું લશ્કર ઊભું કરવામાં આવ્યું હતું. મેં ખૂન કર્યું છે એમ નજરે જોનાર તો કોઈ હતું નહિ. મુકુંદપ્રસાદ, તેમનાં પત્ની કુંજલતા, શંકર નોકર, પોલીસના માણસો, પંચના માણસો, મૅજિસ્ટ્રેટ અને હિંમતસિંગ તથા ડૉક્ટર એ મુદ્દાના સાહેદો હતા. ખૂન થતા પહેલાં કુંજલતાએ તેમ જ શંકરે બંસરીને મારું નામ દઈ બૂમ પાડતી સાંભળી હતી. શંકરે તો મને એટલામાં જોયો પણ હતો - ખૂન કરતાં નહિ; લોહીવાળી જાજમ, છરી અને મારો જ નક્કી પુરવાર થયેલો રૂમાલ; મારો કાગળ, મારા અક્ષરો અને તેમાંથી રહેલા ટુકડાઓમાં વંચાતાં એક ખૂની ઓળખાવનારા જલ્લાદ, તલવાર, ખૂની, ખતમ, ખંજર વગેરે શબ્દો; મારી ખૂન પછીની ગૂઢ પ્રવૃત્તિઓ; શિવનાથ - જે ગૃહસ્થે પુરાવામાં પોતાને જુદા જ માણસ તરીકે ઓળખાવી એ ખરા શિવનાથ ન હોવાની મારી શંકાને સાચી પાડી હતી - ને મારેલી ગોળી; જ્યોતીન્દ્રની સામે તાકેલી રિવૉલ્વર, અને ઝાડ ઉપર ટીંગાઈ રિવૉલ્વર તાકી કોઈ અજાણ્યા મકાનમાં ખૂન કરવાનો મારો પ્રયત્ન એટલું જ નહિ પણ દવાખાનામાંથી નાસી જવાની મારી પકડાઈ ગયેલી તદબીર : આ સર્વ પ્રસંગો હું ખૂની છું એમ સાબિત કરવા માટે પૂરતા હતા. નવીનચંદ્ર વકીલની કુનેહ ઉપર હું આફરીન થઈ ગયો. તેઓ એવા પ્રશ્ન પૂછતા હતા કે સાક્ષીને મારા વિરુદ્ધ અનુમાન થાય એવા જ જવાબો આપવાની ફરજ પડતી. જુબાની આપતાં કુંજલતા અનેક વખત રડી પડતી અને વારંવાર વગરપૂછ્યે કહ્યા કરતી : 'સુરેશભાઈએ ખૂન કર્યું છે એમ હું માનતી નથી.'

'વિદ્વાન મિત્ર' નવીનચંદ્ર એ જવાબ સાંભળી જરા હસતા અને કહેતા : 'તમે શું માનો છો એ હું પૂછતો જ નથી. માનવા ન માનવાની વાત નામદાર કૉર્ટ ઉપર છોડો; હું તો માત્ર હકીકત માગું છું.'

મારા વકીલ દિવ્યકાન્તે પણ ઓછી મહેનત લીધી હતી એમ કહેવાય નહિ. જેવી નવીનચંદ્રે મને ખૂન કરતાં જોયો નહોતો છતાં જાણે હું ખૂની છું એમ પુરવાર કરવા બધી તજવીજ કરી, તે જ પ્રમાણે દિવ્યકાન્તે હું ખૂની છું કે નહિ તેની ખાતરી કરવા કરતાં હું ખૂની નથી એમ માનવા અને મનાવવા ભગીરથ પ્રયત્ન કર્યો. તેઓ ઊલટતપાસ કરતા તેમાં બે-ત્રણ મહત્ત્વની બાબતો સાક્ષીઓ પાસેથી કઢાવતા :

'બંસરી અને સુરેશનાં લગ્ન થવાનાં હતાં તે તમે જાણો છો ?'

જે જાણતું તે એની હા પાડતું અને પોલીસ અગર નોકરવર્ગના સાક્ષીઓ ના પાડતા.

'બંસરી અને સુરેશ વચ્ચે ગાઢ પ્રેમ હતો એ વાત ખરી ?'

મુકુંદપ્રસાદ અને તેમનાં પત્નીએ કહ્યું :

'તેની અમને શી ખબર ?'

કુંજલતાએ કહ્યું : 'હા.'

'તમે શાથી જાણો છો ?' દિવ્યકાન્તે પૂછ્યું.

'બંસરી અને હું લગભગ સરખાં છીએ. મારી તે સખી હતી અને મને ગુપ્તમાં ગુપ્ત વાત પણ કહેતી.'

'સુરેશની વિરુદ્ધ કદી તેણે ફરિયાદ કરી હતી ?'

'કદી નહિ.'

'ત્યારે તમારી ખાતરી છે કે એ બંને વચ્ચે કદી અણબનાવ થયો નહોતો ?'

'મારી ખાતરી છે.'

'જ્યારે તમારી ખાતરી છે તો પછી આવું ખૂન કરવામાં સુરેશનો શો હેતુ હશે ?'

'સુરેશે ખૂન કર્યું છે એમ હું કહેતી જ નથી.'

અત્રે વકીલ નવીનચંદ્ર ઊભા થયા અને બોલ્યા :

'નામદાર ! ઉત્તર જુબાનીમાં ન જવો જોઈએ. પ્રશ્નનો ઉત્તર હા કે નામાં જ હોય. આ તો ઈલાયદા કથન થાય છે.'

મારા વકીલે કહ્યું :

'મારા વિદ્વાન મિત્રનો વાંધો વાસ્તવિક નથી. હું પ્રશ્ન પૂછું છું અને સાક્ષી એ પ્રશ્ન સમજી જઈ જે જવાબ આપે તે તેની જુબાનીમાં લેવો જ જોઈએ.'

આમ થોડીક વાર મને ન સમજાય એવી અર્થ વગરની પરંતુ વકીલોને મન ભારે કિંમતની તકરાર ચાલી. ગંભીરતાની અને સત્તાની મૂર્તિસમા ન્યાયાધીશે બિલકુલ રસ વગર આ તકરાર સાંભળી જણાવ્યું :

'એ ઉત્તર જુબાનીમાં લેવા અડચણ લાગતી નથી.'

'પણ નામદાર કૉર્ટે મારો એ સંબંધમાં વાંધો નોંધી રાખવો જોઈએ.' નવીનચંદ્રે કહ્યું.

'ઠીક.' નામદાર કૉર્ટ બોલી.

દિવ્યકાન્તે આ કોઈ ભારે જીત મેળવી હોય એમ સ્મિત કર્યું. નવીનચંદ્ર જેવા જગવિખ્યાત વકીલની સામે તકરાર લઈ તેમાં ન્યાયાધીશની પાસે વિજય નોંધાવવો એ કાંઈ આ બિનઅનુભવી વકીલ માટે ઓછી વાત નહોતી એમ મને લાગ્યું - જોકે આ તકરારમાં મહત્ત્વ શું હતું તે હું કદી સમજી શક્યો નથી.

આ સ્મિત નવીનચંદ્રથી સહન થઈ શક્યું હોય એમ લાગ્યું નહિ. તેમણે બેઠબેઠે ટીકા કરી :

'મારા યુવાન મિત્ર ભલે હસે. પણ આરોપીને માટે હસવાની તક પ્રત્યેક ક્ષણે ઓછી થતી જાય છે એની હું યાદ આપું છું.'

મારા વકીલના હસવાનો રોષ નવીનચંદ્રે મારા ઉપર કાઢ્યો

# ૨૩

## મુકદ્દમાની વધુ વિગતો

*નાવ ડોલે, નવા ડોલે,*
*સમુદર નાવ ડોલે રે;*
*નાવ ડોલે, નાવ ડોલે,*
*જીવનની નાવ ડોલે રે.*

**વાસુદેવ શેલત**

જેમ જેમ નવીનચંદ્ર મને ખૂની તરીકે પુરવાર કરવા જબરજસ્ત મથન કરતા તેમ તેમ દિવ્યકાન્ત એ ખૂન કરવામાં મારો કશો જ ઉદ્દેશ નહોતો એમ સાબિત કરાવવા ચાનક રાખતા. મારો મુકદ્દમો ચાલતો ત્યારે અદાલતમાં માણસો માતાં ન હતાં. નિંદા કરવાની અને નિંદા સાંભળવાની માનવજાતની ટેવને અદાલતો અને વર્તમાનપત્રો બહુ જ પુષ્ટિ આપે છે. લોકોને કોના તરફ લાગણી હતી એ કહી શકાતું નહિ, છતાં મોટે ભાગે ગુનેગાર તરફ જનસમાજની સહાનુભૂતિ રહે છે એટલું તો મને સમજાયું. ભરેલી અદાલતોમાં શાંતિ રાખવી બહુ મુશ્કેલ છે, તથાપિ મારા કેસ વખતે સહુ કોઈ અજબ શાંતિ જાળવી રાખતા.

મારી તરફેણમાં દિવ્યકાન્ત બહુ પ્રયત્ન કરી મારો ખૂન કરવામાં કાંઈ જ હેતુ નહોતો એમ પુરવાર કરાવતા. પરંતુ તેમના પ્રયત્નને હિંમતસિંગ તથા ડૉક્ટરની જુબાનીથી ભારે ધક્કો પહોંચ્યો. એક ચક્રવર્તી બીજા કોઈ ખંડિયા રાજા તરફ જે તુચ્છકાર બતાવે તે તુચ્છકાર દર્શાવી નવીનચંદ્રે દિવ્યકાન્તની સંભાવના એ બે સાહેદોની જુબાની વખતે જમીનદોસ્ત કરી દીધી. હિંમતસિંગને તેમણે કેટલાક સવાલ-જવાબ થઈ રહ્યા પછી પૂછ્યું :

'ઠીક, હિંમતસિંગ ! હવે હું તમને વધારે ખોટી નહિ કરું. તમે એક બાહોશ પોલીસ અમલદાર છો. તમારી તપાસમાં અનેક ખૂનોની તપાસ થઈ ગઈ હશે. એ બધાં જ ખૂનોનો ઉદ્દેશ તમને અગર કૉર્ટને સમજાયો હોય એવું દરેક વખતે બન્યું છે ?'

દિવ્યકાન્ત ત્વરાથી ઊભા થઈ ગયા અને બહુ જ આર્જવભર્યા શબ્દોમાં ન્યાયાધીશને તેમણે કહ્યું :

'મારા વિદ્વાન મિત્રનો આ પ્રશ્ન નામદાર કૉર્ટે નામંજૂર કરવો જોઈએ. બીજા કેસોમાં શું બન્યું છે અને શું નહિ તેને આ મુકદ્દમા સાથે સંબંધ નથી.'

'મારા યુવાન મિત્રને હજી ફોજદારી કામોના અનુભવની શરૂઆત છે માટે તેઓ આવો વાંધો લે છે. નામદાર કૉર્ટની તો ખાતરી જ થઈ ગયેલી છે કે આ પ્રશ્ન બહુ મહત્ત્વનો અને કામને લાગુ પડતો છે.' નવીનચંદ્રે બેદરકારીથી કહ્યું.

'આવા પ્રશ્નનું લાગુપણું સમજવા માટે ફોજદારી કામોમાં આખી જિંદગી બગાડવાની જરૂર હોય એમ હું મારા માનવંત મિત્રની માફક માનતો નથી. આવા પ્રશ્નો પૂછવા દેવા એ નિર્દોષ માણસને ફાંસીએ લટકાવવા માટે બસ છે !' મારા વકીલ દિવ્યકાન્તે નવીનચંદ્રની ટીકાનો જવાબ આપતાં જણાવ્યું.

'મારા વિદ્વાન મિત્રો'ની ઝપટનો વિચાર કરવા નામદાર કૉર્ટે આંખ મીંચી અને ઉચ્ચાર કર્યો :

'કેસને લગતી જ હકીકત પૂછવી જોઈએ. આપણે ખૂનની ફિલસૂફી ચર્ચવા બેઠા નથી.'

નવીનચંદ્રનો પ્રશ્ન નામંજૂર થયો. કૉર્ટનું વલણ દિવ્યકાન્ત તરફ હતું એ વાત સૂચવવા અનુભવી નવીનચંદ્રે ગુસ્સાનો દેખાવ કર્યો, અને ગર્જના સરખા અવાજથી કૉર્ટને બિવડાવવા તેમણે કથન કર્યું :

'નામદાર ન્યાયમૂર્તિને મારી વિનતિ છે કે લાગણીને આવા કામે બિલકુલ અવકાશ નથી એવો દેખાવ થવો જોઈએ. એક યુવાન ભણેલા પુરુષની જિંદગીનો એક બાજુએ સવાલ છે, અને તેને લીધે લાગણી દુભાય એ સહજ છે - મારી પણ લાગણી દુભાય છે; છતાં બીજી પાસ એક નિર્દોષ યુવતીના કમકમાટભર્યા ખૂનની - સમાજના હિતમાં - સમાજની આવી અનેક નિર્દોષ યુવતીઓના સંરક્ષણ અર્થે શિક્ષા કરવાનો સવાલ છે, એ પણ ભૂલવું ન જોઈએ.'

દિવ્યકાન્ત જવાબ આપવા ઊભા થયા, પરંતુ ન્યાયાધીશે હાથ હલાવી તેમને બેસાડી દીધા. ન્યાયાધીશના મુખ ઉપર ગુસ્સો દેખાયો. રંગવિહીન આકાશ પણ કદી લાલ-લીલું દેખાય છે. કોઈ પણ રંગથી અલિપ્ત રહેવાને માટે બંધાયલા ન્યાયાધીશના સંયમભર્યા મુખ ઉપર ગુસ્સો દેખાઈ આવ્યો. તેઓ બોલી ઊઠ્યા :

'મિ. નવીનચન્દ્ર ! શું તમે એમ કહેવા માગો છો કે હું પક્ષપાત અગર વલણ બતાવું છું ?'

પોતાને જે કહેવું હોય તે બહુ બહુ સ્પષ્ટતાથી સૂચવ્યા છતાં દોષમુક્ત રહેવાનું વકીલોને સારી રીતે આવડે છે. નવીનચંદ્રે કહ્યું :

'મી લૉર્ડ ! મારા શબ્દો આપ યાદ કરશો તો આપને ખાતરી થશે કે હું પક્ષપાત અગર વલણ સંબંધી એક અક્ષર પણ બોલ્યો નથી.'

'બોલ્યા નથી પણ સૂચવ્યું છે.'

'મારા શબ્દોનો એવો અર્થ થઈ શકે જ નહિ. અને છતાં આપ નામદારને તેવું લાગ્યું હોય તો હું બહુ દિલગીરી છું. આપ નામદારના નિષ્પક્ષપાત વલણની મને પૂરી ખાતરી છે, અને જાહેર અદાલતમાં તેવી ખાતરી હું વ્યક્ત કરું છું.'

'આગળ ચાલો.' અપાયલી ખાતરી ગ્રાહ્ય કરી કૉર્ટે ફરમાન કર્યું.

જાણે કાંઈ બન્યું ન હોય તેમ નવીનચન્દ્રે હિંમતસિંગની તપાસ આગળ ચલાવી.

'મિ. હિંમતસિંગ ! મારો પ્રથમ પ્રશ્ન ભૂલી જાઓ. તમે તારીખ......ની રાતે જ્યોતીન્દ્રની સાથેના ખાલી બંગલામાં હતા તે પ્રસંગ તમે યાદ કરી જાઓ.'

'મને બરાબર યાદ છે.' હિંમતસિંગે કહ્યું.

'એ બંગલામાં કોઈને ગોળી વાગ્યાનું તમને યાદ છે ?'

'હા.'

'હું તમારા સમક્ષ દસ માણસોને ઊભા રાખું છું. તેમાંથી કોને ગોળી વાગી તે તમે કહી શકશો ?'

કૉર્ટની અંદર દસ માણસોને લાવવામાં આવ્યા. હિંમતસિંગે તેમને જોઈ લીધા. નવીનચન્દ્રે પૂછ્યું :

'બને તેટલી ખાતરી કરી લો અને પછી કહો કે કયા માણસને ગોળી વાગી હતી ?'

હિંમતસિંગે કહ્યું :

'કોર્ટની બાજુએથી ગણતાં સાતમા માણસને.'

'બરાબર. તે વખતે ઓરડામાં કોણ હતું ?'

જે માણસને ઓળખ્યો તે મને શિવનાથ જેવો લાગ્યો. શું શિવનાથનું નામ દઈ એ માણસે મને છેતર્યો હતો ? રસ્તે જતા ગમે તે એક માણસને મેં શિવનાથ તરીકે કેમ માની લીધો ? પરંતુ એ ભૂલ થવાને પૂરતાં કારણો શું નહોતાં ? તેની વાતચીત, તેનો ભભકો, મોટર - એ બધું ગમે તેવા માણસને પણ ભુલાવામાં નાખવા માટે શું પૂરતું નહોતું ?

હિંમતસિંગે જવાબ આપ્યો અને ઝડપથી ચાલતા મારા વિચારો અટક્યા.

હિંમતસિંગે કહ્યું :

'ઓરડામાં તે વખતે સુરેશ હતા.'

'બીજું કોણ હતું ?'

'કોઈ નહિ.'

'તમે ઓરડામાં શા માટે ગયા હતા ?'

'અંદરથી પિસ્તોલનો અવાજ આવ્યો માટે.'

'તમે એકલા જ ગયા હતા ?'

'ના, મારી સાથે ચાર પોલીસ સિપાઈઓ હતા.'

'તમે એ બંગલા તરફ કોની બાતમીથી ગયા હતા ?'

'જ્યોતીન્દ્રની. એકબે ખૂન થવાનો સંભવ છે એમ તેમણે જણાવ્યું એટલે તેમની સાથે હું ગયો.'

'ત્યાં ગયા પછી જે બન્યું હોય તે નામદાર કોર્ટને જણાવો.'

'આખા બંગલામાં અંધારું હતું. હું, જ્યોતીન્દ્ર અને મારા માણસો ધીમેધીમે બંગલામાં ગયા. જ્યોતીન્દ્ર બીજા ઓરડાના બારણા આગળ ઊભા; હું તેમની પાછળ હતો અને મારા માણસો મારી પાછળ હતા. અંદરથી પિસ્તોલનો અવાજ આવ્યો અને તેની સાથે જ્યોતીન્દ્રે અંદર પ્રવેશ કર્યો હશે. અંદર જતાં જ્યોતીન્દ્રે સુરેશને ઊભો કર્યો હતો તે મેં જોયું.'

'એટલે આરોપી પડી ગયો હતો ?'

'હા.'

'તેના હાથમાં શું હતું ?'

'પિસ્તોલ.'

'ઠીક એ પિસ્તોલ ફૂટી હતી એમ તમે માનો છો ?'

'હા.'

'કારણ ?'

'એક ગોળી ખાલી હતી.'

'એ પિસ્તોલ જ્યોતીન્દ્રે નહિ ફોડી હોય એમ તમે કહી શકો છો ?'

'મારી ખાતરી છે કે પિસ્તોલ જ્યોતીન્દ્રે ફોડી જ નથી.'

'મોઢાની ખાતરી કૉર્ટ માનશે નહિ; કારણો આપો.'

'જ્યોતીન્દ્ર કદી હથિયાર રાખતા જ નથી. વળી પિસ્તોલ સુરેશના

હાથમાં હતી. જ્યોતીન્દ્ર અંદર જઈ, અંધારામાં પિસ્તોલ ફોડી કોઈ માણસને ઘાયલ કરે એટલો સમય પણ નહોતો.'

'માટે સુરેશે પિસ્તોલ ફોડી એમ કહો છો ?'

'હા, જી. વળી તેના મનની સ્થિતિ જોતાં તે એક Maniac - ભ્રમિત ચિત્તવાળા - ખૂની તરીકે મને જણાયો છે.'

ઝીણી આંખ કરી નવીનચંદ્રે પોતાના હરીફ દિવ્યકાંત તરફ જોયું. જે પ્રશ્ન બદલ વાંધો તેણે લીધો હતો તેનો જવાબ એની મેળે જ આવી જતો જણાયો.

'કારણ આપ્યા સિવાય તમે કશું કથન કરશો જ નહિ.' નવીનચંદ્રે કહ્યું.

'સુરેશે જ્યોતીન્દ્રને મારવા પિસ્તોલ ધરી હતી તે હું અને મારા સિપાઈઓ જાણીએ છીએ. મેં પિસ્તોલ ઝૂંટવી લીધી.'

'આ સિવાય તમારી માન્યતાનું બીજું કારણ કાંઈ છે ?'

'હા, જી. કર્મયોગીના મકાનમાં ઝાડ ઉપર ચડી જાળીમાંથી ઘણું કરી જ્યોતીન્દ્રની સામે પિસ્તોલ તાકતાં અમે જોયો છે. એટલું જ નહિ પણ તેનું ન ફાવતાં પોલીસનાં સંગીન ઝૂંટવી લઈ તેણે અંદર ફેંક્યાં એટલે ખૂન કરવાનો વેગ તેનામાં છે એમ હું માનું છું.'

# ૨૪

## વકીલોની તકરાર

*કહી તું જાય છે દોરી*
*દગાબાઝી કરી કિસ્મત !*
*ભારોસો તેં દઈ શાને*
*આ હરરાઝી કરી કિસ્મત !*

**મણિલાલ**

હિંમતસિંગ પછી ડૉક્ટરની જુબાની લેવામાં આવી. ડૉક્ટરને મારે માટે અનેક પ્રશ્ન કર્યા તેમાંથી એક વાત ખાસ આગળ તારવી કાઢવાનો નવીનચંદ્રનો ઉદ્દેશ હતો. વખતોવખત ઉશ્કેરાઈ જઈ ખૂન કરી બેસું એવા પ્રકારના માનસ-ઘડતરવાળો ભયંકર માનવી હું છું એમ ડૉક્ટરની સહાયથી તેમણે કોર્ટના મન ઉપર ઠસાવવા માંડ્યું. ડૉક્ટરે ચિકિત્સાશાસ્ત્ર, માનસશાસ્ત્ર, એવાં કાંઈ કાંઈ શાસ્ત્રોમાંથી પોતાની દલીલ સાબિત કરવા માટે પુરાવા કાઢવા માંડ્યા. ઊલટતપાસમાં મારા વકીલ દિવ્યકાન્તે ડૉક્ટરની પાસેથી એમ કઢાવવા મથન કર્યું કે આવા પ્રકારનો મારો સ્વભાવ હોય તો તેને માટે હું જવાબદાર કે જોખમદાર નથી. પરંતુ ડૉક્ટર બુદ્ધિમાન હતો, તેને મારે માટે ચોક્કસ અણગમો ઉત્પન્ન થઈ ગયો હતો. તેણે અભિપ્રાય આપ્યો કે મારા સરખા માણસો સમાજના અન્ય બુદ્ધિમાન અને સર્વમાન્ય રહેણીકરણીવાળા ગૃહસ્થોની માફક રહે છે, તથાપિ તેમનો ખૂની સ્વભાવ વખતોવખત સ્પષ્ટ તરી આવી બુદ્ધિનો અને માન્ય રહેણીકરણીનો લાભ લઈ સ્વભાવનાં પરિણામો ઢાંકવા માટે મંથન કરે છે. ગૃહસ્થો અને સારા માણસોની ગણતરીમાં ગણતા કંઈક માણસો એવા હોય છે, જો તેમના ગુના બહાર પડે તો જનસમાજ તેમને જીવવા પણ ન દે. સાધારણ ગુનેગારો કરતાં આવા ગુનેગારો વધારે ભયંકર હોય છે. ઘણાં ન પકડાયલાં ખૂન આવા સારા કહેવાતા બુદ્ધિમાન ખૂનીઓની જગતથી ઢંકાયલી ખૂની વૃત્તિઓને જ આભારી હોય છે.

એવા ખૂનીઓની ખૂન માટેની જવાબદારીનો પ્રશ્ન આગળ આવતાં ડૉક્ટરે કહ્યું કે, તેઓને પોતાનાં કાર્યો માટે સંપૂર્ણ રીતે જવાબદાર માનવા જોઈએ. એક મહાન રોગચિકિત્સકનો અભિપ્રાય ટાંકી તેમણે જણાવ્યું કે,

'આવા ખૂનીઓને સમાજથી દૂર કરવા માટે ફાંસી સિવાય બીજું એક્કે સાધન નથી. જન્મટીપની સજા કરવી એ તેમને સમાજનાં સંસર્ગમાં આવવાની તક આપવા સરખું છે. એવા ખૂનીઓની કાબેલિયત એવી હોય છે કે તેઓ આખા જગતને ભુલાવામાં નાખી પોતાની ખૂની વૃત્તિને સંતોષે છે. કાંઈ નહિ તો છેવટે પોતાના પહેરેગીરને પણ મારીને તેઓ વલણને શાંત પાડે છે. એટલે તેમના અને સમાજના ભલા માટે તેમને જીવતા જ ન રાખવા એટલો જ ઈલાજ એમાં થઈ શકે છે.'

મને ઘણી વખત આ વાદવિવાદમાં અને અભિપ્રાયોના દિગ્દર્શનમાં મજા પડતી. પરંતુ એ સઘળો વાદવિવાદ અને અભિપ્રાયોના થોકડા મારી વિરુદ્ધ વપરાવાના છે એમ યાદ આવતાં હું પાછો ગમગીન બની જતો. ગમગીની એ આટલા દિવસોના અનુભવ પછી મારો સ્વભાવ જ બની ગયો હતો. મૃત્યુનો ડર પણ ઓછો થઈ ગયો હતો. મારા મનથી તે ચોક્કસ થઈ ગયું હતું એટલે મોત સરખો ભયંકર બનાવ મને જાણે પરિચિત થઈ ગયો હતો. બંસરી વગરની દુનિયામાં બંસરીના ખૂની તરીકે ગણાઈને જીવવું એ પણ મને ભારે થઈ પડ્યું હતું.

સાક્ષી-પુરાવા, સર-તપાસ, ઊલટ-તપાસઃ એમ ઠીક લાંબા વખત સુધી ચાલી કામ પૂરું થવા આવ્યું. હું ઘણીય તપાસ કરતો પરંતુ જ્યોતીન્દ્રનો પત્તો મને લાગ્યો જ નહિ. તેની ભાળ કોઈને જ મળી નહોતી. પોલીસે બહુ કાળજીપૂર્વક તેની ખોળ કરી હતી, કારણ તે પોલીસનો અને ખાસ કરીને કમિશનરનો માનીતો હતો. પરંતુ તેમની તપાસનું પરિણામ કાંઈ જ આવ્યું હોય એમ મને જણાયું નહિ. એના ખૂનને માટે પણ હું દોષિત ગણાઈ ચૂક્યો હતો; અને જ્યારે ડૉક્ટરે હું સ્વભાવસિદ્ધ ખૂની છું એમ જાહેર કર્યું ત્યારે મારો કેસ સાંભળવા આવનાર લોકોની સહાનુભૂતિ પણ જાણે ઓછી થઈ ગઈ હોય એમ મને લાગ્યું.

કેસ પૂરો થયો. બંને પક્ષના વકીલોની છેવટની તકરાર શરૂ થઈ. નવીનચંદ્રે પોતાના ભાષણમાં પોતાનો પક્ષ રજૂ કર્યો :

"આ કામ જોકે લાંબું ચાલ્યું છે છતાં તેથી તેનું છેવટ બહુ સરળ બની ગયું છે એ આપણે ભૂલવું જોઈએ નહિ. ખૂન થયું છે એ ચોક્કસ છે. લાશ ન મળે એથી ખૂન થયું જ નથી એમ માનવું એ થયેલા પુરાવા તરફ આંખ મીંચવા જેવું છે. લોહી પડ્યું છે, છરી મળી છે, છોકરી ગુમ થઈ છે, તેનો પત્તો નથી. જો જીવતી હોય તો તેનો પત્તો આટલા દિવસ સુધી ન લાગે એ અસંભવિત છે. તેની અધૂરી બૂમ સંભળાય છે, અને બૂમ પડ્યા પછી કોણ જોવામાં આવ્યું તે પણ સ્પષ્ટ નીકળી આવ્યું છે. બૂમમાં જ આરોપીનું નામ

ઉચ્ચારવામાં આવ્યું, અને આરોપીને તે જ ક્ષણે નજરે જોનાર સાક્ષી છે. આરોપીએ શા માટે ખૂન કર્યું ? તેને ખૂન કરવા માટે શું કારણ મળ્યું ?

"આ બે પ્રશ્નો ઉપર મારા યુવાન મિત્ર બહુ આધાર રાખતા હોય એમ જણાય છે. સામા પ્રશ્ન હું પૂછું છું : કુંજલતાને આરોપીનું ખોટું નામ દેવાનું કાંઈ કારણ સાબિત થયું છે ? શંકરને અને આરોપીને કશું વેર હતું કે જેથી તેને દીઠાની હકીકત તે ખોટી કહે ? એ જ યુવતી સાથે આરોપીનું લગ્ન થવાનું હતું. બીજા ઘણા સારા યુવાનો તેને મળી શકે એવી તે યુવતીની લાયકાત અને આર્થિક સ્થિતિ હતી, તેમ છતાં આરોપીની સાથે સંબંધ બાંધવા મરનાર બાઈ તેમ જ તેનાં સગાંવહાલાં આતુર હતાં. મારા ખંતીલા મિત્ર ઘણી ખંત વાપર્યા છતાં એવું કશું સાબિત કરી શક્યા નથી તે ફરિયાદી પક્ષને આરોપી ઉપર કોઈ જાતનું વેર કે અણગમો હતાં. જો તેમ નથી તો પછી તેમની જુબાનીમાં શંકા લેવા માટે કારણ નથી. એ જુબાની ખરી જ માનવાની છે.

"હવે જ્યારે જુબાનીઓ ખરી છે, ત્યારે બધા સંજોગો એક જ વાતને પુષ્ટિ આપે છે : આરોપીએ જ બંસરીનું ખૂન કર્યું છે. આરોપીને ખૂન કરવાનું કશું જ કારણ નહોતું એવી દલીલ આરોપી તરફથી થશે જ, તેનું હું પ્રથમથી જ સ્પષ્ટીકરણ કરવા ધારું છું. જો કાંઈ પણ કારણ નહોતું તો પછી આટલા દિવસ સુધી લગ્ન કેમ ન થયું ? એ પ્રશ્નનો ઉકેલ બચાવ પક્ષે કર્યો જ નથી. આપેલું વચન ખેંચી તો નહિ લેવું હોય ? બીજી જગાએ લગ્ન કરવાની આમાં તદબીર તો નહિ હોય ? બંસરીની હયાતી એ તેમાં વિઘ્નકારક પ્રસંગ કેમ નહિ હોય ? આમ અનેક જાતનાં કારણો જડી આવશે.

"પરંતુ મુખ્ય કારણ તો ડૉક્ટરની અને કંઈક અંશે હિંમતસિંગની જુબાનીમાંથી બેવકૂફને પણ જડી આવે એમ છે. આરોપીનું માનસ એવી જ રીતે ઘડાયું છે કે તેનાથી ખૂન કર્યા વગર રહેવાય જ નહિ. એક ખૂન માટે કારણ મળ્યું અને ખૂન કર્યું. એટલે તેનો સ્વભાવ બંધાઈ ગયો અને વારા-ફરતી ખૂનના કરેલા પ્રયત્નો બદલ જોઈએ એટલો પુરાવો કામમાં પડ્યો છે.

"હું ધારું છું કે હવે મારે વધારે કહેવાની જરૂર નથી. નામદાર કોર્ટ અમારા કથનને માન્ય કરી યોગ્ય સજા ફરમાવશે જ."

ટૂંકાણમાં આ તેમનું ભાષણ હતું. મારા વકીલે પણ બનતો પ્રયત્ન કર્યો. મારે કહેવું જોઈએ કે દિવ્યકાન્તે મારે માટે લીધેલી કાળજી કદી વિસરાય એવી નથી. મારા તરફ લાગણી થવાથી કહો કે પોતાને એક કેસમાં ભારે પ્રતિપક્ષી સામે આબરૂ બાંધવાની તક મળી હોય તે ખાતર

કહો, ગમે તે કારણે તેણે પોતાની બધી જ મહેનત અને અક્કલ મારા બચાવ અર્થે વાપરી હતી. હું તેનો ઋણી છું. તેનું કહેવું એમ થયું કે :

"સજા ફરમાવતા પહેલાં નામદાર કૉર્ટને હું વિનતિ કરું છું કે જે ખૂન કરવામાં આવે છે તે ખૂનમાં મુદ્દામાલનું શરીર જ હસ્તગત થયું નથી. એટલે બધી સંભાવના રચવામાં આવે છે તે ધુમાડામાં બાચકા ભરવા જેવી છે. જો શરીર હાથ લાગ્યું હોત તો હું મારા વિદ્વાન મિત્રની બધી દલીલ એકદમ કબૂલ કરત. આ તો એક કલ્પના ઉપર મારા વિદ્વાન મિત્રે આખી ઈમારત રચી છે - જોકે તે ભલે ખરા જેવી લાગતી હોય છતાં તેનો પાયો જ ન હોવાથી તેનું અસ્તિત્વ માત્ર કોઈના મગજમાં જ રહેલું છે.'

અત્રે નવીનચંદ્રે તકરાર કરી કે દિવ્યકાન્ત નાલેશીભર્યાં વાક્યો બોલે છે. પરંતુ ન્યાયાધીશ આવી તકરારથી ટેવાઈ ગયેલા હોય એમ તેમણે કાંઈ પણ સાંભળ્યું નહિ. બધી દલીલ મારા વકીલને તેમણે કરવા દીધી. છેવટમાં મારા વકીલે કહ્યું :

"નામદાર ન્યાયમૂર્તિ ! મારી છેવટની અરજ છે. ઈન્સાફને નામ એક એવી ભૂલ ન થાય કે જે કદી સુધરી શકે નહિ. મારા અસીલે કાંઈ પણ ગુનો કર્યો હોય એવું સાબિત નથી. જે સાબિત થવાનું સામો પક્ષ કહે છે તે માત્ર દંતકથા છે. અરે દંતકથા જેટલું પણ સત્ય તેમાં નથી. જો સામા પક્ષે ઊભી કરેલી રચનાઓથી નામદાર કોર્ટ દોરાઈ જશે તો એક નિર્દોષ માણસને ફાંસીએ ચડાવ્યાના દોષ કર્યા બદલ પશ્ચાત્તાપનો પ્રસંગ આવે તેમ છે, એ તરફ હું ખાસ ધ્યાન દોરી મારા ક્રુલને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા વિનતિ કરું છું."

નવીનચંદ્રે જવાબ આપવા જેવું સામા પક્ષની દલીલને મહત્ત્વ ન આપ્યું.

બસ. હવે ન્યાયાધીશે જ્યૂરીને બંને પક્ષની અને પુરાવાની હકીકત સમજાવી. હવે રહ્યો જ્યુરીનો અભિપ્રાય અને ન્યાયાધીશનો ઠરાવ.

સાંજે પાંચ વાગે જ્યૂરીનો અભિપ્રાય અને ઠરાવ અપાશે એમ જાહેર થયું. મારી ને નસીબના છેલ્લા ફટકાની વચ્ચે બે કલાકનું છેટું રહ્યું.

# ૨૫

# છેલ્લી ઘડીએ મહત્ત્વની સાક્ષી

*આંસુના નીરના કો આશાના અક્ષરો,*
*આછા આછા તો યે લૂછશો મા !*
*મારા હૈયાની વાતડી પૂછશો મા.*

ન્હાનાલાલ

જ્યૂરીએ ધાર્યા કરતાં વહેલો અભિપ્રાય આપ્યો. મને વધુ મતે તેમણે ગુનેગાર ઠરાવ્યો. તેમનો મત સાંભળી મેં મારું ડોકું નીચે નમાવ્યું. ન્યાય એ કેવી અટપટી ભુલભુલામણી છે તે મને પ્રત્યક્ષ થયું. હું નસીબ સિવાય કોને દોષ આપું ? જ્યૂરીવાળા ગૃહસ્થો અપ્રામાણિક હતા એમ માનવાનું કારણ નથી, તથાપિ 'અમે બહુ જ પ્રામાણિક છીએ' એવો પોતાને માટેનો અભિપ્રાય માણસને અજાણતાં જ નૈતિક ઘમંડમાં નાખી દે છે, અને પ્રામાણિક થવાની અને મનાવાની લાલસાથી અનેક અપ્રામાણિક વર્તનો થયે જાય છે.

સામાવાળા વકીલ નવીનચંદ્રનું મુખ પ્રફુલ્લિત થયું. ફાંસીને લાકડે ચડાવ્યાની અગર ફાંસીએ લાકડેથી બચાવ્યાની કીર્તિ એ વકીલોનું ધ્યેય હોય છે. વિજયનો પ્રભાવ જ એવો હોય છે. પરંતુ મારા વકીલ દિવ્યકાન્તના મુખ ઉપર કશો ફેરફાર થયો જણાયો નહિ. અસીલોને માટે લોહી ચૂકવ્યે વકીલોને ફાવે જ નહિ, એટલે તેમને કશી દિલગીરી થતી નહિ હોય એમ મેં ધાર્યું.

કોર્ટમાંથી કોઈ ખસ્યું નહિ. સાધારણ અવરજવર સિવાય બધા લોકો છેવટનો ચુકાદો સાંભળવા બેસી રહ્યા. આ મુકદ્દમાએ એટલું બધું લોકોનું ધ્યાન ખેંચ્યું હતું કે પરગામથી પણ સાંભળવા માટે લોકો આવી બેસતા. આ સઘળા લોકોની આંખ વારંવાર મારા તરફ દોરાતી. કોઈ મારી દયા ખાતું હશે અને કોઈ મારો તિરસ્કાર કરતું હશે; દયાની તેમ જ તિરસ્કારની એમ બંને નજરો મને અપ્રિય થઈ પડી. દૂર એક ખુરશી ઉપર કુંજલતા બેઠી હતી. તેની આંખો વારંવાર ભરાઈ આવતી મેં જોઈ.

નામદાર ન્યાયમૂર્તિ આવ્યા. તેમનું મુખ ગમગીન લાગતું હતું. ગુનાઓ અને ગુનેગારોના જ વાતાવરણમાં સદાય રહેતા ન્યાયાધીશને

હસવાના પ્રસંગો જૂજ મળતા હોવા જોઈએ. છતાં તેમની ગમગીનીમાંથી પણ તેમનું ગૌરવ દેખાઈ આવતું હતું. ઓઢેલા ઝભ્ભાથી તેમનો દબદબો ઘણો વધી ગયેલો લાગતો હતો. સહુ કોઈ ઊભા થઈ ગયા, અને તેમના બેઠા પછી બેસી ગયા. એકદમ આખી કોર્ટમાં શાંતિ પ્રસરી. જે સ્થળે પ્રથમ શાંતિ રાખવા માટે કચેરીના પટાવાળાઓથી માંડી ન્યાયાધીશ સુધીના અમલદારને વખતોવખત પ્રયત્ન કરવો પડતો હતો, ત્યાં આગળ હવે એક સોય પડે તોપણ સંભળાય એવી ચુપકીદી પથરાઈ ગઈ.

મારા પગનું જોર જતું રહ્યું. મારા શરીરમાં એવી ભયાનક નબળાઈએ પ્રવેશ કર્યો કે મને મૂર્છા આવવાનો ભય લાગ્યો; મારી જીભમાંથી અમી ઓસરી ગયું; મારું હૃદય પણ ઝડપથી ધબકવા માંડ્યું. આટલી બધી મેદનીમાંથી મારો ત્રાતા એક પણ માણસ થઈ શકે એમ નહોતું. મને બીજા કેદીઓની માફક બાંધ્યો નહોતો; મને પિંજરામાં સતત ઊભો પણ રાખતા નહોતા. મારી પ્રથમની સ્થિતિનો વિચાર કરીને અગર મારી શારીરિક નબળાઈનો વિચાર કરીને બેસવા માટે ખુરશી આપવામાં આવી હતી. એ ખુરશી ઉપરથી હું જરૂર પડી જાત. પરંતુ છેલ્લી ઘડીએ મારું સ્વમાન મને એ અપકીર્તિમાંથી બચાવી શક્યું. મૃત્યુ તો છે જ, પછી સ્થિર ઊભા રહી શા માટે ન મરવું ? મારી બીક જોઈ મૃત્યુને અગર ન્યાયાધીશને મારી દયા આવવાની નથી. મેં મારા મનને મજબૂત કર્યું, અને ન્યાયાધીશનો જે ચુકાદો આવે તે સાંભળવા માટે મેં હૃદયને તૈયાર કર્યું. શો ચુકાદો આવશે તે મારા મનથી નક્કી જ હતું; છતાં તેને માટે સર્વની માફક મને પણ જિજ્ઞાસા રહેતી જ.

ન્યાયાધીશે પાસેના એક શિરસ્તેદાર તરફ જોયું. તેણે ટાઈપ કરેલા કાગળોનો થોકડો મેજ ઉપર મૂકી દીધો. ન્યાયાધીશે કોર્ટના ઓરડામાં નજર ફેરવી, જરા મારા તરફ દૃષ્ટિ સ્થિર કરી અને પોતાનો ઠરાવ વાંચવા માટે કાગળો હાથમાં લીધા. સહુ કોઈ તેમનું વચન સાંભળવા માટે એકાગ્ર બની ગયા. જેવો તેમણે એક બોલ કહેવાની શરૂઆત કરી કે તરત જ મારા વકીલ દિવ્યકાન્ત ઊભા થયા. ન્યાયાધીશને ઠરાવ વાંચી સંભળાવતાં વચ્ચે આવનાર વકીલની બેઅદબી તરફ વકીલમંડળે મુખથી નાખુશી દર્શાવી. આ બધું બન્યું તે એટલી ઝડપથી બન્યું કે તેમાં આટલું લખવા જેટલો પણ વખત ભાગ્યે વ્યતીત થયો હોય. ન્યાયાધીશે પણ કંટાળાભરેલી દૃષ્ટિએ મારા વકીલ સામે જોયું. વકીલ બોલ્યા :

'નામદાર સાહેબ ! આ ઠરાવ વાંચવાનું આવતી કાલ ઉપર મુલતવી રહે તો ઘણું સારું.'

'હવે મારાથી સમય ફેરવાય નહિ. એક વખત હું જાહેર કરી ચૂક્યો છું.' ન્યાયાધીશે કહ્યું.

'માનવંતા સાહેબ ! મારી ખાસ વિનંતિ છે. મારા વિદ્વાન મિત્ર પણ એ સંબંધમાં વાંધો નહિ લે.'

'હું શા માટે વાંધો ન લઉં ? મારો ખાસ વાંધો નોંધી રાખવાની જરૂર છે. આવી છોકરવાદી કરવાથી અસીલોનો બચાવ કરવાનો પ્રયત્ન સફળ થવાનો નથી. ઊલટું ન્યાયના કામમાં ઢીલ થાય છે.'

મારા વકીલે કહ્યું :

'મારે ખાસ કારણ ન હોત તો હું વચ્ચે બોલત જ નહિ.'

આ બધી વાતચીત દરમિયાન કોર્ટમાં અશાંતિ ફેલાઈ ગઈ. શા માટે મારા વકીલ ઠરાવ વાંચવાનો સમય લંબાવવા માગે છે તે કોઈથી સમજી શકાયું નહિ; મને પણ મારા વકીલનું આવું વર્તન ઠીક ન લાગ્યું. આવી નજીવી યુક્તિઓથી મરતા માણસને બચાવી શકાય જ નહિ.

ન્યાયાધીશે પૂછ્યું :

'તમારે શું કારણ છે ?'

'કારણ પૂછવા માટે નામદારનો હું આભારી છું. મારું કારણ આ રહ્યું.' એટલું કહી જરા આગળ જઈ એક નાના કાગળના પરબીડિયાને તેમણે ન્યાયાધીશના મેજ ઉપર મૂકી દીધું.

નવીનચંદ્ર ખૂબ ગુસ્સે થયા અને બોલી ઊઠ્યા :

'આ બધું ધોરણ વિરુદ્ધનું વર્તન થાય છે.'

પરંતુ ન્યાયાધીશે તે સાંભળતાં જ પરબીડિયામાંથી કાગળ કાઢ્યો અને વાંચી એકદમ વિચારમાં પડી ગયા. આખી કૉર્ટ પાછી શાંત થઈ ગઈ. ન્યાયાધીશે ખિસ્સામાંથી ઘડિયાળ કાઢી જોયું અને બોલ્યા :

'સાડાપાંચ થવા આવ્યા છે. જરૂર હોય અને બંને પક્ષના વકીલોને હરકત ન હોય તો એક કલાક કૉર્ટનો વખત વધારીએ.'

'એ પ્રમાણે કરવાનું કારણ જણાવવું જોઈએ. નામદાર કોર્ટ તરફથી નવા વકીલોને રાહત મળે એ વિષે મારો વાંધો નથી, પણ આ કામે આરોપીના વકીલ ઉપર પારાવાર મહેરબાની કૉર્ટે બતાવ્યા કરી છે.' નવીનચંદ્રે કહ્યું.

'નવીનચંદ્ર ! આ વાંચો.' કહી ન્યાયાધીશે પેલો કાગળ તેમના તરફ ધર્યો. મેં ધારીને જોયું તો મને તાર જેવા રંગનો કાગળ જણાયો. નવીનચંદ્ર પણ પ્રથમ તો વિચારમાં પડ્યા; પણ છેવટે તેમણે કહ્યું :

'હવે બધું કામ પૂરું થયું છે. શા માટે બિનજરૂરી હકીકત માટે આપણે થોભવું ?'

'હકીકત બિનજરૂરી જણાશે તો હરકત નહિ, પરંતુ એક કલાકમાં કાંઈ ઓછું વધતું થવાનું નથી. હું બેસવા માટે તૈયાર છું.'

એક બીજા વકીલ, જેઓ સામા પક્ષ તરફથી મદદમાં ઊભા હતા તેમણે પૂછ્યું :

'શી હકીકત ?'

મારી નામરજી છતાં મારી શ્રવણેન્દ્ર તીવ્ર બની ગઈ. આ નવી હકીકત શી છે તે સાંભળવા હું ઉત્સુક બન્યો. મને બચાવવા માટે આ કાગળનો ટુકડો ઈશ્વરે નહિ મોકલ્યો હોય ? મને ઈશ્વર ઉપર શ્રદ્ધા ઉત્પન્ન થઈ.

ન્યાયાધીશે તાર લઈ વાંચી સંભળાવ્યો :

"મહત્ત્વની સાહેદી પૂરી પાડવા હું સાંજે આવું છું. કૃપા કરી કામ મુલતવી રખાવો. - જ્યોતીન્દ્ર."

'આ પ્રમાણે જ્યોતીન્દ્ર તરફનો તાર મને બચાવ પક્ષના વકીલ તરફથી મળ્યો છે. હવે સાંજની ગાડીનો સમય થયો છે એવા સંજોગોમાં કામ આગળ ચલાવવું કે કેમ તેની હું વિદ્વાન વકીલો પાસે સલાહ માગું છું.'

આખા ઓરડામાં હોહા થઈ રહી. લોકો અરસપરસ ખૂબ જોરથી વાતો કરવા લાગ્યા, અને પોતપોતાના અભિપ્રાયો દર્શાવવા લાગ્યા. સહુ કોઈના મુખ ઉપર એક જાતની ખુશાલી વ્યાપી હોય એમ જણાયું. મારા આનંદનો પાર રહ્યો નહિ. એ આનંદ મારા બચાવ માટેનો નહોતો, પરંતુ મારે માથે જ્યોતીન્દ્રના ખૂનની પણ શંકા રાખવામાં આવી હતી તેનું એકાએક નિરસન થતું હોવાથી થયો હતો. મારો એ પરમ મિત્ર જીવતો છે એ જાણતાં જ મારો આનંદ અનવધિ બની ગયો.

વકીલોએ અંદર અંદર ગુફતેગો કરવા માંડી. હિંમતસિંગ કડક મુખ કરી ઊભા થયા. તેની કડકાઈમાં ધંધાધારીની ટેવ જ હતી; નઠારા માણસની ખારીલી રેખાઓ તેના મુખ ઉપર નહોતી. કુંજલતાના પિતાનું મુખ પડી ગયું, પરંતુ કુંજલતા વારંવાર રડતી હતી તે હવે શાંત થઈ ગઈ અને સ્થિરતાથી મારી સામે જોવા લાગી.

ન્યાયાધીશ માટેનો મારો સખત અભિપ્રાય બદલાઈ ગયો. આ ક્ષણનું ધાંધળ અટકાવવા તેમણે પ્રયત્ન કર્યો જ નહિ. તેમને લાગ્યું કે કોર્ટમાં પણ કેટલીક ક્ષણો એવી આવે છે કે જે ક્ષણોએ કોર્ટ ગાંભીર્ય સાચવવાને

બદલે ભેગી થયેલી મંડળીની કુતૂહલની લાગણી સંતોષાવા દેવી. તેઓ પણ એક પછી એક સારા વકીલોને પાસે બોલાવી જેમનો તેમનો અભિપ્રાય લેતા હોય એમ દેખાયું.

છેવટે તેમણે જરા મેજ ઠોક્યું. સહુ કોઈ વાત કરતું બંધ પડી ગયું. અને દરેકનું લક્ષ ન્યાયાધીશ તરફ દોરાયું.

તેમણે ગંભીર અવાજે કહ્યું :

'જે બાજુએથી જ્યોતીન્દ્ર આવે છે તે બાજુની ગાડી સ્ટેશને ક્યારની આવી ગઈ હશે. જો આ તાર ખરો હશે તો તેમના સંબંધી ખબર આપણને પા કલાક કે અડધા કલાકમાં મળી જશે. દિવ્યકાન્ત જણાવે છે કે તેમણે તેમનો ખાસ માણસ સ્ટેશને મોકલ્યો છે એટલે આ મહત્ત્વનાં કામે થોડી વાર થોભવા પૂરતી શાંતિ આપણે બતાવી શકીશું.'

એટલામાં બારી પાસે બેઠેલાં માણસોમાં ગરબડ થઈ રહી. એ લોકોએ બહારની બાજુએ આંગળીઓ કરવા માંડી. મારાથી જરા પણ ખસાય એમ નહોતું. બધા જ લોકો ઊભા થઈ ગયા, અને બહાર નજર નાખવા મંડ્યા. એક પછી એક ધક્કાધક્કી કરી બારી તરફ જવા લાગ્યા. પરંતુ એટલામાં જ કૉર્ટના બારણામાં ઝડપથી ત્રણ વ્યક્તિઓએ પ્રવેશ કર્યો, અને મને લાગ્યું કે મારું હૃદય ધડકતું બંધ થઈ ગયું.

# ૨૬

## મારો બચાવ

*આકાશથી વર્ષાવતા છો*
*ખંજરો દુશ્મન બધા !*
*યાદી બનીને ઢાલ*
*ખેંચાય રહી છે આપની.*

**કલાપી**

જ્યોતીન્દ્ર, વ્રજમંગળા અને બંસરીએ ન્યાયમંદિરના અમારા ઓરડામાં પ્રવેશ કર્યો. લોકોનો ગરબડાટ ઘણો જ વધી ગયો હતો પરંતુ મને કશું જ સંભળાતું ન હતું. મારી દૃષ્ટિ એ ત્રણે વ્યક્તિઓ ઉપર જ ચોંટી ગઈ હતી. લોકો ઊભા થઈને એ ત્રણે જણને જોતા હતા, પરંતુ તે મારા ધ્યાનમાં ન હતું.

જ્યોતીન્દ્ર બધાની વચમાં થઈને ઝડપથી મારી પાસે આવ્યો. હું એકદમ ઊભો થઈ ગયો. મિત્રોને પરસ્પર ભેટવાનો ચાલ સુધરેલી વીસમી સદીમાં નાબૂદ થઈ ગયો છે, છતાં મેં તેના હાથ પકડી લીધા અને જ્યોતીન્દ્ર મને ભેટી પડ્યો.

હું તેનો કેટલો ઉપકાર માનું ? મને ફાંસીએ ચડતો તેણે બચાવ્યો એટલું જ નહિ, પણ તે બંસરીને જીવતી પાછી લાવ્યો.

મારી દૃષ્ટિ બંસરી તરફ વળી. એક અક્ષર પણ તે બોલી શકી નહિ; માત્ર તેની આંખમાંથી સ્નેહનું અમી ફૂટતું મેં નિહાળ્યું. એ સમયની સ્નેહજ્યોત નિહાળવા માટે આવી સેંકડો આફતો આવી પડે તે ખુશીથી સહન કરવા યોગ્ય મને લાગી. મારું હૃદય તેને ચાહતું હતું - અતિશય ચાહતું હતું. આ ક્ષણે પ્રેમનો પારાવાર મારા હૃદયમાં ફેલાઈ ગયો. મારું આખું જીવન બંસરીમય બની ગયું. તે સુંદર હતી; પરંતુ તેનું સૌંદર્ય અત્યારે મને આકર્ષતું ન હતું. કોઈ અજબ કુરબાનીનો ભાવ, કોઈ અકથ્ય પૂજ્યભાવ મને તેની તરફ ખેંચી રહ્યો હતો.

થોડી વાર આવાં હૃદયમંથનો ચાલ્યાં. ન્યાયાધીશે તેમાં વિક્ષેપ ન નાખ્યો. કાયદાનો કડક અમલ કરી ન્યાયાધીશનું હૃદય કડક અને જડ બની ગયું હશે એમ મને ઘણી વખત લાગતું. તથાપિ આખા કેસમાં તેમ જ ખાસ

કરી આ ક્ષણે તેમણે જે મહાનુભાવપણું દર્શાવ્યું તે ઉપરથી મારી ખાતરી થઈ ગઈ કે ન્યાયાધીશ મનુષ્ય તો છે જ - પથ્થરની ન્યાયપ્રતિમા, ન્યાયમૂર્તિ જ માત્ર નથી. તેઓ આખી સભાના પ્રમુખ અને શાસક હતા. તથાપિ પ્રેક્ષકોના જેટલી જ લાગણીથી તેઓ આ નવીન સ્થિતિ વિષે આકર્ષાયા હતા એમ મને લાગ્યું.

દિવ્યકાન્તના શબ્દો સાંભળતાં હું મારા વિચારસ્વપ્નમાંથી જાગ્રત થયો. ચારે પાસનો ઘોંઘાટ એકદમ શમી ગયો, અને વિજયી યોદ્ધાના સરખા સ્પષ્ટ અને સ્વાભાવિક સરળ શબ્દો વડે મારા વકીલે સહુનું ધ્યાન ખેંચ્યું. તેઓ બોલ્યા :

'નામદાર ! ઘણી વખત કલ્પના કરતાં પણ સત્ય વધારે વિસ્મયભર્યું નીવડે છે. આજે તેનું દૃષ્ટાંત આપની સમક્ષ રજૂ થાય છે. આગળ હવે શું કરવું તે મારે જણાવવાની જરૂર નથી. મારા અસીલ તદ્દન નિર્દોષ છે એ વિષેના પુરાવામાં હું બંસરીને જ રજૂ કરું છું. તેમના જ ખૂન માટે મારા અસીલ જેવા એક વિદ્વાન, ચારિત્ર્યશાળી સજ્જનને ગુનેગાર ઠરાવવા પ્રયત્ન ચાલી રહ્યો હતો. એ બહેનની હાજરીથી સદર આરોપ આપોઆપ નાબૂદ થઈ જાય છે. સામા પક્ષ તરફથી મહાપ્રયાસે ઊભી કરેલી સંભાવના હવે અસત્ય ઠરે છે. જોકે માનવંત જ્યૂરીએ મારા અસીલને ગુનેગાર કહ્યા છે, પરંતુ નવીન સંજોગોમાં તેઓ પોતાની ભૂલ જોશે અને અભિપ્રાય ફેરવશે.'

સામા પક્ષ તરફથી નવીનચંદ્રે વચમાંથી ઊભા થઈને જવાબ આપ્યો:

'નામદાર ! મારા મિત્ર તરફથી ભૂલભરેલી રીતે હકીકત રજૂ થાય છે. બચાવ પક્ષનો પુરાવો પૂરો થઈ તેમની ઈચ્છા પ્રમાણે તે બંધ કરવામાં આવ્યો હતો. હવે નવીન પુરાવો આપવા માટે બચાવ પક્ષને અધિકાર નથી. વળી બંને પક્ષની તકરાર થઈ ગઈ છે. જ્યૂરીએ પોતાનો અભિપ્રાય આપ્યો છે. હવે વચ્ચે કોઈનાથી દરમિયાનગીરી થઈ શકે નહિ એમ મારું માનવું છે.'

આખી મેદનીમાંથી નવીનચન્દ્ર પ્રત્યે નારાજી અને ગુસ્સાના ઉદ્‌ગારો નીકળ્યા. એ અનુભવી વકીલે ધારી લીધું હશે કે એમ બનશે જ; છતાં પોતાના પક્ષ માટે આવી રીતે લડત ચલાવતા એ વૃદ્ધ વકીલને જોતાં મને કોઈ વૃદ્ધ રાજપૂત વીરનો ખ્યાલ આવ્યો.

ન્યાયાધીશ સહજ હસ્યા અને બોલ્યા :

'હું તમે અને સઘળા પક્ષકારો બંસરીને જોઈ શકીએ છીએ. છતાં

તમારું એમ માનવું થાય છે કે તેમના ખૂનને માટે મારે આરોપીને સજા ફરમાવવી ?'

'બેશક ! કોર્ટને હવે ફરી પુરાવો લેવા અધિકાર નથી.'

'શા ઉપરથી કહો છો ?'

નવીનચંદ્રે ત્રણચાર મોટાં પુસ્તકો ન્યાયાધીશની સામે મૂકી દીધાં, અને વિજયની આશા નહિ છતાં સરસ લઢનાર તરીકેની શાબાશી મેળવવા વકીલમંડળ સામે દૃષ્ટિ કરી.

ન્યાયાધીશે પુસ્તકો ઊથલાવી વાંચ્યાં. વાંચતે વાંચતે એકબે વખત જાણે તેઓ ના કહેતા હોય તેમ તેમણે ડોકું હલાવ્યું. છેવટે તેમણે કહ્યું :

'આ ઠરાવો ચાલુ કામને લાગુ પડતા નથી. પરંતુ ધારો કે તે લાગુ પડે છે, છતાં જે ખૂન થયું જ નથી તેને માટે કહેવાતા ખૂનીને સજા થાય એવો કોઈ પણ કાયદાનો હેતુ નથી.'

'હું તો માત્ર કાયદેસર શું છે તે જ બતાવું છું. ગેરકાયદે પુરાવો લેવાની તજવીજ થશે તો પ્રીવી કાઉન્સિલનાં દ્વારો કાંઈ બંધ થઈ ગયાં નથી.'

વકીલનું આ કથન સાંભળી ન્યાયાધીશ ખૂબ હસ્યા અને બોલ્યા :

'નવીનચંદ્ર ! જીવતા માણસને મરેલું કલ્પી તમે કોઈને સજા કરાવવા પ્રીવી કાઉન્સિલ સુધી જશો તો ન્યાયની તવારીખમાં તમારું નામ અમર થઈ જશે !'

બધા વકીલો હસી પડ્યા. ઘવાયેલા યોદ્ધા માફક નવીનચન્દ્રનું મુખ રૌદ્ર સ્વરૂપ ધારણ કરી રહ્યું. તેમના અત્યંત અનુભવી મગજે એક છેલ્લો મહાન પ્રયત્ન કરી જોયો. તેઓ જરા કડક શબ્દોમાં બોલ્યા : 'મી લૉર્ડ ! ન્યાય એ ગંભીર વસ્તુ છે. ગાંભીર્યને અને હાસ્યને બનતું નથી. છતાં આપ નામદાર તેમ જ મારા વકીલ બંધુઓ હસી રહે તો હું એક મહત્ત્વનો મુદ્દો રજૂ કરવા માગું છું.'

ન્યાયાધીશની હાસ્યવૃત્તિ આજે વધારે ખીલી નીકળી. તેમણે વકીલોને પૂછ્યું :

'તમે બધાએ હસવું પૂરું કર્યું છે ?'

વકીલો ફરી હસી પડ્યા પછી ન્યાયાધીશે નવીનચંદ્રને તેમનો મહત્ત્વનો મુદ્દો રજૂ કરવા ફરમાવ્યું. નવીનચંદ્ર બોલ્યા :

'જ્યોતીન્દ્ર બે સ્ત્રીઓની સાથે આવ્યા છે એટલી વાતને કેમ આટલું બધું મહત્ત્વ અપાય છે તે હું સમજી શકતો નથી. બેમાંથી એક બાઈ બંસરી છે ! એમ મારા વિદ્વાન મિત્ર દિવ્યકાન્તનું ધારવું છે. પરંતુ એ ધારણા ખરી

છે ? એ બાઈ ખરેખર બંસરી છે કે કેમ તેનો કશો પુરાવો થયો છે ? હું પૂછવા માગું છું.'

એકાએક બંસરી ઊભી થઈ અને બોલી ઊઠી :

'કોર્ટ સમક્ષ પ્રતિજ્ઞા ઉપર હું જાહેર કરું છું કે હું બંસરી છું.'

નવીનચંદ્ર આટલાથી ડરે એમ લાગ્યું નહિ. તેમણે તુરત ઉત્તર આપ્યો :

'એ બાઈને એ પ્રમાણે કહેવા માટે જ લાવવામાં આવી છે. પરંતુ એ કહે છે તે ખરું છે એવી તો કોર્ટ ખાતરી કરશે જ ને ? આ જમાનામાં મુખપલટાની કળા એટલી બધી વધી ગઈ છે કે ગમે તે માણસ બીજા માણસનું આબેહૂબ રૂપધારણ કરી શકે.'

ન્યાયાધીશે મુખ ઉપર કંટાળો દર્શાવ્યો અને કોર્ટ બરખાસ્ત કરી. તેમણે જણાવ્યું કે મહત્ત્વની વિગતો આવી છે, એટલે તેઓ પોતાનો ઠરાવ આજે આપશે નહિ.

હવે કોર્ટની લાંબી વિગતો આપી હું કોઈને કંટાળો ઉપજાવીશ નહિ. બંસરી ખરેખર બંસરી જ હતી એમ સાબિત કરવામાં જરા પણ મુશ્કેલી નડી નહિ. ન્યાયાધીશે મને નિર્દોષ ઠરાવી છોડી દીધો અને મને અંતઃકરણપૂર્વક મુબારકબાદી આપી. સામા પક્ષના વકીલ નવીનચંદ્રે પછીથી લાંબી તકરાર કરવી મૂકી દીધી; અને જે દિવસે મને નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવ્યો તે દિવસે નવીનચંદ્રે ખાસ મારી સાથે હાથ મેળવ્યા, મને અભિનંદન આપ્યું અને જોકે પોતે સામા પક્ષમાં હતા છતાં આ ઠરાવથી પોતે ઘણા જ ખુશી થયા છે એમ પણ મને જણાવ્યું. તેમની આ લાગણી મને ખરા મનની લાગી. વકીલોનું પણ છેવટ માનવઘડતર તો છે જ ને ?

મારા કેસનો ચુકાદો આવ્યો તે રાત્રે જ મને બંસરીના કાકાએ ખાસ આમંત્રણ આપી જમવા બોલાવ્યો. મને નવાઈ લાગી કે આટલી ઝડપથી તેમની નારાજી કેમ ઓછી થઈ ગઈ હશે ? તેમનો વધારે અનુભવ થતાં મારી ખાતરી થઈ કે તબિયતની અતિશય સંભાળ રાખતા, જીવનની ઝીણામાં ઝીણી બાબતોથી કંટાળી જતા આ વૃદ્ધને મારા તરફ અંગત દ્વેષ હતો જ નહિ. મારા વિરુદ્ધ ઊભા થયેલા કાવતરામાં તેમનો સહજ પણ હાથ નહોતો. તેમને બંસરી જોઈતી હતી; તે મળી અને તેનું ખૂન મેં કર્યું જ નથી એમ તેમની ખાતરી થઈ, એટલે તેઓ રાજી થયા.

બંસરી જીવતી પાછી આવ્યાની ખુશાલીમાં સહુએ તેને એટલી બધી ઘેરી લીધી હતી કે મારાથી તેને મળવાનું અશક્ય બની ગયું. મારી અને

તેની નજર ઘડી ઘડી મળતી; પરંતુ નજર મેળવી બેસી રહેવું એ વિકળતા વધારવા જેવું છે. એકાએક કુંજલતા ધીમેથી આવી મને બોલાવી ગઈ.

'ક્યાં જવું છે ?' મેં પૂછ્યું.

'તમે ચાલો તો ખરા !' કુંજલતાએ કહ્યું.

કુંજલતાને હું સમજી શક્યો નથી. એ અજબ છોકરીને મારા તરફ ઘણો જ સદ્ભાવ હતો એ હું ડગલે ને પગલે જોઈ શક્યો હતો. છતાં કર્મયોગીના મંદિરમાં તેણે લીધેલું વિચિત્ર વલણ મને સમજાયું નહોતું. હું તેથી જરા ખમચ્યો.

'બીશો નહિ. હવે તમને પિસ્તોલ મારવાની નથી.' તેણે સમજીને કહ્યું.

'બીવાનું તો હવે હું ભૂલી ગયો છું.' મેં હસીને કહ્યું.

'એમ ત્યારે હું બિવડાવું ? જુઓ, આ ઓરડામાં બેસો. અને હું બારણું બંધ કરું છું.'

ખરે, મને ઓરડામાં બેસાડી કુંજલતા ચાલી ગઈ. અને જતે જતે એક પાસનું બારણું તેણે બંધ કર્યું. આ મશ્કરીનો તેનો શો હેતુ હશે તે હું વિચારતો હતો એવામાં જ બીજી પાસનું બારણું ઊઘડ્યું, અને દીપકના ઝાંખા પ્રકાશમાં મેં બંસરીને તે બારણામાં ઊભેલી જોઈ.

અમે પરસ્પર વાતો કરેલી હતી; અમે એકબીજાને કાગળો લખતાં હતાં; છતાં અત્યારે બંસરીને એકલી ઊભેલી જોતાં મારું હૃદય કેમ આટલું બધું ધડકી ઊઠ્યું હશે ? દસેક ક્ષણ અમારામાંથી કોઈની જ વાચા કેમ ઊઘડી નહિ હોય ?

'આવું કે ?' છેવટે કોયલ ટહુકી. બંસરીને કેટલે દિવસે મેં એકલી બોલતાં સાંભળી !

'તમારા ઘરમાં એ પ્રશ્ન હોય ?' મેં જવાબ આપ્યો.

એનો જવાબ બંસરીએ આપ્યો નહિ. તે ધીમે પગલે મારી નજીક આવી અને પાસે પડેલી ખુરશી ઉપર બેસી ગઈ. જાણે ચંદ્ર ચાલી આવી સોડમાં બેઠો ન હોય, એવો મને ક્ષોભ થયો.

તેણે થોડી ક્ષણો બાદ પૂછ્યું :

'તમારે ઘેર બોલાવો તો હું તમારા ઘરમાં પણ એ પ્રશ્ન પૂછીશ.'

'મારે ઘેર ? હા, જરૂર પધારો.'

'પધારવાનું નહિ, મારે રહેવાનું જ છે.'

'મારા ઘરમાં ? હું શી સગવડ આપી શકીશ ?'

બંસરીને હસવું આવ્યું. હસતાં હસતાં તે બોલી :

'આ જીદમાં તો આટલું થયું તોયે હજી સગવડની વાત કરવાની ? હવે તો તમે ના કહેશો તોયે હું તમારે ઘેર આવીશ, અને ઘર મારું બનાવી દઈશ.'

આ પછીના પ્રસંગની વિગતમાં મારે ઊતરવું નથી. એ વિગત અતિશય અંગત છે. છતાં આટલું તો કહીશ કે અત્યારે બંસરી સાથે મેં જે અડધો કલાક ગાળ્યો તે મારા જીવનનો મધુરમાં મધુર પ્રસંગ હતો. મેં અનેક દલીલો કરી. પણ મારી ખરાબ આર્થિક સ્થિતિનો, મારા અનિશ્ચિત ભાવિનો, કેસને અંગે મારે માટે ઉપસ્થિત થયેલી અનેક ચર્ચાઓ અને ચર્ચાઓનો કશો પણ વિચાર તેણે કર્યો નહિ; અને મારી સાથે મારી પત્ની તરીકે જીવન ગાળવાનો તેણે છેવટનો અડગ નિશ્ચય કર્યો.

મેં અતિશય વિનવણી કરી તેને નિશ્ચય ફેરવવા આગ્રહ કર્યો. પરંતુ સ્ત્રીને કોઈ જીતી શક્યું છે ? મારા કરતાં તેનો આગ્રહ વધારે અડગ હતો. મારી ગરીબીથી તેને ભય થયો નહિ; મારાં અનિશ્ચિત ભવિષ્યે તેને વધારે ઉત્સુક બનાવી; અને મારી અપકીર્તિએ તેનામાં કોઈ અજબ વાત્સલ્યની ઊર્મિ ઉપજાવી. તેણે મારી નાને હામાં ફેરવી નાખી. મેં છેવટનો પ્રયત્ન કરી જોયો અને કહ્યું :

'બંસરી ! તારા ખૂનનો આરોપ તો ખોટો પડ્યો છે. પરંતુ જો તું મારી સાથે લગ્ન કરશે તો હું ખરે ખૂની ગણાઈશ; મારા મનથી તો હું મને ખૂની માનીશ જ.'

એનો જવાબ જે મળ્યો તે શબ્દોમાં વ્યક્ત થાય એમ નથી. મારા અને તેના હોઠ જ એ જવાબ ઓળખી શક્યા.

# ૨૭

## જ્યોતીન્દ્રની નોંધ

*ન ભુલાતું તું ભૂલી જા;*
*વિધિનું પાયું તે પી જા.*

**ગોવર્ધનરામ**

મારા લગ્નને બીજે જ દિવસે જ્યોતીન્દ્રે મને જમવા બોલાવ્યો. મને, બંસરીને તથા કુંજલતાને તેણે આમંત્રણ આપ્યું. પરંતુ કુંજલતા અમારી સાથે આવી નહિ. એ રમતિયાળ, વહાલસોઈ છોકરી એકદમ ગંભીર બની ગઈ હતી, અને તેની આંખો જ્યારે ત્યારે કાંઈ ઊંડું નિહાળતી હોય એવો મને ભાસ થયા કરતો.

વ્રજમંગળા આગ્રહ કરી અમને જમાડતાં હતાં. જ્યોતીન્દ્રે વચમાં કહ્યું :

'આ મારા ખૂનીને તારે ભૂખ્યો રાખવો છે ?'

'શું અમસ્તા બોલ્યા કરો છો ?' માતૃત્વભર્યા સ્વરે વ્રજમંગળા જરા સંકોચાઈને બોલ્યાં.

'હું અમસ્તો બોલું છું ? જો, સુરેશ ! થોડા દિવસ ગુમ થયો તેમાં આણે પણ તને મારો ખૂની જ બનાવી દીધો. અહાહા ! તારે માથે આવેલા ખૂનોમાંથી એકાદ પણ ખૂન તેં કર્યું હોત તો હું તને દેવીની માફક પૂજત ! આ તો તારાથી બન્યું કશું જ નહિ અને આખો સમુદ્ર તેં ઉલેચાવ્યો !' જ્યોતીન્દ્રે કહ્યું. લગ્નના ઉત્સાહમાંથી હું મારા ભયંકર ભૂતકાળમાં ખેંચાયો. મેં જરા રહી તેને પૂછ્યું :

'જ્યોતીન્દ્ર ! બંસરીની શોધમાં થયેલા અનુભવો તું નોંધી રાખે તો કેવું ?'

'હું તો મારા દરેક ગુનાની શોધખોળ નોંધી રાખું છું.' તેણે કહ્યું.

'મને તે ન બતાવે ?'

'મારી બધી નોંધ જોઈને શું કરીશ ? હમણાં તારો જ ઇતિહાસ તપાસ.'

'મને બતાવ ત્યારે.'

'આજની રાત અહીં રહે તો મારી નોંધ બતાવું.'

'કારણ ?'

'એ નોંધ હું કોઈને જ ધીરતો નથી.'

'કબૂલ.'

જમી રહ્યા બાદ તેણે કબાટ ખોલ્યું, અને એક સુંદર ચામડાના પૂંઠાની ખિસ્સામાં સમાઈ જાય એવડી નોંધપોથી કાઢી મારા હાથમાં મૂકી. મેં તે વાંચવા માંડી. એમાં શું લખેલું હતું તે જાણવાની બંસરીએ તેમ જ વ્રજમંગળાએ પણ ઈચ્છા દર્શાવી. મેં બધાં સાંભળે એવી રીતે વાંચવાનું શરૂ કર્યું. જ્યોતીન્દ્ર દૂર બારી પાસે આરામખુરશી ઘસડી ગયો અને લાંબા પગ કરી, આંખો મીંચી તેના ઉપર સૂઈ ગયો. સુંદર-છેકછાક વગરના ઝીણા અક્ષરે તેમાં નીચે પ્રમાણે હકીકત લખી હતી :

"કર્મયોગી ! મેં એ નામ સાંભળ્યું ત્યારથી એને જોવાની મને ઈચ્છા થઈ. યોગીઓ સંસારમાં પ્રવેશ કરે નહિ, અને કરે તો શંકરાચાર્યની માફક સંસારને પલટી નાખે. મેં કર્મયોગીનાં દર્શન કર્યાં. મને લાગ્યું કે તે યોગી નહિ પણ કોઈ વિલાસી પામર મનુષ્ય છે. યોગીનો વેશ પણ પોતાનું આકર્ષણ વધારવા માટે ધારણ કર્યો હોય એમ લાગતું હતું તે વાચાળ, બહુશ્રુત, હસમુખો અને આંજી નાખે એવો અસાધારણ મનુષ્ય તો હતો જ; તથાપિ તેની વૃત્તિઓ અંતરાત્મા તરફ વળવા કરતાં બહાર વધારે દોડતી હતી.

"આવા યોગીનો વેશ ધારણ કરતા પુરુષોમાં સ્ત્રીઓને આકર્ષવાની કોઈ ગૂઢ શક્તિ રહેલી હોય છે. sex appeal - વિજાતીય આકર્ષણનો સિદ્ધાંત એવા પ્રસંગોમાં બરાબર કાર્ય કરતો જણાઈ આવે છે. થોડી મુદતમાં તેને પ્રાપ્ત થયેલી પ્રખ્યાતિ, તેનું ભારે શિષ્યમંડળ અને એ મંડળમાં સ્ત્રીઓની થતી ભરતી : એ બધાં કારણોને લઈને આ કર્મયોગીનો બારીકીથી તપાસ મેં ક્યારનો શરૂ કર્યો હતો.

"તેનો શહેરમાં મઠ હતો; અને શહેર બહાર ધ્યાનમંદિરના નામે તેના શિષ્યોમાં ઓળખાતો એક સુંદર બંગલો હતો. એક વખત તેનો મઠ મેં જોઈ લીધો; પરંતુ જેવી સહેલાઈથી હું મઠ જોઈ શક્યો તેવી સહેલાઈથી હું ધ્યાનમંદિર જોઈ શક્યો નહિ. ધ્યાનમંદિરમાં કર્મયોગીની પરવાનગી સિવાય કોઈથી પ્રવેશ થઈ શકતો નહિ. તેના બે પ્રકારના શિષ્યોમાંથી 'ગૂઢમંડળ'ના સભ્યો જ એ બંગલામાં જવાની હિંમત કરી શકતા.

"છતાં મેં એ સ્થળમાં પ્રવેશ કરવા માટે મારો બનતો પ્રયત્ન કરી

જોયો. એવા એક પ્રસંગે મેં કુંજલતાને અને બંસરીને એ બંગલામાં જતાં જોયાં. હું જરા ચમક્યો. કર્મયોગીની અસર આટલે સુધી કેમ આવી તેનો મને વિચાર આવ્યો. એ જ દિવસે તેના એક શિષ્યને મેં કેટલીક વાત પૂછી. તેણે કહ્યું કે ઉચ્ચ કોટિના અધિકારવાળાં સ્ત્રીપુરુષોને ઊંચી ક્રિયાઓનું જ્ઞાન એ ધ્યાનમંદિરમાં અપાય છે.

"કર્મયોગીની આંખ ઉપરથી મને એટલી તો ખાતરી થઈ કે તેને હિપ્નોટિઝમ - સંકલ્પબળના પ્રયોગો કરવાની ટેવ હોવી જોઈએ. યુવાન સ્ત્રીપુરુષો હિપ્નોટિઝમના મોહમાં જલદી પડી જાય છે, અને તેને ધાર્મિક સ્વરૂપ આપવાથી હિપ્નોટિઝમ શીખવનાર પ્રત્યે પ્રથમ પૂજ્યભાવ ઉત્પન્ન થઈ છેવટે શીખનાર સ્ત્રીપુરુષો શીખવનારને આધીન બની જાય છે. સંસ્કારી, સહૃદય, કેળવાયેલા વર્ગો ઉપર તેની જલદી અસર થાય છે.

"કુંજલતા અને બંસરી એ હિપ્નોટિઝમના પ્રયોગો કરવાની શરૂઆત કરતાં હતાં એવી મારી ખાતરી થઈ. એ પ્રયોગો કરવાની બંસરીને ખાસ ઇચ્છા થાય એ સ્વાભાવિક હતું. વશીકરણથી પુરુષને વશ કરી લેવાની સ્ત્રીની ઇચ્છા અનાદિ કાળથી ચાલી આવે છે. અલબત્ત, સ્ત્રીઓનું માનસ અને તેમનું દેહસૌન્દર્ય એવા વશીકરણની જરૂરતને ટાળી દે છે, છતાં વશીકરણનો લોભ સ્ત્રીહૃદયમાં અમર રહેશે એમ લાગે છે. સુરેશ કેટલાંક કારણોથી લગ્ન આગળ લંબાવ્યા કરતો હતો. વર્ષો સુધી બંસરીએ રાહ જોઈ, છતાં સુરેશની સ્થિતિ વધારે વિચિત્ર થતી ચાલી એટલે સ્વાભાવિક રીતે તે લગ્નની જવાબદારી આગળ ધકેલતો હતો. બંસરીથી તે સહન ન થાય અને હિપ્નોટિઝમના પ્રયોગોની સહાય લઈ સુરેશને જલદી વશ કરી લેવાની તેને ઇચ્છા થાય, તો તેમાં નવાઈ નહોતી.

"કુંજલતા એ કર્મયોગીની પ્રથમ શિષ્યા હતી, અને તેને લીધે જ બંસરીને કર્મયોગીનો પરિચય થયો હતો. કૉલેજમાં વિદ્યાર્થીઓ સમક્ષ માનસિક શક્તિઓ વિષે કર્મયોગીએ એક અસરકારક વ્યાખ્યાન આપ્યું હતું, ત્યારથી વિદ્યાર્થીવર્ગમાં તેને માટે અતિશય પૂજ્યભાવ ઉત્પન્ન થયો હતો. ઘણા શિષ્યોને કર્મયોગી યોગસાધના શીખવતો હતો.

"પરંતુ કર્મયોગીની સંયમી દેખાતી આંખમાં વિરાગ મેં કદી ભાળ્યો નહિ. શિષ્યાઓ તરફનો તેનો પક્ષપાત મને તરત સમજાઈ ગયો અને મેં જ્યારથી કુંજલતા અને બંસરીને ત્યાં જોયાં ત્યારથી મેં તેની હીલચાલ ઉપર પૂરી દેખરેખ રાખી દીધી.

'મેં નહિ ધારેલું કે કર્મયોગીની યોજનાઓ આટલી ઝડપથી અને આટલી સાવચેતીથી અમલમાં મુકાશે. બંસરી એની યોજનાનો ભોગ

બનશે એમ કદી કોઈ ધારે જ નહિ. છતાં મને એટલું તો લાગેલું કે સુરેશના મિત્ર સુધાકરને અને કર્મયોગીને કાંઈ ગાઢ સંબંધ છે. હું સુરેશને પૂછવાનું કરતો હતો. તેના જૂના મિત્રોમાં આવો કોઈ યોગસાધનામાં પડેલો મિત્ર હોવાનું મારા જાણવામાં નહોતું; માત્ર તેનો એક વૈજ્ઞાનિક મિત્ર માનસિક શક્તિઓ અને ભૌતિક શક્તિઓ સંબંધી માથાફોડ કરતો હતો એટલું મારા જાણમાં સુરેશના કહેવાથી આવ્યું હતું. એ મિત્રો લડીને છૂટા પડ્યા હતા એટલું જ નહિ પણ સુરેશને મુશ્કેલીમાં મૂકવા તેમણે એકબે વખત પ્રયત્ન પણ કર્યો હતો. બંસરી અને સુરેશ વિષે આટલું પ્રાથમિક જ્ઞાન મને સહજ હોય જ.

"એકાએક તારીખ.... ...ની પાછલી રાતે કમિશનર સાહેબે મને ટેલિફોન ઉપર બોલાવ્યો અને જણાવ્યું કે બંસરીનું ખૂન થયું છે. એ ખૂન સુરેશે કર્યું છે એવો પણ શક જાય છે એવી હકીકત તેમણે મને કહી, અને સવારે જલદી મળવા જણાવ્યું.

"મેં તત્કાળ વિચાર કર્યો. ખૂનનાં કારણો કયાં હશે ? સુરેશ શા માટે ખૂન કરે ? તેને જો એમ લાગે કે બંસરી બીજાની સાથે ચોક્કસ સ્નેહમાં છે અગર બીજાની સાથે તેનાં લગ્ન થવાનાં છે તો તે ખૂન કરવા પ્રેરાય. પરંતુ તેવું કાંઈ હતું નહિ. મેં તત્કાળ પૂછ્યું કે બંસરીના શબ ઉપર પહેરો રખાવ્યો છે ? ત્યારે મને ખબર મળી કે શબનો પત્તો નથી પરંતુ ખૂન થયાનાં પૂરતાં ચિહ્નો છે.

"સુરેશને હું સારી રીતે ઓળખું છું. તે મારા ભાઈ સરખો મારો મિત્ર છે. એનામાં ખૂનીના ગુણ નથી એટલી તો હું ખાતરી રાખું જ. છતાં હું જે કહું તે મારે પુરવાર કરવું જોઈએ. એથી હું કાંઈ બોલ્યો નહિ. મને એકાએક એમ લાગ્યું કે શબનો પત્તો નથી ત્યારે એમાં કાંઈ ભેદ હોવો જોઈએ. સુરેશને ઘેર રાત્રે તપાસ કરાવી ત્યારે તેના માણસે જણાવ્યું કે તે તો આખી રાત ઘરની બહાર નીકળ્યો જ નથી.

"સુરેશે ખૂન નથી કર્યું એમ માની લઈ હું વિચારમાં આગળ વધ્યો. મને કર્મયોગી અને તેના યોગપ્રયોગો ધ્યાનમાં આવ્યા.

"હિપ્નોટિઝમ-પ્રાણવિનિમયની વિદ્યામાં Mediums મધ્યવર્તી સાધનોની ઘણી જરૂર પડે છે, અને ખાસ કરીને સ્ત્રીઓ તેમાં તેમના સ્વભાવને લઈને બહુ અનુકૂળ સાધન નીવડે છે, એમ હું જાણું છું. મને એમ લાગ્યું કે બંસરીને આવા મિડિયમ તરીકે ઉપયોગમાં લેવા કર્મયોગીએ ગુમ તો નહિ કરી હોય ?

"સુરેશને બંસરીના ખૂનની ખબર પડશે એટલે તરત જ મારી પાસે

આવશે એવી મને ખાતરી હતી. સવાર પડતાં તો કમિશનર તરફથી વારંવાર મને બોલાવવા માટે ટેલિફોનમાં કહેણ આવવા લાગ્યાં. સુરેશને મળતાં પહેલાં મારે ન જવું એવો મેં નિશ્ચય કર્યો હતો એટલે મોજાં સંધાવવાને બહાને હું બેસી રહ્યો.

"એટલામાં સુરેશ આવ્યો. તેનાં મુખ ઉપરથી જ મને ખબર પડી કે તે તદ્દન નિર્દોષ છે. મેં તેને મારી સાથે લીધો.

## ૨૮

# જ્યોતીન્દ્રની નોંધ

*વીજલડી હો ! ઊભાં જો રહો તો,*
*દિલની પૂછું એક વાતલડી રે !*
*દિનને દીનાનાથે અજવાળાં આપિયાં,*
*અંધારી કેમ કરી રાતલડી રે !*

**ન્હાનાલાલ**

"પોલીસ કમિશનર યુરોપિયન છે. મારા ઉપર તેમને ઘણો વિશ્વાસ છે. મને ગુનાઓની તપાસનો ઘણો શોખ છે. હું નાનો હતો ત્યારથી મને ગુનાઓનાં વર્ણનો વાંચી તેમાંથી રહસ્ય તારવી કાઢવાનો રસ પડ્યો હતો. અહીં કૉલેજનો અભ્યાસ પૂરો કરી બૅરિસ્ટર થવા હું વિલાયત ગયો ત્યારે મને એક સારા ગુનાશોધકનો પરિચય થયો. તેણે મને એ વર્ગના બીજા નિષ્ણાતો સાથે સંસર્ગમાં આણ્યો. સ્કૉટલૅંડ યાર્ડની સરકારી સંસ્થામાં પણ હું જાણીતો થઈ ગયો. કમિશનર સાહેબ એ વખતે સ્કૉટલૅંડ યાર્ડની પદ્ધતિઓનો અભ્યાસ કરવા માટે વિલાયત આવ્યા હતા. મારા જેવા એક હિંદીને એ સમાજમાં ફરતો જોઈ તેઓ નવાઈ પામ્યા, અને મારી સાથે બહુ માયા ભરેલું વર્તન રાખવા લાગ્યા. તે જ અરસામાં નોકરી કરી નિવૃત્ત થયેલા બે યુરોપિયન અમલદારોનાં ખૂન અને એક પારીસમાં રહેતા ગુજરાતી ઝવેરીના ઝવેરાતની મોટી ચોરી થઈ તેની ચર્ચા પેપરોમાં ઘણી ચાલતી; અને સરકારી પોલીસખાતું તેમ જ ખાનગી ધંધો કરનાર ગુનાશોધકોમાં ખળખળાટ થઈ રહ્યો હતો.

"મેં કમિશનર સાહેબને એ ત્રણે ગુનાઓ સંબંધી મારી જાતે કરેલ તપાસની બાતમી આપી. તેમને મારી બાતમી સારી લાગી અને મારી સંભાવના - Theory પ્રમાણે કામ કરવા પૂરતી સહાય અપાવી. પરિણામે ત્રણે કામમાં મને અને કમિશનર સાહેબને જશ મળ્યો. કમિશનર સાહેબે તેમ જ બીજા નિષ્ણાતોએ ખુલ્લી રીતે મારાં વખાણ કરી મને ઘણો ચઢાવ્યો, હિંદી વઝીર સાથે મારી મુલાકાત કરાવી અને આવા કાર્યમાં રોકવા માટે આખી બ્રિટિશ સલ્તનતનો પરવાનો મને અપાવ્યો.

"ત્યારથી કમિશનર સાહેબની મારા ઉપર કૃપા ચાલુ જ છે. મને

અંગત મિત્ર તરીકે ગણી તેઓ માન આપે છે. અને ગૂંચવણ ભરેલાં કાર્યોમાં મને સહાય અર્થે ખુલ્લા દિલથી બોલાવે છે.

"મારા સરખા બિનનોકર અને બહારના માણસને આવું મહત્ત્વ મળ્યા કરે એ પોલીસખાતાના ઘણા અમલદારોથી સહ્યું જતું નથી. મારા કાર્યની વિરુદ્ધ તેઓ ઘણુંખરું પડે છે એટલું જ નહિ, પણ મારું કાર્ય સફળ ન થાય એ અર્થે ગુનાઓ છુપાવવાની પણ કેટલીક તરકીબો રચે છે. આ ઈર્ષા સકારણ છે એમ ધારી હું તે અમલદારોનાં કાર્યોની પરવા કર્યા વગર કમિશનર સાહેબના વિશ્વાસ ઉપર મારું કાર્ય કર્યે જાઉં છું.

"બંસરીના ખૂન સંબંધી કમિશનર સાહેબ આગળ મારા જતા પહેલાં ખૂબ ચર્ચા થઈ ગઈ હતી. ખૂનનો જેને માટે સંશય હતો તે સુરેશ મારો અંગત મિત્ર હતો, એ વાત કમિશનર આગળ ભાર મૂકીને કહેવાઈ ગઈ હતી; અને તેટલા કારણથી મને આ કાર્યમાં બિલકુલ ન રોકવો એવી ઘણા ડાહ્યા ને પક્વ અમલદારોએ સલાહ પણ આપી. હું ગયો તે વખતે એ જ પ્રશ્ન ચર્ચાતો હતો.

"હું જાણી જોઈને સુરેશને મારી સાથે લઈ ગયો હતો. મારી ખાતરી હતી કે તેના વિરુદ્ધ વાતાવરણ જામી ગયેલું જ હશે. છતાં તેના દેખાવની અમલદારો ઉપર શી છાપ પડે છે તે જોવા ખાતર મેં એને કમિશનરના ઓરડામાં જ લીધો અને તેને પોલીસના અભિપ્રાય મુજબ શકદાર તરીકે ઓળખાવ્યો. કમિશનરે સ્વાભાવિક રીતે અને અત્યંત વિવેકપુરઃસર શકદારની હાજરીમાં ચર્ચા ન કરવા જણાવી સુરેશને બહાર બેસાડવા ફરમાન કર્યું. સુરેશને આ ન ગમે એ હું જાણતો હતો, પરંતુ કમિશનરનું કહેવું ખોટું નહોતું, એટલે મેં પણ તેને બહાર બેસવા જણાવ્યું.

"પછી કમિશનર સાહેબે સઘળા અમલદારોને ઉદ્દેશી કહ્યું : 'તમે બધા જ્યોતીન્દ્રની સહાય લેવા ના પાડો છો; તમારું કારણ ખરું હશે, તથાપિ જો શકદાર તેનો અંગત મિત્ર હશે તો તેના બચાવનો પ્રયત્ન કરતાં તમે જ્યોતીન્દ્રને કેમ રોકી શકશો ?'

"સહુ કોઈએ કમિશનરના કથનમાં રહેલું સત્ય સ્વીકાર્યું. મેં સહુની આગલ જાહેર કર્યું કે સુરેશ મારો મિત્ર છે એ વાત ચોક્કસ છે. એટલે હું પોલીસની સાથે રહીને તપાસ કરવાનો જ નથી.

"પરંતુ કમિશનર સાહેબને મારામાં વધારે શ્રદ્ધા હતી. તેમણે કહ્યું : 'ચોવીસ કલાક લગી હું બધી તપાસ તમને સોંપું છું. પોલીસ તમારા કહેવા પ્રમાણે જ વર્તશે. ચોવીસ કલાક વીત્યે હું બીજો હુકમ આપીશ.'

"અમલદારોના મુખ ઉપર પ્રસરેલી નાખુશી મેં જોઈ. મેં કમિશનર

સાહેબને વચન આપ્યું : 'ગુનાની તપાસમાં હું મારા મિત્રની તરફેણ કરવાનો નથી. જો તેણે ગુનો કર્યો હશે તો હું તે બહાર પાડીશ અને પછી જ તેનો જે બચાવ જડશે તે કરીશ.'

"અમે ત્યાંથી છૂટા પડ્યા. મેં જણાવ્યું કે મારે જરૂર પડશે ત્યારે જ હું પોલીસને હુકમ આપીશ. તે સિવાય મારે અને તેમણે જે યોગ્ય લાગે તે માર્ગે કામ કરવું.

"સ્થળ જોયા સિવાય ચાલે જ નહિ. ગુનાના સ્થળમાં કંઈક એવી ગેબી વાચા હોય છે કે મોટા ભાગનું કથન સ્થળ પોતે જ કહી દે છે. વળી સુરેશને ચીઢવવાનો પણ મેં અખતરો કર્યો. એથી હું તેની તરફેણમાં જ નથી એમ પોલીસની ખાતરી થાય અને સુરેશ પણ ગુસ્સાની ક્ષણમાં સત્યસ્ફોટન કરી દે તો મારું કાર્ય સરળ થાય એમ હતું.

"મારા પ્રયોગમાં હું સફળ થયો. સુરેશ જાણે ગુનેગાર હોય એમ દેખાડી આપતાં તે ગુનેગાર નથી જ એવી મારી ધારણા ડગલે અને પગલે સ્પષ્ટ થતી ચાલી.

"ઘર આગળ કુંજલતાનું કથન એવું થયું કે સુરેશ ગુનેગાર હોય એમ જણાય; પરંતુ ધ્યાનપૂર્વક વિચાર કરતાં 'કુંજલતા ! જો ને આ સુરેશ-' એટલા અધૂરા શબ્દો સુરેશને ગુનેગાર ઠરાવવા માટે પૂરતા નહોતા. તે શબ્દો ઉપરથી એટલું જ મને લાગ્યું કે સુરેશનું દૃશ્ય બંસરીને દેખાયું હોય; કાં તો સુરેશ ત્યાં હોય અથવા તો બંસરીને સુરેશનું સ્વપ્ન આવ્યું હોય. સુરેશ તે રાત્રે ઘરમાંથી બહાર નીકળ્યો નહોતો તેની મેં ખાતરી કરી લીધી હતી. બંસરી સ્વપ્નમાં નહોતી એ કુંજલતાના કથન ઉપરથી સ્પષ્ટ હતું. ત્યારે એ શબ્દોનો શો અર્થ ? સુરેશ જેવા દેખાવનું કોઈપણ માણસ ત્યાં હોવું જોઈએ.

"શંકર નામના નોકરે પણ સુરેશને જોયો હતો એવી વાત મારી આગળ આવી હતી. આ શંકર અને બીજી બંસરી એ બે સિવાય સુરેશને નજરે જોનાર કોઈ નહોતું. બંસરી હતી જ નહિ; કુંજલતાએ તો માત્ર બંસરીનો ઉચ્ચાર જ સાંભળ્યો હતો, નજરે સુરેશને જોયેલો નહિ. ત્યારે એ શંકર પાસેથી વધારે માહિતી મળી શકે એમ મને લાગ્યું.

"શંકર પૈસે જિતાય એવો નોકર મને લાગ્યો. તેના મુખ ઉપરથી જ તે જુઠ્ઠો અને પૈસાને ખાતર ગમે તે કહે અગર કરે એવો માણસ હતો એવી મેં ખાતરી કરી લીધી. મને એમ લાગ્યું કે જો શંકર જેવા લોભી મનુષ્યનો આ કામે ઉપયોગ થયો હશે તો એનો પુરાવો અખંડિત રાખવા તેની પાછળ શંકરને ડરાવી શકે એવી કોઈ વ્યક્તિ ચોક્કસ હોવી જ જોઈએ. શંકરની

પાસેથી પૂરી બાતમી કઢાવતા પહેલાં એ વ્યક્તિને જાણી લેવાની મને જરૂર લાગી.

'એ જાણવા માટે જ મેં મારી મોટરને અટકાવવાનો દેખાવ કર્યો, અને શંકરને બોલાવી, તેની પાસે પાણી મંગાવી, તેને પૈસા આપી લલચાવવાનો ડૉળ કર્યો. શંકરની ઉપર નજર રાખનારું કોઈ હશે તો આમાંથી નીકળી આવશે એવી મારી ધારણા સફળ થઈ. પાણીનો ઘડો લાવી શંકર મારી સાથે વાતે વળગ્યો એ અરસામાં જ તેના ઉપર નજર રાખનાર પુરુષ તેને ધમકાવી અંદર મોકલવા લાગ્યો. મારો શૉફર મારી જ પાસે કેળવાયેલો હતો. એ મજબૂત અને વફાદાર નોકરને લીધે હું ઘણા સાહસોમાં ફત્તેહ મેળવી શક્યો છું એ મારે કબૂલ કરવું જોઈએ. મારા સહજ ઈશારાને સમજી લઈ શૉફરે તે માણસને પકડી લીધો અને તેની સાથે તે મારામારીમાં ઊતર્યો. મારે એ મનુષ્યને ઓળખી લેવો હતો; અને દસબાર સેકંડ પણ હું તેને જોઉં તો તેને ભૂલું નહિ એટલો પારખી લઉં, એ વિચારે જ મેં શૉફરને લઢવા માટે ઈશારો કર્યો હતો.

'એ માણસને મેં જોયો, તપાસ્યો, એટલું જ નહિ તેને હાથે કાચ વાગ્યો હતો એની પણ માહિતી તેની જ પાસેથી કઢાવી. ખૂન થયેલા ઓરડામાંથી સુરેશનો હાથરૂમાલ અને તેના હાથની લખેલી કોઈ કવિતા મળી આવ્યાં એ વાત મને મહત્ત્વની લાગી નહિ. સુરેશ અને બંસરીને પરસ્પર પરિચય હતો જ. એટલે હાથરૂમાલ અને કવિતાઓની આપલે થાય અને તે બંસરીના મકાનમાં સહેલાઈથી મળે એમાં કાંઈ નવાઈ નહોતી. કવિતાના શબ્દો જોતાં કલાપીની ગઝલના ઉદ્‌ગારોમાંથી એ તૂટક શબ્દનો મેળ મળી આવતો હતો :

*'કફન વીણ લાશ વેરાને દીવાનાની પડી દિલબર !*

* * *

*દુવાગીર આ તમારાથી લઈ જલ્લાદની તલવાર !'*

વગેરે મને યાદ રહેલી પંક્તિઓ ઉપરથી કાગળમાં પ્રેમપત્ર સિવાય બીજું કશું જ મહત્ત્વ નહોતું એટલું સિદ્ધ થયું.

'ઓરડામાં લોહી પડ્યું હતું અને છરી પણ હતી; પણ તે બંસરીનું ખૂન થયું તેથી કે બંસરીનું ખૂન કરનારને વાગ્યું હોય તેથી ? બંને સંભવિત હતાં. પેલા ગૃહસ્થના હાથ ઉપર પાટો બાંધ્યો હતો અને તેમને કાચ વાગ્યો હતો એમ તેમનું કહેવું હતું. તેઓ ઘરના નોકર ઉપર હુકમ બજાવી શકતા હતા, છતાં અત્યાર સુધી બિલકુલ કોઈની નજરે જ પડ્યા નહોતા. મારે એ

ગૃહસ્થને વધારે ઓળખવા પડશે એમ માની સુરેશને હું તેણી વિરુદ્ધ છું એવો ભાસ થવા દઈ તેને અતિશય ગૂંચવી મારા પ્રત્યેનો તેનો અણગમો વધરાવી મેં તેને છૂટો કર્યો.

સુરેશને દૂર કરવાની મારે હવે જરૂર હતી, તેથી મારી તપાસમાં વિશેષ અનુકૂળતા મળે એમ લાગ્યું.

# ૨૯

## જ્યોતીન્દ્રની નોંધ

*જગ ગજવજે ઘોર ગીતડાં*
*ઘડી નચવજે કાન્ત ચિત્તડાં.*

**ન્હાનાલાલ**

સુરેશને યુક્તિ કરી તેના ઘર આગળ મેં ઉતાર્યો, અને હું મારે ઘેર જવા નીકળ્યો. પરંતુ મારે ઘેર જવું જ નહોતું. મારે પેલા બંસરીના મકાનમાંથી નીકળી આવેલા નવીન ગૃહસ્થને ઓળખવા હતા, અને કર્મયોગીનો આ કામમાં કેટલે અંશે સંબંધ છે તે નક્કી કરવાનું હતું. સુરેશ જેવો તેના મકાનમાં ગયો તેવી જ મેં મોટર પાછી બંસરીના મકાન તરફ હંકાવી.

"જેવો હું બંસરીના મકાન આગળ પહોંચ્યો તેવો જ હું એક વિચિત્ર ઘટના જોઈ ચમક્યો. કર્મયોગી બંસરીના મકાનમાં જતા હતા ! તેમને માટે એવી એક વાત સાંભળી હતી કે તેઓ મઠની બહાર બહુ નીકળતા નથી, એટલું નહિ પણ પોતાના શિષ્યોને ત્યાં તો કદી જતા નથી. અહીં ત્યારે તેઓ કેમ આવ્યા હશે ? શોકપ્રદર્શન માટે ?

'મેં એક કાળો સાધુ જેવો ઝભ્ભો ઓઢી લીધો. પોશાકનો ફેરફાર એકદમ માણસની મુખાકૃતિને બદલી નાખે છે. જોડેના ખાંચામાં મારી મોટર ઊભી રાખી, મારો શૉફર મને દેખી શકે એવી રીતે તેને ઊભો રહેવા મેં કહ્યું, અને હું બંસરીના મકાનને ઓટલે ઊભો રહ્યો.

'એટલામાં શંકર મકાનની અંદર જતો હતો તેણે મને પૂછ્યું : 'કેમ બાવાજી ! બહાર કેમ ઊભા છો ?'

'મને હુકમ છે.' મેં જવાબ આપ્યો. મને લાગ્યું કે શંકરે મને ઓળખ્યો નહિ એટલું જ નહિ પણ મારો ઝભ્ભો મને સાધુનું સ્વરૂપ આપતો હતો તેની પણ મને ખાતરી થઈ. મેં પૂછ્યું : 'ગુરુદેવ ક્યાં સુધી અંદર બેસશે ?'

'એ તો આખો દિવસ અહીં રહેવાના છે.'

'મૂરખ છે તું ! તને શી ખબર ? જા જઈને પૂછી મને કહી જા. જો, મહારાજની જાતને ન કહેતો, પણ પેલા ભાઈ છે ને... શું એમનું નામ ?'

'લક્ષ્મીકાન્તભાઈ.'

'હા; એમને જ કહેજે. એ લક્ષ્મીકાન્તભાઈ કેટલા દિવસથી આવ્યા છે ?

'બે મહિના થયા હશે.'

'અહીં શું કર્યા કરે છે ? ઘરમાંથી તો બહાર નીકળતા નથી.'

'એ તો કુંજલતાબહેનના મામા થાય. ફક્ત રાત્રે જ બહાર નીકળે છે.'

'જા, પહેલો જઈને કહી આવ.'

"કુંજલતાના મામા લક્ષ્મીકાન્ત બત્રીસેક વર્ષના જાણીતા સટોડિયા અને વ્યસની ગૃહસ્થ હતા એટલું જ માત્ર નામથી હું જાણતો; મેં તેમને જોયેલા નહિ. મને એકાએક વિચાર આવ્યો અને આખા કાવતરાની કૂંચી મને જડી હોય એમ લાગ્યું.

"શંકર અંદર ગયો અને હું વિચારમાં પડ્યો. થોડી વારે લક્ષ્મીકાન્ત આવ્યો. એમની જ મારે જરૂર હતી; એ જ ગૃહસ્થની સાથે સવારમાં મારા શૉફરે મારામારી કરી હતી. ધીમે રહી બારણું ઉઘાડી તેમણે બહાર ડોકિયું કર્યું. મેં બહારથી કોઈ આવે છે એમ ધારી મુખ ફેરવી લીધું. મારો માત્ર પોશાક દેખાય તો એક સાધુ તરીકે માની તે બહાર નીકળી આવે એમ ધારી મેં મારું મુખ જોવા દીધું નહિ. ધીમેથી તેઓ બહાર નીકળ્યા અને ઓટલા ઉપર આવ્યા. મેં બીજી પાસ મુખ રાખેલું તે ફેરવ્યું નહિ. તેમણે ધીમેથી પૂછ્યું :

'બાવાજી ! તમે મને ખબર મોકલાવી ?'

ઝડપથી તેના સામું ફરી મેં જવાબ આપ્યો :

'હા.'

'મહારાજ તો આખો દિવસ અહીં રહેશે.'

'ભૂલ થાય છે; બંસરીએ હા પાડી.'

'શું કહો છો ? ખરી વાત ?' અત્યંત આવેશમાં આવી જઈ લક્ષ્મીકાન્ત બોલી ઊઠ્યા.

'હું ખોટું કહું ? મારો વિશ્વાસ નથી ? મને ઓળખો તો છો ને ?' મેં ગપ મારી. સવારે લક્ષ્મીકાન્તે મને જોયો હતો એટલે મારી આકૃતિ સાંભરવાનો પૂરો સંભવ હતો. માત્ર વેશપલટાને લીધે હું કોણ તે નક્કી કરી શકશે નહિ એવી ખાતરી હતી.

'હા હા; તમને જોયા તો છે. બંસરીએ જરૂર હા પાડી ?'

'એક વખત તો તમને કહ્યું. હવે તમે અને મહારાજ લાંબો વખત

અહીં રોકાશો નહિ. પોલીસ તમારી પાછળ છે.'

'શા ઉપરથી કહો છો ?' તેણે પૂછ્યું.

'તમે લાંબી પૂછપરછ નહિ કરો.' મેં જરા ધમકાવીને કહ્યું. 'પેલો માણસ ઊભો છે તેને જોયો ?' દૂર ઊભેલા મારા શૉફર તરફ આંગળી કરી, મેં જણાવ્યું. તેણે શૉફરને ઓળખ્યો, અને જરા ભય પામી કહ્યું :

'અમે જલદી ધ્યાનમંદિરમાં જઈશું, પાછલે બારણેથી.'

"લક્ષ્મીકાન્ત અદૃશ્ય થઈ ગયો. હું જઈને મારી મોટરમાં બેઠો અને મોટર ફેરવી બંસરીના મકાનને પાછલે બારણે જઈ મોટર થોભાવી ઊભો.

"અંદરથી તત્કાળ કર્મયોગી અને લક્ષ્મીકાન્ત નીકળ્યા, મારો ઝભ્ભો મેં કાઢી નાખ્યો હતો. મારી મોટર જોઈ તેઓ ચમક્યા અને અંદર જવા માગતા હોય તેમ પગ પાછો મૂક્યો. શૉફરને કહ્યા પ્રમાણે ઝડપથી તેણે મોટર ચલાવી. છેક પગથિયા પાસે જઈ હું પસાર થયો. પસાર થતાં થતાં મેં કર્મયોગીને ઝડપથી નમસ્કાર કર્યા અને બૂમો પાડી :

"જયજય, મહારાજ !

"મારી મોટર ચાલી ગઈ. તથાપિ રસ્તામાં જ તેને રોકી મેં મારા શૉફરને ઉતાર્યો અને કર્મયોગી તથા લક્ષ્મીકાન્ત ક્યાં જાય છે તેની માહિતી મેળવવા મેં જણાવ્યું.

"ઘેર જઈ હું જમ્યો. મને વિચાર આવ્યો કે આ કાવતરું એક માર્ગે વહન કરતું નહિ હોય. સુરેશને બીજી રીતે સપડાવવાનો પ્રયત્ન ચાલુ હોવો જોઈએ. બંસરીના ખૂન કરતાં સુરેશનું ખૂન થઈ જાય એવો મને આખા કાર્યનો ઘાટ લાગ્યો. સુરેશને માથે બંસરીના ખૂનનો આરોપ આવે એવી પેરવી થઈ ચૂકી હતી. એટલે તે કદાચ છૂટો રહે તેટલા સમયમાં તેનું કાસળ જ નીકળી જાય એમાં મને નવાઈ લાગી નહિ.

"મારો એ ભય ખરો પડ્યો. ભયને પરિણામે હું સુરેશને ઘેર ગયો. સુરેશ બહાર નીકળી ગયો હતો. તેના રમૂજી રસોઈયા ગંગારામની સાથે વાતચીત કરી તેમાંથી સુરેશ ઝડપથી બહાર નીકળી ગયાની ખબર પડી. મેજ ઉપર સુધાકરના અક્ષરોવાળું પાકીટ જોઈ મને નવાઈ લાગી. મેં કાગળ લીધો અને સદગૃહસ્થાઈને બાજુએ મૂકી કાગળ ઉઘાડ્યો. બીજાના પત્રો વાંચવા એ ગૃહસ્થાઈનો ભંગ કરવા જેવું જ ગણાય છતાં.

"કાગળ કોરો હતો.

"મને શક પડ્યો. મેં દેવતા ઉપર તેને તપાવી જોવા ઈચ્છા કરી, ગંગારામને નાની સઘડી લાવવા જણાવ્યું. અને મેં જે ધાર્યું હતું તે જ ખરું

પડ્યું. ઠરેલે સ્થળે રાતના નવ વાગ્યે કોઈક મહત્ત્વના માણસને હાજર કરવાનો હતો એમ તેમાં ફરમાન હતું. સુરેશ સિવાય આ સંજોગોમાં બીજું કોણ હોય ?

"હું તત્કાળ બાતમી મેળવવા સુધાકરને ત્યાં ગયો. સુરેશ ત્યાં જ હતો એટલે મારી ખાતરી થઈ કે સુધાકર આ કાવતરામાં સામેલ છે. પ્રશ્ન એટલો જ હતો કે કાગળ કોરો હતો અને વગર વાંચ્યે સુરેશ સુધાકરના અક્ષરો ઓળખીને જ તેને ત્યાં ગયેલો હોવો જોઈએ. સુધાકરે ગભરાઈને અગર ઉતાવળમાં ભારે ભૂલ કરી હતી ! તેને મળેલો કાગળ ભૂલથી સુરેશને લખવાના પત્રમાં તેણી નાખી દીધો હતો. થોડી વાર દેખાઈને પાછા લુપ્ત થઈ જતા અક્ષરોની તરકીબ સહુ કોઈ જાણે છે.

"સાધારણ વાતચીતમાં મેં ઘણી માહિતી મેળવી લીધી. હું જ્યાં જ્યાં જાઉ છું ત્યાં ત્યાં મારાં ગુપ્ત ચિહ્નો મૂકતો જાઉ છું. મારો શૉફર એ ચિહ્નોને બરાબર ઓળખે છે. સુધાકરને ત્યાં બહુ માહિતી હવે નહિ મળે એમ ધારી વકીલની માહિતી લેવા ગયો. નવીનચંદ્ર વકીલે મને ચોખ્ખું જણાવ્યું કે તેઓ સુરેશની તરફેણમાં ઊભા રહી શકશે નહિ કારણ, આ પહેલાં જ તેઓ સુરેશ વિરુદ્ધ મુકુંદપ્રસાદ તરફથી રોકાઈ ગયેલા છે.

"કઈ ઢબે સુરેશને કયા સ્થળે બોલાવવાનો હતો તે નક્કી કરવાનું કામ બહુ મુશ્કેલ થઈ પડ્યું. મારા શૉફરે આવીને મને ખોળી કાઢી એક ખબર આપી :

'બંને જણ ધ્યાનમંદિરમાં ગયા નથી.'

'તો પછી ક્યાં ગયા ?'

'ત્યાંથી થોડે દૂર એક બંગલો છે તેમાં ગયા.'

'કેવો બંગલો છે ?'

'મને ખાલી લાગ્યો.'

'પહેલાં ત્યાં કોઈ રહેતું ?'

'છ માસથી ખાલી જોઉં છું.'

'ઠીક. તું મોટર લઈ જા અને સુરેશ જ્યાં હોય ત્યાં નજર રાખી બેસજે.'

શૉફર ચાલ્યો ગયો. એ શૉફર પ્રથમ ગુનેગારોની ટોળીમાં હતો. મેં એ ટોળી પકડાવી ત્યારે મને શૉફરમાં બીજા બધા કરતાં વધારે લાયકી દેખાઈ આવી હતી. તેણે જે સત્ય અને નિષ્ઠા પોતાના ગુનેગાર દોસ્તો તરફ બતાવ્યાં તે જોઈ મને તેને માટે ભાવ ઉત્પન્ન થયો હતો, અને તેને બચાવી

મેં મારે ત્યાં નોકર તરીકે રાખ્યો હતો. મોટરનું કામ શીખવી મેં તેના ઉપયોગીપણામાં વધારો કર્યો હતો. એ પગલું લીધા પછી મને કદી પસ્તાવો થયો નથી. મારી ઘણી તપાસોમાં એ શૉફરની સહાય બહુ જ ઉપયોગી થઈ પડી છે. એનું નામ લક્ષ્મણ, એ લક્ષ્મણને ભય તો છે જ નહિ. મૃત્યુથી ખરેખર ન ડરનાર માણસ જો કોઈ જોયો હોય તો એ લક્ષ્મણ જ.

## ૩૦

# જ્યોતીન્દ્રની નોંધ

*મધરાતના પહોર અઘોર હતા,*
*અંધકારના દોર જ ઑર હતા.*

**ન્હાનાલાલ**

"શૉફરે બતાવેલા બંગલાની બાજુમાં હું સંતાઈ રહ્યો અને હિંમતસિંગને ત્યાં આગળ હાજર રહેવા સૂચના મોકલી. રાતના નવ વાગે એક મોટર આવી પહોંચી. તેમાંથી એક ગૃહસ્થની સાથે સુરેશ ઊતર્યો તે મેં જોયો. રાતને વખતે હું મારા કૂતરાને સાથે રાખું છું. કૂતરો ભસી ઊઠ્યો. એક ઝાડીમાંથી ધીમે પગલે એક માણસ નીકળી આવ્યો. મેં તે માણસનું આકર્ષણ કરવા કૂતરાને વધારે ભસાવ્યો. એ માણસ ખરેખર તે બાજુએ વધીને આવ્યો. તે એકલો જ હતો એટલે છલંગ મારી મેં તેને પકડી લીધો અને તેના મોં ઉપર હાથ દીધો. હિંમતસિંગે તેની સામે પિસ્તોલ ધરી. ગભરાઈ ગયેલા પેલા માણસે હાથ જોડ્યા.

"મેં કહ્યું :

'અંદર શું ચાલે છે તે એકદમ કહી દે, નહિ તો તારા ભુક્કા ઊડી જશે!'

'પેલો માણસ ગલ્લાંતલ્લાં કરવા લાગ્યો. મજબૂત હિંમતસિંગે જોરથી તેને એક લાત લગાવી. મારના ભયથી ગભરાયલા પેલા માણસે કહ્યું :

'અંદર કોઈનું ખૂન થશે.'

'કોનું ?' મેં પૂછ્યું.

'તે ખબર નથી.'

"હું એકદમ બંગલા તરફ દોડ્યો. મારી પાછળ હિંમતસિંગ અને તેના માણસ દોડ્યા. અજવાળામાં સુરેશને અને બીજા માણસોને એક ઓરડામાંથી બીજા ઓરડામાં જતા જોયા. અને એકાએક અંધારું થઈ ગયું. મને લાગ્યું કે આ અંધારામાં જ કાંઈ બનાવ બનશે. હું અંદર ઘૂસ્યો; પરંતુ કોઈને ખબર પડી નહિ. આવા વખતે કોઈ પણ બનાવ બને તે અકસ્માતના રૂપમાં ફેરવી નાખવાનો ગુનેગારોનો પ્રયત્ન હોય છે તે હું જાણતો હતો.

વખત ખોવાની જરૂર નહોતી. અંધારામાં ખૂન કરવાનો કોઈએ નિશ્ચય કર્યો હશે તો સુરેશને અમુક ઢબે અમુક ઊંચાઈએ ઊભા રહેવાની ફરજ પડી જ હશે. મેં હાથ ફેરવી બંને જણની વાતચીત ઉપરથી સુરેશ ક્યાં હતો તે સમજી લીધું અને એકદમ તેના પગ ખેંચી મેં તેને પાડી નાખ્યો.

"તે જ વખતે એક ગોળી સુરેશ ઊભો હતો ત્યાંથી પસાર થઈ. જો સુરેશ પડી ન ગયો હોત તો એ ગોળીથી જરૂર વીંધાઈ જાત ! સાથે જ અજવાળું થઈ ગયું. પેલા બીજા ગૃહસ્થને વાગેલું તે મૂર્છા ખાઈ પડ્યા હતા.

"હિમતસિંગનો વહેમ વધારવાની મને જરૂર લાગી. પ્રથમથી જ તેની માન્યતા એવી છે કે સુરેશ ખૂની છે. આ કામે પણ ગોળી એણે જ છોડી હતી એવી સ્થિતિ ઉપરચોટિયા જોનારને જણાઈ આવે એમ હતું. સુરેશને એવો જ વહેમ હતો કે તેની વિરુદ્ધમાં છું. મારી સાથે તકરાર કરવા તે તત્પર થઈ ગયો, એટલે પોલીસે તેને જાપ્તામાં લીધો.

"મેં બહાર જગ પાસેના ટેલિફોન ઉપરથી કમિશનરનો અવાજ ધારણ કરી સુરેશને છૂટો મૂકી દેવા હિંમતસિંગને હુકમ આપ્યો. એ યુક્તિ સફળ થઈ.

"હું પાછો ફર્યો અને આખો બંગલો ખોળી વળ્યો, પરંતુ તેમાં એકે માણસ હતું નહિ. આખું સ્થળ વેરાન જેવું ખાલી ખાલી જ હતું. અહીં કોણ આવી ગયું હશે ? કોણે સુરેશના ખૂનનો પ્રયત્ન કર્યો હશે ?

"મેં મારી દીવાબત્તી ખોલી; કોઈનાં પગલાં દેખાયાં નહિ. સુરેશને લઈને મોટર આવેલી તે હું બહાર નીકળ્યો તે વખતે નહોતી. મેં ચીલા તપાસ્યા. એક મોટરનો રસ્તો લીધો અને તે કર્મયોગીના ધ્યાનમંદિર તરફ વળ્યો હતો એમ સ્પષ્ટ દેખાયું.

"હું ધ્યાનમંદિર તરફ વળ્યો. ચારેપાસ ઊંચો કોટ હતો. હું ચારે પાસ ફરી આવ્યો. કોટ કૂદી ગયા સિવાય અંદર જવાય એમ હતું નહિ. એટલામાં દૂરથી કોઈ પડછાયો મને દેખાયો; હું પાસે ગયો. જરા પણ પગરવ ન થાય એવી રીતે ચાલવાની મને ટેવ પડી ગઈ હતી. એ પડછાયો કોઈ સ્ત્રીનો હતો એમ ખાતરી થતાં હું ચમક્યો. મુખ તો ઓળખાય એમ હતું નહિ, તથાપિ આકૃતિ તથા કદ ઉપરથી લગભગ બંસરી જેવો જ મને ભાસ થયો. મેં એકાએક મારી બત્તી ચમકાવી અને પેલા પડછાયા ઉપર ધરી; એક પળ એમ લાગ્યું કે તે બંસરી જ હશે. મારું હૃદય પણ ધડકવા લાગ્યું. એટલામાં તે સ્ત્રીએ મુખ ફેરવી લીધું અને તેણે ઝડપથી ધ્યાનમંદિર તરફ નાસવા માંડ્યું.

"હું પાછળ દોડ્યો, અને પેલી સ્ત્રીને પકડી. પકડતાં બરાબર તેના

મુખ સામે પ્રકાશ ધર્યો તો મારી ખાતરી થઈ કે એ સ્ત્રી તો કુંજલતા હતી.

'તમે અહીં ક્યાંથી ?'

'મને ના પૂછશો. હું પગે લાગું છું.' ગભરાઈને કુંજલતાએ જવાબ આપ્યો.

'તમે જરા પણ બીશો નહિ. બંસરીનું ખૂન થયું નથી એવી મારી ખાતરી છે. તેને હું જલદી ખોળી કાઢીશ. પણ તમે મને આ કામમાં શી સહાય આપશો ?' મેં પૂછ્યું.

'મારાથી કશી સહાય અપાય એમ નથી; હું પરવશ છું !'

'તમારા મામા લક્ષ્મીકાન્તનું બંસરી સાથે લગ્ન થાય તો તમને કશી હરકત છે ?' મેં પૂછ્યું.

"તે એકદમ આભી બની ગઈ. પછી જરા રહી મને પૂછવા લાગી :

'તમે ક્યાંથી જાણ્યું ?'

'મારાથી કશું જ અજાણ્યું રહેતું નથી. મને તો તમે ઓળખો છો ને ?'

'હા. સુરેશભાઈની સાથે આપ આવ્યા હતા. બધાં કહેતાં હતાં કે તમે એમના મિત્ર છો અને બહુ ભારે ડિટેક્ટિવ છો.'

"સુરેશના નામોચ્ચારણ સાથે તેના મુખ ઉપર થતા ભાવ મારી નજર બહાર રહ્યા નહોતા. કુંજલતા સુરેશને ચાહતી હતી, જોકે બંસરી સુરેશને ચાહે છે એમ તે જાણતી હતી. છતાં પ્રેમનો વિચિત્ર માર્ગ એવો છે કે એક જ પુરુષને - એક જ સ્ત્રીને ચાહનાર બે વ્યક્તિઓ હોઈ શકે છે. આ કાવતરામાં પણ એ જ કારણે તેણે ભાગ લીધો હશે એવી મારી ખાતરી થઈ ગઈ. બંસરી તેના મામાની સાથે પરણે તો પોતાને માટે સુરેશ ખાલી રહે એ વિચાર આવવો સ્વાભાવિક છે. બંસરીની મિલકત અને તેનું રૂપ લક્ષ્મીકાન્ત સરખા વિષયી જુગારપ્રિય મનુષ્યનું ધ્યાન ખેંચે એમાં નવાઈ નહિ. તેમાં બંસરીના પિતા ગુજરી જતાં પોતાની બહેન, જે બંસરીની કાકી થતી હતી તેની મારફત બંસરીનું લગ્ન પોતાની જોડે કરવાની તરકીબ લક્ષ્મીકાન્તે રચી હતી. તેમાં સફળ ન થવાથી તેમણે કર્મયોગીની સહાય લીધી હતી. એ વાત પણ મને લક્ષ્મીકાન્તને જોતાં જ સ્પષ્ટ થઈ ગઈ હતી.

"મેં કુંજલતાને કહ્યું :

' "તમને સુરેશ માટે ભાવ હોય, તો તમારે તેને બચાવવો જોઈએ. એનું ખૂન કરવાનો પ્રયત્ન થાય છે.'

"કુંજલતાએ એક નિઃશ્વાસ નાખ્યો. મેં કહ્યું :

'તમે જરા પણ ફિકર કરશો નહિ. માત્ર મને બધી હકીકત જણાવો.

જોકે મને બધી જ ખબર છે; છતાં તમારી પાસેથી કાંઈ નવું જાણવાનું મળે.'

"કુંજલતાએ કહ્યું :

'આજે ધ્યાનમંદિરમાં હવે શું કરવું તેની વ્યવસ્થા થવાની છે. મને તો કર્મયોગી હિપ્નોટાઈઝ કરે છે એટલે હું તો તદ્દન પરવશ બની જાઉં છું. અને કર્મયોગી જે કહે તે કરવા પ્રવૃત્ત થાઉં છું. બંસરીનું ખૂન થયું છે અને તે સુરેશે કર્યું છે એવી માન્યતા મારા ઉપર બહુ જ જબરાઈથી પાડવા તે મથે છે. કર્મયોગીની આંખ સામે જોઉં છું એટલે એમ જ કહેવાનું મને ખેંચાણ થાય છે.'

'અત્યારે તમે ધ્યાનમંદિરમાં જાઓ છો ને ?'

'હા.' તેણે કહ્યું.

'અંદર પેસવા માટે તો આમ નિશાની કરવી પડે છે ને ?' મેં એક વિચિત્ર હાથની નિશાની કરી.

'ના, આમ.' કહી કુંજલતાએ તેમાં સુધારો કર્યો. પરંતુ મને તો મહત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત થયું.

'ઠીક જાઓ. પણ સવાર પહેલા હું બંસરીને ખોળી કાઢી કર્મયોગીને ખુલ્લો પાડી દઈશ.'

'એ પેલી બૅન્ચ ઉપર સૂતા છે.'

'કોણ ? સુરેશ ને ?' જાણે હું જાણતો હોઉં એ પ્રમાણે કહ્યું.

"કુંજલતા મને ત્યાંનો ત્યાં ઊભો રાખી અલોપ થઈ ગઈ. શા માટે ? કોઈએ તેને નિશાની કરી હશે ? ધ્યાનમંદિરમાં અત્યારે જવું એવો મેં નિશ્ચય કર્યો. સુરેશ પણ થાકીને બીજે ક્યાંય જવાને બદલે બૅન્ચ ઉપર સૂઈ ગયો હતો તે પણ મેં કુંજલતાના કહેવાથી સમજી લીધું. એ પણ અંદર ભલે આવે એમ મેં ઇચ્છા કરી.

"સાથે જ મેં ઊભેલા મારા શૉફરને બોલાવી ધીમે રહીને કહ્યું :

'તું થોડી વારમાં પોલીસની ટુકડીને લઈ અહીં આવ. આ ચિઠ્ઠી હિંમતસિંગને પહોંચાડજે.'

"સુરેશ બૅન્ચ ઉપર બેઠો થયો હતો તે મેં જોયું. મેં બત્તીથી તેને મારા તરફ ખેંચ્યો. તેને ઝાડના ઓથે કોઈના ઊભા રહ્યાનો સંશય તો પડ્યો જ હતો. મારે ઓળખાવું નહોતું. સુરેશનો સ્વભાવ હું જાણતો જ હતો. આવી બત્તી વારંવાર તેના તરફ ધર્યા કરવાથી તે મારી પાછળ આવશે જ એમ નક્કીપણે મેં માન્યું, અને તેમ જ બન્યું. હું કોટ ઉપરથી એક સુરક્ષિત જગ્યા ઉપર ચડી કૂદી ગયો. સુરેશ પણ ત્યાં થઈ અંદર આવ્યો. તેણે મારી માફક

આ સ્થળ જોયેલું નહિ એટલે આજુબાજુ ફરીને તે દરવાજા પાસે આવ્યો. હું ત્યાં ઊભો જ હતો. મને ચિહ્ન આવડતું હતું એટલે હું અંદર જઈ શક્યો; સુરેશ બહાર રહી ગયો એટલું જ નહિ, પણ કોઈ બહારનું માણસ કમ્પાઉન્ડની અંદર દાખલ થયું છે એવી શંકા પણ તેણે ધ્યાનમંદિરના રક્ષકોમાં ઉપજાવી.

# ૩૧

# જ્યોતીન્દ્રની નોંધ

*આર્ય સુજનતા દૈન્ય ગણી તો,*
*યુદ્ધ એ જ યુગધર્મ.*

**ન્હાનાલાલ**

"મને થોડી વાર ઊભો રાખવામાં આવ્યો. અમારાં મુખ બંધ હતાં એટલે કોઈ કોઈને ઓળખી શકે એમ નહોતું. આખા મંદિરમાં દસબાર કરતાં વધારે માણસો ભાગ્યે જ હશે એમ મને લાગ્યું. મારી ફરજ જાણે પહેરો ભરવાની હોય એમ મને ભાસ થયો. મેં તે ભાવ બરાબર ભજવ્યા. એકાદ કલાક બાદ પાસેનું બારણું ઊઘડ્યું ને એક માણસ બહાર નીકળ્યો; તેણે મને અંદર જવા ઈશારો કર્યો. ઈશારો ન કર્યો હોત તોપણ હું બારણું ઉઘાડતાં અંદર જવાનો જ હતો. અંદર પેસતાં બરોબર મેં જોઈ લીધું કે ઓરડીના ત્રણે ખૂણા ઉપર એક એક માણસ ઊભો છે; મારે ચોથા ખૂણા ઉપર ઊભું રહેવું જોઈએ. હું ત્યાં જઈને ઊભો. કર્મયોગી કુંજલતા ઉપર માનસિક બળનો - સંકલ્પબળનો પ્રયોગ ચલાવતો મને દેખાયો. બંસરીનું ખૂન થયું જ છે અને તે એણે નજરે જોયું છે; એવી માનસિક સ્થિતિ ઉત્પન્ન કરવાનો કર્મયોગીનો પ્રયોગ હોય એમ મને ચોખ્ખું જણાયું. કુંજલતાના દેહમાં બંસરીના મૃતાત્માએ પ્રવેશ કર્યો હોય અને તે વિવેચન કરતો હોય એવો દેખાવ થઈ રહ્યો હતો. સંકલ્પબળ દ્વારા કેવી ખોટી વિચારસૃષ્ટિઓ વાહકહૃદયો દ્વારા ઉત્પન્ન કરી શકાય તેનું કર્મયોગી મને એક દૃષ્ટાંત પૂરું પાડતો હતો. આવો બાહ્ય પ્રયત્ન કરવાની કર્મયોગીને જરૂર પડી એટલા ઉપરથી મને લાગ્યું કે બંસરીનું ખૂન થયું જ નથી. હું બધો પ્રયોગ જોતો હતો.

"હવે સુરેશની મને ચિંતા થઈ. તે કોઈને હાથ વળી પાછો સપડાયો હશે તો એવામાં એક જાળી તરફ સહજ પાંદડું હલ્યા જેવો બહુ મહેનતે સંભળાય એવો ખડખડાટ થયો. કોઈ પણ સંજોગમાં એ અવાજ તરફ ધ્યાન ખેંચાય એમ હતું જ નહિ છતાં મારી નજર ત્યાં ગઈ. એક હાથ જાળી ઉપર મુકાયો હોય એવો મને ભ્રમ થયો. પછી મને લાગ્યું કે તે કદાચ પ્રકાશ અંધકારની રેખાઓથી ઊપજતો ભ્રમ પણ હોય.

"પરંતુ એ ભ્રમણા નહોતી. કર્મયોગીએ કુંજલતાને તે બાજુએ પિસ્તોલ તાકવાની આજ્ઞા કરી, એટલે કર્મયોગીએ પણ જાણ્યું જ હશે કે કોઈ તેના કૃત્યને એ જાળીમાંથી જુએ છે. મને ડર પેઠો : સુરેશ તો ત્યાં નહિ હોય ? કુંજલતા બેભાન હતી - કર્મયોગીના માનસિક બંધનમાં હતી, છતાં તેણે આનાકાની કરી. મારાથી જાળી બહાર દેખી શકાતું નહોતું. કર્મયોગી એક મહાસમર્થ સંકલ્પબળવાળો પુરુષ હતો એટલી તો મારી ખાતરી થઈ. બે કે ત્રણ આજ્ઞામાં તેણે કુંજલતાના વિરોધી સંકલ્પને વશ કરી લીધો, અને કુંજલતાએ નિશાન તાક્યું. સુરેશ જ ત્યાં હશે ! તે હોય કે ન હોય તોપણ કોઈનું ખૂન થાય છે એમ મેં ધારી લીધું. હું હત્યા કરી શકતો નથી અને તે થતી જોઈ શકતો નથી. મેં ઝડપથી ધસી જઈ કુંજલતાની પિસ્તોલ પાડી નાખી.

"મારામારીનો પ્રસંગ આવશે એ તો હું જાણતો જ હતો. પરંતુ તેવા પ્રસંગો મને ગભરાવતા નથી. એ મારામારીમાંથી જ મને સુરેશ જાળીમાં હોવાના ખબર પડ્યા. તેણે પિસ્તોલથી ડરાવી બીજા માણસોને નસાડી મૂક્યા; અંધારું થયું. કર્મયોગી આવ્યા અને ગયા. પરંતુ એ પછી મને જે અનુભવ થયો તે મારા સરખા નીડર માણસને પણ ભયનું ભાન કરાવે એવો હતો. આખો માળ ઊંચકાઈ આવી મને છત સાથે કચરી નાખવા મથતો લાગ્યો, હું ઊંચે અને ઊંચે ચઢતો હતો. ઓરડીનાં બારીબારણાં ક્યાં ગયાં તેની પણ મને ખબર રહી નહિ. ચારે પાસ ભીંતો ખોળી વળ્યો, માળની તસુએ તસુ જગા જોઈ વળ્યો, પરંતુ ક્યાંથી નીકળી શકાય એવો કોઈ જ રસ્તો જણાયો નહિ. કોઈ પણ મુશ્કેલ સ્થિતિમાં હું ગૂંચવાઉં નહિ એવું મને અભિમાન હતું; એ મારું અભિમાન બાજુએ રહી ગયું. એક ક્ષણ તો મારી ખાતરી થઈ કે કર્મયોગીનું ભયંકર યંત્ર મારો ભુક્કો કરી નાખશે !

"હું ઊંચો અને ઊંચો ચાલ્યો જતો હતો. મને જણાયું કે મારી જીભ સુકાય છે. મારા હાથ હવે છતને અડક્યા. છત ઉપર હું હાથ ફેરવી વળ્યો. કાંઈ પણ સાધન છતમાંથી નાસી છૂટાય એવું મળ્યું નહિ. છત ઉપર મેં હાથ પછાડ્યા. પાટિયાંની તે બનેલી લાગી. પાટિયાં મજબૂત સપાટ હતાં. ખૂબ જોરથી કામ કરતા મારા મગજમાં એક વિચાર આવ્યો : આ પાટિયાં કપાય નહિ ? પણ શી રીતે કપાય ? મારી પાસે કશું હથિયાર નહોતું. મેં સુરેશને પૂછ્યું કે તારી પાસે ચપ્પું સરખું કશું હથિયાર છે કે કેમ ? તેણે ના પાડી. મારી શ્રદ્ધા ઘટી ગઈ. હવે છત સાથે કચડાઈ ગયા સિવાય છૂટકો જ નહોતો. હું નીચે બેઠો. સારામાં સારી રીતે કેમ મરવું તેનો હું વિચાર કરવા

લાગ્યો. બહાર પોલીસ સુરેશને પકડવા મથતી હતી. તેનું કથન કોઈ સાંભળતું નહોતું. એવામાં બે સંગીન તેણે અંદર ફેંક્યાં. પોલીસ પાસેથી તેણે ઝૂંટાવ્યાં હશે એમ લાગ્યું.

"સંગીન જોતાં મને શ્રદ્ધા આવી. કર્મયોગીનો પ્રસંગ મને મહાત કરે એ મારાથી સહન થયું નહિ. ઊંચે વધ્યે જતા માળનું બળ છત ચીરવા માટે ઉપયોગમાં લેવા ધાર્યું. સંગીનો બંને હાથે છત સામે ખોસી દીધાં. માળનું અને મારું બંને બળ ભેગું થયું. પાટિયાં ચિરાવા લાગ્યાં. મારું માથું હવે છત સાથે અડક્યું. હું સૂતો. સૂતે સૂતે હાથ લંબાવી પાટિયામાં કાણું પાડવાનું મથન મેં ચાલુ રાખ્યું. સંગીન પાટિયાંની બહાર ચાલ્યાં ગયાં હોય એમ લાગ્યું. મેં તે પાછાં ખેંચી બીજી બાજુએ જોર કર્યું. ત્યાંથી પણ પાટિયાંએ માર્ગ આપ્યો. આમ ચારે બાજુએ સંગીન ઠોકી એક નાનો ચોરસ મેં કોરી કાઢ્યો. પરંતુ હવે શું કરવું ? માળ અને છત ભેળાં મળીને મને કચરી નાખવાની તૈયારીમાં હતાં. મૃત્યુના ભયની તૈયારીમાં બધું બળ અજમાવી એક ભયંકર લાત એ ચોરસામાં મારી. સંગીન તૈયાર કરેલો ચોરસ તૂટી ગયો અને નાનું બાકું પડી રહ્યું. બહુ જ ઉતાવળથી સંકોચાઈ શરીર ઘસવીને હું બાંકામાં પેસી ગયો અને તત્કાળ માળ અને છત પરસ્પર દબાયાનો ભયાનક અવાજ મારે કાને પડ્યો ! આવી રીતે મને કચરી મારી નાખવાની યુક્તિ આ મકાનમાં રચાઈ હશે એની મને ખબર નહોતી. એ માટે હું તૈયાર નહોતો. હું બચી શક્યો એ માટે હું મારાં ભાગ્ય, અને સુરેશે વખતસર આપેલી સંગીન એ બંનેનો આભારી હતો.

"પાટિયાં ઉપર માળિયા જેવી મોટી જગા હતી ત્યાં અંધારું ખૂબ હતું. પરંતુ હાથ ફેરવતાં જગા વિશાળ લાગી. વળી યંત્ર સરખી ચીજો હાથ લાગી. હું બચ્યો એટલી વાત ચોક્કસ. નીચેનો યાંત્રિક માળ ઉપરના માળિયા સાથે દબાયો. પરંતુ હું તો માળિયા ઉપર ચઢી ગયો એટલે કચરાયો નહિ. મારા પગમાં જોર આવ્યું. ચારે પાસ હું ફરી વળ્યો. એક પહોળી ભૂંગળા જેવી જગા જોવામાં આવી. તેમાં નજર નાખતાં છેક નીચે પ્રકાશ જોવામાં આવ્યો. આ પ્રકાશ ઓછો વધતો થતો હોય એમ લાગ્યું. પચાસસાઠ ફૂટની ઊંડાઈ અને સાંકડું ભૂંગળું એમાં આધાર વગર ઊતરવાનો મેં નિશ્ચય કર્યો. ગૂંગળાવતા ભૂંગળામાં પગ અને હાથ આછા આછા ટેકવી જીવનું જોખમ ખેડી હું લપસી પડ્યો.

"મારા પગ જમીનને અડક્યા. ઉપર અંધકાર. પગ મૂકી હું નીચે બેસી ગયો. એક બાજુએ કાચની નાની બારી હતી; એક બાજુએ અંધારામાં

જાળી જેવો ભાસ થયો. એ કાચમાં થઈને પ્રકાશ આવતો હતો, જે ઉપરથી જ મેં નીચે ઊતરવા હામ ભીડી હતી. કાચની અંદર જોયું તો એક બહુ વૈભવભરેલી ઓરડી જોવામાં આવી. એ ઓરડીનું વર્ણન આપવા કરતાં વધારે મહત્ત્વની વાત તો બંસરીને ત્યાં જોઈ એ હતી !

"બંસરી બેઠી હતી. તેની આંખો ભારે રુદન કરી થાકી ગઈ હોય એવી લાગતી હતી. સામે કર્મયોગી બેઠો હતો. બંસરી તેના તરફ મુખ રાખીને બેઠી હતી.

'સુરેશને ગોળી વાગી.' જરા હસી કર્મયોગીએ કહ્યું.

'પછી ?' બંસરીએ પૂછ્યું.

'પછી શું ? ગોળી વાગવાથી શું પરિણામ આવે ?'

'માણસ મરી જાય.' બંસરીએ ગભરાઈને કહ્યું.

'બરાબર છે.' નિષ્ઠુરતાથી કર્મયોગીએ કહ્યું.

'ઓ પાપી ! તેં સુરેશને શું કર્યું ?' બંસરી બોલી ઊઠી.

'તે તું ધારી લે.'

'ઓ બાપ રે !' કહી બંસરીએ માથું પટક્યું અને જમીન ઉપર ઢળી પડી.

"કર્મયોગીએ સ્મિત કર્યું. અંદરથી બે-ચાર માણસો આવ્યા, તેમને કહ્યું :

'મોટરમાં લઈ જાઓ; કાશ્મીર ! ધ્યાનમાં આવ્યું ને ?'

"તેમાંના એક જણે હા કહી, અને સહુએ બંસરીને ઊંચકવા માંડી.

"બંસરીને ભાન આવ્યું. તેણે પોતાના ઉપાડવા સામે બળ વાપર્યું.

'મને ક્યાં લઈ જાઓ છો ?'

'કાશ્મીર.'

'કેમ ?'

'તને બહુ ગમે છે માટે. એ સ્વર્ગ છે. ત્યાં તને સ્વર્ગનું સુખ આપીશ.'

'મને તો જ્યાં સુરેશ હશે ત્યાં જ સ્વર્ગનું સુખ મળશે; બીજે નહિ મળે.'

'સુરેશ તો ગયો.'

'હુંયે જઈશ.'

'તો ભલે. પરંતુ તે પહેલાં તારે હું કહું ત્યાં ચાલવું પડશે.'

'કદી નહિ બને.'

'લઈ જાઓ.' કર્મયોગીએ હુકમ કર્યો.

"તેની સાથે જ મેં કાચ ઉપર એક મુક્કો માર્યો. કાચ તૂટી ગયો એટલું જ નહિ, પણ ત્યાં એક ડોકાબારી ઊઘડી. આશ્ચર્યચકિત થયેલા સર્વ એ બાજુએ જોવા લાગ્યા. હું કૂદીને બહાર નીકળ્યો, અને બૂમ પાડી ઊઠ્યો :

'જોઉં છું, કોણ બંસરીને લઈ જાય છે !'

## ૩૨

# જ્યોતીન્દ્રની નોંધ

*આ રસતરસ્યાં બાળ,*
*રસની રીત ન ભૂલશો;*
*પ્રભુએ બાંધી પાળ,*
*રસસાગરની પુણ્યથી.*

**ન્હાનાલાલ**

"કર્મયોગીની સ્થિરતા ચળી. તેણે મને આ સ્થળે બિલકુલ ધારેલો જ નહોતો. તેણે એક ક્ષણમાં સ્થિરતા પાછી પ્રાપ્ત કરી અને મને પૂછ્યું :

'જ્યોતીન્દ્ર ! તું જીવતો છે ?'

'ભૂત પણ હોઉં.' મેં કહ્યું.

'તે સિવાય તું દેખાઈ શકે નહિ.'

'કર્મયોગી ! તમારી ધારણા કદી સફળ થવાની નથી. તમને ખબર ન હોય તો સમજી લો કે, હું જીવતો હોઈશ કે ભૂત હોઈશ તોપણ તમને મુશ્કેલી જ છે.'

'તું શી રીતે બચી શક્યો ?'

'હું સાચનો પક્ષ લઉં છું માટે.'

'સત્યઅસત્યને હું ઓળખતો નથી. માનસિક બળની અમર્યાદ સત્તા પ્રાપ્ત કરવી એ સિવાય હું બીજું સત્ય જાણતો જ નથી. તું જો મારા માર્ગમાં હવે ઊભો રહીશ તો હું તને બાળી ભસ્મ કરીશ.'

"કર્મયોગીએ મારી સામે તાકીને જોયું. તેની આંખમાંથી અગ્નિ વરસતો લાગ્યો; એ ખરેખર જાણે પ્રજાળતો હોય એમ જ મને લાગણી થઈ. એક વખત મને ડર પણ લાગ્યો કે રખે ને હું ઊભો ને ઊભો પ્રજળી પણ જાઉં ? મારાથી મારી આંખ પાછી ન ખસેડાઈ, ન હું પાછો ખસી શક્યો. કોઈ મહાબળવાન સત્ત્વ મારું સામર્થ્ય હરી લેતું હોય એમ મને અનુભવ થયો. હું પડી તો નહિ જાઉં, એવી ભીતિ લાગી. હું ખરેખર હાલી ગયો અને દાઝી ગયો. તેની આંખ મારા તરફથી ખસતી નહોતી. માનસિક બળ આવી શારીરિક અસરો ઉપજાવે એ મને નવાઈ જેવું લાગ્યું. મેં આંખ ખસેડી

નાંખી; મારું આખું શરીર આ પ્રયત્નમાં જાણે થાકી ગયું. પરંતુ આંખ આંખમાંથી દૂર થતાં મારી નિર્બળતા ઓછી થઈ. જો આ ક્ષણે હું નિર્બળતા બતાવીશ તો મારી સમગ્ર સત્તા હણાઈ જઈ, હું આ કર્મયોગીનો દાસ બની જઈશ એવો મને ભય લાગ્યો. શારીરિક બળને માટે તો હું સદા તૈયાર હતો જ; પરંતુ આવા પ્રકારનું માનસબળ મારી સામે અથડાયું નહોતું. કોઈ દૈવી સત્તાએ જ મને મારી આંખ ખસેડી લેવાનું સામર્થ્ય આપ્યું. હું તે ક્ષણ સાચવી શક્યો. જોકે મને આ પ્રયત્નમાં ઘણો જ શ્રમ પડ્યો, છતાં કર્મ-યોગીના બળની મર્યાદા હું ઓળંગી શક્યો. મારી આંખ ખસતાં બરોબર કર્મયોગી સમજી ગયો. તેણે કહ્યું :

'શાબાશ, જ્યોતીન્દ્ર ! તારામાં પણ બળ તો છે જ. પરંતુ હવે હું નહિ કે તું નહિ. મારા કરતાં માનસિક બળ વધારે ધરાવે એવો કોઈ હરીફ હું સહન કરી શકીશ નહિ. થોડા દિવસ તારા ઉપર પ્રયોગો કરવા પડશે.'

"આટલું બોલી જરા હસી તે ચાલ્યો ગયો. ક્યાં ચાલ્યો ગયો તે મને સમજાયું નહિ. હું જમીન ઉપર બેસી ગયો અને મેં આંખો પણ મીંચી દીધી. આખો ઓરડો મને ફરતો લાગ્યો. હું બેભાન બની ગયો.

"હું ક્યારે ભાનમાં આવ્યો તે મને ખબર નથી. પરંતુ મને ભાન આવ્યું ત્યારે બંસરી મારી પાસે બેઠી હતી. તેણે પૂછ્યું :

'હવે કેમ છે ?'

'ઠીક છે. પણ મને શું થઈ ગયું ?'

'કર્મયોગી શું કરે છે તેની કોઈને ખબર પડતી જ નથી.'

'આપણે ક્યાં છીએ ?' મેં પૂછ્યું.

'ગાડીમાં.'

"ખરે ! મને સહજ સમજાયું કે અમે રેલ્વેમાર્ગે ઝડપથી ચાલ્યાં જઈએ છીએ.

"હું બેઠો થયો. બહુ દિવસ તાવ આવવાથી જેવી અશક્તિ લાગે, તેવી અશક્તિ મારા શરીરમાં પ્રવેશ કરી ગઈ હતી. ગાડીની બારી પાસે હું બેઠો. શીળો પવન આવવા લાગ્યો એટલે મારું મન અને શરીર પ્રફુલ્લ બનવા માંડ્યા. સંધ્યાકાળે અમે એક સ્ટેશને ઊતર્યાં. મારો હાથ એક મજબૂત માણસે ઝાલ્યો, અને સ્ટેશનની બહાર જઈ એક મોટરમાં હું, બંસરી તથા પેલો મજબૂત માણસ એટલાં જણ બેઠાં.

"એક એકાંત મકાન પાસે મોટર ઊભી રહી. મને તથા બંસરીને પેલો માણસ ઘરમાં લઈ ગયો. મારામાં શક્તિ આવવા માંડી અને ખાસ કરી

બંસરીને નજરે જોવાથી મને એમ જ ખ્યાલ રહ્યા કરતો કે, હું આ નિર્દોષ બાળાને બચાવવા માટે જ બહાર પડ્યો છું. હું ક્યાં હતો, ક્યાં આવ્યો, ક્યાં સુધી અહીં રહીશ, એ બધા મારા પ્રશ્નો અનુત્તર રહ્યા.

"એક દિવસ કર્મયોગીને મેં ફરી મારા તરફ આવતો જોયો. તેની આંખ સામે જોવાની મેં હિંમત કરી નહિ પરંતુ મારા મનમાં કોઈ અજબ દૃઢતાએ પ્રવેશ કર્યો. ગમે તેમ થાય તોપણ આ માયાવી કર્મયોગીની સામે થવા અને બંસરીને ઉગારવા મેં દૃઢ સંકલ્પો કરવા માંડ્યા. ક્રમે ક્રમે એ જ સંકલ્પોને લીધે મારા હૃદયનું બળ મને વધતું જતું લાગ્યું. અમારાથી નાસી જવાય એમ તો હતું જ નહિ. મજબૂત પહેરેગીરો અમને તેમ કરતાં તત્કાળ અટકાવે એમ હતું.

"રાત્રે મેં થોડું થોડું આમતેમ ફરવાનું શરૂ કર્યું. અણધારી અને અજાણી જગાએ જવાનો તો મને શોખ હતો જ, એટલે એક અંધારી ઓરડીમાં મેં પ્રવેશ કર્યો. બહારથી અંધારી દેખાતી ઓરડીની એક તડમાં નજર નાખતાં કર્મયોગીને ધ્યાનસ્થ સ્થિતિમાં બેઠેલો જોયો. તેને જોતાં મને રાવણ અને બાણાસુર સરખી આસુરી તપશ્ચર્યાનો ભાસ થયો. મારામાં અપૂર્વ બળ આવતું જણાયું. જાણે પવિત્ર સત્ત્વોનું બધું બળ મારામાં સ્ફુરી નીકળતું લાગ્યું. હું બહુ આસ્તિક તો નથી જ; તોપણ મને એટલું સમજાયું કે કોઈ દિવ્ય સત્ત્વ મને દુષ્ટ સત્ત્વની સામે તૈયાર કરે છે ! આ મારા મનની કલ્પના પણ હોય. પરંતુ એવો જ કાંઈ ખ્યાલ મને સતત રહ્યા જ કરતો.

"એક દિવસ થોડાં વર્તમાનપત્રોનો થોકડો એક માણસ મારી પાસે મૂકી ગયો. તેમાં સહજ દૃષ્ટિ કરતાં બંસરીના ખૂન બદલ સુરેશ ઉપર ચાલતા મુકદ્દમાની હકીકત જોવામાં આવી. મને રસ પડે એ સ્વાભાવિક હતું. મને સહજ હાસ્ય પણ આવ્યું. જે બંસરીને હું મારી નજર આગળ જોતો હતો તેનું ખૂન થયા બદલ ઝીણીઝીણી વિગતો પત્રમાં આવતી હતી. પરંતુ છેવટનો ભાગ આવતાં મારું હાસ્ય ઊડી ગયું. આખો મુકદ્દમો પૂરો થવા આવ્યો હતો. મેં માણસને બોલાવ્યો અને પૂછ્યું :

'આપણે ક્યાં છીએ ?'

'મને ખબર નથી.' કહી તે ચાલ્યો ગયો. અજાણ્યા પ્રદેશમાં હું હતો એ તો મેં સ્થળના દેખાવ ઉપરથી જ જાણી લીધું હતું. હું મારા પુરાવા સાથે અહીંનો અહીં જ રહીશ અને સુરેશનો ન્યાય લઈ જઈ તેને ફાંસી મળશે એવું પણ બને, ત્યારે ?

'હું બહાર ધસ્યો. પરંતુ ઘરની બહાર જઈ શકું એવી સ્થિતિ જણાઈ નહિ, દરવાજા ઉપર માણસો ઊભા હતા તેમણે મને રોક્યો. હું શું બંદીવાન

બની ગયો હતો ? મેં ઘરની બહાર નીકળવા બહુ જ ફાંફાં માર્યાં, પરંતુ બહાર નીકળવું અશક્ય હતું. હું નિરાશ બની બેઠો. જે માણસ મારી સાથે રેલવેમાં આવ્યો હતો તે માણસ મારી પાસે આવ્યો અને મને આંખને ઈશારે માત્ર ઉપર જવા સૂચવવા લાગ્યો. મેં કહ્યું :

'શા માટે ?'

'હું કહું તેમ કરો.'

"તે પુરુષના મુખ ઉપર ભય અને આશા બંને જણાયાં. મારે હવે કશાથી ડરવાનું કારણ નહોતું. હું ઉપર ગયો. એક બારીમાં દૃષ્ટિ નાખી તો જોડેના એક ચોકમાં લગ્નક્રિયાની તૈયારીઓ ચાલતી જણાઈ. કુંજલતાનો મામો ત્યાં બેઠો હતો. કાંઈ નશો પાયો હોય એવી બેભાન સ્થિતિમાં બંસરીને ત્યાં બેસાડવામાં આવી, અને હું તરત સમજી ગયો. બંસરીનું લગ્ન અહીં કુંજલતાના મૂર્ખ મામા સાથે કરી નાખવામાં આવે છે એમ મને સ્પષ્ટ થયું. કર્મયોગી ચારે પાસ દૃષ્ટિ નાખતો એક ખૂણામાં ઊભો હતો. લગ્નથી ગ્રથિત બનાવી એવાં યુગલોને પોતાની ઇચ્છા કે પાશવતાનાં સાધનો તરીકે તો આ કર્મયોગી નહિ વાપરતો હોય ? ગુરુ અને શિષ્યશિષ્યાના સંબંધમાં પાશવતા ઊભરાતી અજાણી નથી.

"પરંતુ ના ના, કુંજલતાના મામાને દૂર કરી તેને સ્થાને કર્મયોગી બેસી ગયો. બંસરીને કાયમની પરતંત્રતામાં જકડવા કર્મયોગી તત્પર થયો હતો? કે બંસરીના આકર્ષણનો તે ભોગ બન્યો હતો ? એકાએક નીચે કૂદી પડી સમારંભમાં ભંગાણ પાડવા હું વિચાર કરતો હતો એવામાં પેલા માણસે પાછળથી આવી મારા હાથમાં એક રિવૉલ્વર મૂકી દીધી. શા માટે આ કર્મયોગીનો નોકર મને સહાય આપતો હતો તે હું સમજી શક્યો નહિ. તેણે મને પૂછવાની પણ ના પાડી. મેં કહ્યું :

'તું અને હું બંને મરી જઈશું ત્યારે ?'

'હરકત નહિ; આવી પરવશતા કરતાં એમાં શું ખોટું ? હું ત્રાસી ગયો છું.'

"એટલું કહી તે ચાલ્યો ગયો. લગ્નક્રિયા ચાલતી હતી તેની વચમાં મેં બૂમ પાડી :

'બધું બંધ રાખો.'

"સહુ કોઈ મારી તરફ જોવા લાગ્યાં. કર્મયોગી તત્કાળ મારી તરફ ફર્યો. તે હસ્યો :

'પાંચ મિનિટ બાદ તું બંસરીને લઈ જજે, અને તારા મિત્રને

બચાવજે.'

"પરંતુ એ પાંચ મિનિટમાં તો તેનું લગ્ન થઈ જાય એમ હતું. મેં રિવૉલ્વર તાકી. બધા અટકી ગયા.

'વચ્ચે ન આવીશ, નહિ તો માર્યો જઈશ.' કર્મયોગીએ કહ્યું.

"હું બિલકુલ સાહસિક બની ગયો. હથિયાર ન ઉપાડવાની મારી પ્રતિજ્ઞાને જૂજજાજે અપવાદો પણ છે. એવો અપવાદ કરવાની અત્યારે જરૂર જણાઈ. મેં રિવૉલ્વર ફોડી. કોઈને વાગી નહિ; તથાપિ બ્રાહ્મણો ઊઠી ગયા, કુંજલતાનો મામો પણ ખસી ગયો. પાછળથી પેલા માણસે આવી બારીએ દોરડું બાંધ્યું, અને હું નીચે ઊતરી ગયો.

'કર્મયોગીએ કોણ જાણે શું કર્યું તે સમજાયું નહિ; પરંતુ પેલો દોરડું બાંધનાર માણસ બારી ઉપર જ ઊથલી પડ્યો.

'નિમકહરામ !' કર્મયોગી બૂમ મારી ઊઠ્યો. એવામાં મેં જ તેને ઝાલી લીધો.

'છોડી દે. નિરર્થક ફાંફાં ન માર !' તેણે કહ્યું. હું જરા ડર્યો. તેની આંખનો મને ભય લાગ્યો. એ ક્ષણે જ મારામાં કોઈ અપૂર્વ બળ ઊભરાતું હોય એમ મને સમજાયું. મેં તેની સામે જોયું. તેણે પણ પોતાની ભયંકર દૃષ્ટિ મારી સામે ફેંકી. મને લાગ્યું કે તેની દૃષ્ટિ પ્રથમ સરખી સ્થિર નહોતી રહેતી. તારાના તેજની માફક તેની આંખનું તેજ મને હાલતું લાગ્યું. મારી આંખમાં પણ તેજ વધતું જતું હોય એમ મને ભાસ થયો. પાંચેક ક્ષણમાં તો તેની દૃષ્ટિ પાછી ખસેડી લીધી; તેનું બળ હણાઈ જતું લાગ્યું.

'જ્યોતીન્દ્ર ! તારી સામે મારે બળ વાપરવું બંધ કરવું પડશે. તારામાં સંકલ્પબળ ઘણું વધ્યું લાગે છે.'

'સત્યને માટે વપરાતાં બળ જીતે જ છે. ઓ કર્મયોગી ! કર્મને સન્માર્ગે વાળ.'

'જગતમાં સન્માર્ગ છે જ નહિ. સર્વ માર્ગે બળ વપરાય. હું તને ખાતરી કરી આપીશ.'

'તો બતાવ તારું બળ. કુમાર્ગે વપરાતું તારું બળ તો જો ચાલ્યું ગયું!'

"કર્મયોગી ત્યાંથી અદૃશ્ય થઈ ગયો. હું તેની પાછળ દોડ્યો, પરંતુ તે ક્યાં ગયો તેની મને ખબર પડી નહિ. મેં તેની પાછળ જવું બંધ રાખ્યું. બેભાન બંસરીને મેં ઉપાડી લીધી. કુંજલતાનો મામો પણ અદૃશ્ય થઈ ગયો.

"પંજાબના કોઈ અજાણ્યા સ્થળે અમે હતાં. મેં તત્કાળ ત્યાંથી ઊપડી

જવાનો નિશ્ચય કર્યો. ગાડી મંગાવી અને હું બંસરીને લઈ સ્ટેશને ગયો. ત્રણ દિવસની મુસાફરી હતી. મેં વકીલને તાર કર્યો. વધારે લંબાણ ન કરતાં હવે એટલું જ જણાવવું રહ્યું કે બંસરીને લઈને હું એવે વખતે આવી પહોંચ્યો કે આખો મુકદ્દમો એકદમ ફરી ગયો. સુરેશને ફાંસીની સજા થાત, તેને બદલે તે નિર્દોષ ઠરી છૂટી ગયો.

"પોલીસ કમિશનરે મને આ કેસ ઉપરથી ઇલકાબ અપાવવા માટે સરકારમાં ભલામણ કરી, પરંતુ મેં નામરજી બતાવી; એટલું જ નહિ, પણ મારા કામમાં તેવો ઇલકાબ હરકતકર્તા થઈ પડે એમ જણાવી ના પાડી.

"આ કેસમાં એટલું તો મને સ્પષ્ટ થયું કે બળનો ઉપયોગ સન્માર્ગે થાય તો જ તે વિજયી બને છે.'

# ૩૩

## પહેલી રાત

*આ રાત પહેલી વરલની*
*માશુકના ઈન્કારની.*

**કલાપી**

આ અમારી જ કથની હતી; અમે ન છૂટકે એમાં પાત્રો બન્યાં હતાં; છતાં તેના વાચનથી જાણે કોઈ ભયાનક સ્વપ્ન અમે જોતાં હોઈએ એવો ભય લાગ્યો. મારું હૃદય વેગથી ધડકતું હતું. બંસરી તો ક્યારની વ્રજમંગળાનો હાથ મજબૂત પકડીને બેઠી હતી. હું નોંધ વાંચી રહ્યો એટલે તેણે પોતાની આંખ ઉપર હાથ મૂકી દીધો. વ્રજમંગળાએ તેને ઝાલી રાખી ન હોત તો તે કદાચ મૂર્છાવશ પણ થઈ જાત.

જ્યોતીન્દ્ર અત્યાર સુધી ખુરશી ઉપર બેસી રહ્યો હતો તે ઊઠીને અમારી પાસે આવ્યો. તેણે કહ્યું :

'બંસરીબહેન ! પ્રત્યક્ષ અનુભવ કરતાં અનુભવનું વાચન વધારે ભયાનક લાગે છે, ખરું ?'

જ્યોતીન્દ્રનો અવાજ સાંભળી બહુ નિર્ભયતાં અનુભવવા લાગ્યાં. હું પણ Critical- વિવેચક દૃષ્ટિવાળો બન્યો. મેં પૂછ્યું :

'જ્યોતીન્દ્ર ! આ નોંધ પૂરતી નથી.'

'મારે માટે બસ છે.'

'પણ મને હજી ઘણી બાબતો સમજાતી નથી.'

'દાખલા તરીકે ?'

'કર્મયોગી કોણ ? શા માટે એણે બંસરી પ્રત્યે આવું વર્તન રાખ્યું ? કુંજલતા અને સુધાકર એમાં કેવી રીતે દાખલ થયાં ? એ કશું મને સમજાતું નથી.'

'એ સમજવાની તારે શી જરૂર છે ?'

'એ વગર મને ચેન પડશે નહિ.'

'કર્મયોગી કોણ તે મેં અત્યારે જ ચોક્કસ કર્યું, તું નોંધ વાંચતો હતો ત્યારે. કુંજલતા એ કરુણરસમાં પર્યવસાન પામતા પ્રેમનું પ્રતિબિંબ છે.

બંસરીબહેન સાથે લગ્ન કરવાની તેં ના પાડી એમાં કુંજલતાએ પોતાના ગુપ્ત રાખેલા પ્રેમને સફળ કરવાની તક જોઈ. જીવન આપણે ધારીએ એ કરતાં વધારે વિચિત્ર અને ગહન છે.'

'એટલે ?' મને વારંવાર આવો સંશય ઉત્પન્ન થયો હતો તેનું જ્યોતીન્દ્ર સમર્થન કરતો લાગ્યો.

'એટલે એમ કે બંસરીબહેનનું લગ્ન તારી સાથે ન થાય તો કુંજલતા તારા સરખા બબૂચકને પરણી શકે એટલું સમજતો નથી ?'

'બિચારી !' બંસરીના મુખમાંથી ઉદ્દ્ગાર નીકળ્યો.

'એ વસ્તુસ્થિતિ ઉત્પન્ન કરવાની શક્તિ એણે કર્મયોગીમાં નિહાળી, અને એ કર્મયોગીને વશ થઈ. બંસરીબહેનને પણ તેણે એ જ લાલચે એમાં ભેળવ્યાં પરંતુ પરિણામ જોતાં તે ગભરાઈ ઊઠી અને તારો બચાવ કરવા લાગી.

'કુંજલતા એવી ખરાબ ન હોય !' બંસરીએ કહ્યું.

'હું ક્યાં કહું છું કે એ ખરાબ છે ? અને તમે વધારે દયા ખાશો તો હજી પણ એ સુરેશને પરણી તમારી જોડે રહેશે.' જ્યોતીન્દ્રે હસતાં હસતાં કહ્યું.

'હાસ્તો ! હવે એમ સ્ત્રીઓ સોંઘી નથી પડી. આ તો વીસમી સદી છે. બે સ્ત્રીઓ પરણવી હવે તો ભારે પડશે !' વ્રજમંગળાએ મશ્કરીનો જવાબ વાળ્યો.

'તો તો હું કબૂલ કરું છું. એક સ્ત્રી જ પરણવી ભારે પડે છે તો બેની તો વાત જ શી ? સુરેશ ! સ્ત્રીઓ કેવી અદેખી હોય છે ?' જ્યોતીન્દ્ર બોલ્યો.

'હા; પણ સુધાકરે શા માટે મને તે રાતે પેલા હવડ બંગલામાં મોકલ્યો ?'

'તે તારો દુશ્મન હજી મટ્યો નથી એ માટે.'

'પણ એનો કર્મયોગી સાથે શો સંબંધ ?'

'એ મને હમણાં જ સમજાયું. તારો અને સુધાકરનો એક વૈજ્ઞાનિક મિત્ર હતો નહિ ?'

'એ જ કર્મયોગી ?' મને કર્મયોગીના મુખમાં ક્વચિત્ ઓળખીતી દેખાતી રેષાઓ યાદ આવતાં હું બૂમ પાડી ઊઠ્યો.

'હા. ભૌતિકવિજ્ઞાનથી આગળ વધી એ માનસિકવિજ્ઞાનમાં ઊતર્યો. વિજયની આકાંક્ષા બ્રાહ્મણને પણ બ્રહ્મરાક્ષસ બનાવે છે.'

'હવે એની વાત જ ન કરશો. મારી બીક હજી મટતી નથી.' બંસરી બોલી ઊઠી.

'હજી એ જીવતો છે એટલે હું એ વાત તને પુરવાર કરી આપીશ અત્યારે મોડી રાત થઈ છે એટલે બધાં પોતપોતાને સ્થળે સૂઈ જઈએ.'

મેં ઘેર જવા તૈયારી કરી. વ્રજમંગળાએ કહ્યું :

'આજની રાત અહીં રહેવાનું છે.'

પરણેલાં - અને તેમાંયે તત્કાળનાં પરણેલાં - યુગલોને આમ આગ્રહ કરી પારકે ઘેરે રાખવામાં શો અર્થ હશે એ હું સમજી શક્યો નહિ. અતિશય મહેમાનગીરી એ ક્રૂરતા બને છે એ વાત સહુએ સમજવી જોઈએ.

પરંતુ આમ ધારવામાં મારી ભૂલ થતી હતી. મારે માટે રાખેલા ઓરડામાં બળજબરીથી બંસરીને દાખલ કરાતી મેં જોઈ. અને મેં નિદ્રાવશ હોવાનો ઢોંગ કર્યો.

બંસરી મારી પાસે આવીને બેઠી, અને મેં નેત્રો ઉઘાડ્યાં.

'જાગો છો ?' તેણે બહુ ધીમેથી પૂછ્યું.

'હા. તારી મૂર્તિની કલ્પના કર્યા કરું છું.'

'મારી મૂર્તિમાં તે એવું શું છે ?'

'તે જ હું જોઉં છું. આટલ . આફતો ઊભી કરનાર એ રૂપ છેક પાસેથી કેવું લાગતું હશે !'

'એમ જોયા ન કરો... મારી સામે... ટગર ટગર...'

'કેમ ?'

'મને બીક લાગે છે.'

'બીક લાગે છે ? મારી બંસરી ! તને આમ મારી સાથે જ જડી દઉં તો ?'

મેં બંસરીને બાથમાં લીધી. આખી રાત બંસરીને અને મને કોનાં સ્વપ્ન આવ્યાં કર્યાં તે હજુ સુધી અમે કોઈને કહ્યું નથી.

●●●